જામનગરવાળા મહેરાજ મહારાજનો

બેંગી કેસ

અને

મુંબઈના ઘનશ્યામદાસજીનો

ચારિત્રલીલા.

પ્રસિદ્ધ કર્તાઓ

ધી. લક્ષ્મીદાસની કંપની.

પુસ્તકો પ્રસિદ્ધ કરનારા, વેચનારા અને

એસ્પ્લનેડ. રોડ મુંબઈ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૮૫૩ वर्गांक

पुस्तकनुं नाम જોંગો - ફેસ

विषय [illegible]

બેંગી કેસ

યાને

વલ્લભ સંપ્રદાયના વ્રજેશજી મહારાજે

કરેલ

ચોર કર્મનો મુકરદમો

પરિણામે

"શ્રી" ને કરવી પડેલ પાંચ વર્ષની "જેલયાત્રા."

———o———

કુંડળીઓ.

લીંગુર સાથ લીઆ જબ રામજી,
રાવન મારકે સીતકું લાયા.
નરઅરુસિંહકો રૂપ લીઆ જબ.
એકહી દાસ પ્રલ્હાદ છુડાયા.
ભિક્ષુક ભેસ ભયે પ્રભુ બામન,
ઇચ્છિત લાભ તથાપી ન પાયા.
ધન્ય વ્રજેશ ગુસાંઇજીકો
જીનને બેંગીકો કંચન માલ ચુરાયા

———:o:———

પ્રસિદ્ધ કર્તાઓ

ધી. લખમીદાસની કુંપની,

પુસ્તકો પ્રસિદ્ધ કરનારા, વેંચનારા અને એજંટસ,

કોટ, મુંબઈ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૪૮૫૩

ૃ. બે. મરઝબાનની કુંપની,
છાપનારાઓ, વગેરે,
મિલિટરી સ્કુવેર લેન, કોટ,
મુંબાઇ.

પ્રસ્તાવના.

સન ૧૮૮૧ માં વલ્લભસંપ્રદાયના મહારાજે જામનગરમાં પોષ્ટ માસ્તર સાથે મલી સરકારી પારસલ ફોડી કરેલ દગાફટકા સંબંધી આ મુકરદમો હાલમાં ભુલાઇ ગયો લાગે છે.

૩૦ વર્ષપરની વલ્લભસંપ્રદાયી મહારાજોની સ્થિતી અને તેઓની લાગવગ અને આજની તેઓની સ્થિતીમાં જો કે ઘણોજ અંતર પડી ગયો છે અને તે પડે તેમાં નવાઇ પણ નથી કારણ તે સંપ્રદાયમાં વ્યભીચારીઓ, ચોર કર્મ કરનારા, દીવાળીઆ એવા મહારાજો ઉત્પન્ન થયા છે; હાલમાં જીવંત અને કરોડોની ગાદીપર બેસી તાગડધિન્ના કરનારા કહેવાતા આચાર્યોના ખાનગી ચરિત્રો "સ્વામી બ્લાકટાનંદે રચેલ વલ્લભ કુળ છળ કપટ દર્પણાદી" ત્રણ પુસ્તકોમાં તે સ્વામીએ ખુલી રીતે બહાર પાડેલ છે છતાં તે સ્વામીજીની કોઇ ખબર પણ પુછતું નથી અને "Silence is Consent" ના નીયમે તેથી લોકો ધારે છે કે તેમણે જે બોપાળાં ખુલાં કરેલ છે તે ખરાંજ હશે; અજાયબી છે કે તે સ્વામીને કાંઇ નથી કરી શકતા ત્યારે તે મહારાજો પડદા પાછળ રહી પોતાના પ્રેમલા ભકતોને ઉશ્કેરી ઉપલા પુસ્તકો વેચનારા અમોને હેરાન કરવાની મતલબથી ગયે વર્ષે અત્રેના પોલીસ કમીશનરને અમારી વિરૂધ્ધ અમારા કોઇ જાતભાઇઓએજ અરજી કરી વેંચાણ અટકાવવા પ્રયત્ન કર્યો, અમોને તે સંબંધી સી. આઇ. ડી. ખાતાના (તે વખતના) વડા સાહેબ મી૦ વિન્સેંટે બોલાવી ઘણીજ સભ્યતાથી ખુલાસો પુછેલ જેને અમોએ મ્હોંએ ખુલાસો આપી તેમને સંતોષ આપેલ તેથી તે સાહેબે લેખીત જવાબ મોકલી આપવા અમને સલાહ આપી તે પ્રમાણે અમોએ સોલીસીટર્સ મારફત જવાબ વાળેલ જેથી અરજી કરનાર "હોળીના નાળીએર" ની સ્થિતમાં આવેલ ભાઇઓની અમને ગરદન મારવાની બાજી મારી ગઇ, અમને ખબર મળેલ કે "પોલીસ આ બાબદમાં કાંઇ પગલાં ભરી શકે તેમ નથી, તમે જોઇએતો વેંચનારાપર કોર્ટમાં પગલાં ભરો." આવો જવાબ મળતાં તેમના તાબુત ઠંડા થયા. ભાઇ અરજી કરનારાઓ! જરા વિચાર તો કરો (જો ભેજુંજ હોય તો) કે લેખક જીવતો જાગતો ફરેછે તેને જેનાપર હુમલો કરેલ તે મહારાજો કંઇ કરી શકતા નથી તો પછી તે બુકો વેંચનાર એક બુકસેલરને તેમનાથી શું કરી શકાય? અહિ બ્રીટિશ સરકારનો રાજ્ય છે, અંધેરી નગરીને ગંડુ રાજા હોય ત્યાં તમારી લાગવગનો ઉપયોગ કરજો.

બેંગીકેસ ને લોકો ભુલી જઇને હજી પણ આંધળા બની પાથરેલી જાળમાં સપડાય છે જે **અફસોસની વાત છે**. આ **કેસમાં મહારાજ ચોર** પુર્વાર થયેલ તેવીજ રીતે "**મહારાજ લાયબલ કેસ**" માં ઘણા મહારાજોના વ્યભીચારની વાતો કોર્ટમાં બહાર પડી અને તે છતાં હજી લોકોની આંખો ઉઘડતી નથી, તે ઉઘાડવા આ પુસ્તક અમોએ બહાર પાડેલ છે. આ કેસવાળા મહારાજ વ્રજેશજીને થયેલ સજામાં ઘટાડો કરવા જ્યારે વૈષ્ણવોએ સરકારને પુષ્કળ અરજીઓ કરેલ ત્યારે કચ્છ માંડવીના "**રૂપા**" કુટુંબના અને ભાટિઆ વિધવા વિવાહના ચુસ્ત હિમાયતી સ્વર્ગવાસી ભાઇ સુંદરદાસ લક્ષ્મીદાસે સરકારને અરજી કરેલ કે મહારાજને શિક્ષા ઓછી નહિ કરતાં શિક્ષા વધારવી જોઇએ; ધન્ય છે આવા વિરલા પુરૂષને કે જેમણે આવી જાહેર હિમત બતાવી. મહારાજ તર્ફથી કરાયેલી અપીલ સંબંધી મુંબઇ સરકાર તરફથી તા૦ ૧ લી અકટોબર ૧૮૮૧ ને દીને તે અપીલના સંબંધમાં પોતાનો નાં૦ ૪૭૧૭ વાળો જે ઠરાવ બહાર પાડવામાં આવ્યો તેની મતલબ નીચે મુજબ છે.

વ્રજેશજી મહારાજની સજામાં વધારો.

"કોર્ટે તોહોમતદારોને સજા કરી તે વ્રજેશજી શિવાય, ઘટતી અને લાયક છે. આ ખુલ્લું છે કે. આ ગુન્હામાં વ્રજેશજીએ આગેવાનનો ભાગ લીધો છે, અને તેઓએ એક માણસને પોતાના ગુન્હા ભરેલા કામમાં સાથે ભેળવ્યો. વ્રજેશજીની સંસારી હાલત તથા સ્થિતી અને તેઓના સ્વદેશીના મોટા ભાગના મનમાં તેમના તન મનને પવિત્રાઇ લાગુ પાડવામાં આવી છે, તેને લીધે, એ મહારાજને કેદની સજા છેક અતીશે ભારે થઇ પડી હોય તો એટલું યાદ રાખવું જોઇએ કે, એજ વિચારો જે શરમ ભરેલા ગુન્હા માટે મહારાજ તોહોમતદાર ઠર્યા છે, તે ગુન્હાને વધારે ભારી કરે છે. એ મહારાજને જે જાતના કેદખાનાની સજા થઇ છે, તેમાં સરકાર ફેરફાર કરતી નથી, પણ એવો હુકમ કરે છે કે એ સજા બે વરસ ઉપરથી વધારીને પાંચ વરસની કરવી."

આ જાતના પોતાના ધર્મ ગુરૂઓના (અ) સદ્ચરિત્રો વાંચી ભક્ત જનો તેઓની જાળથી મુક્ત થાય અને તેમનાજ વંદનીય **કૃષ્ણ ભગવાને** કથેલ શુધ્ધ વૈદીક ધર્મ માર્ગે ચડે એમ ઇચ્છીશું. ઇતિ શુભમ્.

પ્રસિધ્ધ કર્તાઓ.

બેંગી કેસ.

હાઇ કોર્ટ ઑફ ક્રિમિનલ જસ્ટિસ ઇન કાઠિયાવાડના મકાનમાં સન ૧૮૮૧ ની તારીખ ૬ ઠી જુનને રોજ

પોલિટિકલ્ એજન્ટના જુડિસિયલ્ આસિસ્ટન્ટ મિસ્તર. એચ. એફ. આસ્ટન પ્રમુખ અને લોધીકાના દરબાર અભેસંઘજી જીજીભાઇ, જામનગરના સર ન્યાયાધીશ નારાયણરાવ બાલકૃષ્ણ તથા ખંભાલિયાના ન્યાયાધીશ રાવસાહેબ ગોપાલરાવ બલવંત અને કોટડાના કારભારી જીવણરામ ઘેલાભાઇ. એ મેમ્બરોની કોર્ટ કરવામાં આવી હતી.

પોસ્ટ માસ્તર જનરલની વતિ મિ૦ ચંદુલાલ મથુરાદાસ-પ્રોસીક્યુટર

પારસી દાદાભાઇ ટેમુલજી નંબર ૧ લાવાળો,
મહારાજ વ્રજેશજી વ્રજનાથજી નંબર ૨ જાવાળો,
કલ્યાણજી પ્રાણજીવન નંબર ૩ જાવાળો,... ... } **તહોમતદારો**
જાદવજી ગોપાલજી નંબર ૪ થાવાળો, અને... ...
દાના કાનજી નંબર ૫ માવાળો ... ...

દાવો.

મૂળજી પરમાનંદે પોતાના મિત્ર જાદવજી ખટાઉ ખંભાલિયાવાળાને ગયા ફેબરવારી માસમાં મુંબઇથી રૂપિયા ૫૦૦૦) પાંચ હજારનો વીમો ઉતરાવેલી એક બેંગી મોકલી હતી. તેમાં દગો કરવાથી તહોમતદારો ઉપર અપરાધ મૂકવામાં આવ્યા છે.

નંબર ૧ લાવાળો તહોમતદાર દાદાભાઇ ટેમુલજી, જામનગરનો માજી પોસ્ટ માસ્તર હતો, તેના ઉપર ઇન્ડિયન પિનલ કોડની કલમ ૪૦૯ મી

અને સન ૧૮૬૬ ના ચૌદમા કાયદાની ૪૮ મી કલમ મુજબ સરકારી નોકર થઇ સાપરાધ વિશ્વાસઘાત કરવાનો અપરાધ મૂકવામાં આવ્યો.

નંબર ૨ જાવાળા તહોમતદાર મહારાજ વ્રજેશજી વ્રજનાથજી ઉપર ઇન્ડિયન પિનલ કોડની કલમ ૪૧૪ મુજબ ચોરેલી મત્તા સંતાડવા અને વેચવામાં મદદ કરવાનો અપરાધ હતો, તે ઉપરાંત તપાસને દિવસે ઇન્ડિયન પિનલ કોડની ૪૦૯ અને ૧૦૯ મી કલમ મુજબ સરકારી નોકરને સાપરાધ વિશ્વાસઘાત કરવામાં મદદ કરવાનો અપરાધ વધારવામાં આવ્યો હતો.

નંબર ૩ જાવાળા તહોમતદાર કલ્યાણજી પ્રાણજીવન ઉપર ઇન્ડિયન પિનલ કોડની ૪૦૭ અને ૧૦૯ મી કલમ મુજબ અપરાધ મૂકવામાં આવ્યો.

નંબર ૪ થાવાળા તહોમતદાર જાદવજી ગોપાલજીના ઉપર ઇન્ડિયન પિનલ કોડની કલમ ૨૦૪ થી મુજબ સાક્ષીમાં રજુ થતાં ઓચરિયાનો અટકાવ કરવા માટે અપરાધ મૂકવામાં આવ્યો.

નંબર ૫ માંવાળા તહોમૂતદાર દાના કાનજી ઉપર પિનલ કોડની કલમ ૪૧૪ મી મુજબ અપરાધ મૂકયો.

મજકુર પોસ્ટ માસ્તર જનરલ તરફથી પબ્લિક પ્રોસીક્યુટર ભવાની-દાસ નેનુમલ હાજર થયો હતો. નંબર ૧ લા તહોમતદાર તરફથી મિ૦ એચ. એ. વાડિયા બારિસ્ટર હાજર થયો હતો. નંબર ૨ જા તહોમતદારની તરફથી મિ૦ જાફરસન ભાઇશંકર અને દીનશાની ફરમાશથી મિ૦ બદરૂદીન અને પંડિત બારિસ્ટરો હાજર થયા હતા. નંબર ૩ જા તહોમતદારની તરફથી મિ૦ જે. એમ. ડિયાસ હાજર થયો હતો. નંબર ૪ થા તહોમતદારની તરફથી મિ૦ ગૌરિશંકર દયાલજી હાજર થયો હતો, અને નંબર ૫ માવાળા તહોમતદાર તરફથી કોઇ વકિલ કે બારિસ્ટર હાજર થયો નહોતો.

કેદીઓને તેઓના ગુનાહ બાબત "પ્લિડ" કરવાને કહેવામાં આવ્યું હતું, તેની અગાઉ મિસ્તર વાડિયાએ કોર્ટના બે મેમબરોને આસેસર દાખલ બેસવા સામે વાંધો લીધો. એ વિષે કારણ એવું બતાવ્યું કે, એ બેઉ જામ-નગરની દરબારના કારભારીઓ છે. જ્યાં આ કેસથી લોકોનાં દિલ ઘણાં ઉસકેરાયાં છે અને તેમાંના એક જણે આજ કેસની થોડી તપાસ કરી છે. પ્રમુખે આ વાંધો રદ કર્યો અને કહ્યું કે, એ ગૃહસ્થો કોર્ટમાં આસેસરો દાખલ નહી પણ કોર્ટના મેમબરો દાખલ બેઠા છે. નંબર ૨ જાવાળા તહોમતદાર શિવાય, બીજા સર્વે તહોમતદારોએ પોતાને "નૉટ ગિલ્ટી" કહ્યા. મિ૦ તૈયબજીએ પોતાના કુળ તરફથી "પ્લિડ" કરવા ના પાડી, એવા કારણથી કે મારા કુળની તપાસ કરવાને આ કોર્ટને સત્તા નથી,

કેમકે એ મહારાણીની રૈયત નથી અને જે ગુનાહ બાબત તેના ઉપર અપરાધ મૂકવામાં આવ્યો છે, તે સ્પષ્ટ રીતે પારકા રાજયમાં કરવામાં આવ્યો છે, જે રાજની કોર્ટને એ ગુનાહની તપાસ કરવાની સ્વતંત્ર સત્તા છે અને એ સત્તા (જુરિસડિકસન) ના સવાલ બાબત જરૂર હોય તો તેજ વખતે તકરાર કરવાની માંગણી કરી. પ્રમુખે કહ્યું કે, જામનગરની કોર્ટે આ કેસ તપાસવાનો પોતાનો હક જવા દીધો અને પોલિટિકલ એજન્ટે તે મારા ઉપર તપાસ થવા મોકલ્યો, તેથી આ કોર્ટને મિ૰ તૈયબજીનાં કૃતની તપાસ કરવાની પૂર્ણ સત્તા છે. વળી તેની સાથે આટલું વધારે કહ્યું કે, જો મિ૰ તૈયબજી આ કોર્ટની સત્તા કબૂલ નહીં રાખે તો, કોર્ટને મિ૰ તૈયબજીને કબૂલ રાખવાની ના પાડવી પડશે અને છેવટે કોર્ટની સત્તા બાબતના સવાલ વિષે કશી પણ તકરાર સાંભળવા કોર્ટે ના પાડી, કેમકે એ સવાલનો સ્વતંત્ર સત્તાવાળાઓ તરફથી નિકાલ થઇ ચુકો છે. મિ૰ તૈયબજીએ પોતાના વાંધાની નોંધ લેવા માગણી કરી અને કોર્ટની સૂચના ઉપરથી " પ્રોટેસ્ટ " માં " નાટ ગિલ્ટી " કહ્યું અને આ કોર્ટના બંધારણ વિષે નગરદરબાર અને પોલિટિકલ એજન્ટની વચ્ચે જે કાગળ પત્રો ચાલ્યા હતા, તેની નકલ પોતાને આપવા માટે અરજ કરી.

તે પછી સરકારી વકીલ (પબ્લિક પ્રોસિક્યુટર) મિ૰ ભવાનીદાસ નેનુમલે ફરિયાદી તરફથી કેસ ચાલુ કીધો. તેણે કહ્યું કે ગઇ તા૰ ૨૧ મી ફેબરવારીને દિને મુંબઇના રહેવાસી કોઇ મૂલજી પરમાનંદે ખંબાલિયાના રહેવાસી જાદવજી ખટાઉનું શિરનામું કરી કિમ્મતી સોના અને મોતીના દાગીનાનો વીમો ઉતારેલી બેંગી મોકલાવી. એ બેંગી રાજકોટની પોસ્ટ ઑફિસમાં તા૰ ૨૪ મી એ મળી અને તેજ દિવસે સારી હાલતમાં એ બેંગી ત્યાંથી જામનગર રવાના કરવામાં આવી, જ્યાં તે તા૰ ૨૫ મી એ આવી પૂગી. જામનગરના પોસ્ટ માસ્તરે કોઇ પણ સારા કારણ વગર, એ બેંગીને તા૰ ૨૬ મી થી તે ૨૮ મી ફેબરવારી સુધી રાખી મુકી અને તા૰ ૧ લી માર્ચે ખંભાલિયે રવાના કરી, જ્યાં તે તેજ દિવસે રાતના ૭ વાગે આવી પૂગી. એ બેંગી તોળી જોતાં ખંભાલિયાના પોસ્ટ માસ્તરને તેની સાથે આવેલા રજીસ્ટર લિસ્ટમાં લખેલા તોલ સાથે મેળવી જોતાં, તેનું ખરૂં તોલ ૧૨ તોલા ઓછું જણાયું. તેના ઉપરની સીલ પણ શક ભરેલી માલમ પડી, તેથી તેણે જેના ઉપર બેંગી આવી હતી તે ધણીને સવારમાં વહેલો બોલાવી મગાવ્યો અને તેની હજુરમાં બેંગી ફોડી, તે ઉપરથી સાબિત થયું કે બેંગી લેનાર ધણી તેમાંથી દાગીના નિકલ-

વાની આશા રાખતો હતો, તેને બદલે તેમાંથી જામસાઇ ચલણના ૧૪૪ હબુઓ નિકલ્યા. તે ઉપરથી ખંભાલિયાના પોસ્ટ માસ્તરે પોતાના વડા મિ૦ ચંદુલાલ મથુરાંદાસને એ બાબત રિપોર્ટ કીધો. મિ૦ ચંદુલાલ એ બાબત તપાસ કરવા તા૦ ૧૧ મી માર્ચે ખંભાલિયે આવ્યો અને તેને તપાસ કરવાથી માલમ પડયું કે, મજકુર બેંગી રાજકોટની પોસ્ટ ઑફિસમાંથી સારી હાલતમાં મોકલવામાં આવી હતી. પછી તે તા૦ ૧૪ મીએ જામનગર ગયો અને તેને ખાત્રી થઇ કે એ બેંગીમાં ઘાલમેલ કરવામાં તહોમતદારો સામેલ હતા. તે પછી મિ૦ ચંદુલાલે નગરના દિવાન સાથે સંદેશા ચલાવ્યા, અને દિવાને એ કેસની કાચી તપાસ કરવા માટે એ કેસ ગામના કોટવાલ મિ૦ જયશંકર રતનજીને સ્વાધીન કર્યો. એ કોટવાલે ચોકસ કામ ચલાવી, ઉપર કહેલા જુદા જુદા અપરાધો માટે એ તહોમતદારોને શેશનમાં નોંધ્યા (કમિટ કર્યા). સરકારી વકીલ પુરવાર કરશે કે, એ દગો તા૦ ૨૫ મી અને ૨૮ મી ફેબરવારીના દિવસો વચ્ચે કરવામાં આવ્યો હતો. નં૦ ૧ લાવાળો તહોમતદાર ગભરાટ ભરેલી હાલતમાં હતો અને તા૦ ૧૪ મી અને તા૦ ૨૮ મી ફેબરવારીની વચ્ચેના દિવસોમાં બીજી બેંગીઓમાં પણ તેણે એવા દગા કરવાની તજવીજ કરી હતી. મિ૦ ચંદુલાલે પોતાની તપાસના પરિણામ વાળો રિપોર્ટ કીધા પછી નંબર ૧ લાવાળો તહોમતદાર નગરના રહેવાશી મિ૦ ગ્રેગંજા પાસે ગયો હતો અને પોતા પાસે તે વખતે કેટલાંક ઘરેણાં હતાં તે સાંચવી રાખવા તેને અરજ કરી અને કહ્યું કે, તે દાગીના મને રાઘુ ખવાસ પાસેથી મલ્યા છે અને એ દાગીના મારા ઘરમાં રાખવા સલામતી ભરેલા નથી. કારણકે મારો વડો એક બેંગીમાં થએલા દગા બાબત તપાસ કરવા આવવાનો છે અને તે કદાચ મારા ઘરના ઝાડા લેશે એમાં કંઇ ખોટું નથી. એમ ધારી મિ૦ ગ્રેગંજાએ એ દાગીના રાખ્યા, પણ જેવી તેને ખબર મલી કે, એક બેંગીમાં ઘાલમેલ થઇ છે અને નંબર ૧ લાવાળો તહોમતદાર સામેલ છે, એવો તેના ઉપર શક ગયો છે. તેવો તરત તેને એ દાગીના કેમ મલ્યા તેની વિગત એક કાગળમાં લખી તે કાગળ અને દાગીના નગરના દિવાન ઉપર મોકલ્યા.—એવું જણાશે કે નંબર ૧ લાવાળો તહોમતદાર અને રાઘુ મળી એ બેંગી નંબર ૨ જાવાળા તહોમતદાર પાસે લઇ ગયા. નંબર ૨ જાવાળા તહોમતદારે નંબર ૧ લાવાળા તહોમતદારને નંબર ૪ થાવાળા પાસેથી કેટલાંક નાણાં અપાવ્યાં. રૂપિયા ૫૦૦) તા૦ ૨૭ મી ફેબરવારીની રાતના, રૂપિયા ૫૦૦) તા૦

૨૮ મી સવારના અને તે પછી બીજે દિવસે રૂપિયા ૮૮૫) અપાવ્યા હતા. નંબર ૪ થાવાળાએ એ રકમો પોતાના ચોપડામાં ઉધારી હતી અને તેની રાધુ પાસેથી રસીદો લીધી હતી. નંબર ૨ જા અને ૩ જાની ઉસકેરણીથી નંબર ૪ થાવાળાએ એ રકમો જે પાનામાં લખી હતી તે પાનાં પાછળથી ફાડી નાંખ્યાં હતાં. નગરના કોટવાલને નંબર ૨ જાવાળા તહોમતદારે કહ્યું હતું કે, તેણે નંબર ૧ લાને કેટલાક પૈસા માત્ર ધીરાવ્યા હતા અને પોતે મુંબઇ કંઇ પણ દાગીના મોકલ્યા હોય તે વિષે મને કંઇ ખબર નથી એમ કહ્યું. તથા પોતે રૂપિયા ૭૦૦) ની એક રકમ ધીરી હતી. તે વિષે પણ તેણે કંઇ કહ્યું નહી. નંબર ૧ લાવાળા તહોમતદારે પહેલ વહેલાં આ બેંગી બાબતના દગામાં પોતાની કશી સામેલગીરી નથી એમ કહ્યા પછી, એ ગુનાહ બાબત સઘલી હકિકતનો પૂર્ણ એકરાર કીધો હતો. તેમાં જે દરજીના છોકરાએ એ બેંગી પાછી સીવી હતી તેનું નામ લીધું હતું, પણ તે તેણે પાછળથી પાછું ખેંચી લીધું હતું. નંબર ૩ જાવાળાએ એક સોનાનો દોરો નંબર ૫ માવાળા પાસેથી ગળાવ્યો હતો, નંબર ૪ થાવાળાના ચોપડામાંથી પાનાં ફાડવામાં ભાગ લીધો હતો, દરજીના છોકરાને બોલાવવા ગયો હતો અને બેંગીને સીવી ત્યારે ત્યાં હાજર હતો. નંબર ૨ જાવાળાએ પાછળથી નગર દરબારમાં એક યાદ રજુ કરી. તેમાં તેણે એ દાગીના મુંબઇમાં વેચવા સારૂ મોકલ્યા હતા, એ વિષે એ વખતે પહેલ વહેલાંજ પોતાની રાજી ખુશિથી તેણે લખી આપ્યું હતું.

ચંદુલાલ મથુરાદાસ પોસ્ટખાતાના સુપરિન્ટેન્ડેન્ટે, સરકારી વકિલના પુછવાથી નિચે પ્રમાણે જુબાની આપી:—નગર અને ખંભાલિયાની પોસ્ટ ઑફિસો મારા વિભાગમાં છે. ગયા માર્ચ માસની તા૦ ૬ ઠી એ ખંભાલિયાના રેહવાસી કોઇ જાદવજી ખટાઉને શિરનામે મોકલેલી એક બેંગી બાબત મને કંઇ ખબર મલી અને તે બાબત તપાસ કરવા હું ખંભાલિયે ગયો. હું ખંભાલિયે તા૦ ૧૧ મીએ પહોંચ્યો અને કેટલીક પુછ પરછ કર્યા પછી જે ધણી ઉપર બેંગી મોકલવામા આવી હતી, તેને પોસ્ટ ઑફિસમા મેં બોલાવી મંગાવ્યો અને તેને પુછયું કે તમારી બેંગી પોસ્ટ માસ્તરે તમારી હજુર ઉઘાડી હતી કે કેમ? એ બેંગી ખંભાલિયાના પોસ્ટ માસ્તરના રિપોર્ટ સાથે મને મલી. સીલો ભાગેલી હતી અને તેમાં જામસાઇ ચલણના ૧૪૪ ઢબુ અને એક ટીપ હતી. ખંભાલિયેથી હું જામનગર ગયો. નંબર ૧ લાવાળો તહોમતદાર ત્યાંનો પોસ્ટ માસ્તર હતો. ત્યાંની ઑફિસની બુકો મેં તપાસી. પારસલો નોંધવાની બે ચોપડી, પાર-

સલ મોકલવાની બે ચોપડી, વખત લખવાની એક ચોપડી, રજીસ્ટર ટીપોનું એક બંડલ અને એક રજીસ્ટર મોકલવાની ચોપડી, એટલી ચોપડિયો મેં તપાસી જોઇ. આ તપાસથી મને જણાયું કે, આ વાંધાવાળી બેંગી નંબર ૧ લાવાળા તહોમતદારે વગર જરૂરે તારીખ ૨૫ મી ફેબરવારીથી તા૦ ૧ લી માર્ચ સુધી રોકી રાખી હતી. પારસલ નોંધવાની ચોપડીમાંથી મને જણાયું કે મજકુર બેંગી તા૦ ૨૫ મી ફેબરવારીને દીને નગર પુગી હતી અને તા૦ ૧ લી માર્ચે ખંભાલિયે રવાના કરવામાં આવી. આ ઢીલ વગર સરેસ્તાની તથા વગર જરૂરની હતી. જો ટપાલ ઘણી ભારે હોય તો બેંગિયો રોકી રખાય. એ ચોપડીમાંથી માલમ પડેછે કે, ફેબરવારી મહીનામાં બીજી બેંગિયો મોકલવામાં પણ વગર સરેસ્તાની ઢીલ થઇ હતી. તે પછી મેં રાઘુ પટાવાળાને બોલાવી મંગાવ્યો અને એ બાબત તું શું જાણે છે તે તેને મેં પુછ્યું. તેણે મને જે ખબર આપી, તે ઉપરથી આ બેંગી બાબતનો પતો મેં ખોળી કાઢયો અને રાઘુને નગરના દિવાન આગળ લઇ ગયો. મારી તપાસનું પરિણામ દિવાનને જાહેર કરી, બાકીનું કામ બજાવવા તેને હવાલે કર્યું. દિવાને પેહલ વેહેલાં રાઘુનુ કહ્યું સાંભળ્યું અને પછી કોટવાલને બોલાવવા માણસ મોકલ્યો. તેને એ બાબત કાચી તપાસ કરવા ફરમાવ્યું. રાઘુનું કહેવું સાંભલ્યા પછી, કોટવાલે પહેલ વહેલાં જાદવજી ગોપાલજીને પકડયો. પછી મેં નંબર ૧ લાવાળા તહોમતદારને ચાકરીથી અલગ (સસ્પેંડ) કરયો, તેજ દહાડે તેને કોટવાલે પકડયો અને તેની તપાસ કરી. કલ્યાણજી (નંબર ૩ જાવાળા) ને કોટવાલે તા૦ ૧૪ મી માર્ચની રાતે પકડયો. એ પછી વધારે તપાસ કરવા હું નંબર ૨ જાવાળા તહોમતદાર પાસે ગયો. તે દીને તા૦ ૧૪ મીની રાતના ૧૧ વાગ્યા હતા. નંબર ૨ જાવાળા તહોમતદારે કહ્યું કે, મેં તો નંબર ૪ થાવાળા પાસેથી નંબર ૧ લાવાળાને રૂપિયા ૨૦૦૦) ધીરાવ્યા છે. એ ઉપરાંત હું કંઇ જાણતો નથી. જયશંકર કોટવાલ મારી સાથે નંબર ૨ જાવાળાની હવેલિયે આવ્યો હતો. આશરે બે દિવસ પછી નંબર ૨ જાવાળા ઉપર અપરાધ મુકવામાં આવ્યો. એ બેંગીની અસલ પોસ્ટની રસીદ હું રજુ કરૂં છું. કામના સરેસ્તા મુજબ જે ધણી ઉપર તે બેંગી મોકલવામાં આવી હતી, તેણે એના ઉપર સહી કરી હોત. જે આંફિસમાંથી બેંગી મોકલવામાં આવી હતી, ત્યાંથી બેંગી સાથે એ રસીદ મોકલી હતી. મજકુર બેંગી નંબર ૧૫૭૧ બાબત, નંબર ૧ લાના તહોમતદારે મારા ઉપર બે રિપોર્ટો મોકલ્યા હતા. એ રિપોર્ટ

હું પેહેલીજ વાર અત્રે રજુ કરૂં છું પેહેલા રિપોર્ટમા તારીખ ૩ જી માર્ચ અને બીજામાં તા૦ ૧૧ મી માર્ચ છે...(રજુ કરી એક્ઝિબીટ 1 A અને B 2, અપરાધ મુકવામાં આવ્યો તે એક્ઝિબીટ નંબર 1 અને કોંટવાલ આગલ ચંદુલાલે જુબાની આપી હતી તે એક્ઝિબીટ નંબર 2 હતા). પેહેલો રીપોર્ટ નંબર ૧ લાવાળા તહોમતદારના પોતાના અક્ષરોથી લખેલો છે. બીજો રિપોર્ટ તેના કારકુને લખ્યો છે અને તેણે સહી કરી છે. એ હું કારકુનના અક્ષરો ઉપરથી કહું છું. (સાક્ષિયે એ રિપોર્ટ કોર્ટ હજુર વાંચી સંભલાવ્યા.)

નંબર ૧ લા વાળા તહોમતદાર તરફથી મિ. વાડિયાએ ઉલટ પાલટ તપાસ્યો:—ખંભાલિયાના પોસ્ટ માસ્તર પાસેથી મને આ બેગી મળી તે વખતે જેવી હાલતમાં તે હાલ છે તેવીજ હાલતમાં હતી. ફેર માત્ર એટલો કે, તે વખતે તેમાં રૂપીઆ ભરેલા હતા. હાલમાં તેનું તળિયું ભાંગી ગયું છે, તેમ તે વખતે ભાંગેલું ન હતું. ઉપરની લાલ શાહીની નિશાનો તે વખતે હતી. બીજી રાતી નિશાનિયો પણ હતી કે નહી તે વિષે મને ખાત્રી નથી. ખંભાલિયાના પોસ્ટ માસ્તર તરફથી મને પાછલથી ખબર મલી કે જે વખતે તેને બેંગી મલી તે વખતે કાપડના ઢાંકણના જે ભાગ ઉપર રાતી નિશાનિયો દેખાય છે, તે ભાગ ફાટેલો હતો. મેં પોસ્ટની ચોપડીઓ તા૦ ૧૪ મી માર્ચને દીને સવારના ૮ થી ૧૧ વાગ્યાની વચ્ચેના વખતમાં તપાસી. તા૦ ૨૫ મી ફેબરવારીથી તા૦ ૧ લી માર્ચ સુધી બેંગી રોકી રાખવાનો ખુલાસો મેં નંબર ૧ લાવાળાને પુછ્યો હતો. તેણે કહ્યું કે તા૦ ૨૫ માને દિવસે મેલ ઘણો ભારી હતો, તેથી રોકી રાખી અને તેજ કારણને લીધે તા૦ ૨૮ મીએ પણ રોકી. ૨૭ મી તારીખે રવિવાર હતો. તેથી ૨૬ મી અને ૨૮ મીએ રોકી રાખવાનો તેનો ખુલાસો મને મન માનતો જણાયો, પણ તા૦ ૨૭ મીનો ખુલાસો મન માનતો જણાયો નહી. કારણ કે રવિવારને દિવસે બેંગિયો મોકલવામાં આવે છે, તે દિવસે પોસ્ટના કોથલાનો ભાર માત્ર ૧૪ રતલ હતો. ગયા ફેબરવારી મહીનામાં બીજી બે બેંગિયો રોકી રાખવાના ખુલાસા મેં નંબર ૧લાને પુછ્યા નહોતા. તે વાત મેં નંબર ૧ લાવાળો પકડાયો તે પછી જાણી. તે દહાડાથી આજ દિવસ સુધી તેને એ ખુલાસો મેં પુછ્યો નથી. નંબર ૧લાને મેં કહ્યું હતું કે, મજકુર બેંગીને તા૦ ૨૭ મી ફેબરવારીએ રાખી મુકી. તેના ખુલાસાથી મને સંતોષ થયો નથી. તેનો તેણે કશો ઉત્તર વાળ્યો નહી. નંબર ૧ લાએ એ ગુનાહ

કીધો છે એમ તેણે કબૂલ કરવું જોઇએ એમ કોઇ વેળાએ પણ મેં સૂચવ્યું નથી. તેના હાથ નિચેના કોઇ માણસ ઉપર મને શક છે, એમ મેં નંબર ૧ લાને કોઇ વખતે પણ કહ્યું નથી. નંબર ૧ લાને મેં કહ્યું કે, એ એંગીનો ખરો હેવાલ મને તમે આપશો તો, એ બાબતનું મૂલ શોધી કઢાશે. તા૦ ૧૧ મી માર્ચના તેના રિપોર્ટમાં જે બીના લખી છે, તેથી વધારે તેણે મને કાંઇ પણ કહ્યું નહી. તે પછી જે જગ્યાએ મેં ઉતારો કર્યો હતો, તે જગ્યાએ મેં રાઘુને બોલાવી મંગાવ્યો. એ વખત બપોરના ૧૨ વાગ્યા હતા. હું પોસ્ટ ઑફિસમાં હતો ત્યાં સુધી મેં રાઘુને ત્યાં જોયો નહી. તે ત્યાં આવ્યો છેકે નહી, તેની મેં પુછા કરી નહી. મેં રાઘુને પોસ્ટ ઑફિસમાં તપાસ્યો નહોતો, પણ વગરફેકટની ઢીલ ન થાય તથા મને રસોઇ કરવાની હતી માટે મેં તેને મારે ઉતારે બોલાવ્યો. મેં તેને કહ્યું કે તું બધું ખરૂં બોલીશ અને જો તું ગુનેહગાર હઇશ તો હું તારે માટે માફી મેળવીશ; પણ તું ખરૂં નહીં કહે તો માર્યો જઇશ. રાઘુ ઉપરાંત બીજા ત્રણ કાગળ પહોંચાડનારા શિપાઇઓ અને એક કારકુન એટલાં માણસો નંબર ૧ લાના હાથ નિચે હતાં. એ બધામાંથી મેં રાઘુને બોલાવ્યો, તે એટલા માટે કે મને ખુદ ખબર હતી કે, રાઘુ નંબર ૧ લાનો વિશ્વાસુ માણસ છે અને મેં નંબર ૧ લા પાસેથી જાણ્યું હતું કે તેને એ એંગીને સીલ કરવા તથા બાંધવામાં ભાગ લીધો હતો. રાઘુ પોસ્ટ ઑફિસમાં ચાકરી રહ્યો, તેની અગાઊ તે નંબર ૨ જાવાળાનો નોકર હતો કે નહીં તેની મને ખબર નથી. હું રાઘુને દિવાન પાસે લઇ ગયો, તે વખતે મેં દિવાનને કહ્યું કે રાઘુએ જે ખુલ્લું કહી દીધું છે તે સઘળું મારી ઉપર કહેલી કબૂલાત ઉપરથી કહ્યું છે. દિવાને જે કોટવાલને બોલાવી મંગાવ્યો તેનું નામ મકનભાઇ ઉર્ફે જયશંકર હતું. કોટવાલે રાઘુની જુબાની તા૦ ૧૪ મી માર્ચ ને દિવસે બપોર પછી ૨ થી ૩ વાગે લખી લીધી. મેં રાઘુને તેજ દહાડે રાતના સાત વાગે સસ્પેન્ડ કીધો. નંબર ૧ લાને નોકરી ઉપરથી વેગળો-રાખવા (સસ્પેન્ડ કરવા) હું પોસ્ટ ઑફિસમાં ગયો, તે વખતે મારી સાથે દિવાન, જગન્નાથ અને કોટવાલ એટલા જણ હતા. તે વખતે પોસ્ટ ઑફિસમાં નંબર ૧ લા ઉપરાંત બાબાજી સદોબા, જે પોસ્ટ ખાતાનો તપાસનારો છે તે, નંબર ૧ લાનો કારકુન અને એક શિખાઊ એટલા જણા હતા. દિવાન, જગન્નાથ અને કોટવાલ નંબર ૧ લાની જુબાની લખી લેવા મારી સાથે આવ્યા હતા. મેં પહેલ પહેલાં નંબર ૧ લાને નોકરી ઉપરથી વેગળો કર્યો. મેં તેને કહ્યું કે એંગીમાં ઘાલમેલ કરવાનો તમારા ઉપર શક

આવે છે અને ઑફિસનો ચાર્જ તેણે મારા કારકુનને સ્વાધીન કરી આપવો. રીતસર લખેલા હુકમથી નંબર ૧ લાને નોકરી ઉપરથી વેગળો કરવા મને જગન્નાથ અથવા બીજા કોઇએ કહ્યું નથી. આશરે રાતના આઠ વાગે મેં તેને રીતસર લખીને કોટવાલના કબજામાં આપ્યો. બેંગીમાં તરકટ થયું, તે બાબત પોસ્ટ માસ્તર જનરલના હુકમથી ચોપડા તપાસવા સારૂ બાબાજી સદોબા ત્યાં આવ્યો હતો. નંબર ૧ લાને નોકરી ઉપરથી વેગળો કર્યો તેની અગાઊ એ હિસાબ તપાસનારને તેના હિસાબની કેવી હાલત હતી તે વિષે મેં કંઇ પુછ્યું નહોતું. તેને સસ્પેંડ કરવા અગાઊ તેના હિસાબ તપાસવાની મારી ફરજ છે એમ મેં ધાર્યું નહીં. સવારમાં મેં પોતે હિસાબ તપાસ્યો હતો. મારા કહેવાનો અર્થ એ છે કે મેં જે પોસ્ટની ચોપડિયો કહી તે મેં તપાસી હતી. ખરેખરી બીના એ છે કે, જે વખતે નંબર ૧ લાને મેં નોકરી ઉપરથી વેગળો કર્યો, તે વખતે તેના હિસાબની સ્થિતિ કેવી હતી તે હું જાણતો નહોતો. નંબર ૧ લાની જુબાની કોટવાલે લખી લીધી તે વખતે હું હાજર હતો, તેમજ બાબાજી, દિવાન અને જગન્નાથ પણ હાજર હતા. જુબાની રાતના ૧૧ વાગે પુરી થઇ. જુબાની રાતના ૮ અને ૯ વાગ્યાની વચ્ચે શરૂ થઇ. ત્યાં સુધીનો વખત ઑફિસનો ચાર્જ આપવા અને લેવામાં ગયો. જુબાની પુરી થયા પછી હું નંબર ૨ જા વાળા તહોમતદાર પાસે ગયો. ત્યાં મારી સાથે જયશંકર કોટવાલ માત્ર આવ્યો હતો. બાબાજી અને દિવાન પોતાને ઘેર ગયા. જગન્નાથ પણ ગયો પણ તે કયાં ગયો તેની મને ખબર નથી. નંબર ૧ લાને પોલિશ સુપ્રિન્ટેન્ડેન્ટ બાબુના સ્વાધીનમાં મેં મૂકયો. જ્યારે દિવાન સાથે હું પોસ્ટ ઑફિસમાં ગયો ત્યારે મેં મેં બાબુને ત્યાં જોયો નહોતો, પણ પોસ્ટ ઑફિસમાંથી હું ગયો તે વખતે તે ત્યાં હતો. બાબુ ત્યાં કયારે અને કેમ આવ્યો તે હું જાણતો નથી. હું તેને બાબુને સ્વાધીન કરી ગયો. બાબુ ઉપરાંત નંબર ૧ લાના કેટલાક પારસી મિત્રો ત્યાં તે વખત હાજર હતા. એકનું નામ ટેમુલજી અને બીજાનું નામ ફરામજી હતું. અને તે ઉપરાંત બે ત્રણ બીજા હતા, તેઓ નંબર ૧ લાના જામીન આપવા આવ્યા હતા એ હું જાણું છું. નંબર ૧ લાના બે રિપોર્ટો (એગ્ઝિબીટ 2 A અને 2 B) નગરના કોટવાલ કે શેશન કોર્ટ હજુર રજુ કીધા નહોતા. રજુ નહીં કીધા તેનું કારણ હું કહી શકતો નથી. એગ્ઝિબીટ 2 B માં જે મુખ્ય પોસ્ટનું માણસ લખ્યું છે તે રાધુ છે.

નંબર ૨ જાવાળા તહોમતદાર તરફથી મિ૦ તૈયબજીએ ઉલટ પાલટ તપાસ કીધી:—બેંગીની અસલ રસીદ લખવામાં આવી તે વખત હું

હાજર નહોતો, તે રસીદમાં જે લખેલું છે તે ખરૂં છે કે નહીં તે વિષે હું ખુદ કંઇ જાણતો નથી. તે મને ખંભાલિયાના પોસ્ટ માસ્તર પાસેથી મળી. આ પેહેલા નંબર ૨ જાને હું ઓળખતો નહોતો. નંબર ૧ લાવાળો સરકારી નોકરીમાં ૫ કે ૬ વર્ષ થયાં છે. તે પ્રમાણિક અને વિશ્વાસુ માણસ છે એમ હું તેને માનતો હતો. ૧૮૮૦ ના અકટોમ્બરમાં મેં તેના દફતરો તપાસ્યાં તે ઉપરથી મને જણાયું કે તે બરાબર રાખ્યાં નહોતાં. નંબર ૧ લાના ઘરના ઝાડા લીધા તે વખતે હું હાજર નહોતો, તેના ઘરમાંથી રૂપિયા ૭૦૦) અથવા ૮૦૦) ની કિમ્મતના દાગીના મળ્યા તે હું જાણું છું. મારી જાણ પ્રમાણે એ દાગીનામાં કંઇ વાંધો નથી. રાઘુને કોટવાળ સામે સાક્ષી દાખલ ઉભો કીધો હતો. તે આ તરકટમાં સામેલ હતો કે નહીં, તે હું તે વેળાએ જાણતો નહોતો. મેં તેને કહ્યું કે તું આમાં સામેલ હઇશ તોપણ તારે માટે હું માફી મેળવીશ. કોટવાળ આગળ પેહેલ વેહેલાં વગર પ્રતિજ્ઞાથી તેને તહોમતદાર દાખલ તપાસવામાં આવ્યો હતો કે નહીં તે હું જાણતો નથી. પછીથી કોટવાલે તેને માફી કરી તેની મને યાદ છે. હું તે વખતે હાજર નહોતો. મારી અરજ ઉપરથી તેને માફી થઇ, કેમકે મેં કોટવાલને કહ્યું હતું કે, રાઘુને મેં કબૂલાત આપી હતી કે, તે સઘળું ખરૂં બોલશે તો, તેને હું માફી કરાવીશ તે ઉપરથી તેણે સઘળું માન્યું છે.

નંબર ૩ જા વાળા તરફથી મિ૦ ડિયાસે ઉલટ પાલટ તપાસ કરી :— નંબર ૩ જા વાળાને કયારે પકડ્યો તે હું જાણતો નથી. તેને પકડવા કોણ ગયો તે હું જાણતો નથી.

નંબર ૪ થા તરફથી મિ૦ ગૌરિશંકરે ઉલટ પાલટ તપાસ કરી :— જાદવજીને કયારે પકડ્યો તે હું જાણતો નથી.

નંબર ૫ મા વાળા તહોમતદારે ઉલટ પાલટ તપાસ્યો નહી.

કોર્ટના પુછવાથી :—નંબર ૨ જાવાળા પાસે જ્યારે હું રાતના ગયો, તે વખતે કોટવાલે તેની જુબાની લખી લીધી હતી તે જુબાની પ્રતિજ્ઞાથી કે વગર પ્રતિજ્ઞાથી લીધી હતી તેની મને યાદ નથી.

તા૦ ૧ લી જાનેવારીથી તા૦ ૨૮ મી ફેબરવારી સુધીની પારસલ નોંધવાની ચોપડી રજુ થઇ અને તેના ઉપર 2 C નિશાની કરી.

મુંબઇના ભાટિયા વેપારી મુલજી પરમાણંદે, સરકારી વકીલના પુછવાથી જુબાની નિચે પ્રમાણે આપી :—તા૦ ૨૧ મી ફેબરવારીને દિવસે મેં પરમાણંદ વીરજીના નામથી એક બેંગી મુંબઇથી ખંભાલિયે જાદવજી

ખટાઊ ઉપર મોકલી હતી, તેમાં કેટલાક સોનાના દાગીના, એક મોતીનો છડો અને ૪ રૂપાના કરડા હતા. સોનાના દાગીનામાં એક વાંક તોલા ૧૭ અને ૭ વાલનો, એક ચોરણા કંઠી તોલા ૨૧ અને ૫ વાલની, એક જોડી કડાં તો૦ ૨૧) ૩૦ વાલ, એક જોડી સાંકળાં તોલા ૧૨ નાં, એક જોડી બાંગડી તોલા ૬ ને ૧૦ વાલ, એક ચંદન ચુડી તોલા ૪ ની, એક પીછાડી તોલા ૪॥ અને ૫ વાલની, એક સાંકળી તોલા ૨૦॥ ને ૫ વાલની, એક દોરો તોલા ૧૧॥ નો, સાંકળો નંગ ૧ સિંધિયા સાઇ તોલા ૧૯ ૧ વાલ, સાંકડાં નંગ ૨ તોલા ૨૦ ને ૫ વાલનાં, એક જોડી બેધારીની તોલા ૧૧॥ અને ૪ વાલની, એક જોડ બંગડી તોલા ૭॥ ને ૩ વાલની, એક ચંદન ચુડી તોલા ૫ા ને ૨ વાલ, એક સાંકળી તોળા ૭, એક સાંકળી તોલા ૧૪॥ ને ૩ વાલ, કરડા નંગ ૩ તોલા ૧ અને ૮ વાલ, એક ચંદન હાર તોલા ૧૨॥, એક નવસરનો મોતીનો છડો. તેમાં મોતી નંગ ૭૪૨ કિમ્મત રૂપિયા ૪૭૫ ની અને રૂપિયા ૧૬ ના રૂપાના કરડા ૪. કુલ સોનાનું વજન તોલા ૨૧૮॥ ૮ વાલ. એ બેંગીનો વીમો ઉતાર્યો હતો અને તેની મને પોસ્ટ ઑફીસમાંથી રસીદ મલી હતી, તે હાલ મારી પાસે નથી. તે મુંબઇમાં છે. જે ધણી ઉપર બેંગી મોકલી હતી, તેને તે પહોંચી નહીં. મેં બેંગી કોટમાં પોસ્ટની મુખ્ય ઑફિસમાં હવાલે કરી હતી. (પછી કેટલાક દાગીના સાક્ષીને દેખાડ્યા, તે ઉપરથી તેણે કહ્યું) આ ચંદન હાર, ચોરણા કંઠી, છડો, ૨ સાંકળાં, બીજા સાંકળાની જોડનું એક સાંકળું, બે જોડી બંગડીની, એ હું ઓલખું છું. એ બેંગી ઉપર રૂપિયા ૫૦૦૦) નો વીમો ઉતરાવ્યો હતો. જે કાગળ મને હમણાં દેખાડ્યો, તે મારા ભાઇના માણસ સુંદરલાલનો લખેલો છે, તેના ઉપર મારા મોહોટા ભાઇ નારાયણજીની સહી છે. એ કાગળ જાદવજી ખટાઉ ઉપર લખેલો હતો. જે પેટી હાલ મને દેખાડવામાં આવી, તે પેટી મેં મોકલી તે નથી. તે એના જેવી હતી. પેટી ઉપર કપડાના બાંધણ ઉપર ગુજરાતી અક્ષરો મારા છે, એમાંના બે સીલો મેં મારી વીંટીથી કરેલા હતા, તે હું ઓળખું છું. તેના ઉપર મ૦ ૫. અક્ષરો છે. બીજા સીલો હું ઓળખતો નથી. મેં બેથી વધારે સીલો કર્યા હતા.

કોઇ પણ તહોમતદાર તરફથી ઉલટ પાલટ તપાસ કરવામાં આવી નહીં.

કોર્ટના પુછવાથી.—બધા સીલો મારી વીંટીથી કર્યા હતા. સાક્ષીને દેખાડેલો કાગળ રજુ કર્યો અને તેના ઉપર 3 A ની નિશાની કરી.

તા૦ ૭ મી જુન સન ૧૮૮૧.

અંબારામ રામચંદ્ર, રાજકોટની પોસ્ત ઓફિસનો કારકુન, તેને સરકારી વકીલે તપાસ્યો, તેણે નિચે પ્રમાણે જુબાની આપી:—૧૮૮૦ ના જુલાઇમાં હું રાજકોટની પોસ્ટ ઓફિસમાં બેંગી કલાર્ક દાખલ પહેલ વહેલો નોકરી રહ્યો હતો. મને જે હમણાં કાગળ દેખાડ્યો તે બેંગીઓ સાથે રજીસ્ટર ટીપ આવે છે, તે છે. તે મારા હાથની લખેલી છે. એ લિસ્ટ મેં જામનગર મોકલ્યું હતું. તેમાં ત્રણ બેંગીઓ લખેલી છે. બેંગીઓ મુંબઇથી આવે છે ત્યારે તે પહેલાં "ડિસ્પાચિંગ" ખાતામાં જાય છે. ત્યાંથી તેને "પાર્સલ" ખાતામાં મોકલે છે, ત્યાં તેને તોળીને પારસલના કોથળા ઉપરનાં સીલ તપાસ્યા પછી, પોસ્ટ માસ્તરની હજુર ઉઘાડવામાં આવે છે, પછી તેમાની વસ્તુઓ તપાસવામાં આવે છે. અને જ્યાંથી મોકલેલી હોય છે તે ઑફિસમાંથી આવેલાં લિસ્ટો સાથે તેના નંબરો સરખાવી જોવામાં આવે છે, પછી અમારા ગામની હોયછે તે અમો ધણીઓને પહોંચાડીએ છીએ. બીજા ગામોની હોય છે તે એક પેટીમાં મૂકીએ છીએ, તેમાંથી દરરોજ સાંઝના પાંચ વાગે કાઢી લઇ જવામાં આવે છે. બધી આવેલી બેંગીઓ તેજ દહાડે મોકલી આપવી એવી કંઇ જરૂર નથી. તે પછી અમો નવું લિસ્ટ કરીએ છીએ. એ પેટી મારા સ્વાધીનમાં છે. એવી પેટી એકજ છે અને તેની બે કળો છે. તેમાની એકની ચાવી મારી પાસે રહે છે અને બીજીની પોસ્ટ માસ્તર પાસે રહેછે. સાધારણ રજીસ્ટર પારસલો તથા વીમા ઉતારેલાં પારસલ બાબત આવી ચાલ છે. જ્યારે મેલ ઘણો ભારે હોયછે, ત્યારે વીમા ઉતારેલા સાધારણ પારસલો કરતાં પહેલાં મોકલવામાં આવે છે. મુંબઇથી જામનગર અને ખંભાલિયાના બધાં પારસલો, રાજકોટની પોસ્ટ ઑફિસમાં થઇને જાય છે. વીમા ઉતરાવેલાં પારસલો દરરોજ સાંઝનાં પાંચ વાગે કાઢવામાં આવે છે. જેવું લિસ્ટ હાલ મને દેખાડવામાં આવ્યું તેને રજીસ્ટર લિસ્ટ કહેવામાં આવે છે, તેવાં લિસ્ટો અમે વીમા ઉતારેલી બેંગીઓ સાથે મોકલિયે છીએ. ખંભાલિયાનાં પારસલોને જામનગરના લિસ્ટમાં લખીએ છીએ, અને તે જામનગર મોકલિયે છીએ. જે લિસ્ટ હાલ મને દેખાડવામાં આવ્યું, તે મેં તેમાં લખેલી વસ્તુ સાથે તા૦ ૨૪ મી ફેબરવારીએ જામનગર મોકલ્યું હતું. નંબર ૧૫૭૧ નું પારસલ સારી હાલતમાં સીલ કરેલું અને જેવી હાલતમાં મુંબઇથી અમને મળ્યું હતું, તેવી હાલતમાં નગર મોકલવામાં આવ્યું હતું. તેનું વજન તોલા ૨૭૦ હતું. "ડિસ્પાચિંગ ઑફિસ" માંથી જે લિસ્ટ મળ્યું, તેમાં મેં

તોલ લખ્યું હતું. એ લિસ્ટ (એગ્ઝિબીટ 4 A) ના ઉપર નગરના પોસ્ટ માસ્તરની સહી છે. તે નગરની પોસ્ટ ઑફિસમાં રહે, તેમાં તોલ મારૂં લખેલું નથી. એ લિસ્ટ જામનગરમાં ભરાય છે. તોલ લખવાનું ખાનું ચાલુ સરેસ્તા મુજબ, જે માણસને પારસલનું કામ સોપેલું હોય છે, તે ભરે છે. નહાની ઑફિસોમાં પારસલનું કામ પોસ્ટ માસ્તરો કરે છે. નગરની ઑફિસમાં પારસલનું કામ કોણ કરે છે તે હું જાણતો નથી. અમારી ઑફિસમાં રવિવારે આવેલાં પારસલો તેજ દહાડે રવાના થઇ શકે છે. રવિવારે પારસલો રવાના ન થઇ શકે તેવો નિયમ હું જાણતો નથી. નગરથી રવિવારે મોકલેલી બેંગિયો અમને મળી છે. તેવી બેંગિયોમાં એક તા૦ ૭ મી અને બીજી તા૦ ૧૪ મી નવેમ્બર સન ૧૮૮૦ ને દિને મોકલવામાં આવી હતી. (તા૦ ૭ મી નવેમ્બરના લિસ્ટ ઉપર 4 B નિશાની કરી) (તા૦ ૧૪ મી નવેમ્બરના લિસ્ટ ઉપર 4 C કરી).

બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

કોર્ટના પુછવાથી:— બીજી જગે જવાની બેંગી ૮ દિવસથી વધારે રોકી રખાતી નથી. સાધારણ પારસલોનું રોકાવું પાંચ અથવા ૭ દહાડા હોય છે. વીમા ઉતારેલાં પારસલો સરાસરી ૬ અથવા ૭ દહાડા રોકાય છે. રાજકોટથી નગર જવાની રાજકોટની બેંગીઓ પાધરી નગર જાયછે, તા૦ ૨૮ મી અગષ્ટથી ૨૬ મી અકટોમ્બર સને ૧૮૮૦ સુધીનું જામનગરનું પારસલ રેજીસ્ટરનું નોંધ રજુ કર્યું અને તેના ઉપર 4 D ની નિશાની કરી.

ખંભાલિયાના પોસ્ટ માસ્તર, મોતીચંદ કાનજીને સરકારી વકીલે તપાસ્યાથી નિચે પ્રમાણે જુબાની આપી:— ખંભાલિયાની પોસ્ટ ઑફિસ નગરની શાખાછે. તા૦ ૧૪ મી જાનેવારી સન ૧૮૮૧ થી હું ખંભાલિયાનો પોસ્ટ માસ્તર છું. તા૦ ૧ લી મારચે મારી ઑફિસમાં જાદવજી ખટાઉના શિરનામા વાળી એક બેંગી આવી. તે જામનગરથી ખંભાલિયાના પોસ્ટના કોથળામાં આવી હતી. મેલનો કોથળો ચામડાના કોથળામાં હોય છે. મેં ચામડાના કોથળાની અને મેલના કોથળાની સીલો તપાસી જોઇ અને તે બરાબર જણાઇ. સીલો જામનગરની હતી ચામડાનો તથા મેલનો કોથળો મેં ઉઘાડ્યો તે દહાડાના મેલના કોથળામાં જાદવજી ખટાઉના શિરનામાવાળી વીમો ઉતારેલી બેંગી એકજ હતી, તેના ઉપર ૧૫૭૧ નો નંબર હતો. પેહલાં મેં તે બેંગી તોળી જોઇ તેનું વજન ૨૫૮ તોલા થયું, તે રસીદમાં લખેલા તોલથી ૧૨ તોલા ઓછું થયું. બેંગી જરા ફાટેલી હતી. તે બેંગી આ છે તેના ઉપરનું કપડાનું ઢાંકણુ જેના ઉપર

લાલ શાહીની નિશાની છે, તે ફાટેલું હતું. મેં તેના ઉપર નિશાની કીધી. ફાટેલા ભાગમાંથી મેં જોયું કે તેનું ઢાંકણું છુટું હતું. તપાસી જોયાથી જણાયું કે ફાટેલા ભાગ આગળના સીલ બીજા સીલથી જુદા હતા. મેલનો કોથળો મને રાતના ૭ ને પાંચ મિનિટે મળ્યો અને તે મેં બીજા મેલ આવી ગયા પછી ૮। વાગે ઉઘાડયો. તે વખતે મોડું થયું હતું તેથી તથા તે બાબત મને ખોટારાનો શક આવ્યાથી મેં તેને મારી તીજોરીમાં મૂકી. તેની ચાવી મારી પાસે રહેછે. સવારના ૭ વાગે મેં એંગીના ધણીને બોલાવી મંગાવ્યો, કારણ કે એંગીઓ રાતના આપવામાં આવતી નથી. મેં ધણીને કહ્યું કે એંગી તોલમાં ઓછી છે અને તેના ઉપરના સીલો તથા શીવણ શક ભરેલાં લાગે છે, તેથી તમારાં કાગળમાં આની ટીપ આવી હોય તે લઇ આવો અને તેને મારી હજુરમાં ઉઘાડો. મેં તેને કહ્યું કે, એમાની જણસો ટીપ પ્રમાણે મળતી આવે તો, તમે રસીદ ઉપર સહી કરી આપજો. જો મળી ન આવે તો, બીજી રસીદ સહી કરી આપવી પડશે. એંગી ઉઘાડી જોવાથી જામસાઇ ચલણના ૧૪૪ ઢબુઓ મળ્યા, તે એક કપડાના કટકામાં બાંધ્યા હતા અને તેને તળિયે થોડું રૂ અને પીળા કાગળનો કટકો હતો. તેમાં તે માંહેલી જણસોની ટીપ હતી નહીં. ધણી ટીપ લઇ આવ્યો. એંગી માંહેલી જણસ વહિવટદાર પાસે લેઇ ગયા તે પછી અમે એ એંગી, ૧૪૪ ઢબુ, રૂ અને પીળા કાગળનો કટકો મિ૦ ચંદુલાલ ઉપર મોકલ્યો. એંગીનો ધણી જે રસીદ ઉપર સહી કરવાનો હતો, તે રસીદ મેં મારા રિપોર્ટ સાથે મિ૦ ચંદુલાલ ઉપર મોકલી. એ એંગીનો રૂપિયા ૫૦૦૦) નો વીમો ઉતારેલો હતો. નંબર ૧૫૭૧ ની એંગીનું રજીસ્ટર લિસ્ટ હું રજુ કરૂં છું. જામનગરથી રવિવારને દિવસે એંગિયો મોકલવાના દાખલાઓ છે જેમકે તા૦ ૨૮ મી નવેમ્બર સન ૧૮૮૦, તા૦ ૧૩ મી જુન અને ૨૭ મી જુન સને ૧૮૮૦, તા૦ ૧૧ મી જુલાઇ અને ૧૮ મી જુલાઇ સને ૧૮૮૦, તા૦ ૨૫ મી જુલાઇ સને ૧૮૮૦, તા૦ ૫ મી આગષ્ટ, તા૦ ૨૨ મી આગષ્ટ સને ૧૮૮૦, એ સઘળાં એંગિયોનાં રજીસ્ટર લિસ્ટો રજુ કર્યાં અને તેના ઉપર નિશાનો કરી. રવિવારે એંગીઓ મોકલાય નહીં એવો કાયદો હોય એમ હું જાણતો નથી. જામનગરનો પોસ્ટ માસ્તર પારસલનું કામ પોતેજ કરેછે એ હું પોતે ખુદ જાણું છું. પારસલ રસીદો ઉપરની તેની સહિયોથી હું એ જાણું છું.

મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ્યો :—એંગી મને મળી તે વખતે તેનું ઢાંકણું તદન છુટૂં હતું એની મને પકી ખાત્રી છે. એ તેનું

તળિયું હતું, મથાળું નહોતું. સીલો એકથી બીજા જુદા હતા. તેવિષે મેં કંઇ નિશાની કરી નહોતી. સીલો ૭ જુદી જુદી તરાહના મને જણાયા. હું કહું છું કે તે તદ્દન જુદા હતા, તેનું કારણ એ કે તેની લાખ જુદી હતી અને તેના ઉપર દએલું ચિન્હ નહોતું. એગ્ઝિબીટ 3 A એ. જાદવજી ખટાઉ જે ભરતિયું લઇ આવ્યો હતો તે આ છે, તેણે કહ્યું કે આ મને બેંગી મળી તેથી અગાઉ મુંબઇથી આવ્યું હતું.

જાદવજી ખટાઉ, ભાટિયા વેપારીને સરકારી વકીલે તપાસ્યો, તે ઉપરથી તેણે નિચે મુજબ જુબાની આપી:— માહા વદ ०)) અથવા ફાગણ શુદ ૧ ને દિવસે મારા ઉપર મોકલેલી એક વીમો ઉતારેલી બેંગી ખંભાલિયે આવી. ખંભાલિયાના પોસ્ટ માસ્તરે મને તેડવાં માણસ મોકલ્યું અને મને કહ્યું કે, તમારા શિરનામાવાળી એક બેંગીમાં ઘાલમેલ થએલી લાગે છે. તે મારી તથા પોસ્ટ માસ્તરની હજુર મારા કહેવાથી મારા માણસ લીલાધરે ઉઘાડી અને તેમાંથી નગરના ચલણના ઢબુઓ નિકળ્યા આ શિકાઓ નિકળવાની મને આશા નહોતી, પણ મને તેમાંથી સોના અને મોતીનાં ઘરેણાં મળવાની ઉમેદ હતી. બેંગી આવી તેની અગાઉ ઘરેણાં રવાના કરવા બાબત મને મુંબઇથી સમાચાર મળ્યા હતા, તે કાગળ મેં ગઇ કાલે નગરના વકીલ દ્વારકાંદાસને આપ્યો હતો, જે કાગળ હમણાં મને દેખાડવામાં આવ્યો, તે તેજ કાગળ છે. જે બેંગીનું બૉકસ મને હાલ દેખાડવામાં આવ્યું, તે જે પોસ્ટ ઑફિસમાં આવ્યું હતું તેવું છે. ઉપરનું કપડાનું બાંધણ તેજ છે, બૉકસમાં એક કપડાનો કટકો અને રૂ હતાં. તેમાં એક કાગળનો કટકો હતો કે નહીં તેની મને યાદ નથી. મેં બૉકસ ઉપરનું શિરનામું તપાસી જોયું. બીજું કશું જોયું નહીં.

તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ્યા નહીં.

કોર્ટના પુછવાથી :— જે કાગળ મને દેખાડયો તે કાગળ હું પોસ્ટ ઑફિસમાં પેહેલ વહેલાં ગયો ત્યારે સાથે લઇ ગયો નહોતો, બીજી વખતે ગયો ત્યારે લઇ ગયો હતો. મારા માણસે મને કહ્યું કે બૉકસનું તળિયું કાઢેલું હતું. મેં તેને પુછ્યું તે ઉપરથી તેણે કહ્યું કે કેમ? તે મને યાદ નથી. હું પાછળ બેઠેલો હતો. મેં પણ જોયું કે તેનું તળિયું નિકળેલું હતું.

રાઘુ રામજીને સરકારી વકીલે તપાસ્યો તે ઉપરથી કહ્યું કે:—હું પોસ્ટ ઑફિસમાં ચાર વર્ષથી નોકર છું. દાદાભાઇ (નંબર ૧ લા નો તહોમતદાર) નગરની પોસ્ટ ઑફિસમાં ૨ાા વર્ષ થયાં આવ્યો છે. નંબર ૧

લા અને નંબર ૨ જાવાળા તહોમતદારો મ્હોટા મિત્રો છે. ગયા વૈશાખ એટલે આશરે બાર મહીનાથી એઓની મિત્રાઇ શરૂ થઇ. ૧૮૮૦ ના- અકટોમ્બરથી તેઓ વચ્ચે પૈસાનો વ્યવહાર ચાલ્યો. નંબર ૧ લાએ નંબર ૨ જા પાસેથી રૂપિયા ૭૦૦) ઉછીના લીધા હતા. હું નંબર ૧ લાને ખુદ ઓળખું છું. હું પોતે પૈસા લઇ આવ્યો હતો. એક બે મહીના પછી તેણે રૂપિયા ૪૦૦) પાછા ભર્યા હતા, પણ જામસાહેબનાં મા મર્ણ પામ્યાં અને ચંદુલાલ નગર આવ્યા ત્યારે તેણે પાછા રૂપિયા ૪૦૦) ઉછીના લીધા. એ રૂપિયા હું લાવ્યો હતો. મિ૦ ચંદુલાલ ગયા પછી બધા રૂપિયા ૭૦૦) નંબર ૧ લાએ નંબર ૨ જાને પાછા ભરી આપ્યા. નંબર ૨ જાને હું રૂપિયા આપી આવ્યો. મિ૦ ચંદુલાલ ગયા પછી ૬ કે ૭ દહાડે હું રૂપિયા આપી આવ્યો. તેમાં રૂપિયા ૪૦૦) રોકડા અને ૩૦૦) રૂપિયાની વિલાયતી નોટ હતી. તે પછી નંબર ૧ લાએ નંબર ૨ જા પાસેથી ગયા ફેબરવારી મહીનામાં રૂપિયા ઉછીના લીધા હતા. તા૦ ૨૮ મી ફેબરવારીએ બપોરના બે વાગે નંબર ૧ લાએ મને પોતાને ઘેર બોલાવ્યો. તેણે પોતાની ખાનગી પેટી ઉઘાડી અને ટુવાલમાં વિંટેલું એક બૉકસ મને આપ્યું. ટુવાલ જાડો હતો. તેણે પોતા સાથે આવવા મને કહ્યું. અમે મહારાજની હવેલીએ ગયા. અમે ઉપર મહારાજની બેઠકમાં ગયા તે એક મહોટા કાચના બંગલામાં બેઠા હતો. જે ઓરડામાં નંબર ૧ લા વાળો તહોમતદાર બેઠા હતો ત્યાં હું ગયો. અને મહારાજની સામે એક ખુણામાં પેલું બૉકસ મેં મૂકયું. નંબર ૧ લો આવ્યો અને બૉકસની પાસે બેઠો. મેં મારા શેઠને કહ્યું કે "મેં બૉકસ અંહિ મૂકયું છે" ત્યારે તેણે કહ્યું "ઠીક, જા નિચે બેશ." મેં તેમ કીધું. થોડી વાર પછી મેં કહ્યું કે મને પોસ્ટના બૉકસમાંથી કાગળો કાઢવા છે તેથી મારે જવું જેઇએ. એ મેં નિચેથી બૂમ મારીને કહ્યું. નંબર ૧ લાએ મને જવા કહ્યું. કાગળો કાઢીને હું પોસ્ટ આૅફિસમાં ગયો. પોસ્ટ આૅફિસમાં દીવા કર્યા પછી હું પાછો હવેલીએ ગયો. હું નિચે બેઠો હતો. થોડી વાર પછે નંબર ૧ લો નિચે આવ્યો. નંબર ૨ જાનું ફાણુસ ત્યાં પડયું હતું તે સળગાવવા તેણે મને કહ્યું. મેં તે સળગાવ્યું તે પછી અમો પોસ્ટ આૅફિસ તરફ પાછા વળ્યા. બોજા દરવાજા આગળ નંબર ૧ લાએ મને કહ્યું કે "હું જાઉં છું, તું નંબર ૨ જા પાસે જઇને પૈસા લેઇ આવ." હું નંબર ૨ જા પાસે ગયો, અને કહ્યું કે નંબર ૧ લાએ તમારી પાસેથી પૈસા લેવા મોકલ્યો છે. નંબર ૨ જાએ મને કહ્યું કે જા, જાદવજી ગોપાલજી નંબર ૪ થાને બોલાવી લાવ. નંબર ૪ થો આવ્યો, અને નંબર ૨

જાના ઓરડામાં ગયો. હું બહાર દાદર ઉપર ઉભો રહ્યો. નંબર ૨ જાએ પોતાના ઓરડામાં મને બોલાવ્યો. અને મને કહ્યું કે નંબર ૪ થો રૂપિયા ૫૦૦) હમણાં આપશે અને રૂપિયા ૫૦૦) આવતી કાલે સવારના ૯ વાગે આપશે. હું નંબર ૪ થા સાથે તેની દુકાને ગયો. તેણે મને રૂપિયા ૫૦૦) આપ્યા, તેમાં રૂપિયા ૭૦) ની નોટો આપી અને બાકીના રોકડા આપ્યા. હું રૂપિયા લેઇને ઘેર આવ્યો. હું પોસ્ટ ઑફિસમાં ગયો નહીં, કારણ કે દરવાજા બંધ થઇ ગયા હતા. પોસ્ટ ઑફિસ ગામની બાહાર છે. બીજે દિવસે સવારના હું પૈસા લઇને પોસ્ટ ઑફિસમાં ગયો અને પૈસા નંબર ૧ લાની ટેબલ ઉપર મૂક્યા. તેણે રૂપિયા ગણ્યા અને ઑફિસની તીજોરીંમાંથી બીજા રૂપિયા કાઢયા. સર્વે મળીને રૂપિયા ૭૦૦) કર્યા અને બધા રૂપિયા રજીસ્ટર પારસલ કરી રાજકોટ મોકલ્યા. સવારના ૯ વાગે નંબર ૧ લાએ મને કહ્યું કે જા અને બીજા રૂપિયા ૫૦૦) લઇ આવ. નંબર ૪ થો, નંબર ૨ જાની હવેલીએ પૂજા કરવા આવ્યો હતો. મેં મહારાજને કહ્યું કે નંબર ૧ લાએ રૂપિયા માટે મને મોકલ્યો છે, તે ઉપરથી નંબર ૨ જાએ નંબર ૪ થાને રૂપિયા આપવા કહ્યું. હું નંબર ૪ થા સાથે તેની દુકાને ગયો, ત્યાં તેણે મને રૂપિયા ૫૦૦) આપ્યા. હું પોસ્ટ ઑફિસમાં પાછો આવ્યો નંબર ૧ લાને રૂપિયા આપ્યા. બાર વાગે હું જમવા જતો હતો ત્યારે નંબર ૧ લાએ મને કહ્યું કે, નંબર ૨ જા પાસે જઇ તે જમવા જાય તેની અગાઉ એક હજાર રૂપૈયા લઇ આવ. હું મહારાજને ત્યાં ગયો. તે કાચના બંગલામાં બેઠા હતા અને તેને મેં કહ્યું કે નંબર ૧ લાએ બીજા વધારે રૂપિયા મંગાવ્યા છે. તે પરથી નંબર ૨ જાએ નંબર ૪ થાને બોલાવવા મોકલ્યો. તે ત્યાં આવ્યો નંબર ૪ થો નંબર ૨ જા પાસે ઉપર ગયો અને હું નિચે બેસી રહ્યો. થોડીવાર પછી નંબર ૪ થો નિચે આવ્યો અને નંબર ૨ જાએ મને કહ્યું કે, નંબર ૪ થા ની સાથે જા. તું એને વલગી રહેજે અને એ તને રૂપિયા ૧૦૦૦) આપશે. પછી હું નંબર ૪ થા સાથે તેની દુકાને ગયો. નંબર ૪ થાએ મને કહ્યું, સબુર કર, મારી પાસે રૂપિયા નથી. તેણે જૂદે જૂદે ઠેકાણેથી રૂપિયા ભેળા કર્યા. પછી તે કોઇ ઘેલા નામના માણસની દુકાને મને તેડી ગયો અને તેને કહ્યું, તારી પાસે જેટલા રૂપિયા હોય તેટલા આને આપ. ઘેલાએ આશરે ૧૭૦) થી ૧૭૫) સુધી રૂપિયા મને આપ્યા. અને મારી સાથે નંબર ૪ થાની દુકાને આવ્યો. હું જાદવજીની સાથે ગયો, પણ તેણે કોઇ પણ

દુકાને મારી હજુરમાં રૂપિયા ગણ્યા નહોતા. અમે તેની દુકાને પાછા આવ્યા. તે પછી રૂપિયા ૮૧૫) મને આપ્યા. અને કહ્યું કે બાકીના ૧૮૫) રૂપિયા બીજે દહાડે આપવામાં આવશે એ ખાત્રી રાખવી. રૂપિયા લઇને હું પોસ્ટ ઑફિસમાં ગયો. તે વખત સૂર્ય અસ્ત થવાનો વખત હતો. મે નંબર ૧ લાને રૂપિયા આપ્યા. મેં તેને કહ્યું, તારે માટે હું આખો દહાડો ભુખ્યો રખડયો હતો, તેથી તેણે મને રૂપિયા પાંચ આપ્યા. બીજે દિવસે સવારે બાકીના ૧૮૫) રૂપિયા હું નંબર ૪ થા પાસેથી લેઇ આવ્યો. તે દહાડે બીજી માર્ચની તારીખ હતી. લેણ દેણ આટલુંજ થયું હતું. નંબર ૪ થાએ મને જે જે વખતે રૂપિયા આપ્યા, તે તે વખતે તેની સાહી બુકમાં મારી રસીદ લીધી હતી. તે ચોપડી હાલ મને દેખાડવામાં આવી તેવી હતી કે નહીં તેની મને યાદ નથી. મેં નંબર ૧ લાને કહ્યું મને જે રૂપિયા આપવામાં આવ્યા હતા તેની રસીદ મેં આપી છે. તેણે મને કહ્યું કે તેં ઘણું ખોટું કીધું છે. મેં કહ્યું કે રોકડા રૂપિયા અપાય છે તેની રસીદ આપવાનો અહિં ચાલ છે. નંબર ૧ લાએ મને નંબર ૩ જાને કહેવા કહ્યું કે મારી રસીદ લીધી તે નંબર ૪ થે ઠીક કીધું નથી. હું નંબર ૨ જાને ત્યાં ગયો અને નંબર ૧ લાએ મને કહેવા કહ્યું હતું તે નંબર ૩ જાને કહ્યું. નંબર ૩ જો નંબર ૨ જાનો ચાકર છે. ત્યારે નંબર ૩ જાએ મને કહ્યું કે, નંબર ૧ લાને જઇને કહે કે રસીદો મંગાવી લેવામાં આવશે. જે દહાડે ૧૮૫) રૂપિયા હું લાવ્યો, તે દહાડે આ સઘળી વાતચીત થઇ હતી. એ બધું મેં નંબર ૧ લાને જણાવ્યું. તા૰ ૩ જી અથવા ૪ થી માર્ચને દહાડે હું નંબર ૨ જાની હવેલીએ પાછો ગયો હતો. અને ત્યાં જઇ મેં નંબર ૩ જાને પુછ્યું કે રસીદો મંગાવી લીધી છે કે નહીં? તેણે મને હા કહી. અને નંબર ૧ લાને તે જણાવવાને કહ્યું. બીજું કાંઇ મને કહેવાને કહ્યું નહોતું. મેં તે નંબર ૧ લાને કહ્યું. તેણે કહ્યું ઠીક કરયું. તે પછી હું દરશનને માટે હવેલીએ જતો હતો. મેં નંબર ૨ જાને પુછ્યું, કે નંબર ૧ લાને તમે પૈસા કેમ ધીર્યા હતા. તેણે કહ્યું કે આ (નંબર ૧ લાના) ઘરેણાની જમીનગીરી ઉપર પૈસા ધીર્યા હતા. એટલીજ વાતચિત મારે થઇ હતી. નંબર ૧ લા સાથે રૂપિયા ૨૦૦૦) બાબત મારે વાતચિત થઇ હતી. તે વખત નંબર ૩ જા શિવાય બીજો કોઇ હાજર નહોતો. તા૰ ૨૫ મી ફેબરવારીએ મુંબઇથી ખંભાલિયા માટે એક બેગી નગરમાં આવી હતી. તે બાબત ખંભાલિયાના પોસ્ટ માસ્તરે રિપોર્ટ કીધા પછી મેં સાંભળ્યું. ત્યાં સુધી મને કંઇ ખબર નહીં હતી. નગરની પોસ્ટ ઑફિસમાંથી ૧ લી

માર્ચે નંબર ૧ લાએ એક એંગી મોકલી હતી તે હું જાણું છું. પણ તે કોની ઉપર મોકલી અને કેવી હાલતમાં હતી તે મેં જોઇ નહોતી. હું નંબર ૧ લાનો વિશ્વાસુ માણસ છું. હું તેના ઘરનું કામ કરતો હતો. મને હાલ ઘરેણાં દેખાડવામાં આવ્યાં, તેમાનું કોઇ પણ ઘરેણું નંબર ૧ લાના ઘરમાં જોયું નહોતું. નગરની પોસ્ટ ઑફિસમાં પારસલનું કામ નંબર ૧ લો કરે છે.

મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ કીધી:—બે હજાર રૂપિયા બાબત જે હકિકત મેં કહી, તે સઘળી હકિકત પેહેલ વેહેલાં તા૦ ૧૪ મી માર્ચને રોજ મિ૦ ચંદુલાલને ઉતારે મેં કહી હતી. તેમણે મને મારે ઘેરથી બોલાવી મંગાવ્યો હતો. તે વખત, બાર વાગ્યાથી પેહલાંનો હતો. ચંદુલાલ કંઇ કાગળ લઇ બેટલે બેઠા હતા. તેણે મને પુછ્યું કે એંગી બાબત તું શું જાણે છે? મેં કહ્યું કે હું કંઇ જાણતો નથી. તેણે મને કહ્યું કે તું તેનો વીશ્વાસુ માણસ છે, તેથી તારે કંઇ જાણવું જોઇએ. સાચું કહે. જો સાચું કહીશ તો એંગીના કામમાં તું સામેલ હઇશ તોપણ તારે માટે હું કોર્ટમાંથી માફી મેળવીશ. મેં કહ્યું હું એંગી બાબત કાંઇ જાણતો નથી, પણ તમે માફી મેળવી આપવાની કબૂલાત આપો છો તો, જે હું જાણું છું તે બધું કહું છું. મેં કંઇ ગુનાહ કીધા એવું ચંદુલાલ આગળ કબૂલ કીધું નહોતું. જે હકિક્ત મેં પાછળથી તેની આગળ કહી, તે જો હું ખરૂં કહું તો એ બાબતમાં ગુનાહનો તકસિરવાર હોઊં, તોપણ તે માફ કરાવશે, એમ મને તેણે કહ્યું હતું, તે ઉપરથી મેં તેને કહી. કંઇ ગુનાહ કીધા હોય એવું મને લાગ્યું નહોતું. તે વેળાએ અથવા પછી ચંદુલાલે મને કોઇ પણ રીતે બીવરાવ્યો નહોતો. બે હજારના લેણ દેણ બાબત મને શક હતો, પણ એંગીના કામ કાજ સાથે હું તેનો સંબંધ ગણતો નહોતો. હું માનતો હતો કે નંબર ૧ લાએ પોતાનાં ઘરેણાં ઉપર પૈસા કહડાવ્યાં હતા. મારા મનમાં જે શક હતો તે એ હતો કે, જામીનગીરીની બાબત ખરી નહી હોય, અને નંબર ૧ લાએ એંગીમાં કંઇ ઘાલમેલ કરી હશે. તે પછી ચંદુલાલ આગળ મેં હકિકત કહી હતી, તેપરથી તે મને દિવાન આગળ તેડી ગયો. ચંદુલાલ, દિવાન પાસે ઉપર ગયો અને થોડી વાર પછી મને બોલાવ્યો. દિવાને મને પૂછ્યાથી એ હકિકત તેને કહી સંભળાવી. દિવાને પછી જયશંકર કોટવાલને બોલાવી મંગાવ્યો. તેણે મારી જુબાની લખી લીધી. તે પ્રતિજ્ઞા ઉપર લીધી કે નહીં તે મને યાદ નથી. તે પછી દિવાન, ચંદુલાલ અને જગન્નાથ એમની સાથે હું પોસ્ટ

ઑફિસમાં ગયો. તે રાતના હું જમવા મારે ઘેર ગયો ત્યારે એક પોલીસનું માણસ મારી સાથે આવ્યું હતું. જમવા પછી હું પોલીસ સ્ટેશન પર પાછો આવ્યો અને રાતના ત્યાં સુતો. કોટવાલના હુકમથી મને પોલીસ સ્ટેશનમાં લેઇ જવામાં આવ્યો હતો. બીજે દહાડે સવારમાં ૮ થી ૯ વાગે હું જગન્નાથની કોર્ટમાં ગયો હતો, ત્યાં સુધી હું પોલીસ સ્ટેશનમાં રહ્યો હતો. કોર્ટમાંથી પાછો પોલીસ સ્ટેશનમાં ગયો હતો. તે પછી સર ન્યાયાધીશની કોર્ટમાં એ કેસ ગયો, ત્યાં સુધી ચાર પાંચ દહાડા હું પોલીસ સ્ટેશનમાં રહ્યો હતો. સર ન્યાયાધીશની કોર્ટમાં મને જામીન ઉપર છોડયો હતો. રૂપીયા ૫૦૦) ના જામીન હતા. તે પછી હું ચંદુલાલ સાથે રહ્યો હતો. હમણાં હું તેની સાથે રહું છું. હું તેનું કંઇ કામ કરતો નથી.

તારીખ ૮ મી જુન ૧૮૮૧.

રાઘુ રામજીની નંબર ૧ લા તરફથી મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ પાછી ચાલુ કીધી:—તા૦ ૧૪ મીથી તા૦ ૨૪ મી માર્ચ સુધી હું પોલીસ સ્ટેશનમાં રહ્યા હતો. તા૦ ૧૮ મીએ કોટવાલનાં માણસો મને કોટવાલની કોર્ટમાં લઇ ગયા હતા. ત્યાં કોટવાલે મારી જુબાની લખી લીધી. તે પ્રતિજ્ઞા ઉપર લીધી હતી કે નહીં, તેની મને યાદ નથી. ૨૦ મી તારીખે મને પાછો ત્યાં લેઇ ગયા હતા. કોટવાલે પોતે મારી વધારે જુબાની આપવાને પુછ્યું. મેં કંઇ વિશેષ ખબર આપી તે ઉપરથી તેણે પુછ્યું નહોતું. (કોટવાલની આગળ ૨૦ મી માર્ચે સાક્ષીની જુબાની લીધી હતી. તે તેને વાંચી સંભળાવી અને તેણે કહ્યું કે તે ખરી હશે. તે રજુ કરી અને તેના ઉપર 7 A નિશાની કરી). મને જામીન ઉપર છોડયો તેની અગાઉ, કોટવાલે મને માફ કીધા હતો અને તેણે મને માફીની સર્ટિફિકેટ આપી હતી. ૨૦ મી માર્ચની જુબાની લીધા પછી સર્ટિફિકેટ આપી હતી. હું દરરોજ પોસ્ટ ઑફિસની અંદર સવારના ૭ વાગે (મદ્રાસ ટાઇમ) જતો હતો. ઑફિસમાં ગયા પછી મારૂં પેહેલું કામ ગામખાતાના મેલના ઉપર છાપ મારવાનું હતું. તેમાં ૩૦ થી ૪૫ મિનિટ લાગતી. ૭ વાગે બધા નોકરો ઑફિસમાં આવતા. છેલા બેથી ચાર મહીના થયા કારકુનો ઑફિસમાં સવારના આઠ વાગા સુધી રહેતા. તેની અગાઉ નવ વાગા સુધી રહેતા. આઠ વાગા સુધી છાપ માર્યા પછી મેલ રાજકોટ જવા સારૂ તૈયાર થતો. તે પછી કંઇ ખાસ કામ નહોય તો, કારકુન, શિખાઉ અને પટાવાળાઓ ઘેર જતા. નંબર

૧ લાવાળો પોતાનું ખાનગી કામ મને નહીં આપતો તો હું પણ ઘેર જતો. કારકુન દશ વાગે પાછો આવતો. હું દશને અગ્યારની વચ્ચે આવતો. પોસ્ટના શિપાઇઓ બાર વાગે અને શિખાઉ દશ વાગે આવતા. રાજકોટનો મેલ આશરે અગ્યારવાગે આવતો. અને આશરે દોઢ કલાક રાજકોટના મેલનું કામ પડતું. ખંભાલિયાનો મેલ બાર વાગે જાય છે તે પછી પોસ્ટના શિપાઇઓ કાગળ વાંટવા જતા. હું બારને એક વાગાની વચ્ચે જમવા જતો. કારકુનને શિખાઉ સાંજના પાંચથી ૭ વાગા સુધી ઑફિસમાં રહેતા. બે કલાક પછી હું ઑફિસમાં પાછો આવતો. તે પછી હું ગામના બૉકસો માંથી કાગળો કહાડવા જતો અને અરધા કલાકમાં પાછો આવતો. અને પછી કાગળ ઉપર છાપ મારતો. ૭ વાગા સુધી અથવા જરૂર પડે તો તેથી મોડેસુધી ઑફિસમાં રહેતો. નંબર ૧ લો ઑફિસમાં રહેતો હતો તેમાં બે ઓરડા છે. એકમાં નંબર ૧ લાની ઑફિસ છે અને બીજામાં તેનું રહેઠાણ છે. ઑફિસના ઓરડામાં તે, કારકુન અને શિપાઇ બેસતા. ગામના દરવાજા રાતના નવ વાગે બંધ થાય છે. રજીસ્ટર અને વિમો ઉતારેલા પારસલો ઑફિસના ઓરડામાં એક પેટી છે તેમાં નંબર ૧ લો મૂકતો હતો. કોઇ વખતે તે મૂકતો જાય, તેમ પોતે ગણતો જતો. કોઇ કોઇવાર તેની હજુરમાં હું ગણતો. જે પારસલો રાખી મૂકવામાં આવતાં તેની તે પારસલના ધણી ઉપરની રસીદો જે પેટીમાં પારસલો મૂકવામાં આવતાં તેમાં મૂકાતી હતી. કોઇવાર હું મૂકતો અને કોઇવાર તે પોતે મૂકતો. તે પેટી હું ઉઘાડતો હતો. કોઇ કોઇવાર તેની હજુરમાં ઉઘાડતો હતો. ગામનાં પારસલો શિપાઇઓને આપી આવવા નંબર ૧ લો સ્વાધીન કરતો. હું નહોતો કરતો. દ્વારકાં અને ખંભાલિયાનો એક કોથળો થતો તે હું બંધ કરતો. રાજકોટનો કોથળો હું બંધ કરી સીલ કરતો હતો. બધા કોથળા હું અને કારકુન બંધ કરતા હતા. ઑફિસના કામ બાબત હું નંબર ૧ લાનો વિશ્વાસુ માણસ નહીં હતો. તેના ખાનગી કામમાં હું વિશ્વાસુ માણસ હતો. સાંજે પારસલનો કોથળો નંબર ૧ લો બંધ કરતો હતો, અને કોઇ કોઇ વાર તેના હુકમથી તેની હજુરમાં હું કરતો હતો. નંબર ૧ લાએ રૂપિયા ૨૦૦૦) જોઇએ છે તે બાબત નંબર ૨ જાને મારી મારફત કહેવરાવ્યું નહોતું. પોતાની ખાનગી પેટીમાંથી જે બૉકસ મને નંબર ૧ લાએ આપ્યું હતું, તે બૉકસ જે ઓરડામાં તે સુવે છે ત્યાંથી આપ્યું હતું. તે વખતે તે ઓરડામાં કોઇ બીજો હાજર નહીં હતો. ઑફિસનાં માણસો ઑફિસની અંદર હતા. નંબર ૧ લાના ઓરડામાંથી ઑફિસના ઓટ-

લામાં થઇને નંબર ૨ જાને ત્યાં અમે ગયા હતા. નંબર ૨ જાની હવેલી નંબર ૧ લાના ઘરથી જેટલી આ કોર્ટ કોટડીથી દૂર છે તેટલે દૂર હતી. ઑફિસના ઓટલામાં થઇને નંબર ૨ જાની હવેલીએ જતાં પોસ્ટના દોડનારાઓની કોટડી આગલથી અમે ગયા. ચાર દોડનારાઓ ત્યાં રહે છે. ઑફિસમાંથી નંબર ૨ જાની હવેલિયે જતાં મારો ઓળખીતો મને કોઇ મળ્યો નહીં. બૉકસનો ગડગડાટ મને કાંઇ સંભળાયો નહીં. મેં તેને હલાવ્યું નહોતું. એક ટુવાલમાં લપેટેલું રાખ્યું હતું. જે દહાડે મેં નંબર ૧ લાને બૂમ મારી કહ્યું કે ગામના બૉકસમાંથી કાગળ કાઢવા મને જવું છે. તે વખતે આશરે બપોર પછી ત્રણ વાગા હતા. હું હવેલીએ પાછો ગયો, તે વખતે કેટલા વાગા હતા તે મને યાદ નથી. દીવા થવાનો વખત હતો. છ પછી અને સાતની અગાઉ હતો. નંબર ૧ લાએ, કાગળ કહાડ્યા પછી તરતજ મને આવવા કહ્યું. હું હવેલીએ પાછો આવ્યો અને હું ને નંબર ૧ લો હવેલીએથી નિકળ્યા તે દરમિયાન હવેલીમાંથી આવતાં જતાં મેં કોઇને જોયો નહીં. ફાનસ સળગાવ્યું તે વખતે રાતનાં આશરે આઠ વાગા હતા. નંબર ૪ થાને નંબર ૨ જા પાસે લેઇ આવ્યો તે વખતે આશરે રાતના ૯ વાગા હતા. નંબર ૪ થાએ નંબર ૨ જા સાથે શું વાત કરી તે મેં સાંભળી નહીં. નંબર ૨ જાએ મને કહ્યું કે નંબર ૪ થો તને રૂપિયા ૫૦૦) હમણાં આપશે. અને રૂપિયા ૫૦૦) કાલે સવારે આપશે. નંબર ૪ થાએ મને રૂપિયા ૪૩૦) રોકડા અને રૂપિયા ૭૦) ની નોટ આપી. તે વખતે આશરે રાતના ૯॥ વાગા હતા. નગરમાં મારૂં સાધારણ ઘર છે. તેનું ભાડું આપતો નથી. તે મારા બાપદાદાની મિલકત છે. મારો પગાર દર માસે રૂપિયા ૧૦) નો છે. મારા ઘરને એક માળ છે. નંબર ૧ લાની ટેબલ ઉપર મેં રૂપિયા ૫૦૦) મૂક્યા, તે વખતે આશરે સવારના ૬ (મદ્રાસ ટાઇમ) વાગા હતા. હવેલીમાંથી જે ફાનસ હું લેઇ આવ્યો હતો, તે મેં મારી પાસે રાખ્યું હતું. નંબર ૧ લાની બગલમાં એક પોટલું હતું. ખોજા દરવાજો, હવેલી અને પોસ્ટ ઑફિસની વચ્ચે છે. પોસ્ટ ઑફિસથી ગામમાં જે પારસલો જાયછે તેના ઉપર દરબાર જગાત લે છે. રૂપિયા ૫૦૦) નંબર ૧ લાની ટેબલ ઉપર મેં મૂક્યા. તે વખત કારકુન હાજર હતો. પટાવાલાઓ પણ ત્યાં હશે. બીજા રૂપિયા ૫૦૦) લાવવાને માટે તેજ દહાડે નંબર ૧ લાએ પોસ્ટ ઑફિસમાં મને કહ્યું. બીજા રૂપિયા ૫૦૦) નંબર ૪ થાએ મને આપ્યા. તે વખતે દશ વાગા નહોતા. નંબર ૧ લાને મે આપ્યા તે વખતે દશ વાગા હતા. મેં એ રકમ લેટર બૉક-

સની ઉપર મૂકી. ૮૮૫) રૂપિયા નંબર ૪ થા પાસેથી લેઇને નંબર ૧ લા પાસે આવ્યો. તે વખતે આશરે સાંજના ૬।। થી ૬।।। વાગા હતા. ૧ લી માર્ચને દહાડે નંબર ૧ લાની પાસે હું ત્રણ વખત પૈસા લેઇ આવ્યો હતો. તેમાંના કોઇ વખત પણ રસ્તામાં મારો કોઇ ઓળખીતો મળ્યો નહોતો. નંબર ૪ થાએ રૂપિયા એકઠા કીધા તે વખતે મેં અથવા નંબર ૪ થાએ એ રૂપિયા નંબર ૧ લાને માટે જોઇએ છે એવું કોઇને કહ્યું નહોતું. તા૦ ૨ જી માર્ચને દહાડે હું નંબર ૪ થા પાસેથી ૧૮૫) રૂપિયા લાવ્યો. તે વખત સવારના ૯ થી ૧૦ વાગા હતા. આગલી સાંજે હું ૮૬૫) રૂપિયા લાવ્યો તે મેં તીજોરી ઉપર મૂકયા હતા. તે વખત નંબર ૧ લો ઑફિસમાં નહોતો. ૨ જા નંબરનો પોસ્ટનો શિપાઇ કાનજી તે વેળાએ ત્યાં હતો અને પૈસાનું પોટલું મેલતાં મને જોયો. તેણે મને પુછયું કે પૈસા તું કયાંથી લાવ્યો છે? ત્યારે મેં કહ્યું, નોટ વટાવીને લાવ્યો છું. પછી નંબર ૧ લો ઑફિસમાં આવ્યો. પછી કાનજીએ નંબર ૧ લા પાસેથી ઘેર જવાની રજા લીધી. તે પછી નંબર ૧ લાએ મને પુછયું કે રૂપિયા લાવ્યો છે કે? મેં કહ્યું હા. મેં નંબર ૧ લાને રૂપિયા આપ્યા. તે રૂપિયા તેણે એક કોથળીમાં મેલી તીજોરીમાં મૂકયા. નંબર ૪ થાએ એ રકમો નંબર ૨ જાને ખાતે માંડી, હસ્તે મારૂં નામ કર્યું. તેના ઉપર મારા નામની મેં સહી કરી હતી. બીજું કાંઇ લખ્યું નહોતું. પોસ્ટ ખાતાનો હિસાબ તપાસનાર બાબાજી ૭ મી થી ૮ મી તારીખે નગર આવ્યો હતો. તે બેંગી બાબત પુછપરછ કરવા અને તપાસવા આવ્યો હતો. હું પેહેલાં નંબર ૨ જાને ત્યાં ચાકરી હતો. તેને આશરે પાંચ છ વર્ષ થયાં, મારી અગાઉ મારો બાપ ત્યાં ચાકરી હતો. મારી મા નંબર ૨ જાને ત્યાં ચાકર નથી. તે મોહોટી હવેલીમાં નોકર છે. નંબર ૨ જાના રજીસ્ટર પારસલો હું તેને આપી આવતો હતો. કેમકે નંબર ૨ જાએ તેનાં પારસલો મને આપવાને કહ્યું હતું, કારણ મુસલમાન શિપાઇ તેના કાચના બંગલામાં જઇ શકે નહીં. હું પોસ્ટ ઑફિસમાં ચાકરી હતો. તે વખતે એક વેળાએ નંબર ૨ જાના કામ માટે બહાર ગામ જવા સારૂ નંબર ૧ લાની મેં રજા લીધી હતી. બાબાજીએ મને પુછયું બેંગી વિષે તું શું જાણે છે? ત્યારે મેં કહ્યું કે હું કંઇ જાણતો નથી અને તેના ફરમાવ્યાથી તે મેં લખી આપ્યું હતું. નંબર ૨ જાને માટે હું નંબર ૪ થા શિવાય બીજા કોઇ શરાફને બોલાવા ગયો નહોતો. હું નંબર ૨ જા માટે કાકુભા શરાફને બોલાવા ગયો હતો, પણ તે પૈસાના લેણુ દેણુ બાબત

હતું તે હું સમજતો નહોતો. મહારાજના કામ માટે પોસ્ટ ઑફિસની નજીક મહારાજની વાડી છે ત્યાં હું નંબર ૧ લાને નંબર ૨ જાપાસે તેડી ગયો હતો, તે વખતે કાકુભા હાજર હતો. નંબર ૧ લાને શું કરવા બોલાવ્યો, તે હું જાણુતો નથી. નંબર ૨ જાને તેની પાલક માતા માજીમહારાજ વચ્ચે ગાદી વિષે વાંધો છે તે હું જાણું છું. રૂપિયા ૭૦૦) જે વિષે મેં જુબાની આપી છે. તે એ કજીયા બાબત કોઇ દરબારીને આપવા સારૂ આપ્યા નહોતા. એ હું સોગન ખાઇને કહું છું. પોસ્ટ ઑફિસનો કારકુન પોસ્ટના દોડનારાઓની કોટડી સામે એક નાની ઓરડી હતી તેમાં રહેતો અને સુતો. શિખાજીને ત્યાં રાખ્યો તે વખતે તે કારકુન સાથે રહેતો અને ત્યારે કારકુન ઑફિસના ઓટલા ઉપર સુતો.

મિ૦ તૈયબજીએ નંબર ૨ જાની તરફથી ઉલટ પાલટ તપાસ્યો:—નંબર ૨ જો નગરમાં મોટી પદવી અને આબરૂનો માણસ છે. નંબર ૨ જો અને તેની પાલક માતા માજીમહારાજ એકજ હવેલીમાં જૂદી જૂદી જગાએ રહે છે. હવેલીની મોહોટી ઇમારત છે. મંદિરની આસપાસ ઘણા લોકો રહેછે. દરવાજાની એક બાજુએ કાચનો બંગલો છે. તેમાં નંબર ૨ જો ઘણું કરી બેસે છે. નંબર ૧ લાને બીજા વચ્ચે દોસ્તી હતી. રૂપિયા ૭૦૦) જે વિષે મેં કહ્યું છે તે નંબર ૨ જાએ નંબર ૧ લાને અંગ ઉપર ધીર્યા હતા. તે બાબત લખત થયું હતું. એ બધા રૂપિયા ૭૦૦) પાછા ભરી આપવામાં આવ્યા હતા. આશરે ગયા જાનેવારીની અધવચમાં ભરી આપ્યા હતા. તે ચંદુલાલ ગયા પછી આશરે આઠ દહાડે. નંબર ૨ જાની નંબર ૧ લા સાથે એટલી દોસ્તી હતી કે, નંબર ૧ લાને પૈસા જોઇતા હોય તો મદદ કરે. નંબર ૧ લો પૈસાવાળો નથી. તેની પાસે ઘરેણાં હતાં. રૂપિયા ૨૦૦૦) મહારાજ પાસેથી નંબર ૧ લાની પાસે લઇ આવ્યો, તે વખતે મેં ધાર્યું હતુ કે, કેટલાક પૈસા અંગ ઉધાર અને કેટલાક ઘરેણાની જામીનગિરિ ઉપર લીધા હશે. નંબર ૪ થાના ચોપડામાં જે રસીદો લખી આપી હતી. તે હંમેશના શિરસ્તા પ્રમાણે નહોતી. નંબર ૪ થો બીજી દુકાન ઉપરથી પૈસા લઇ આવ્યો, તેની રસીદ મેં આપી નથી. નંબર ૪ થો બીજી દુકાનેથી રૂપિયા લઇ આવ્યો તે તેને ખાતે રૂપિયા માંડ્યા છે કે નહીં તે હું જાણુતો નથી. નંબર ૨ જાને ત્યાં જે હું બોક્ષ લઇ ગયો તેનું વજન હું જાણુતો નથી. તે તોલમાં નગરના બશેર છે કે નહીં તે હું કહી શકતો નથી. મને પેહેલાં તેના વજન વિષે પુછવામાં આવ્યું હતું અને મેં કહ્યું હતું કે, બશેર હતું. કેટલું વજન હતું તે કહી શકું એમ નહોતુ.

મારો બાપ નંબર ૨ જાના બાપની નોકરીમાં સંવત ૧૯૨૪ થી ૧૯૨૫ સુધી હતો. નંબર ૨ જો અને તેનો બાપ ભેળા હતા, તે પછી તે જુદા પડ્યા અને તે પછી હું નંબર ૨ જાની નોકરીમાં હતો.

નંબર ૩ જાની તરફથી મિ૦ ડિયાસે ઉલટ પાલટ તપાસ્યો:— નંબર ૧ લાએ મને કહ્યું હતું કે રૂપિયા ૨૦૦૦) ઓછીના લીધા છે તે વાત કોઇને કહેવી નહીં. એ વાત હું રૂપિયા લાવ્યો ત્યારે મને કહી. એમ કહેવાનું શું કારણ તે મને તેણે કહ્યું નહીં. પહેલાં નંબર ૪ થા પાસેથી રૂપિયા ૫૦૦) લેઇ આવ્યો તે વખતે આ માણસ હાજર હતો. હું રૂપિયા લાવ્યો એ વાત કોઇને કહેવી નહીં એ મેં એઓમાંથી કોઇને કહ્યું નહોતું. બીજી વાર રૂપિયા ૫૦૦) લેઇ આવ્યો તે વખતે જાદવજી અને દામોદર હાજર હતા. આ વાત છાની રાખવાને તેમાંથી કોઇને મેં કહ્યું નહોતું. ત્રીજી વેળાએ રૂપિયા ૮૧૫) લાવ્યો તે વખત જાદવજી દામોદર અને જાદવજીનો નોકર જેનું નામ હું જાણતો નથી, તે હાજર હતા. એ વાત છાની રાખવા મેં એમાંથી કોઇને કહ્યું નહોતું. ચોથી વખત રૂપિયા ૧૮૫) લાવ્યો તે વેળાએ તેજ માણસો હાજર હતા. રૂપિયા ૮૧૫) ભેળા કરવાને માટે નંબર ૪ થા સાથે હું ગયો, તે વખતે એ રૂપિયા કોને માટે જોઇએ છે તે વાત બાહાર ન કાઢવી, એમ મેં કોઇને કહ્યું નહોતું. એ રૂપિયા નંબર ૧ લા માટે જોઇએ છે તે મેં નંબર ૪ થાને કહ્યું નહોતું. નંબર ૨ જાના હુકમથી નંબર ૪ થાએ મને પૈસા આપ્યા હતા. એ રૂપિયા નંબર ૪ થો કોને માટે સમજ્યો તે હું જાણતો નથી. એ ચારે વખત મને રૂપિયા મળ્યા હતા. તેમાના કોઇ કોઇ વખતે નંબર ૩ જો મારી સાથે હતો. મેં નંબર ૩ જાને કહ્યું હતું કે, એ રૂપિયા આપવાની રસીદ નંબર ૪ થાએ લીધી તે ખોટું કરયું એમ નંબર ૧ લો કહેતો હતો, તે માટે કંઇ બંદોબસ્ત થવો જોઇએ. નંબર ૧ લા એ એટલુંજ કહ્યું હતું. એ શું કરવા ખોટું છે તે નંબર ૧ લાને મેં પુછ્યું નહોતું એમાં શું ખોટું હતું તે હું સમજતો નહોતો. રસીદ માટે હું નંબર ૪ થા પાસે ગયો નહોતો. નંબર ૪ થા પાસે હું નહીં ગયો તેનું કંઇ કારણ નથી. નંબર ૧ લાએ મને હવેલીએ જવાને કહ્યું. નંબર ૩ જા શિવાય રસીદ વિષે બીજા કોઇ પાસે મેં વાત કરી નથી.

નંબર ૪ થા તરફથી મિ. ગૌરિશંકરે ઉલટ પાલટ તપાસ કર્યો:— હું થોડું લખી વાંચી જાણું છું. મેં જે રસીદ લખી આપી તે નંબર ૪ થાએ મને વાંચી સંભળાવી હતી. મેં ત્રણ જૂદી જૂદી રસીદો લખી આપી હતી, એક એક હજારની અને બે પાંચ પાંચ સોની. બધી મળીને ત્રણ રસીદો લ-

ખી હતી. મેં લખ્યું હતું "રાઘુ રામજી દસ્કત પોતે" દરેક રસીદ ઉપર મેં આમ શહી કરી હતી. "રૂપિયા ૫૦૦) મહારાજને ખાતે હસ્તે રાઘુ રામજી" ત્રણ રસીદ નંબર ૪ થાએ મને આ પ્રમાણે વાંચી સંભળાવી. બધી ત્રણ રસીદો મારી હજુરમાં લખી હતી. એક નંબર ૪ થાએ લખી હતી અને બે દામોદરે લખી હતી. નંબર ૩ જાએ કહ્યું કે, નંબર ૧ લાએ મને કહ્યું છે કે મારાં ઘરેણાં નંબર ૪ થાને ત્યાં માર્ગેજ રાખશો નહીં, પણ બીજાં ઘરેણાં રાખજો. નંબર ૩ જાએ કહ્યું કે રૂપિયા પુરા કરતાં એક ઘરેણું ઘટે છે તેથી હું મારૂં તનમનિયું લેઇ આવું છું. ચંદુલાલ આગળ મેં વાત કરી ત્યાં સુધી આ પૈસાની લેણ દેણ છાની રાખવા મેં કોઇને કહ્યું નહોતું. હું નંબર ૪ થા સાથે શાહુકારી રીતે પૈસા એકઠા કરવા જૂદી જૂદી દુકાને ગયો હતો. નંબર ૫ માએ ઉલટ પાલટ તપાસ્યો નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—જે દહાડે મને મારી કરવામાં આવી, તેજ દહાડે મારીની સર્ટિફિકેટ મને મળી. સર્ટિફિકેટમાં જે તારીખ લખેલી છે તે દહાડે મને માફ કરવામાં આવ્યો હતો. શિખાઉ માણસ ફેબરવારી અગાઉ નગરની ઑફિસમાં નહીં હતો. તે આશરે એક મહીનો પડદલી ગયો હતો. ફેબરવારીથી અગાઉ તે ગયો હતો. હું પૈસાની જૂદી જૂદી રકમો લાવ્યો તે વખતે તે પડદલી ગયો હતો. પહેલા રૂપિયા ૫૦૦) મેં નંબર ૧ લાની ટેબલ ઉપર એવી રીતે મૂકયા કે, કારકુન તે જોઇ શકે નહીં. જે પેટીમાં પારસલો મૂકવામાં આવે છે તેની કુંચી નં- ૧ લા પાસે રહે છે, નંબર ૧ લાની ગેરહાજરીમાં એ પેટી કોઇથી ઉઘાડી શકાય નહીં. પારસલના કોથળાને મેં અને કારકુને સીલ કર્યા. તે વખતે નંબર ૧ લો અમારી પાસે ઉભા હતો. નંબર ૨ જાની અરજથી. નંબર ૨ જાના કામને માટે રાજકોટ જવા નંબર ૧ લાએ મને મોકલ્યો હતો. હું નંબર ૨ જા સાથે રાજકોટ ગયો હતો. ગયા જાનેવારી મહીનાથી ગામની એંગીઓ નગરમાં સવારના અપાય છે, પોટલા જેવું કંઇ દરવાજામાંથી લેઇ જતી વખતે દરવાનને તેમાં કંઇ શક આવે તો અટકાવે. મને અટકાવવામાં આવ્યો નહોતો. મારા ઘરની આસપાસ બીજાં મજબુત ઘરો છે. તા૦ ૨૮ મી ફેબરવારી અને ૩ જી માર્ચની વચ્ચે હું નંબર ૨ જાને ત્યાં જતો. તે દરેક વખતે નંબર ૩ જો ત્યાં હાજર હતો. નંબર ૩ જાને મેં પેહેલી વેળા જોયો હતો. મેડી ઉપર જ્યાં નંબર ૨ જો બેસે છે ત્યાં હતો. તેને ઉપર જતાં મેં જોયો. લેટર બૉકસમાંથી કાગળ કહાડ્યા પછી દીવા થયા વખતે હું હવેલીએ પાછો આવ્યો, તે વખતે મેં

તેનો સાદ સાંભળ્યો. તે વખતે તે, ઉપરથી નંબર ૨ જા પાસેથી આવતાં મને મળ્યો. નંબર ૪ થાને નંબર ૨ જા પાસે જ્યારે હું લઇ આવ્યો તે વખતે હવેલીમાં મેં એને બીજી વખતે જોયો. જે ઠેકાણે નંબર ૧ લો, ૨ જો અને ૩ જો બેઠા હતા. તે ઠેકાણે કોઇ જવા માગે તો તેને ત્યાં જવા દેવામાં આવતો નહોતો. રૂપિયાની લેણુ દેણુની વાત મને અને નંબર ૨ જા ૩ જા અને ૪ થાનેજ માલમ હતી. નંબર ૪ થા સાથે હું જુદી જુદી દુકાને ગયો હતો, તે વખતે તે રૂપિયા મારે માટે છે એમ હું જાણુતો નહોતો.

કોર્ટના પુછવાથી:—ઉપર માત્ર એકજ કાચનો ઓરડો છે અને તે ઉપરાંત બીજા બે ઓરડા છે. નંબર ૩ જો કયા ઓરડામાં ગયો તે હું જાણુતો નથી. તેને ઉપર જતા મેં જોયો, રૂપિ[illegible] ૭૦૦) ની અસલ રકમ બાબતમાં નંબર ૧ લાએ નંબર ૨ જાને લખત કરી આપ્યું હતું, તે ભાણા પરવાર નામના નાગર બ્રાહ્મણે મારી હજુરમાં લખ્યું હતું. જ્યારે રૂપિયા ૭૦૦) પાછા ભર્યા ત્યારે નંબર ૧ લાએ નંબર ૨ જા પાસેથી લખત પાછું લેઇ આવવા કહ્યું હતું. નંબર ૨ જાએ કહ્યું કે તે નંબર ૩ જાને આપેલું છે ને તે નંબર ૧ લાને પાછું આપશે. નંબર ૧ લાને પાછું આપવામાં આવ્યું કે નહીં તે હું જાણતો નથી. નંબર ૩ જાએ એ લખત પાછું આપ્યું કે નહીં, એ બાબત નંબર ૧ લાએ મને પાછળથી કહ્યું નહોતું. નંબર ૨ જો જ્યાં બેસે છે તે કાચના બંગલામાં દરશન થાય છે. જો અટકાવવામાં ન આવે તો લોકો ત્યાં દરશન કરવા જાય છે. નંબર ૨ જાને જુનું દેવું છે. તેને દરરોજ ભેટ મળે છે. નંબર ૧ લાનાં ઘરેણાં મેં જોયાં હતાં. મેં નિચે લખેલી જણસો જોઇ હતી. સોનાની બંગડીની જોડી ૩, જડાવનો કંઠો ૧, નાના દાણાની સોનાની કંઠી ૧, છોકરાઓના વાળાની જોડી ૧, મનગોટાની જોડી ૧, સોનાની એરીંગ, મોતીની એરીંગ ૧, પાંચ છ સોનાનાં બુતાનો એટલું હું જાણું છું.

તા૦ ૯ મી જુન સન ૧૮૮૧.

ચીનિયા શામજી:—દરજીનો છોકરો ઉમ્મર વર્ષ ૧૨ ની સરકારી વકીલના તપાસવાથી નિચે પ્રમાણે જુબાની આપી:—ઘણા દહાડા થયાં સાંજે નંબર ૩ જો તહોમતદાર (તેને દેખાડીને) મને બોલાવવા આવ્યો હતો. કેટલા દહાડા થયા તેની યાદ નથી. તે મને હવેલીની અગાસીમાં લેઇ ગયો, ત્યાં નંબર ૨ જો બેઠો હતો. ત્યાં એક બીજો માણસ હતો તેને હું ઓલખતો નથી. તેણે માથે ઓઢેલું હતું. તેનો ચેહેરો અને હાથજ હું જોઇ શકતો હતો. માથે કપડું ઓઢેલું હતું, તે લાલ હતું કે સફેત તે

હું જોઇ શકતો નહોતો. નંબર ૩ જાએ મને જે વસ્તુ દેખાડી તે મેં સીવી. તેણે મને એક બેંગી દેખાડી. હમણાં જે બેંગી મને દેખાડી તેના જેવી તે બેંગી હતી. આ ઠેકાણાની વચ્ચે (દેખાડીને) અરધી ગોળથી વધારે જગ્યામાં શિવી હતી. શિવ્યા પછી હું જતો રહ્યો. નંબર ૩ જાએ મને શિવવા કહ્યું. તે વખતે નંબર ૨ જો આશરે બે હાથ છેટે બેઠો હતો. માથે ઓઢેલો માણુસ તેટલેજ છેટે એક ખુણામાં બેઠો હતો. માથે ઓઢેલા માણુસ સાથે મારે કંઇ વાતચિત થઇ નહોતી. તેને મેં કંઇ કહ્યું નહોતું. કપડું શીવ, એટલું તેણે મને કહ્યું હતું. તેથી વધારે મને કંઇ કહ્યું નહોતું. જયશંકર કોટવાલને મેં શું કહ્યું તે મને યાદ નથી. ઉપરનો દરવાજો ઉઘાડો હતો કે બંધ તે મને યાદ નથી. હું દરવાજામાં થઇને ગયો કે નહીં તેની મને યાદ નથી. આગલો દરવાજો બંધ હતો. અને ઉઘાડયો ત્યારે હું અંદર ગયો. પાછો તેને બંધ કર્યો કે નંહિ તેની મને યાદ નથી.

નંબર ૧ લા તરફથી મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ કરી :—
હવેલીએ હું ગયો ત્યારે કેટલા વાગા હતા તેની મને ખબર નથી. બતીનો વખત હતો. હું ત્યાં થોડો વખત હતો. નંબર ૩ જો બારણાં સુધી મારી સાથે આવ્યો અને ત્યાં મૂકી ગયો. તે દરવાજાની અંદર હું દાખલ થયો. તે દાદરને માથે હતો. હું ઉપર ગયોને નિચે આવ્યો, તે વખત નિચે કોઇ બેઠેલું મેં જોયું નહીં.

નંબર ૨ જા તરફથી મિ૦ તૈયબજીએ ઉલટ પાલટ તપાસ કરીઃ—
મકનભાઇ જ્યાં ઉતરેલા છે ત્યાં રાધુ રહે છે ત્યાં હું રહેતો નથી. હું રાધુને ઓળખતો નથી. મકનભાઇ મને અહીં લઇ આવ્યો છે. મારી સાથે નંબર ૪ થો અને એક શિપાઇ હતો. મકનભાઇના શિપાઇ સાથે કોર્ટમાં હું આજે આવ્યો છું, હું એકલો આવ્યો હત તો રસ્તો ભુલી જાત. નગરના કોટવાળ આગળ મેં સાક્ષી આપી હતી. શું સાક્ષી આપી હતી તે મને યાદ નથી. કોટવાલની કોર્ટમાં એક પટાવાલો મને લેઇ ગયો હતો. મારી સાથે બીજો કોઇ આવ્યો હતો તે હું જાણતો નથી. મારી સાક્ષી આપ્યા અગાઊ આ કેસ બાબત મને કોઇ સાથે વાતચિત થઇ નથી. મકનભાઇ આગળ સાક્ષી આપ્યા અગાઊ જગન્નાથ આગળ મેં સાક્ષી આપી હતી. જગન્નાથ આગળ એક પટાવાલો મને લેઇ ગયો હતો. તે પહેલાં મને જગન્નાથ આગળ લઇ ગયો. હું તે વખતે માધા દરજીના ઘરમાં બેઠો હતો. પટાવાલાએ મને કહ્યું ચાલ, કોર્ટમાં તારી જરૂર છે. મેં પટાવાલાને પુછ્યું

મારી શી જરૂર છે ! તેણે કહ્યું કે જાણુતો નથી. મને શું કરવા બોલાવ્યો, તે હું જાણુતો નહોતો, તેમ કંઇ અટકળ પણ કરી શકયો નહીં. બેંગી બાબતમાં મારો ખપ પડયો છે. એમ હું જાણુતો નહોતો. મારી સાક્ષી પછી બેંગીમાં દગો થવાની મને ખબર પડી. બેંગી શીવ્યા પછી પંદર વીશ દહાડે જગન્નાથ પાસે મને લેઇ ગયા હતા. બેંગીમાં કંઇ ઘાલમેલ થઇ છે. એ બાબત, એટલા વખતમાં મેં કંઇ સાંભળ્યું નહોતું. હું ચંદુલાલને ઓળખતો નથી. નગરમાં તેને મેં જોયો નહોતો. તે તપાસ કરવા આવ્યો છે. તે હું જાણુતો નહોતો. હાલ પણ જાણુતો નથી. માધાનું ઘર જગન્નાથના ઘરથી થોડે દૂર છે. કેટલું દૂર છે તે હું જાણુતો નથી. માધાના ઘરથી જગન્નાથની કોર્ટમાં જતાં રસ્તામાં પટાવાલા સાથે મારે વાતચિત થઇ નહોતી. મને જગન્નાથે સવાલ પુછ્યા, ત્યાં સુધી મને શું પુછવામાં આવશે, તે હું જાણુતો નહોતો. કેટલાંક માણુસો ત્યાં બેઠાં હતાં. કેટલાં તે હું જાણુતો નથી. મેં ગણ્યા નહોતા. તેથી ચાર પાંચ કે દશ તે હું કહી શકતો નથી. હું તેમાના કોઇને ઓળખતો નહોતો. જગન્નાથને ઓળખતો નહોતો. મેહેતાને કહેવામાં આવ્યું અને તેણે મને સવાલ પુછ્યા કે, નંબર ૨ જાની હવેલીની સામે તું રહે છે ? તે પછી આ બેંગી મને દેખાડવામાં આવી. મને પુછવામાં આવ્યું કે, આ બેંગી તેં શીવીછે અને મહારાજ ત્યાં હાજર હતા ? મેં કહ્યું કે તે ત્યાં બેઠો હતો. નંબર ૨ જા વિષે મેહતાએ તથા જગન્નાથે મને પુછયું હતું. જગન્નાથની કોર્ટમાં કેટલાં માણસ બેઠાં હતાં તે મને યાદ નથી, કેમકે મને બીક લાગી હતી. મને સવાલ પુછવામાં આવ્યા, તેથી હું બીનો હતો. મને કંઇ બિવરાવ્યો નહોતો. જગન્નાથે મને કંઇ સવાલ પુછ્યા કે નહીં તેની મને ખાત્રી નથી. જગન્નાથ આગળ મને બપોરની અગાઊ લેઇ ગયા હતા. માધો મારી સાથે આવ્યો નહોતો. મહારાજ બાબત મેહતાએ મને પુછયું. મારી સાક્ષી લીધી તે અગાઊ બેંગી વિષે મને કંઇ કહેવામાં આવ્યું નહોતું. જગન્નાથને ત્યાં હું થોડીવાર રહ્યો હતો, કેટલીવાર તે હું કહી શકતો નથી. મારી સાક્ષી આપ્યા પછી મને જવા કહ્યું અને હું ગયો. મારી સાથે કોઇ આવ્યું નહીં. તે પછી મગનલાલ કોટવાલની આગળ મેં સાક્ષી આપી. જગન્નાથ આગળ સાક્ષી આપ્યા પછી ત્રણ ચાર દહાડા પછી એ સાક્ષી આપી. મગનલાલ આગળ બોલાવી લેઇ જવા એક પટાવાળો આવ્યો જે પટાવાળો મને જગન્નાથ આગળ લેઇ જવા આવ્યો હતો, તેજ પટાવાળો એ હતો કે નહીં તે હું જાણુતો નથી. જગન્નાથ અને મગનલાલ

આગળ મેં સાક્ષી આપી, તે વખતની વચ્ચે મારી સાક્ષી બાબત કોઇ સાથે મારે વાતચિત થઇ નથી. મેં સાક્ષી આપી તે બાબત મારી મા અથવા માધા આગળ વાત કરી નથી. તેઓમાંથી કોઇએ એ બાબત મને પુછયું નહોતું હું લાડકી ઓરતને ઓળખું છું. તે મારી પડોશણ છે અને એક સુતારની બાયડી થાય છે. તે માજી મહારાજની ચાકરીમાં છે કે નહીં તે હું જાણતો નથી. માજી મહારાજને ત્યાં હું તેના દરજી સાથે શીવવા જતો તેનું નામ કાનજી છે. તે મને બોલાવવા આવે તો હું જાઉં. હું કેટલી વખત ત્યાં ગયો તે હું કહી શકતો નથી. દશ કે વીશ વાર તે હું કહી શકતો નથી. માજીમહારાજને હું ઓળખતો નથી. હું કાનજી સાથે હવેલીએ ગયો હતો, તે વખતે લાડકીને મેં ત્યાં જોઇ નહોતી. માજીમહારાજની ચાકરીમાં મારીમા હાલ નથી. તેણીએ ચાર, પાચ, છ અથવા સાત મહીના થયાં ચાકરી છોડી દીધી છે. તે છાંણ ઉપાડતી. મેં મારી માને કહ્યું કે, મને એક બેંગી શીવવા આપી હતી, તેથી વધારે કંઇ કહ્યું નથી. મેં કહ્યું કે તે શીવવા હું હવેલીએ ગયો હતો. બેંગી શીવીને ઘેર આવ્યા પછી તરત તેને મેં કહ્યું હતું. જગન્નાથ પાસે સાક્ષી આપ્યા પછી હું ઘેર આવ્યો, તે વખતે મારી મા ઘેરમાં હતી, એમ હું ધારૂં છું. મેં તેણીને કહ્યું કે હું જગન્નાથની કોર્ટમાં ગયો હતો. હું ત્યાં શું કરવા ગયો હતો અથવા મને શું પુછવામાં આવ્યું, તે તેણે મને પુછયું નહોતું. અને મેં તેને કંઇ કહ્યું નહીં. એથી આગાઊ હું કોઇ વેળા કોર્ટમાં ગયો નથી. મેં મારી માને કંઇ કહ્યું નહીં. અથવા તેણીએ મને કંઇ પુછયું નહીં તેનાં કંઇ કારણો નથી. હું પટાવાળા સાથે જગન્નાથને ત્યાં ગયો તે વખતે મારી મા કયાં હતી તે હું જાણતો નહોતો. મારી મા હાલ વહુજીને ત્યાં રહેલી છે. ચાંપિયા નામનો માણસ હવેલીની પાછળ રહે છે, તેનું કામ તે કરે છે. ચાંપિયો માજીમહારાજનું કામ કરે છે કે નહીં, તે હું જાણતો નથી. માજી મહારાજના કારભારીને હું ઓળખતો નથી. સાક્ષી આપવાને જયશંકર પાસે મને તેડી ગયા, તેની અગાઊ ચોકસ રીતે સાક્ષી આપવી એવું મને કોઇએ શિખવ્યું નહોતું. એ વિષે મને કોઇએ પુછયું નહોતું, જયશંકરની કોર્ટમાં મારી મા મારી સાથે આવી નહોતી. તેણીને ત્યાં મેં જોઇ નહોતી. હું એકલો ગયો હતો. જયશંકરની કોર્ટમાંથી પાછો વળ્યો ત્યારે મારી સાથે નહોતી. બેંગી શિવવાને હું હવેલીએ ગયો હતો તે વખતે નંબર ૨ જાએ મારી સાથે કંઇ વાત કરી નહોતી. તેણે કેવાં કપડાં પેહેર્યાં હતાં તેની મને યાદ નથી. તે જમીન ઉપર બેઠો હતો. જમીન ઉપર કંઇ પાથરયું તે હું

જાણતો નથી. નંબર ૨ જા સાથે મેં કંઇ વાત કરી નહોતી. નંબર ૩ જાને માથે પાઘડી પેહેરેલી હતી. નંબર ૨ જાને માથે કંઇ પહેર્યું હતું કે નહીં તે હું જાણતો નથી. નંબર ૩ જાને દીલે કંઇ પેહેર્યું હતું કે નહીં તે મેં જોયું નહોતું હું ધારૂં છું કે તે જમીન ઉપર બેઠેલો હતો અને ત્રીજું માણુસ પણ જમીન ઉપર બેઠું હતું. નંબર ૩ જો અને બીજો માણસ જ્યાં બેઠા હતા ત્યાં કંઇ પાથરયું હતું તે મેં જોયું નહોતું, હું બેઠો હતો ત્યાં કંઇ પાથરયું હતું તેની મને યાદ નથી. નંબર ૨ જાને માજીમહારાજ વચ્ચે વાંધો છે તેની મને ખબર નથી.

નંબર ૩ જાની વતિ મિ૦ ડિયાસે ઉલટ પાલટ તપાસ્યો:—નંબર ૩ જો મને હવેલીએ બોલાવા આવ્યો, તે વખતે એ વાત મારે કોઇને કહેવી નહીં, એમ મને કહ્યું નહોતું, હવેલીની નજીકનાં ઘરો હવેલી જેટલાં અને તેથી વધારે ઉચાં છે કે નહીં, તે હું જાણતો નથી.

બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—હું નિચું માથું કરીને શિવ્યા કરતો હતો, તેથી નંબર ૨ જાએ બેંગી શીવતા મને જોયો કે નહીં, તે હું જાણતો નથી.

કોર્ટના પુછવાથી:—મને બેંગી શિવવા કહ્યું તે વખતે માથે ઓઢેલા માણસે કહ્યું કે, જે હારમાં સીલ છે તે હારમાં બરાબર શીવજે. માથે ઓઢેલા માણસને ગાલે થોભિયા અને મુંછો હતી. દાઢી હતી કે નહીં તે મેં જોઇ નહીં, કેમકે તેનો ચેહેરો ઢાંકેલો હતો. મેં બીજી બેંગિઓ શીવી છે તેથી જે પાકીટ મને શીવવા આપ્યું હતું, તે બેંગી હતી એમ મેં જાણ્યું. હું બેંગી શિવવા ગયો તે વખતે મારી મા માજીમહારાજને ત્યાં નોકર નહોતી.

જામના બૉડીગાર્ડના ઉપરી મિ૦ પી. એમ. બ્રેગંજાને સરકારી વકીલે તપાસ્યો, તેણે નિચે પ્રમાણે જુબાની આપી:—હું નંબર ૧ લાને ઓળખું છું. તે મારો દોસ્તદાર હતો. ગયા માર્ચ મહિનાની ૨ જી તારીખે કેટલાંક ઘરેણાં તેણે મારી પાસે રાખ્યાં હતાં. તેજ મહીનાની ૧૩. મી તારીખે રિપોર્ટની સાથે એ દાગીના મેં દિવાન સાહેબને સોપ્યા. તે દાગીનાને હું ઓળખી શકું છું તેણે મારી પાસે નિચે લખેલા દાગીના મૂકયા હતા. મોતીનો છડો ૧, સાંકળાંની જોડ ૨, બંગડીની જોડ ૨, કરડા ૩, અને ૧ વીંટી. એ શિવાય બીજું કાંઇ નહીં. આ મેં દિવાન સાહેબને આપ્યાં, તેનું કારણ એ કે નંબર ૧ લાએ મને આપ્યાં, તે પછી એ બા-

બત માસ સાંભળવામાં આવ્યું તે ઉપરથી મારા મનમાં શક ગયો.

નંબર ૧ લાની તરફથી મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ કરી;—હું નંબર ૧ લાનો ઇષ્ટ મિત્ર હતો અને એક બીજાને ઘેર વારે ઘડીએ જતા હતા. અમો મિત્ર હતા એમ લોકો જાણતા હતા. હું જામની નોકરીમાં આઠ વર્ષ થયાં છું. હું હંમેશા જામના બૉડીગાર્ડનું ઉપરીપણું કરૂં છું હું બૉડીગાર્ડનો કમાન્ડર-ઇનચીફ થયો, તે વખતે મારી ઉમ્મર ૧૯ વર્ષની હતી. નંબર ૧ લો નગરના પારસીઓ સાથે અને મારી સાથે બેસતો ઉઠતો. રાઘુ ખવાસ, જે જામનો હજુરી ખવાસ છે, તેનો એ મોટો મિત્ર થનો હતો. તેને દરબારના બીજા ખવાસો સાથે દોસ્તી હતી, તેનાં નામ હું જાણતો નથી. નંબર ૧ લાને મલવાને માટે ઘણામાં ઘણું મહીનામાં બેવાર પોસ્ટ ઑફિસમાં જતો. કોઇવાર બપોરે જતો, કોઇવાર ચાર વાગા પછી સાંઝના જતો. હું રાઘુ પટાવાળાને ઓળખું છું. વગર કામે તે મારી પાસે આવતો નહોતો. તે મારી પાસે નંબર ૧ લાની સાથે તેના હજુરી ચાકર દાખલ આવતો હતો. નંબર ૧ લો મને મળવા આવતો તે વખતે કોઇવાર રાઘુ અને કોઇવાર બીજો શિપાઇ આવતો. રાઘુ નંબર ૧ લાનો માનીતો નોકર હોય. હું નંબર ૧ લાને મળવા જતો, તે વખતે નંબર ૧ લાને ઑફિસનું કામ કરતાં મેં જોયો હતો, નિચેની કોર્ટમાં જે મેં જુબાની આપી છે તેમાંથી ફેરફાર કરવા જેવું અને ખેંચી લેવા જેવું કંઇ નથી. માર્ચ મહીનાની ૨ જી તારીખે નંબર ૧ લાએ મારી આગળ ઘરેણાં મૂકયાં હતાં, તે વખતે સવારના આસરે નવ અથવા દશ વાગા હતા, તે વિષે મને કંઇ શક નથી. તે એકલો આવ્યો હતો. તે આવ્યો તે વખતે મારા ઘરની પાછળ દેવળ છે તેમાં હું હતો. દેવળમાંથી હું પાછો આવ્યો, તે વખતે તેને મારા ઘરના ઓટલા માથે બેઠેલો જોયો. મને બોલાવવા કોઇ આવ્યો નહોતો. મારો એક નોકર છે, તે રસોડામાં હશે. મારા બે શિપાઇયો છે, પણ તેઓ તે વખતે ત્યાં નહોતા. તે વખતે બેઉ ગેરહાજર હતા, તેનું શું કારણ તે હું કહી શકતો નથી. મારે માટે નંબર ૧ લો કેટલીવાર ખોટી થયો, તે તેણે મને કહ્યું કે નહીં તે હું જાણતો નથી. તે દહાડે અમને વાત કરતાં કોઇએ જોયા નહોતા. મારૂં કુટુંબ નગરમાં નથી. મારો ભાઇ મારા ઘરમાં પોતાના ઓરડામાં હતો. અમે એકજ ઘરમાં સાથે રહીએ છીએ. અમે બેએ ભાઇ દેવળમાંથી આવતા હતા અને નંબર ૧ લાને જોયો હતો. પછી મારો ભાઇ પોતાના ઓરડામાં ગયો. નંબર ૧ લાએ તેને જતો રહેવા કહ્યું નહોતું. મારા ઓરડામાં

અમે બે સાથે ગયા. મારો બંગલો ગામની બાહાર અને ચોતરફથી ઢંકાએલો છે. મારા ઘરથી પોસ્ટ ઑફિસ સુધી સહેલી રીતે ચાલ્યા જઇએ તો ૨૦ મિનિટ લાગે. નંબર ૧ લાએ અંદરના બદિયાનના ખિસ્સામાંથી ઘરેણાં કાઢયાં, તે એક સફેત રૂમાલમાં વીટેલાં હતાં. તેનું એક નાહાનું પોટલું થયું હતું. તે, એ વખત બૉકસમાં નહોતાં. તેણે મને કહ્યું કે રાઘુ ખવાસ સાથે મારે મિત્રાઇ છે, તેને લીધે આ ઘરેણાં મને મળ્યાં છે. તે વખતે હું એમ સમજ્યો કે, જામસાહેબની રાણિયો અથવા તાઇફાઓ તરફથી ઇનામમાં મળ્યાં હશે. એ ઠેકાણેથી નંબર ૧ લાને ઇનામ મલેછે કે નહીં તેની મને ખબર નથી. મેં એમ સાંભળ્યું હતું. નંબર ૧ લાએ એકવાર મને કહ્યું હતું કે, નારાયણરાવ કરકરે મને લાંચ આપવા માગી હતી, તે મેં ના પાડી. નંબર ૧ લાએ આ ઘરેણાં મારી આગળ રાખવા કહ્યાં તેનું કારણ એમ કહ્યું કે, ખંભાલિયાની લાઇન ઉપર એક પારસલમાં ઘાલમેલ થઇ છે, તે બાબત ખંભાલિયાનો પોસ્ટ માસ્તર જવાબદાર ઠરશે અને તે ગુનેહગાર માલમ પડશે, કેમકે તેણે એ પારસલ એક આખી રાત પોતાની પાસે રાખ્યું હતું. તેણે એ બાબત પોતાના વડાને રિપોર્ટ કરેલો છે. એ થોડા દહાડામાં પુછ પરછ કરવા આવશે. એ તપાસ ખંભાલિયે થશે. નગરની પોસ્ટ ઑફિસમાં પણ વખતે તપાસ થાય. અને મારા (એટલે નંબર ૧ લાના) ઘરનો ઝાડો લેવામાં આવે તો, મારો વડો અધિકારી મને પુછે કે, આટલા થોડા પગારમાં આટલા મોહોટા કુટુંબનો નિર્વાહ કરવા છતાં આવાં કિમ્મતી ઘરેણાં કયાંથી કહાડયાં? પછી તેણે થોડો વાર સુધી એ ઘરેણાં મારી પાસે રાખવા અને તપાસ પુરી થએથી પાછાં આપવા કહ્યાં, તે ઉપરથી ઘરેણાં મેં રાખ્યાં. નંબર ૧ લાનો બાપ સારી સ્થિતિનું માણુસ છે, તે તે વખતે હું જાણતો નહોતો. તેના બાપવિષે મને કંઇ ખબર નહોતી. જે ઘરેણાં તે મારી આગળ મૂકી ગયો હતો, તેના કરતાં વધારે કિમ્મતી ઘરેણાં નંબર ૧ લાની પોતાની પાસે છે, તેની મને ખબર નહોતી. એ જાણવાનું મારૂં કામ નહોતું. પછી તે ગયો. મારી સાથે એક કલાકવાર રહ્યો. નગરની પોસ્ટ ઑફિસ ઉપર એ બેંગીની બાબતમાં શક ગયો છે, એ મેં પેહેલ વેહેલાં તા૦ ૧૫ મી માર્ચે સાંભળ્યું, એ હું સોગન ખાઇને કહું છું. નંબર ૧ લો મારી આગળ ઘરેણાં મૂકી ગયો તે, અને તા૦ ૧૫ મી માર્ચની વચ્ચેના વખતમાં નગરની પોસ્ટ ઑફિસમાં હું

એક વખત ગયો હતો, તેની મને ખાત્રી છે. ઘરેણાં મૂકી ગયા પછી એક અઠવાડિયામાં અથવા તેથી વધારે વખત ગયો હતો તેની મને યાદ નથી. મિત્રાઇ દાખલ મુલાકાત લેવા હું ગયો હતો. પોસ્ટ ઑાફિસમાં ગયો તે વખતે મારો ભાઇ મારી સાથે હતો. અમે બેઉ ગામમાં થઇને ગયા હતા. નંબર ૧ લો પોતાનું કામ કરતો હતો. નંબર ૧ લાનો કારકુન ત્યાં હતો. હું હતો એટલામાં નંબર ૧ લાએ કહ્યું હું બાહાર જાઉં છું, એમ કહી પોસ્ટ ઑાફિસમાંથી ગયો. મેં તેને બાહાર જતાં જોયો અને તે પાછો આવ્યો ત્યાં સુધી હું ખોટી રહ્યો. કંઇ કામ સારૂ તે બાહાર ગયો, એમ હું સમજ્યો. બાબાજીને જેવા જાઉં છું. એમ તેણે મને કહ્યું નહીં. ઘણોવાર સુધી તે બાહાર રહ્યો નહોતો. બહાર ગયો તે વખતે તેના હાથમાં એક કાગળ હતું. નંબર ૧ લાના કારકુન જમનાંદાસે તે કયાં જાય છે તે વિષે મને કંઇ કહ્યું નહીં. જમનાંદાસ સાથે બેંગી વિષે મારે વાત થઇ. મેં તેને કહ્યું અંહિયાં એટલે કાઠિયાવાડની આં બાજુએ આ મોટી શરમ ભરેલી વાત થઇ છે, જમનાંદાસે કહ્યું હા. એથી વધુ કાંઇ કહ્યું નહીં. એ કોણે કર્યું એમ મેં પુછયું હશે. તેણે કહ્યું હું જાણતો નથી, નંબર ૧ લો પાછો આવ્યો, તે વખતે બેંગી વિષે મારે વાત થઇ એમ હું ધારૂં છું, વાતચિતની એ સાધારણ બાબત થઇ પડી હતી. તેણે મને કહ્યું, ખંભાલિયાના પોસ્ટ માસ્તરને ઠપકો મલશે. પોસ્ટ ઑાફિસમાં મને કંઇ નવી વાત કહી નહીં. તેણે મને કહ્યું કે ચંદુલાલ નગર આવે છે. તે શું કરવા આવે છે, તે તેણે કહ્યું કે નહીં તે મને યાદ નથી. હું ત્યાં લાંબો વખત રહ્યો નહોતો. તા૦ ૧૪ મી માર્ચની સાંઝના હું ત્યાં હતો, તેની મને યાદ નથી. આખી સાંઝ કદાપિ ઘરમાં હઇશ. કામ હોય છે, ત્યારે દરબારમાં જાઉં છું. અઠવાડિયામાં બે ત્રણ વાર જાઉં છું, અથવા તદન નથી જતો. જામને બંગલે અથવા ખાનગી રહેઠાણમાં હું કદાચજ જાઉં છું. મહીનામાં એક બે વાર, તેથી વધારે નહીં. હું જામને મળવા જાઉં છું તે વખત રાધુ ખવાસને મળું છું. તા૦ ૨ જી અને ૧૫ મી માર્ચની વચમાં નંબર ૧ લો મારી પાસે ઘરેણાં મૂકી ગયો હતો, તે વિષે મારા ભાઇ શિવાય કોઇ આગળ મેં વાત કરી નથી. નંબર ૧ લાની ઉપર વેહેમ આવ્યો અને તેને પકડવામાં આવ્યો છે, તે વાત પેહેલ વેહલાં પોલીશ જમાદારે મને કહી. તે દહાડે તા૦ ૧૫ મી માર્ચ હતી, સવારના ૭ થી ૮ વાગેલા હતા. તેણે કહ્યું, તેને આગલી રાતે પકડવામાં

આવ્યો હતો. એક પલવાર તો મેં વાત માની નહીં. પછી તરતજ મેં માન્યું. બારથી એક વાગાની વચમાં હું દિવાન પાસે ઘરેણાં લેઇ ગયો. હું મારી રિજમીંટ લેઇને જામને બંગલે જવાની તૈયારી કરતો હતો, તે વખતે ગંગારામે મારા ઘરમાં એ વાત કહી. હું બંગલેથી પાછો આવ્યો કે તરતજ દિવાન સાહેબ ઉપર મારો રિપોર્ટ એકદમ મોકલ્યો. તેની પાછળ મારી ગાડીમાં બેસી ઘરેણાં લેઇ હું ગયો. દશ વાગે બંગલે આવી પુગવાનો મને હુકમ થયો હતો. પેહેલું બ્યુગલ ૯ વાગે વગાડયું અને અમેં સાડાનવ વાગે બંગલે પહોચ્યા. મેં રિપોર્ટ તરત કર્યો નહીં, કેમકે જો કર્યો હોત તો મને ધાસ્તી લાગી કે, દિવાન મને તરત બોલાવશે અને હું જામને બંગલે હઇશ, તેથી જઇ શકીશ નહીં. બગલા આગળ મેં ફરામજીને પુછ્યું કે, બેંગીના સંબંધમાં નંબર ૧ લા ઉપર શક આવ્યો છે, એ વાત ખરી છે કે ખોટી. દિવાનને એ બાબત તરત મેં રિપોર્ટ ન કર્યો તે બાબતનું કારણ મને નિચલી કોર્ટમાં પુછવામાં આવ્યું નહોતું. દરબાર સાથે કાગળ પત્રનો વ્યવહાર ગુજરાતીમાં રાખું છું. મારી પાસે એક મેહેતો છે, તે મારી તરફથી લખવાનું કામકાજ કરે છે, (નિચેની કોર્ટમાં સાક્ષીની જુબાની લેવામાં આવી હતી; તેનો છેવટનો ભાગ રજુ કર્યો અને તેના ઉપર ૧ ની નિશાની કરી.)

બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—નંબર ૧ લો મારી પાસે આવતો તે વખતે કોઇવાર પટાવાળાને સાથે લાવતો, અને કોઇવાર એકલો આવતો.

કોર્ટના પુછવાથી:—નંબર ૧ લો મારા ઘરમાંથી જવાનો હતો તે વખતે એ ઘરેણાં તેણે એક ટીનની પેટીમાં મૂક્યાં. એ પેટી, તેણે હું દેવલમાં ગયો હતો, તે વખતે મારી ગેરહાજરીમાં મારા ઓરડામાં મૂકી હશે, તે પેટી મને તે આપી ગયો. એજ પેટીમાં નાંખીને એ ઘરેણાં હું દિવાન પાસે લેઇ ગયો. તે આજ પેટી (સાક્ષીને દેખાડવામાં આવી). પેટીમાં એક રૂમાલ હતો તે મારો છે. તેણે એ પેટી મારા ટેબલ ઉપર શું કરવા મૂકી તે મેં નંબર ૧ લાને પુછ્યું નહોતું.

તારાચંદ જેઠાએ સરકારી વકીલના પુછવાથી જુબાની આપી:—નંબર ૪ થા તહોમતદાર જાદવજી ગોપાલજીને ત્યાં હું નોકર છું. હું ગયા બે વર્ષ થયાં નોકરી રહેલો છું. હું નંબર ૨ જાને ઓળખું છું. નંબર ૪ થો, નંબર ૨ જાને ત્યાં કામ કરવા મોકલતો હતો.

આશરે મહીનો દોઢ મહીનો થયાં નંબર ૪ થાએ મને એક કાગળ આપ્યો હતો ને કહ્યું કે આ રસીદ છે, તે નંબર ૨ જાને આપી આવ. તે કાગળ એક હતો કે વધારે હતા તે હું જાણતો નથી. કાગળ વિંટેલા હતા. નંબર ૨ જા ખુદને હું તેની બેઠકમાં આપી આવ્યો. બેઠક હવેલીના બંગલામાં છે. મેં નંબર ૨ જાને કહ્યું "નંબર ૪ થાએ આપેલી રસીદના આ કાગળ છે તે આ, લ્યો." હું પાછો આવ્યો ત્યારે નંબર ૪ થાએ મને પુછયું કે તે કાગળ નંબર ૨ જાને આપી આવ્યો? મેં કહ્યું હું આપી આવ્યો.

નંબર ૧ લાની વતી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

નંબર ૨ જાની વતી મિ૦ તૈયબજીએ ઉલટ પાલટ તપાસ કરી:— હું ઘણા દિવસ થયાં નંબર ૨ જાને ઓળખું છું. ઉપલા માળામાં બેઠક છે, ત્યાં નંબર ૨ જો ઘણું કરીને બેસે છે. મંદિર ભોંય તળીએ છે. બપોર પછી નંબર જો ઘણું કરી બેઠકમાં હોય છે. સવાર સાંઝ મંદિરમાં હોય છે. તે બે વાર નહાય છે ને નાહ્યા પછી પૂજા કરવા મંદિરમાં જાય છે. સાંઝના ક્યારે નહાયછે તે હું બરાબર કહી શકતો નથી. સાંઝના આસરે ત્રણ અથવા ચાર વાગે નહાય છે અને કોઇવાર છ વાગાવેર અને કોઇવાર ૭ વાગાવેર મંદિરમાં રહેછે. દરશને લોકો આવે છે, તે મંદિરમાં જાયછે, તેમ બેઠકમાં પણ જાય છે. નંબર ૨ જો નગરમાં મોટું અને આબરૂવાળું માણસ ગણાય છે. નંબર ૪ થાને નંબર ૨ જા વચ્ચે પૈસાનું લેણ દેણ ચાલતું હતું. નંબર ૨ જાને પૈસા જોઇતા હોય ત્યારે નંબર ૪ થા પાસેથી મંગાવતો. નંબર ૧ લા અને નંબર ૪ થા વચ્ચે પૈસાની લેણ દેણ હતી કે નહીં, તેની મને પક્કી ખબર નથી. નંબર ૪ થાના ચોપડા હું લખતો નથી. હું તેની ઉઘરાણી વસુલ કરૂં છું અને તેના સંદેશા લાવું છું તથા લેઇ જાઉં છું. નંબર ૪ થાએ રાધુને પૈસા આપ્યા તે હું જાણું છૂં. હું તે વખતે હાજર હતો. કેટલાક પૈસા તેણે પોતાની દુકાનમાં ખુલ્લી રીતે આપ્યા હતા અને કેટલાક બીજાઓની દુકાનમાંથી ખુલ્લી રીતે અપાવ્યા હતા. નંબર ૨ જાને રસીદ આપવા હું ગયો, તે વખતે બેઠકમાં બીજાં માણસો બેઠાં હશે, તેની મને યાદ નથી. મેં નંબર ૨ જાને રસીદ ખુલ્લી રીતે આપી અને હું ગયો.

નંબર ૩ જા, નંબર ૪ થા અને નંબર ૫ માં તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:— હું મંદિરે હંમેશ જતો નથી. હું દરશને ઘણું કરીને રોજ જાઉં છું. કોઇવાર સવારમાં કોઇવાર સાંઝે

અને કોઇવાર જતો નથી. હું વૈષ્ણવ છું. કોઇવાર કામ હોય તો ચાર પાંચ દહાડા ન જાઊં. મંદિરમાં મુખિયો અને નંબર ૨ જો બેઊ પૂજા કરેછે. નંબર ૨ જાને પૂજા કરવા હંમેશ મંદિરમાં જવું જોઇએ. કોઇ કોઇવાર અમે તેને જોઇએ નહીં તે કદાચ અંદર હોય. નંબર ૪ થો, નંબર ૨ જાને રૂપિયા ૫૦૦) થી રૂપિયા ૨૦૦૦) ધીરે છે તે હું જાણું છું, કારણ કે, મહારાજના માણસને રૂપિયા આપવામાં આવે, તે પાછો આપી જાય, તે હું જોઊં છું. નંબર ૨ જાનું માણસ કોઇ ચોકસ રકમ લેઇ ગયો હોય, તેની મને યાદ નથી. નંબર ૪ થાના ચોપડામાંથી માલમ પડશે. નંબર ૨ જો નંબર ૪ થા પાસેથી કોઇવાર અંગ ઉધાર અને કોઇવાર ઘરેણાં ઉપર પૈસા લે છે. ઘરેણાં શું કરવા મૂકવામાં આવેછે તે હું જાણતો નથી, નંબર ૪ થો જાણે. નંબર ૨ જાને કરજ છે કે નહીં તે હું જાણતો નથી. રાઘુને પૈસા ગણી આપ્યા તે વખતે નંબર ૪ થાની દુકાને તેનાં ઘરાક કોણ આવ્યાં હતાં તેનું નામ હું આપી શકતો નથી. તેને પૈસા ગણી આપતાં મેં એકવાર જોયો હતો. ત્યાં ઘરાક આવ્યાં હોય પણ તેનાં નામ હું કહી શકતો નથી.

કોર્ટના પુછવાથી:—રાઘુને પૈસા આપ્યા તે પોસ્ટ માસ્તરને માટે હતા એમ હું ધારતો હતો, કાંકે તે તેનો માણસ હતો. લોકો કહેતા હતા કે, રૂપિયા ૨૦૦૦) નંબર ૨ જાને હિસાબે પોસ્ટ માસ્તર સારૂ રાઘુને આપ્યા હતા. નંબર ૨ જાને હિસાબે હતા, તે હું જાણું છું, કેમકે દુકાનમાં લોકોને કહેતાં મેં સાંભળ્યું હતું. દામોદર કહે છે કે, તે નંબર ૨ જાને ખાતે ઉધાર્યા હતા.

સરકારી વકીલના પુછવાથી ગિરધર પુરૂષોત્તમે જુબાની આપી:—મુંબઇના રહેવાશી પ્રેમજી લીલાધરને હું ઓળખતો નથી. નગરમાં મેં તેને જોયો હતો, તેથી તેને હું ઓળખું છું. તેની સાથે મારે કંઇ વહિવટ નથી. ૮ કે ૯ મહીના થયા તે નગર આવ્યો હતો. તા૦ ૩ જી માર્ચ ૧૮૮૧ ને રોજ નંબર ૨ જાએ પોતાના ભઇયા સાથે એક બેંગી મારી પાસે મોકલી હતી, અને આશરે રૂપિયા ૩ કે ૪ અથવા ૫ ખરચ સારૂ મોકલ્યા હતા, તેના ઉપર એક કપડું શિવ્યું હતું, તેણે કહ્યું કે નંબર ૨ જો પૂજામાં રોકાયલો છે, આ તમારે નામે પ્રેમજી લીલાધર ઉપર મોકલો. મેં તેના ઉપર સીલ કર્યું અને તે બૉકસના મથાળા ઉપર એક કાગળના કટકા ઉપર શિરનામું લખ્યું. મેં મોકલનાર ધણીનું નામ, (મારૂં નામ) અને જેના ઉપર મોકલી હતી તેનું નામ લખ્યું અને મારા

માણસ સાથે પોસ્ટ ઑફિસમાં એ બેંગી મોકલી. તેનું વજન કેટલું હતું તે હું જાણતો નથી. તેનું તોલ મેં કર્યું નહોતું. જે બૉક્સ મને હમણાં દેખાડવામાં આવ્યું તેટલું તે મોટું હતું કે નહીં તે હું જાણતો નથી. આટલો વખત થયો (૪-૫ મહીના) તેથી મને યાદ નથી, તેનો વીમો ઉતાર્યો નહોતો. મારૂં માણસ બેંગીની રસીદ લેઇ આવ્યો, તે મેં જાતે નંબર ૨ જાને આપી. તે સફેત હતી. ૪ કે ૫ દહાડા પછી એક બીજી રસીદ મને મળી, તે પીળી હતી. એ બેઉ નંબર ૨ જાને મેં પોતે આપી તેવી હતી. બેંગીમાં શું હતું તે હું જાણતો નથી. તે શિવેલી હતી. મેં પુછ્યું નહોતું તેમ તેમાં શું હતું તે મને કહેવામાં આવ્યું નહોતું. હું નંબર ૨ જાને મળ્યો, ત્યારે મેં કહ્યું કે બેંગી મોકલી, આ તેની રસીદ છે. બેંગી મારી નહોતી તેથી મેં મારા ચોપડામાં લખી નથી, મારા માણસ સુંદરજી મૂલજી સાથે મોકલી હતી.

નંબર ૧ લાની વતી મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ્યો:— નગરની ઑફિસમાંથી બેંગિયો ક્યારે મોકલવામાં આવે છે તે હું જાણતો નથી.

બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

તા૦ ૧૦ મી જુન સન ૧૮૮૧.

સુંદરજી મૂલજીએ, સરકારી વકીલના પુછવાથી જુબાની આપી:—ગિરધર પુરૂષોતમનો હું નોકર છું. નંબર ૨ જાનાં ગાડાંઓ સાથે હું આવ્યો હતો. દરબારીઓએ મને રાજકોટ આવવા હુકમ કીધો હતો. આશરે ત્રણ મહીના થયાં, મારા શેઠની તરફથી પ્રેમજી લીલાધરના નામની એક બેંગી પોસ્ટમાં હું આપવા ગયો હતો. પોસ્ટ ખરચ શું આપ્યું તે મને યાદ નથી. મને જે પેટી હમણાં દેખાડવામાં આવી તેટલી તે મોટી હતી અથવા કંઇ નહાની હોય. તેના વજનની મને કંઇ ખબર નથી, તેની મને એક સફેત રસીદ મળી, એ મેં મારા શેઠને આપી. આ સાક્ષીની કોઇ પણ તહોમતદાર તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

મિ૦ ચંદુલાલ મથુરાંદાસને પાછો બોલાવવામાં આવ્યો, અને સરકારી વકીલના પુછવાથી જુબાની આપી:—આ ચોપડી નગરની પોસ્ટ ઑફિસના કાગળ નોધવાની છે, (રજુ કરી અને તેના ઉપર 2 E નિશાની કરી). ગિરધર પુરૂષોત્તમે મુંબઇના રહેવાશી પ્રેમજી લીલાધર ઉપર રેજીસ્ટર કાગળ લખ્યો, તેની રસીદની કૌંટર ફાઇલ રજુ કરી, તેમાં ગયા માર્ચ માસની ૩ જી તારીખ છે, તેનું વજન ૬૯૩ વાલ છે (૪૩ તોલા

અને ૫ વાલ). નગરના પોસ્ટ માસ્તરને પોતાની ઑફિસમાં રૂપિયા ૪૦૦) રાખવા હુકમ છે. તેથી વધારે રકમ હોય તો રાજકોટની તીજોરીમાં વાળી આપે. નંબર ૧ લાને પકડવામાં આવ્યો, તે પછી નગરની પોસ્ટ ઑફિસનો હિસાબ મેં તપાસ્યો. તા૦ ૨૪ મી ફેબરવારીએ નંબર ૧ લાના હાથમાં રૂપિયા ૨૨૨૦–૧૫–૧ શિલક હતી, તેણે પોસ્ટની ઉપજમાંથી રૂપિયા ૪૦૦) થી વધારે રોકડ રાખવી નહોતી. ૨૫ મી તારીખે રૂપિયા ૨૨૩૧–૧૫–૧, તા૦ ૨૬ મીએ રૂપિયા ૨૩૧૩–૧૧–૧, તા૦ ૨૭ મીએ આતવાર હતો, તેથી એટલીજ, તા૦ ૨૮ મીએ રૂપિયા ૧૫૨૯–૧૩–૧, તા૦ ૧ લી માર્ચે રૂપિયા ૧૬૪૮–૩–૧, તા૦ ૨ જી માર્ચે રૂપિયા ૬૪૫૬–૨–૧, તા૦ ૩ જીએ રૂપિયા ૧૩૬૬–૧૨–૧, તા૦ ૪ થીએ રૂપિયા ૫૨૭–૧૩–૭, તા૦ ૫ મીએ રૂપિયા ૬૩૮–૧૧–૭, તા૦ ૬ ઠીએ એટલીજ, તા૦ ૭ મીએ રૂપિયા ૨૬૧–૪–૧ ની શિલક હતી. નગરની ઑફિસના રોકડમેળની રકમો ઉપરથી આ હું બતાવું છું. નગરની પોસ્ટ ઑફિસના હિસાબની સર્ટિફાઇડ નકલો હું રજુ કરૂં છું અને તેના ઉપર 2 F ની નિશાની કરી,

મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ્યો :—જે હિસાબો રજુ કર્યા, તે અઠવાડિયાના હિસાબ રોકડમેળ ઉપરથી ઉપજાવી કંટ્રોલર ઑફ ધી ફાઉન્સને કલકતે મોકલવામાં આવેછે, તેથી સત્તાવાળાઓને દર અઠવાડિયે ખબર પડે કે, દરેક મુખ્ય પોસ્ટ ઑફિસના હાથમાં દરરોજ કેટલી શિલક હતી. નગરની ઑફિસને રૂપિયા ૪૦૦) થી વધારે ન રાખવા, તેનો અસલ હુકમ હું રજુ કરતો નથી. તે નગરની પોસ્ટ ઑફિસમાં છે. મારા નોંધમાં જોઇને હું કહું છું કે, એ હુકમ ઉપર તા૦ ૪ થી ફેબ્રુરવારી ૧૮૮૧ ની તારીખ છે અને તે નંબર ૧ લાના ઉપર મોકલવામાં આવ્યો હતો, તે તેના હાથમાં ત્રીજે કે ચોથે દહાડે આવવો જોઇએ. નગર પોસ્ટ ઑફિસ નિચે ૮ પેટા ઑફિસો છે, દરેક પેટા ઑફિસમાં રૂપિયા ૧૦) થી ૨૦૦) સુધી રાખવા હુકમ છે. મનીઑરડર આપવા માટે વધારે રકમ આપવી હોય તો પેટાઑફિસ નગરની ઑફિસમાંથી મંગાવે.

ગયા ફેબરવારી મહીનાની ૪ થી તારીખ પછી રૂપિયા ૪૦૦) થી વધારે રકમ હોય તો દરરોજ રાજકોટ મોકલવી નહીં, પણ દરેક મહીનાને અંતે માત્ર મોકલવી, એવો હુકમ મેં આપ્યો નહોતો. તે દિવસથી પેહેલાં મેં એમ લખ્યું હોય. તા૦ ૪ થી ફેબરવારીના હુકમમાં મેં સ્પષ્ટ રીતે કર્યું છે કે, જ્યારે જ્યારે રૂપિયા ૪૦૦) થી વધારે રકમ થાય, તે રાજ-

કોટ વાળી દેવી. તા૦ ૪ થી ફેબ્રુઆરીના મારા હુકમમાં સાફ લખ્યું છે કે, રૂપિયા ૪૦૦) થી વધારેની જરૂર ન હોય, અથવા કોઇએ માગ્યા નહીં હોય, તો વધારેની રકમ વાળી દેવી. પોસ્ટ માસ્તરે રૂપિયા ૪૦૦) થી વધુ રકમના મનીઑરડરો આપ્યા હોય, તો રાજકોટ વાળી દેવાને બદલે, તે પૈસા ભરવા સારૂ જોઇતી રકમ રાખવી. નગરના પોસ્ટ માસ્તરના હાથમાંથી તેના પેટા ઑફિસોની અંદર મનીઑરડરો ભરવા પડે છે, તે પણ આમાં આવી ગયા. પેટા ઑફિસની અંદરથી પૈસાની માંગણી થશે, એવી તેને ખબર હોય તો મુખ્ય ઑફિસમાંથી રૂપિયા ૪૦૦) થી થોડી રકમ વધારે મોકલે. નગરની હાથ નિચેની શાખાઓમાં ઑફિસોના માણસોનો પગાર રાજકોટથી નગર મારફત આપવામાં આવે છે, તે સારૂ મોકલવામાં આવેછે. નગરની ઑફિસમાં બાલાંસ હોય તો રાજકોટથી બધા પગારના પૈસા રાજકોટથી નગર પૈસા મોકલવાને બદલે જામનગરવાળો શીલક મોકલે નહીં, પણ ખર્ચમાં વાપરે. નગર પોસ્ટ ઑફિસના હાથમાં શિલક હોય છે, તેનો રીપોર્ટ દર મહીનાની અંતે રાજકોટ કરવામાં આવે છે. મેં નગર ઑફિસના હિસાબ તપાસ્યા, પણ તા૦ ૨૧ મી ફેબ્રુઆરીએ નંબર ૧ લાએ રાજકોટથી ઑફિસને લખેલો કાગળ, તેમાં તે લખે છે કે, મારા હાથમાં રૂપિયા ૧૬૦૦) ની શીલક છે અને માણસો સારૂ પગારના પૈસા રાજકોટથી મોકલવા નહીં. એ કાગળ મેં વાંચ્યો નહોતો. તા૦ ૪ થી ફેબ્રુઆરીના હુકમ વીષે મારે નંબર ૧ લા સાથે કંઈ લખાણ ચાલ્યું નથી. એવા લખાણ વિષેની મારા રજીસ્ટરમાંથી નોંધ મને જડતી નથી. આ સાક્ષીની બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

દુર્ગાશંકર ઉમિયાશંકરે, સરકારી વકિલના પુછવાથી જુબાની આપી:—હું નગરમાં પ્લીડર છું. નગરની કોર્ટમાં નંબર ૨ જાની વતી હું પ્લીડર હતો, આ યાદ (13 A તારીખ ૧૯ મી માર્ચ ૧૮૮૧) નગરના સરન્યાયાધીશને લખી છે, તે મેં લખી હતી. (યાદ વાંચી સંભળાવી). મેં તે કોર્ટમાં રજુ કરી હતી. નંબર ૨ જાના વકિલ દાખલ ગોવિંદજી અને પાનાચંદ મારી સાથે કામ કરતા હતા. સરન્યાયાધીશના માગવાથી નંબર ૨ જાની વતી આ મેં લખી હતી, તે વેળાએ નંબર ૨ જો કોર્ટમાં હાજર નહોતો. જે બૉકસ અને બે ઘરેણાં મને હાલ દેખાડવામાં આવ્યાં, તે એ યાદમાં લખેલાં ઘરેણાં અને બૉકસ છે, એ બૉકસ સરન્યાયાધીશ ઉપર પોસ્ટ ઑફિસમાંથી પરબારૂં ગયું હતું. ઘરેણામાં એક ચંદનહાર અને બીજી ચોરણા કંઠી છે. એ બેંગીના ઉપર નંબર

૨ જાનું શિરનામું હતું. એ ઘરેણાની બેંગી પોસ્ટ મારફત પ્રેમજી લીલાધરે મુંબઇથી મોકલી હતી, એમ મેં જાણ્યું. યાદ રજુ થઇ અને ઘરેણાં કોર્ટની અંદર અપાયા પછે, તે વિષે મેં નંબર ૨ જાને કહ્યું હતું અને તેણે એ વિષે કંઇ વાંધો લીધો નહીં. હું નંબર ૨ જાની સહી ઓળખું છું, જે યાદ હાલ મને દેખાડવામાં આવી તે (૧૯ મી માર્ચ ૧૮૮૧ વાળી). તે કોટવાલની કોર્ટને લખી છે, તેના ઉપર નંબર ૨ જાની સહી છે, તે કોર્ટમાં મેં ફાઇલ કરી હતી. જે પ્લીડરોએ તે દાખલ કરી હતી, તેમાનો હું એક હતો (તે 13 B વાંચી સંભળાવ્યું) તે નંબર ૨ જાના કહેવાથી ગોવિંદજીએ લખી હતી. તેના ઉપર નંબર ૨ જાએ મારી હજુર સહી કરી હતી.

મિ૦ વાડિયાએ ઉલટ પાલટ તપાસ્યો:—પાંચ સાત વર્ષ થયાં હું નગરમાં પ્લીડરનું કામ કરૂં છું. જયશંકરની કોર્ટ તે કોટવાલની કોર્ટ છે. તેનાથી વડી કોર્ટમાં મિ૦ નારાયણરાવ બાલકૃષ્ણ બેસે છે. તે શેશન જડજ છે. તેથી ઉપરની એક કોર્ટ છે, તેનું નામ વરિષ્ટ કોર્ટ છે. તેમાં મિ૦ જગન્નાથ બેસે છે. તેને શેશન કોર્ટે ચુકાવેલા ફોજદારી કેસોની અપીલ સાંભળવાની સત્તા છે. મિ૦ જગન્નાથ રજવાડી કોર્ટના જડજ દાખલ પણ કામ કરે છે. તેને એગ્ઝિક્યુટીવ પોલીશની સત્તા નથી.

નંબર ૨ જાની વતી મિ૦ તૈયબજીએ ઉલટ પાલટ તપાસ્યોઃ— આઠ દશ વર્ષ થયાં હું નંબર ૨ જાને ઓળખું છું. મુંબઇના પ્રેમજી લીલાધર ઉપર મોકલેલી બેંગીનો મોકલનાર ગિરધર પુરૂષોત્તમ હતો. નંબર ૨ જાએ મને કહ્યું, તેથી જાણું છું. નંબર ૨ જાને નગરના શરાફ સાથે પૈસાના લેણદેણનો વહિવટ હતો. નંબર જાએ એક બીજી બેંગી સુંદરજી મેઘજી મારફતે સુંદરજીને નામે મુંબઇ મોકલી હતી, તે હું જાણું છું. સુંદરજી મેઘજી એક ભાટિયો વેપારી છે, તે જીવતો છે. તે બેંગીમાં એક શિરપેચ હતો, તે નંબર ૨ જાને જામસાહેબે ઇનામ આપ્યો હતો. એ બેંગી આશરે દશ મહીના થયા મોકલી હતી. શિરપેચ મુંબઇ વેચવા મોકલ્યો હતો, તે વેચાયો નહીં. તે રૂપિયા બેથી ત્રણ હજાર સુધીનો હતો.

આ સાક્ષીની બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ કોઇએ કરી નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—મને બોલાવવામાં આવે ત્યારે હું નંબર ૨ જાપાસે જાઉં છું. હું તેની પાસે વારેઘડિયે જાઉં છું, શિરપેચવાળી બેંગી શિવાય બીજી કોઇ પણ બેંગી નંબર ૨ જાએ, બી-

જાના નામથી મોકલી હોય, એવું હું જાણતો નથી. એ મોકલી હતી, તે હું નંબર ૨ જાના કેહેવાથી જાણું છું. તે મોકલવામાં આવી તે વખતે હું હાજર નહોતો. શિરપેચ પાછો આવ્યો તે હું જાણું છું. બેંગી બીજાના નામથી મોકલી તેનું શું કારણ, તે નંબર ૨ જો જાણે, હું જાણતો નથી. આ કેસ શરૂ થયા પછી આ બેંગી વિષે નંબર ૨ જાએ મને કહ્યું હતું. બીજી કોઇ બેંગિયો એવી રીતે મોકલી હતી કે નહીં, તેના દાખલા મેં પુછ્યા તે ઉપરથી તેણે એ વિષે કહ્યું હતું. નંબર ૨ જો કરજમાં છે, તે હું જાણતો નથી. તેને ભેટના પૈસા મળે છે, તે જમે કરાવે છે અને જોઇએ ત્યારે લે છે. કાકુભા ને નંબર ૪ થો તેના શાહુકાર છે. નંબર ૨ જા પાસેથી પૈસા લે છે, ને આપે છે, તેથી હું અજાણ્યો છું. કાકુભા સાથે તેનું ખાતું કેમ છે તે હું જાણતો નથી.

કોર્ટના પુછવાથી:—સુંદરજીની બેંગી બાબત પોસ્ટ ઑફિસમાં મેં પુછપરછ કરી નથી, અથવા કરાવી નથી. બૉકસ અને ઘરેણાં મારી યાદ સાથે મેં કોર્ટમાં રજુ કર્યાં, તે વેળાએ સરન્યાયાધીશની કોર્ટમાં એક કેસ ચાલતો હતો.

દામોદર ખીમજીએ, સરકારી વકીલના તપાસવાથી જુબાની આપી:—હું નંબર ૪ થાની નોકરીમાં છું. હું તેનો ગુમાસ્તો છું. હું તેના ચોપડા લખું છું. હમણાં જે ચોપડો મને દેખાડવામાં આવ્યો, તે નંબર ૪ થાનો છે. પાછળથી બે અરધાં પાનાં કહાડી નાખ્યાં છે, તે હું જોઉં છું. તે ૧૭૪ અને ૧૭૫ માં પાનાં છે. આ પાનામાં રૂપિયા ૨૦૦૦) બાબતનું નંબર ૨ જાનું ખાતું હતું. રૂપિયા ૫૦૦) ની રકમ નંબર ૪ થાએ લખી હતી અને ૧૫૦૦) ની મેં લખી હતી. પહેલી રકમ મહાવદ ૦)) ને સોમવારની હતી, તે રકમ આ પ્રમાણે હતી.:—ગોસ્વામી શ્રી વ્રજેશજી મહારાજને ખાતે ઉધાર રૂપિયા ૫૦૦) આપની આજ્ઞાથી રાધુને ગણી આપ્યા મહાવદ ૦)). એથી વધારે કંઇ લખ્યું નહીં હતું. પણ રાધુની સહી હતી. બીજી રકમ રૂપિયા ૫૦૦) ની ફાગણ શુદ ૧ મંગળવારે ઉપર લખ્યા પ્રમાણે લખી હતી, તેના ઉપર રાધુની સહી લીધી હતી:—ગોસ્વામી શ્રી વ્રજેશજી મહારાજને ખાતે ઉધાર, તમારા કહેવાથી રૂપિયા ૧૦૦૦) રાધુને ગણી આપ્યા. ફાગણ શુદ ૧. આ રકમ ઊપર પણ રાધુની સહી હતી. બીજે દહાડે (ફાગણ શુદ ૨ ને દહાડે) નંબર ૨ જાએ રસીદ માગી, તે ચોપડામાંથી ફાડીને તારાચંદ સાથે મોકલાવી. એ રૂપિયા ૨૦૦૦) નંબર ૨ જાને બે લગડી ઉપર આપ્યા હતા. નંબર ૪ થો લગડી લેઇ

આવ્યો, તે મેં જોઇ હતી. તેણે કહ્યું કે એ રૂપિયા ૨૦૦૦) આ લગડીની ઉપર આપ્યા છે. જે લગડી મને દેખાડવામાં આવી, તે એજ છે. એ શિવાય બીજાં ધરેણાંની મને કંઇ ખબર નથી. બે લગડી શિવાય મેં કંઇ જોયું નહોતું. એ લગડી વિષે નોંધમાં મેં કંઇ લખ્યું નથી. બીજા કોઇ ચોપડામાં લખ્યું હોય તેની મને કંઇ ખબર નથી. કંઈ પણ દાગીના ગિરવી રાખવાને લેઇ આવવામાં આવે છે, ત્યારે જે ગિરવી રાખનાર પૈસા લેવા પોતે આવે તો, તે ચોપડામા લખવામાં આવે છે. બીજા કોઇ સાથે મોકલે તો તેનું નામ અમે પાધરૂં કરતા નથી અને તે વખતે ચોપડામાં લખતા નથી. તે વહિવટ અમે પાછલથી આવરામાં લખીએ છીએ. આવરો દર પંદર દહાડે લખાય છે. રોજમેળ પણ તેમજ આવરામાં લખાય છે. બે લગડી વિષેની રકમ મેળમાં લખી છે, તે નગરમાં છે. અમે જુના ચોપડા લાવ્યા છીએ, તેમાં વખતે હોય. તેની મને બરાબર ખબર નથી. તે હું લાવ્યો છું. નંબર ૨ જા સાથે પૈસાનો વહિવટ એથી પેહેલાં પણ હતો. તે પૈસા તેને અંગ ઉધાર અથવા જે દાગીના તેને ભેટ આવે છે, તે ઉપર આપીએ છીએ. નોંધના ચોપડામાં દશ મહીના સુધી ચાલેલું ખાતું છે. ધરેણાં ઉપર નંબર ૨ જાને રૂપિયા આપવામાં આવ્યા હોય એવી રકમ આમાં કોઇ નથી. ધરેણાં ઉપર નંબર ૨ જાને સંવત ૧૯૩૩ અથવા ૧૯૩૫ ની સાલમાં રૂપિયા આપવામાં આવ્યા હતા. ધરેણાં ઉપર કંઇ રૂપિયા મારી હજુર આપવામાં આવ્યા નથી. તે બે હજારની રકમની અગાઉ નંબર ૨ જાની છોકરીનાં લગ્નને ટાણે નંબર ૨ જા અને નંબર ૪ થા વચ્ચે પૈસાની મોટી લેણદેણ થઇ હતી. હું તે વેળાએ ખંભાલિયે હતો. નંબર ૨ જાનું ખાતું જોયું, તેથી એ વાત હું જાણું છું. એ લગડીમાંનો એકનો થોડોક ભાગ, આશરે પંદર ગદિયાણા મેં વેચ્યો હતો અને તેમાંથી ઉપજેલા પૈસા નંબર ૨ જાને ખાતે જમે કર્યા હતા. એ લગડિયો આવી, તેજ દહાડે અથવા તેને બીજે દહાડે વેચ્યું હતું. આ નોંધમાં (14 A) તે રકમ મને મળતી નથી, તે આવરામાં હશે. એ રકમ નોંધમાં જોઇ હોય તે મને યાદ નથી. મેં બીજા ચોપડામાં જોઇ હતી. હું હમણાં ચોપડામાં જોઉં છું. (નંબર ૪ થાએ પાનું ૧૮૬ મું દેખાડયાથી) તે પાનામાં છે. તે અમારા માણસ ધનજી ગોકલદાસની લખેલી છે. એ છેલ્લી ત્રણ રકમની ઉપર છે. પાાા ગદિયાણા અને ૭ાા ગદિયાણા વેચ્યા હતા. બે હજાર રૂપિયા ધીર્યા હતા, તેને પેટે એ લગડિયો વેચવા રાખી હતી. તેજ

દહાડે અથવા તેને બીજે દહાડે સોનું વેચ્યું, એમ જે મેં કહ્યું, તે યાદદાસ્ત ઉપરથી કહ્યું. હમણાં હું ચોપડો જોઇને કહું છું કે વેચાણ ફાગણ શુદ ૧૪ ને દહાડે થયું હતું. નંબર ૨ જો રૂપિયા ૨૦૦૦ નો નંબર ૪ થાનો દેણદાર હતો.

આ સાક્ષીની, નંબર ૧–૨–૩ અને પાંચમાં તરફથી ઉલટ પાલટ તપાસ કોઇએ કરી નહીં.

નોંધ એ યાદદાસ્તના ચોપડા દાખલ રાખવામાં આવે છે. પેહેલ વેહેલાં રૂપિયા ૫૦૦) નંબર ૪ થાએ રાઘુને આપ્યા, તે વખતે હું, નંબર ૪ થો અને એક છોકરો હાજર હતા. બીજા રૂપિયા ૫૦૦) મેં ગણી આપ્યા તે વખતે હું, ધનજી ગોકલદાસ અને નંબર ૪ થો હાજર હતા. નંબર ૪ થાએ રૂપિયા ગણી આપવા મને કહ્યું. નંબર ૪ થા પાસે બાકીના રૂપિયા ૧૦૦૦ નહીં હતા, તેથી માત્ર રૂપિયા ૮૧૫) એકઠા કરી રાઘુને આપ્યા હતા. બાકીના રૂપિયા ૧૮૫) બીજે દહાડે આપ્યા હતા. રૂપિયા ૮૧૫) આપ્યા તે વખતે હું, નંબર ૪ થો અને બીજા વેપારિયો જેનાં નામ હું જાણતો નથી, તે હાજર હતા, ફાટેલાં પાનાં નંબર ૨ જા ઉપર મોકલ્યાં તે વખતે તારાચંદ જેઠા, હું, નંબર ૪ થો અને ધનજી ગોકલદાસ હાજર હતા. નંબર ૪ થાએ પાનાં મોકલાવ્યાં. બધાની હજુરમાં નંબર ૪ થાએ પાનાં ફાડયાં. નંબર ૪ થો શરાફ છે. સોનું લેછે અને વેચેછે. નંબર ૪ થાનો આવરો હું રજું કરૂં છું. રૂપિયા ૨૦૦૦) ની રકમ નંબર ૪ થાએ ૨૫૪ મેં પાને (14 B) લખી છે. સોનાના વેચાણ બાબતની રકમ એજ ચોપડામાં છે. ૨૫૯ પાને ધનજીના અક્ષરે લખી છે. તેમાંથી ઉપજેલા પૈસા નંબર ૨ જાના જમે કર્યા છે.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—ઉપર કહેલી આવરાની રકમો મારી હજુરમાં લખી હતી. સોનું વેચવા બાબતની રકમ સોનું વેચ્યું તેજ દહાડે લખી હતી. ફાગણ શુદ ૧૪ ને દહાડે જયશંકર કોટવાળ નોંધ લેઇ ગયો, તેની અગાઉ લખેલી હતી, તે ફાગણ શુદ ૧ ને દહાડે લખેલી છે. જયશંકર કોટવાલની આગળ આવરો મેં રજુ કર્યો નહોતો. પેહેલ વેહેલાં આંહીજ રજુ કરૂં છું, તે દેખાડવા આગળ કોઇએ મને કહ્યું નહોતું અને મેં દેખાડયો નહોતો.

કોર્ટના પુછવાથી:—સોનાની લગડીનો બાકીનો ભાગ, નંબર ૪ થાને પોસ્ટ ઑફિસમાં બોલાવ્યો, ત્યાં તે લેઇ ગયો હતો. તે કોર્ટમાં

કેમ આવી તે હું જાણુતો નથી. આવરો દુકાનમાં રહે છે તેનું તાળું-કુંચી અમે રાખતા નથી. કોઇ ચોકસ માણસના તાબામાં તે રહેતો નથી. દુકાનમાં કોઇ પણ માણસને લખવાને તે ખુલ્લો મૂકેલો હોય છે. નંબર ૪ થાને પકડવામાં આવ્યો નહોતો. ફાગણ શુદ ૧૪ ને દહાડે પોસ્ટ ઑફિસમાં તેને બોલાવ્યો હતો. પહેલા રૂપિયા ૫૦૦) રાઘુને આપ્યા તેમાં રોકડા અને નોટો હતી. ત્રીજી વખતે પૈસા આપ્યા તેમાં પણ નોટો હતી. કેટલાની તે મને ખબર નથી. ઉપર કહેલી રૂપિયા ૨૦૦૦) ની રકમો ઉપરાંત ફાટેલાં પાનાઓમાં બીજી રકમ પણ લખેલી છે.

શંકરરાવ રામચંદ્ર રાજકોટ પોસ્ટ ઑફિસના કારકુને, સરકારી વકીલના પુછવાથી જુબાની આપી:—પોસ્ટ માસ્તરનો હું ખાસ કારકુન છું. હું હિસાબનું કામ કરતો નથી. ફેબરવારી મહીનામાં હું જુનાગઢનો પોસ્ટ માસ્તર હતો. તા૦ ૨૮ મી ફેબરવારીએ હું રાજકોટ આવ્યો અને ૧ લી માર્ચે કામ સ્વાધીનમાં લીધું. તા૦ ૧ લી માર્ચથી હું બેંગીનું કામ કરૂં છું. તા૦ ૨ જી માર્ચે એક રજીષ્ટર બેંગીપારસ-લમાં રૂપિયા ૭૦૦) નગરથી રાજકોટ રોકડા આવ્યા હતા. નગરથી તા૦ ૧ લીએ રવાના કર્યા હતા. રજીસ્ટર લિસ્ટ (15 A) જોઇને કહું છું. બેંગી ઉપર ૭૬૫ નો નંબર હતો. રાજકોટના પોસ્ટ માસ્તર ઉપર નંબર ૧ લાએ કાગળ લખ્યો, તે હું રજુ કરૂં છું. (15 B) તેજ ફાઇલમાંથી નંબર ૧ લાએ લખેલો એક બીજો કાગળ રજુ કરૂં છું. (15 C, તા૦ ૪ થી માર્ચ ૧૮૮૧) તેની સાથે રૂપિયા ૫૦૦) તીજો-રીમાં મોકલ્યા હતા.

નંબર ૧ લાના તરફથી મિ૦ વાડીયાએ ઉલટ પાલટ તપાસ્યો:— એગ્ઝિબીટ 15 B ઉપર, ગયા ફેબરવારી માસની ૨૮ મી તારીખ છે. રાજકોટ અને નગરના હિસાબ બાબતના કાગળો બધા આ ફાઇલમાં છે. (એગ્ઝિબીટ 15 B. 15 C વાંચી સંભળાવી) રૂપિયા ૭૦૦) રાજકોટ આવ્યા. રૂપિયા ૫૩૦) રોકડા અને રૂપિયા ૧૭૦) ની નોટ, હું નંબર ૧ લાના કાગળ ઉપરથી કહું છું.

આ સાક્ષીની બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં. રાઘુ રામજીને પાછો બોલાવ્યો. નગરના કોટવાલ જયશંકરે આપેલી માફીની સર્ટિફિકેટ હું રજુ કરૂંછું, તેમાં તા૦ ૧૮ મી માર્ચ ૧૮૮૧ ની મિતિ છે. (દાખલ કરી અને તેના ઉપર 7 A નિશાની કરી).

આટલું કામ ચાલ્યા પછી કોટવાલની આગળ નંબર ૪ થાની લીધેલી જુબાની રજુ કરી. મિ૰ વાડિયાએ કહ્યું કે, એ આખી જુબાની એક હકિકત દાખલ ગણવી ન જોઇએ; કારણ કે, ત્રણ જૂદે જૂદે વખતે લેવાઇ તેથી તેના ત્રણ જૂદા જૂદા ભાગો છે, તેમાં ઓછામાં ઓછો એક ભાગ તો દાખલ નહીં થઇ શકે એવો છે. કેમકે કાયદાના બાંધનારાઓએ જે કારણ માટે કેટલીક રીતિયો અને સંભાળ લેવાનું લખ્યું છે, તે વગર તે જુબાની લીધી છે. જો આખી જુબાની એક આખી હકિકત દાખલ લેવાને કોર્ટ ચુકાદો કરતી હોય તો, મેં જે ભાગને વિષે વાંધો લીધો છે, તે ભાગ દાખલ કરી શકાય નહીં, એવી તકરાર કરવાને હું હાલ તૈયાર છું; પણ એ જુબાની ત્રણ જુદી જુદી હકિકત દાખલ મૂકવામાં આવે તો, તે બાબત હું યોગ્ય વખતે વાંધો લેઇશ. આખી એક હકિકત દાખલ ગણવાને કોર્ટે ચુકાદો કીધો તે ઉપરથી મિ૰ વાડિયાએ, રાણી વિરૂદ્ધ શિવઇયાનો કેશ (ઇન્ડિયન લૉ રિપોર્ટ ૧ લો મુંબઇ. પાનું ૨૧૯) માં કોર્ટે જજમેંટ આપ્યું, તેમાંથી ઘણો મોટો ભાગ ટાંકી બતાવી કહ્યું કે, તહોમતદાર પુરૂષોના એકરારો સાક્ષી દાખલ રજુ કરવામાં આવે તેની અગાઊ, કેટલીએક પ્રથમની રીતિયો પાલવાની જરૂર, તે કેશમાં દેખાડી છે. જે ભાગનો મેં વાંધો લીધો છે, તે આ કેસના ભાગમાં સાવ પાળી નથી, તેથી તે સાક્ષી દાખલ કોર્ટ કબૂલ કરી શકે નહીં. મિ૰ વાડિયાયે વળી ક્રિમિનલ પ્રોસેજર કોડની ૧૨૨, ૩૪૫, અને ૩૪૬ મી કલમો વિષે તકરાર કીધી કે, નંબર ૧ લાવાળા તહોમતદારની જુબાનીમાં જે ભાગવિષે મેં વાંધો લીધો છે, તે ભાગમાં એ કલમોમાં કહેલી રીતિઓ પાળી નથી. તે નિચે પ્રમાણે (૧ લું) હું માનું છું કે એ એકરાર રાજી ખુશીથી કીધો છે, એવી તરેહની ૧૨૨ મી કલમમાં કહેલી યાદી એ એકરારની નિચે કોટવાલે કરી નથી. (૨ જું) કલમ ૩૪૬ ના પેહલા ભાગમાં લખ્યા પ્રમાણે કોટવાલ આગળ તહોમતદારની કરેલી આખી તપાસ તેને પુછેલા દરેક સવાલ અને તેને આપેલા દરેક જવાબ સુધાં પૂર્ણ રીતે નોંધેલી નથી. (૩ જું) તેજ કલમના બીજા ભાગમાં કહેલી સર્ટિફિકેટ અને સાક્ષી આ કેસમાં કરી નથી. આ કારણો ઉપરથી મિ૰ વાડિયાએ કહ્યું કે, મેં વાંધો લીધેલો ભાગ કહાડી નાખવો જોઇએ. કોર્ટે કહ્યું કે, આવી તરેહના કેસોમાં આવા બારીક વાંધાઓ વારંવાર લેવામાં આવશે, પણ મૂળ મતલબ ધ્યાનમાં રાખવાની એ નથી કે, કોઇ કાયદાની ચોકસ કલમમાં લખેલી બાબતો બારીકીથી અને પૂર્ણ રીતે પાલવામાં આવી છે કે નહીં; પણ ધ્યાનમાં રાખવાની એ વા-

ત છે કે, જે ચુકને માટે ફરિયાદ કરવામાં આવી છે, તે તહોમતદારને હાની કરે એવી મોટી છે કે નહીં. આ પ્રમાણેની ચુકો પાછલથી મુખ જુબાની લેઇને કોર્ટે ઘણીવાર સુધારેલી છે. જેમકે રાણી વિરૂદ્ધ બાઇ રતન (૧૦ બોમ્બે હાઇ કોર્ટ) ના કેસમાં કરવામાં આવી છે. હાઇ કોર્ટે ચુકાદો એમ કર્યો હતો કે, ક્રિમિનલ પ્રોસેજર કોડની ૧૨૨ મી કલમની રૂએ કોઇ પણ તહોમતદાર શખ્સના લીધેલા એકરાર સાક્ષીમાં કબુલ થાય નહીં. તો એકરાર કીધો તે કેવી બોલિથી કીધો, તે પુરવાર કરવાને મુખ જુબાની પણ કબૂલ થઇ શકે નહીં પણ આ હાઈ કોર્ટ ઇન્ડિયન એવિડેન્સ ઍકટની અંદર લખેલા સાક્ષી બાબતના બધા બારીક ધારાઓ પાળવાને બંધાએલી નથી. માત્ર તેની મતલબ ધ્યાનમાં રાખે છે. તેથી એ બાબત થયેલી ચુકવિષે સાક્ષી લેવાની કબૂલ રાખીને સુધારે છે. મિ૦ વાડિયાએ જે ચુક દેખાડી છે તે, જે કોટવાલે એ કેસ કમિટ કીધો છે, તેને સાક્ષી દાખલ બોલાવીને સુધારી શકાશે.

તારીખ ૧૧ મી જુન સન ૧૮૮૧.

જયશંકર રતનજી નગરના કોટવાલ, તેણે સરકારી વકીલના તપાસવાથી જુબાની આપી:— હું નગરમાં પેહલા નંબરનો કોટવાલ છું. ત્રણ વર્ષનું કેદખાનું અને ૩૦૦૦) કોરીનો દંડ કરવાની મને સત્તા છે. જે એકરાર આમાં દેખાડવામાં આવ્યો છે, તે મારાં સવાલનો નંબર ૧ લો જવાબ આપતો ગયો, તેમ મેં મારે હાથે લખી લીધેલો છે. તે તા૦ ૧૪–૧૫–૧૯ અને ૨૨ મી માર્ચે કર્યો હતો. તા૦ ૧૯ મી માર્ચે મારા સવાલના જવાબ નંબર ૨ જાએ આપ્યા, તે પ્રમાણે તેનો એકરાર મેં મારે હાથે લખી લીધેલો છે. તેમાં તેણે કરેલો એકરાર બરોબર રીતે આખો લખેલો છે. નંબર ૨ જાનો એકરાર તા૦ ૧૯ મી અને ૨૦ મી માર્ચે મેં લીધો હતો અને તેણે કેહેલી બધી હકિકત બરાબર તેમાં લખી છે. નંબર ૪ થાનો એકરાર ૧૯ મી અને ૨૧ મી માર્ચે મેં મારે હાથે લખી લીધો છે, ને તેમાં તેણે કહેલી બધી હકિકત બરાબર લખી છે. નંબર ૫ માનો એકરાર તા૦ ૧૯ મી માર્ચે મેં પોતે લખી લીધો છે, તેમાં તેણે કહેલી બધી હકિકત બરાબર છે. તે બધા એકરારો મેં એ બધા તહોમતદારોને વાંચી સંભળાવ્યા હતા, તેઓએ તેના ઉપર સહિયો કરી. મારી હજુરમાં તે એકરાર કીધા હતા, તે બાબત મેં સાક્ષી કરી છે. નંબર ૧ લાનો એકરાર તા૦ ૧૪ મી માર્ચને દહાડે પોસ્ટ ઑફિસમાં મેં લીધો હતો. બીજો તેજ દહાડે મારે ઘેર લીધો

હતો. તહોમતદારોના બધા બીજા એકરારો ખુલ્લી કોર્ટમાં લીધા હતા. નંબર ૧ લાનો તારીખ ૧૫ મી વાળો એકરાર, કોર્ટની પડોશમાં ચોપાટ છે, તેના ઉપર લીધો હતો. પોસ્ટ ઑફિસ અને મારે ઘેર નંબર ૧ લાના કરાર લીધા હતા, તે બીજા લોકોની હજુરમાં ખુલ્લી રીતે લીધા હતા.

નંબર ૧ લાની તરફથી મિ૦ વાડિયાયે ઉલટ પાલટ તપાસ કરી:—નંબર ૧ લાના એકરારનો એક ભાગ, જે તા૦ ૧૫ મીએ મારે ઘેર લીધો હતો અને બીજો ભાગ ચોપાટમાં લીધો હતો. તે શિવાય બીજા બધા તહોમતદારોના એકરારો સવાલ જવાબના આકારમાં છે. મારે ઘેર જે એકરાર લીધો હતો, તે ૧૪ મી તારીખે મધરાતની પછી હતો. તે આશરે એક વાગે શરૂ કીધો. નંબર ૧ લાને નગરનો પોલીશ સુપ્રિટેન્ડેન્ટ, મારી પાસે લાવ્યો હતો. તેનો એકરાર સુપ્રિટેન્ડેન્ટ, જગન્નાથ અને મારી હજુરમાં લીધો હતો. જગન્નાથ એ નવાનગરની વરિષ્ટ કોર્ટનો જડજ છે. જગન્નાથ આવ્યા ત્યારે હું જમતો હતો. તે નંબર ૧ લાની સાથે આવ્યો કે નહીં, અને પોલીશ સુપ્રિટેન્ડેન્ટ તેઓથી આગળ આવ્યા કે પાછળ તે હું જાણતો નથી. હું જમી આવ્યો ત્યારે મેં બધાને જોયા. ૧૨॥ અથવા ૧ વાગે મેં તપાસ મુલતવી રાખ્યો, કેમકે તે વખત મોડું થયું હતું. નંબર ૧ લાનો, એકરાર લખવાની અગાઉ મેં તે બાબત નોંધ કરી હતી. પોલીશ સુપ્રિટેન્ડેન્ટે આવી મને કહ્યું કે, નંબર ૧ લાએ ગુનાહ કબૂલ કીધો છે અને તેનો એકરાર લખી લેવો જોઇએ. તે ઉપરથી મેં તપાસ પાછી ચાલુ કીધી. તપાસ પાછી ચાલુ કરવાનું મારૂં બીજું કંઇ કારણ નહોતું. અમે બીજે દહાડે સવાર સુધી ખોટી ન રહ્યા, કેમકે વખતે નંબર ૧ લો ફરી જાય. બીજો દાહાડો તેહેવારનો હતો. તા૦ ૧૫ મીએ ચોપાટમાં જે એકરાર લીધો, તે મારી યાદદાસ્ત પ્રમાણે બપોર પછી. તે પછી મેં તપાસ મુલતવી રાખી. "સવારમાં પાછી ચાલું થશે." એવો મેં નોંધ કીધો હતો. દરજીના છોકરાનો એકરાર જગન્નાથની કોર્ટમાં તા૦ ૧૪ મીએ સવારના ૭–૮ વાગે મારી હજુરમાં લીધો હતો. નંબર ૧ લાના એકરારનો ભાગ, જે મારે ઘેર લીધો હતો, તે સવાલ જવાબના આકારમાં નથી. તેનું કારણ એ કે નંબર ૧ લાએ એ એકરાર પોતાની રાજી ખુશિથી કર્યો હતો. તે કહેતો ગયો તેમ હું લખતો ગયો. બીજો એકરાર લેતી વખતે કોઇ ભાગમાં શક હોય તો દૂર કરવાને માટે મેં સવાલ પુછ્યા હતા, પણ તે સવાલો મેં લખી લીધા નથી. ચોપાટ નામની જગ્યામાં કોટવાલ અને પોલીશ રહે છે. તે જે ઘરમાં કોર્ટ છે તેમાંજ છે. આવતા જતા વકીલો ત્યાં બેસે છે. તેહે-

વારના દહાડામાં કંઇ જરૂરનું કામ હોય તો કોર્ટનું કામ ચોપાટમાં થાય છે. બીજે પ્રસંગે પણ કોર્ટનું કામ કોઇ કોઇ વેળા ચોપાટમાં થાય છે. ૧૪ મી તારીખે મધ્યરાતના જગન્નાથ મારે ઘેર શું કરવા આવ્યો હતો, તે મને માલમ નથી. મારે તે વેળા તેની સાથે કંઇ કામ નહોતું. તેને મારી સાથે કંઇ કામ હતું કે નહીં, તે હું જાણતો નથી. કોર્ટ ભરવાના કલાકો નેમ્યા છે. સવારમાં ૭ અથવા સાતથી દશ સુધી, બપોરના એકથી સાત સુધી અથવા જરૂર પડે તો તેથી વધારે વખત. દોઢ વાગે એકરાર લીધા પછી મેં તેને પોલીશ સુપ્રિટેન્ડેન્ટને સ્વાધીન કર્યો. તેણે તેને શું કર્યું તે સુપ્રિટેન્ડેન્ટ જાણે. તા૦ ૧૫ મી માર્ચના સવારમાં મેં હુકમ આપી રાખ્યો હતો, તે પ્રમાણે પોલીશ સુપ્રિટેન્ડેન્ટનાં માણસો ચોપાટમાં લેઇ આવ્યા. ૧૫ મી તારીખે ચોપાટમાં પેહેલ વેહેલાં હું કયારે ગયો, તેની મને યાદ નથી. જે ઘરમાં ચોપાટ છે તે ઘરમાં જગન્નાથની કોર્ટ નથી. ૧૫ મી તારીખે નંબર ૧ લે એકરાર કીધો તે વખતે ચોપાટમાં કોણ કોણ હાજર હતા, તેની મને યાદ નથી. કોટવાલનાં માણસો હાજર હોય. પોલીશ સુપ્રિટેન્ડેન્ટ બાબુ તે વખત હાજર નહોતો. કદાચિત પોલીશનું કોઇ માણસ ત્યાં હશે. નંબર ૧ લાનો એકરાર લખી લીધો તે વખતે તે પોલીશના સ્વાધીનમાં હતો. તેના એકરાર લખી લીધા પછી તા૦ ૧૫ મીની સાંજનાં તેને જેલમાં મોકલ્યો હતો. આ વાત હું યાદદાસ્ત ઉપરથી કહું છું. નંબર ૧ લાનો તે પછીનો એકરાર તા૦ ૧૯ મી માર્ચે લીધો હતો. તે વખતે મારે ઘેર અને ચોપાટમાં એકરારો કીધા હતા, તે પાછો નામુકર ગયો. પોસ્ટ ઑફિસમાં નંબર ૧ લાનો એકરાર લીધો હતો તે વખતે આશરે રાતના ૯ વાગ્યા હતા. તે વેળાએ ત્યાં જગન્નાથ, ચંદુલાલ, દિવાન અને બાબાજી એટલા હાજર હતા. પોસ્ટના કારકુન, શિપાઇઓ, પોલીશ સુપ્રિટેન્ડેન્ટ, બાહાર હતા.

એ એકરાર રાતના ૧૦॥ અથવા ૧૧ વાગે પૂરો થયો. અમે ૧૧ વાગે પોસ્ટ ઑફિસમાંથી ગયા. નંબર ૧ લાને પોલિશ સુપ્રિટેન્ડેન્ટને હવાલે કર્યો, કેમકે તે જામીન આપી શકયો નહીં. અમે બધા એકજ ગાડીમાં ગયા. હું અને ચંદુલાલ હવેલી આગળ ઉતરી પડયા. જગન્નાથ અને દિવાન આગળ ગયા. હવેલીમાં આશરે રાતના ૧૨ વાગે નંબર ૨ જાની પ્રતિજ્ઞા ઉપર સાક્ષી લીધી, તે રાતના ૧૨॥ વાગે પુરી થઇ. તે પછી અમે તપાસ મુલતવી રાખી અને હું મારે ઘેર જમવા ગયો. હું ઘેર પહોંચ્યો તે વખતે બાબુ અને નંબર ૧ લો મારે ઘેર નહોતા. હું જમતો

૭

હતો ત્યારે તે આવ્યા. પછી મેં ઉપર કહ્યું તેમ નંબર ૧ લાનો એકરાર લીધો. અમારા ગામનો એક કાયદો છે, તેને "ન્યાય દીપક" કહે છે, તેમાં ક્રિમિનલ અને પીનલ કોડ છે. ગુનાહની કબૂલાતો ઉપર બે જણાની સાક્ષીઓ કરવી જોઇએ એવી એક કલમ ઘણું કરીને તેમાં હશે. નગરમાં હું કોટવાલનું કામ કરૂં છું. તે કાયદાની ૨૯ મી કલમ મુજબ તેમાં આપેલા ફાર્મ પ્રમાણે બે જણાઓની સાક્ષીઓ કરવી જોઇએ, તે હું ના પાડતો નથી. તેમાં લખ્યું છે કે એવી સાક્ષિયોની જરૂર છે. તા૦ ૧૪ મી માર્ચે નંબર ૪ થાને મેં સાક્ષી દાખલ તપાસ્યો હતો, તે પછી નંબર ૨ જાની હવેલીમાં તેની સાક્ષી લેવા ગયા ત્યાં સુધી તેને પોલીશના તાબામાં નજર કેદ રાખ્યો હતો. તા૦ ૧૪ મી માર્ચ સાંઝે છ સાત વાગ્યાની વચ્ચે પોલીશ સુપ્રિટેન્ડેન્ટ નંબર ૪ થાનો નોંધ અને સોનાની લગડીયો લાવ્યો હતો. રાઘુને માફીની સર્ટિફિકેટ આપી, તે વખતે મેં તેનો ગુનાહ માફ કર્યો હતો. તે સાચું બોલે તો તેને માફ કરવા મેં આગળ કબૂલાત આપી હતી. બેંગીની ઘાલમેલ કરવામાં તે સામેલ હોય, એમ મને શક હતો તેથી તેને સર્ટિફિકેટ મળી.

તેણે ગુનાહ કીધો છે, એમ ધારી મેં સર્ટિફિકેટ આપી નહીં હતી. તે સર્ટિફિકેટ ઉપરાંત બીજી કોઇ તરેહની કબૂલાત મેં આપી નહીં. તેને જામીન ઉપર મેં મૂકયો હતો કે નહીં, તેની મને યાદ નથી. જો તેણે જામીન નહીં આપ્યો હોય તો, તેને મૂકયો નહીં હોય. તેની પાસેથી મેં જામીન માગ્યો હતો કે નહીં, તે બાબતનો મારી પાસે નોંધ મળતો નથી. નંબર ૨ જાને દશ હજારના જામીન ઉપર મૂકયો હતો. નંબર ૧ લાના મેં વીશ હજારના જામીન માગ્યા હતા. તા૦ ૧૮ મી માર્ચ સુધી નંબર ૨ જો છુટો હતો. તે દહાડે તેની પાસેથી જામીન લીધા હતા. તા૦ ૧૪ મી અને ૧૫ મી માર્ચને દહાડે તપાસ કરી, તે ઉપરથી તેની ઉપર કામ ચલાવવાને મને પુરતાં કારણો જણાયાં નહીં. તા૦ ૧૬ મી અને ૧૭ મી માર્ચે ચોરેલી બાકીની મતા મેળવવા માટે ઉપાય લીધા હતા, પણ તે મતા મેળવી શક્યા નહીં. નંબર ૩ જાને તા૦ ૧૬ મી માર્ચે રાતના પકડયો હતો. બ્રેગેંઝાએ આપેલા દાગીનામાં એક આંગળીની વિંટી બેંગીના મોકલનાર મૂલજીની ટીપમાં નહોતી, તે હું જાણું છું. એ બાબત તહોમતદારને પુછ્યું, તેણે સઘળું ના કહ્યું, તે ઉપરાંત તેના ધણી વિષે મેં બીજી કંઇ તપાસ કરી નથી. શક ઉપરથી પોલિશ સુપ્રિટેન્ડેન્ટે નંબર ૧ લાના ઘરનો ઝાડો લીધો હતો અને તેના ઘરમાંથી મળેલા

કેટલાક દાગીનાઓ મારી કોર્ટમાં હાજર કર્યાં હતા. તે દાગીનાઓ વિષે મેં કશી પુછપરછ કરી નહીં પણ સરન્યાયાધીશે કરી હતી. બાબુએ મને ખબર આપી હતી કે, તે દાગીના ટીપમાં લખેલા કેટલાક દાગીના જેવા દેખાય છે.

નંબર ૨ જાના તરફથી ઉલટ પાલટ તપાસ ઉભી રાખી.

મિ૦ ડિયાસે ઉલટ પાલટ તપાસ્યો:— જ્યારે માણસોને પકડવામાં આવેછે ત્યારે તેને ચોપાટમાં અથવા બાબુપાસે મોકલવામાં આવેછે, કે તેઓને જેલમાં મોકલવામાં આવે છે. તે ચોપાટમાં રહેછે. રાઘુને તહોમતદાર દાખલ પરેજ રાખ્યો નહોતો. જામીન આપે ત્યાંસુધી તેને પરેજ રાખ્યો હતો. તા૦ ૧૫ મી માર્ચે, તેની પાસેથી જામીન માગ્યો હતો એવિષે કંઇ લખેલું નથી, પણ રાઘુએ આપેલું ખત અને તેના ઉપર ૨૪ મી માર્ચની તારીખ છે, તે દાખલ કર્યું અને તેના ઉપર (16 A) ની નિશાની કરી તા૦ ૧૫ મી માર્ચે તેને મેં તહોમતદાર અને ખબર આપનાર દાખલ ચોપાટમાં મોકલ્યો હતો. જો તે ગુનેહગાર ઠરે તો એ ખબર આપનાર દાખલ ગણાય. જો ન ઠરે તો તહોમતદાર દાખલ ગણાય. નંબર ૩ જાને ૧૪ મી તારીખે મોઢેથી તપાસ્યો હતો. તેનો એકરાર લખી લીધો નહોતો, કેમંક તે પુરો નહોતો. તા૦ ૧૯ મી માર્ચે તેનો એકરાર લખી લીધો, ત્યાં સુધી તેને પાછો તપાસ્યો નહોતો. તા૦ ૧૫ મી માર્ચે નંબર ૧ લાને ને નંબર ૩ જાને જેલમાં મોકલ્યો હતો. રાઘુને પણ ચોપાટમાં મોકલ્યો હતો.

બીજા તહોમતદારો તરફથી ઉલટ પાલટ તપાસ થઇ નહીં.

સરકારી વકીલે પાછી તપાસ કરી:—તા૦ ૧૫ મી માર્ચે દરજીના છોકરાની સાક્ષી જગન્નાથની કોર્ટમાં લીધી હતી, તે દહાડે હોળીનો તહેવાર હતો. ગુલાલે ભરાઇ જશું એવી અમને બીક હતી, તેથી એ કોર્ટ ખુણામાં છે ત્યાં અમ આશરો લીધો (!) ૧૪ મી માર્ચ સને ૧૮૮૧ ની તારીખે નંબર ૨ જાની પ્રતિજ્ઞા ઉપર લીધેલી જુબાની સરકારી વકીલે દાખલ કરી, તેની સામે મિ૦ તૈયબજીએ વાંધો લીધો. કેમકે નગરના કાયદા અથવા ઇન્ડિયન ક્રિમિનલ પ્રોસેજર કોડમાં લખ્યા મુજબ બીજી જુબાની જેવી નથી; તોપણ આ કેસને કયો ધારો લાગુ પડેછે, તેની હાલ મને ચોકસ ખબર નથી. તેથી એ વાંધા વિષે વધારે દબાણ કીધું નહીં. તેના જવાબમાં કોર્ટે વળી એમજ કહ્યું કે, આવા કેસોની અંદર કોર્ટ

કાયદામાં લખેલી રીતિયો અને ક્રિયાઓ તરફ જોતી નથી, પણ એથી તહોમતદારના હકને કંઇ નુકશાન ન થાય તેજ માત્ર તપાસે છે.

કાર્ટના પુછવાથી કહ્યું:—રાઘુ દિવાનને બંગલે હતો. મને દિવાને બોલાવ્યો હતો. દિવાને મને કહ્યું કે, ચંદુલાલ રાઘુને લાવ્યા છે, એને માફી કરવી. એવી બોલીથી બેંગી બાબત તે કંઇ કહેવા ઇચ્છે છે, તેથી તમે એને તપાસો. દિવાને કહ્યું કે, તે ખરૂં બોલે તો તેને માફ કરજો. મેં તેનો એકરાર દિવાનની હજુરમાં લખી લીધો, તે પ્રતિજ્ઞા ઉપર લીધો ન હતો. રાઘુને તા૦ ૧૮ મીએ પ્રતિજ્ઞા ઉપર તપાસ્યો હતો. બેંગીમાં ઘાલમેલ કરવાનો અપરાધ મેં રાઘુ ઉપર મેલ્યો હતો. હું તેને તહોમતદાર દાખલ ગણતો હતો. જો તે સર્વે ખરી વાત ન કરે તો તેને તહોમતદાર દાખલ અને જો ખરૂં બોલે તો ખબર આપનાર દાખલ ગણવાનો મારો ઇરાદો હતો. ચંદુલાલે એક એકરાર કીધો હતો. મેં ચંદુલાલની સાક્ષી તા૦ ૧૮ મીએ લખી લીધી, તેણે તા૦ ૧૪ મીએ રિપોર્ટ કીધો હતો.

મિ૦ મૂલજીના પુછવાથી કહ્યું:—જામનગરના ક્રિમિનલ પ્રોસીજર કોડ તે આ છે (દાખલ કર્યો અને તેના ઉપર 19 C ની નીશાની કરી). મૂલજી પરમાનંદને પાછો બોલાવ્યો. કોર્ટના પુછવાથી તેણે કહ્યું:—બેંગીમાની જણસોની મેં બે ટીપો મોકલી હતી, એક પોસ્ટ મારફત અને બીજી બેંગીની સાથે બીડી હતી. તે ટીપો એક બીજાની નકલો હતી. એગ્ઝિબીટ 3 A એ બેંગીની સાથે બીડી મોકલી હતી કે, પોસ્ટ મારફત તે હું કહી શકતો નથી, કારણ કે બન્ને એક સરખી હતી. મને જે મણકા દેખાડવામાં આવ્યા તેના જેવા મણકા મેં મોકલ્યા હતા, પણ એ મણકા તેજ નથી.

તહોમતદાર નંબર ૧ લાને કોર્ટે પુછ્યું કે તમારી સામે સાક્ષી પડી છે, તે બાબત તમારે શું કહેવું છે, તેનો તેણે ઉત્તર આપ્યો કે:—મારા ઉપર જુલમ કરવામાં આવ્યો છે, એ ઉપરાંત મારે બીજું કંઇ કહેવું નથી અને તા૦ ૧૪ મીએ મિ૦ મકનભાઇના ઘરમાં મારો એકરાર લીધો છે અને તા૦ ૧૫ માની સવારના જે લીધો છે તે પણ જુલમથી લીધો છે. કોટવાલે કહ્યું તેમ તા૦ ૧૫ મીનો એકરાર ચોપાટમાં લીધો નથી, પણ મિ૦ જગન્નાથની કોર્ટમાં પોલીશ સુપ્રિટેન્ડેન્ટ અને મિ૦ જગન્નાથ, મકનભાઇ અને ચંદુલાલની સમક્ષ લીધો હતો. મિ૦ જગન્નાથે જેમ લખાવ્યું તેમ કોટવાલે લખી લીધું. હું પોલીશના તાબામાં છેટે બેઠો હતો અને

માત્ર તેના ઉપર સહી કરી, કેમકે પોલીશથી હું બીતો હતો અને મેં કહ્યું કે ખોદાથી બીહીને તમારે વાજબી ચાલવું જોઇએ. આ કેસ બાબત હું કશું જાણતો નથી. તેને એક ગાડામાં બેસાડયો હતો અને પોલીશ સુપ્રિ-ટેન્ડેન્ટે કહ્યું કે, અમસ્થી માર ખાઇશ. તારી આગળ મેલવામાં આવે તે ઉપર સહી કરી આપે તો સારૂં. પછી મને ગાડા ઉપરથી હેઠે ઉતાર્યો. હવેલીને રસ્તે થઇને દિવાનને ત્યાં લઇ ગયા.

મિ૦ મકનભાઇ કોટવાલ હવેલીમાં છે એમ નક્કી કરી મને દિવાનને ઘેર લેઇ ગયા. દિવાન ત્યાં જમતો હતો ત્યાં પોલીશ સુપ્રિટેન્ડેન્ટ ગયો અને પછી દિવાન સાથે દિવાનખાનામાં આવ્યા. તા૦ ૪ થી ફેબરવારીના હુકમની રૂએ મને જેટલી રકમ રાખવી જોઇએ તે કરતાં ઘણી મહોટી ર-કમ રાખી, તે બાબત તેણે પોસ્ટ ઑફિસના નોંધ ઉપરથી પુરવાર કરવા માગી કે "મનિ આરડરો" ના પૈસા પગાર કરવા સારૂ રૂપિયા ૪૦૦) થી વધારે રકમ રાખવાની જરૂર હતી. તા૦ ૧૫ મીની રાતના એક વાગે કો-ટવાલના ઘરમાં એકરાર લીધો, તે બાબત તેણે સોગંદ ખાધા કે, મિ૦ જગન્નાથને ઘેર મને લઇ ગયા પછી હું સુઇ ગયો. હું જાગ્યો ત્યારે જોયું તો કોટવાલે એકરાર લખેલો હતો. જગન્નાથ અને પોલીશ સુપ્રિટેન્ડેન્ટ લખાવતા હતા, તે વળી સુઇ ગયો અને પછી તેને સહી કરવા ફરમા-વ્યામાં આવ્યું. તે જાણ્યા વગર મેં સહી કરી, કેમકે તેને પહેલાં ધાસ્તી આપવામાં આવી હતી. તા૦ ૧૮ મી માર્ચનો ત્રીજો એકરાર તેને દેખા-ડવામાં આવ્યો, તે ઉપરથી નંબર ૧ લાએ કહ્યું કે મૂલજી પરમાનંદે જે દાગીના ઓલખ્યા તે બાબત હું કંઇ જાણતો નથી. રૂપિયા ૨૦૦૦) નો કંઇ પણ ભાગ મેં નંબર ૨ જા પાસેથી ઉધાર અથવા બીજી રીતે લીધો નથી. બેંગી નગરમાં સારી હાલતમાં આવી અને તે સારી હાલતમાંજ મોકલી હતી એમ હું ધારૂં છું. નંબર ૨ જાના કામ સારૂ હું તેને ત્યાં જાતો હતો.

નંબર ૨ જાને તથા નંબર ૩ જાને કોર્ટે પુછ્યું કે, તમારે કંઇ ક-હેવું છે? તેઓએ ઉત્તર વાળ્યો જે, અમારા બારિસ્ટરો અમારી વતી કહેશે. અમારે કંઇ કહેવું નથી.

તા૦ ૧૩ મી જુન સન ૧૮૮૧.

કોર્ટના સવાલના જવાબમાં નંબર ૪ થાએ કહ્યું કે, જામનગરમાં પ્ર-તિજ્ઞા ઉપર મારો એકરાર કોટવાલે લીધો છે, તેમાં મારે વધારો ઘટારો કંઇ કરવાનો નથી, કેમકે તેમાં બધું સાચે સાચું લખેલું છે. રાધુ પટા-

વાળાને બધા મળી એ રૂપિયા ૨૦૦૦) નંબર ૨ જાને હિસાબે અને મારી સમજ પ્રમાણે નંબર ૨ જાના ઉપયોગ સારૂ મેં આપ્યા હતા. રૂપિયા ૧૦૦૦) નંબર ૨ જાના કેટલાંક ઘરેણાં ઉપર પેહેલાં આપ્યા હતા, તેને બદલે નંબર ૨ જાએ બીજે દહાડે સોનાની લગડી આપી હતી. રૂપિયા ૧૦૦૦) બીજે દહાડે કેટલાંક ઘરેણાં ઉપર આપ્યા હતા, તેને બદલે બીજી એક સોનાની લગડી આપી હતી. રૂપિયા ૨૦૦૦) ધીર્યા તેની જામીનગીરીમાં એ બે લગડી ઉપરાંત મને કંઇ મળ્યું નથી. એક લગડી ૧૧૧) ગદિયાણા અને બીજી ૯૫) ગદિયાણાની હતી. પેહેલી લગડીનો થોડો ભાગ મેં વેચ્યો હતો. મને વેચવાની છુટ હતી. એ લગડીઓ પાછળથી પોલીશને હવાલે કરી હતી.

કોર્ટના સવાલના જવાબમાં નંબર ૫ માએ કહ્યું કે, હોળી કરતાં એક મહીનો અગાઉ, આશરે પાંચ ઇંચ લાંબી સોનાની લગડી નંબર ૩ જો મારે ત્યાં લાવ્યો હતો, તેનો કંઠો કરવા માંડ્યો હતો અને નંબર ૩ જો એ કંઠો દરરોજ પોતાને ઘેર લઇ જતો હતો. તેના ઘરમાંથી મણુકા અને સોનું પકડાયા તે વખતે તે કંઠો તઇયાર થયો નહોતો. હું નંબર ૩ જાને શાહુકાર સમજતો હતો. તેને સારૂ હું દોરો બનાવતો હતો. કોટવાલ આગળ મેં એકરાર કીધો છે, તેમાં કંઇ ફેરફાર અથવા વધારો કરવા ઇચ્છતો નથી.

કોર્ટે નિચે લખેલા તહોમતદારો ઉપર તહોમતો વધાર્યાં.

નંબર ૨ જાવાળા તહોમતદારની ઉપર—સન ૧૮૬૬ ના ૧૪ માં ધારાની ૪૮ મી અને ૫૨ મી કલમ મુજબ પોસ્ટ ઑફિસના એક નોકરે એક પારસલ દગાથી ફોડયો, તે ગુનાહમાં મદદ કરવાનો તથા ચોરેલી મતા બદદયાનતથી લેવાનો અને ઇન્ડિયન પીનલ કોડની ૪૧૧ અને ૨૦૧ કલમ પ્રમાણે સાક્ષી દબાવી દેવાના અપરાધ વધાર્યા.

નંબર ૩ જાવાળા તહોમતદાર ઉપર—સન ૧૮૬૬ ના ૧૪ માં ધારાની ૫૨ મી અને ૪૮ મી કલમોમાં કહેલો અપરાધ અને સરકારી નોકરને સાપરાધ વિશ્વાસઘાતમાં મદદ કરવાના ઇન્ડિયન પીનલ કોડની ૪૦૯ અને ૧૦૯ મી કલમમાં લખેલા અપરાધો વધાર્યા.

નંબર ૪ થાવાળા તહોમતદાર ઉપર —ઇન્ડિયન પીનલ કોડની ૪૧૧ અને ૨૦૧ કલમમાં લખેલા અધરાધો વધાર્યા.

નંબર ૨ જા, ૩ જા અને ૪ થા ઉપર નવા અપરાધો મેલ્યા, તે વિષે તેઓએ *"નાટ ગિલ્ટી"* કહ્યું અને તેઓના વકીલોએ વિશેષ અપરાધ

મૂકયા, તે બાબત પોતાના અસિલો તરફથી સાક્ષી બોલાવવા કે ફરિયાદી તરફથી જે સાક્ષિયો તપાસ્યા તેઓને પાછા બોલાવવા તે સવાલ વિષે વિચાર કરવા વખત માગ્યો, તે દરમિયાન સરકારી વકીલે એ કેસ જેટલો ચાલ્યો હતો તેટલા ઉપર ફરિયાદી તરફથી હકિકત કહી સંભળાવી અને જો તહોમતદારો તરફથી કંઇ સાક્ષી બોલાવવામાં આવે તો, તે વિષે જવાબ આપવા પોતાની સત્તા કાયમ રાખી. તેણે કહ્યું કે હું જાણું છું કે નંબર ૨ જા, ૩ જા અને ૪ થા તરફથી વાંધા લેવામાં આવ્યો છે કે, આ કોર્ટને તેઓને તપાસવાની સત્તા નથી, પણ બેશક આવી જાતના ઘણા કેસો આગળ કાઠિયાવાડમાં ઉભા થયા છે અને તેમાં આ કોર્ટની સત્તા વિરૂદ્ધ કંઇ વાંધા લેવામાં આવ્યા નથી. મજકુર બેંગી તારીખ ૨૫ મી ફેબરવારિએ રાજકોટ સહિ સલામત સારી હાલતમાં આવી પહોંચી અને તેવીજ સારી હાલતમાં તે નગર પહોંચી હતી, એ વાત કબૂલ રાખવામાં આવી છે; પણ જ્યારે બેંગી ખંભાલિયે અવી ત્યારે તેમાં ઢબુ ભરેલા માલમ પડયા. હવે સવાલ એ ઉભો થાય છે કે, આ દગો કયારે થયો, કયાં થયો અને કોણે કીધો ? નંબર ૧ લા બાબત તો સાક્ષી પૂર્ણ રીતે પડી છે અને તેણે એ ગુનાહ કીધો એમાં કશો શક નથી. તેણે પોતે એકરાર કીધો છે અને તે એકલો એકરારજ તેનો ગુનાહ સાબેત કરવાને પુરતો છે, પણ તે ઉપરાંત કોર્ટ હજુર પોસ્ટના સિપાઇ રાઘુની અને દરજીના છોકરાની સાક્ષી છે અને મિ૦ બ્રેગંજા જે, એ તહોમતદારનો મોહોટો મિત્ર હતો, તેની ઘણી અગત્યની તથા રદ ન કરી શકાય તેવી સાક્ષી કોર્ટ હજુર રજુ છે. બેંગીની અંદર જે દાગીના હતા, તેજ દાગીના તેને આપવામાં આવ્યા હતા અને તે દાગીના તેની પાસે કયાંથી આવ્યા, તે વિચારવાનું કામ કોર્ટનું છે. એ બાબત જાહેર કરવામાં તથા તે દાગીનાઓ સ્વાધીન કરવામાં મિ૦ બ્રેગંજાએ જે થોડી વાર લગાડી તે વિષેનો તેનો આપેલો ખુલાસો મનમાનતો છે. વળી એમ દેખાડવામાં આવ્યું છે કે, જે વખતે બેંગીમાં ઘાલમેલ થઇ તે વખતે નંબર ૧ લો પૈસાની તંગીમાં હતો. તેણે સરકારી પૈસા વાપરી ખાધા હતા, તે તેને ભરી આપવાના હતા. તેણે પોતાપાસે ઑફિસની મોહોટી શિલક રાખી હતી, જેમ કરવાની તેને કંઇ જરૂર નહોતી. એ ઘટાડો પુરો કરવા સારૂ તેણે નંબર ૨ જા મારફત રૂપિયા ૨૦૦૦) ઉછીના લીધા હતા તે વાપર્યા. અને તેણે એ કારણુસર બેંગીને નગરમાં રાખી મૂકી હતી, તે વિષે કંઇ શક રહેતો નથી. તારીખ ૨૭ મી ફેબરવારિયે

એંગી ન મોકલવાનું કારણ બતાવ્યું કે, તે દિવસ આદિતવાર હતો એ કારણ મનમાનતુ નથી, એમ પુરવાર થઇ ચુકું છે; કેમકે રવિવારે એંગિયો ન મોકલવા બાબત કંઇ કાયદો નથી. અને વળી ઘણી વખને નંબર ૧ લાએ પોતે રવિવારને રોજ ખંભાલિયે અને રાજકોટ એંગિયો મોકલી હતી. નંબર ૧ લો ગુનેહગાર છે એમ ધારિયે તો, નંબર ૧ લાનો એકરાર નંબર ૨ જા સામે મજબુત સાક્ષી છે. (મિ૰ તૈયબજીએ નંબર ૧ લાનો એકરાર નંબર ૨ જા સામે વાપરવા બાબત વાંધો લીધો, કેમકે બધા તહોમતદારોને એકજ અપરાધો ઉપર તપાસવામાં આવતા નથી. ઇન્ડિયન એવિડેન્સ આકટની ૩૦ મી કલમ દેખાડી. ફીલ્ડ ઓન એવિડેન્સ પાને ૧૩૩. ૧૯ W, R; ૫૪; ૧૦ બોમ્બે હાઇકોર્ટ ૧૯૫; અને ૧૧ બોમ્બે ૨૭૮–કોર્ટે પીનલ કોડની ૧૧૪ મી કલમ દેખાડી. છેવટે નંબર ૧ લાનો એકરાર નંબર ૨ જા સામે વાપરવા દેવાનો હુકમ થયો. એ બાબત વધારે તકરાર પાછળ ઉપર રાખી. નંબર ૩ જાની સાક્ષી સામે તેવાજ કારણથી મિ૰ તૈયબજીએ વાંધો લીધો, કેમકે તે એકરાર નહતો અને તેમાં ગુનાહ કબૂલ કરેલો નથી. કોર્ટે તે નંબર ૨ જા સામે વાપરવા ન દીધી, દરજીના છોકરાની તથા તારાચંદની સાક્ષી, રાઘુની જુબાની સાથે લેતાં પક્કી ઠરેછે. (મિ૰ તૈયબજીએ વાંધો લેવાથી નંબર ૪ થાની સાક્ષી નંબર ૨ જા સામેથી કાઢી નાખી). ચંદનહાર તથા ચોરણાકંઠીથી નંબર ૨ જાને શક આવવો જોઇતો હતો, કારણ કે એ દાગીનાઓ પારસીઓ બિલકુલ વાપરતા નથી, તે, તે જાણતો હોવો જોઇએ. ગયા માર્ચ મહીનાની તારીખ ૧૪ મીએ તેણે એકરાર કીધો હતો, તેમાં તેણે એ દાગીનાઓ વિષે સાવ અજાણપણું બતાવ્યું, પણ પાછલથી જ્યારે ચોરેલા દાગીના મિ૰ ગ્રેગંજાપાસેથી જક્ષ્યા તેના પરિણામની નંબર ૨ જાને ધાસ્તી લાગી, ત્યારે તેણે કોટવાલની કોર્ટમાં એક યાદ (તારીખ ૧૯ મી માર્ચ સન ૧૮૮૧ ને રોજ) રજુ કરી, તેમાં તેણે એ દાગીના મુંબઇ વેચવા મોકલ્યા હતા, તે કબૂલ કીધું હતું. એ દાગીના તેણે પોતાને નામે નહીં, પણ બીજાને નામે તથા એંગીમાં નહીં પણ રજીસ્ટર પોસ્ટ મારફત મોકલ્યા, એ તેની તરફનો સાપરાધ હેતુ દેખાડી આપે છે. એ એ દાગીનાઓનું વજન રજીસ્ટર લિસ્ટમાં આપેલા વજનને મલતું આવે છે, તે દાગીનાઓ લખવામાં આવેલા છે. નંબર ૩ જાની સામે નંનર ૧ લાનો એકરાર સાબિતી છે, તેથી તેનો પોતાનો એકરાર અને રાઘુની સાક્ષી એ તેને અપરાધી ઠેરવવાને પુરતાં છે. નંબર ૨ જાની હવે-

લીમાં પેટી લાવ્યા હતા, તે વખતે તે હાજર હતો. તે દરજીના છોકરાને બોલાવી લાવ્યો અને તેણે બેંગી શીવવા કહ્યું હતું. બેંગી સીવી તે વખતે હાજર હતો અને દરજીના છોકરાને દરવાજા સુધી પાછો પહોંચાડી આવ્યો હતો. દરજીના છોકરાની સાક્ષીના ખરાપણા વિરૂદ્ધ કહીં કેહેંવામાં આવ્યું નથી. નંબર ૪ થાની સામે રાઘુ અને દામોદરની સાક્ષીઓ છે. તેના ચોપડા જે બરાબર રીતસર રાખવામાં આવેલા છે તેમાંથી પાનાં ફાડયાં, એ વાત પોતે પણ કબૂલ કરે છે. એ ફાડેલાં પાનામાં રૂપિયા આપ્યા તેની વિગત તથા દાગીનાની વિગત લખેલી હશે. તેને પોતાના ગુનાહની માલમ હશે, નહીં તો તે પાનાં ફાડત નહીં. નંબર ૫ મો પોતાના એકરારમાં કબૂલ કરે છે કે, તેને જે સોનું આપવામાં આવ્યું હતું તે દોરામાંનું હતું. છેવટે સરકારી વકીલે કોર્ટને યાદ અપાવ્યું કે, આ બાબતમાં સરકારનો નાણાં સંબંધી હક રહેલો છે અને તેથી આ બાબત દાખલો બેસે તેમ કરવું.

તારીખ ૧૪ મી જુન સન ૧૮૮૧.

નંબર ૨ જાની ઉપર કોર્ટે નવા અપરાધો મેલ્યા, તેથી તેના બારિસ્ટરે કેટલીક નવી સાક્ષિયો આપી. તથા ફરિયાદી તરફથી જે સાક્ષીની જુબાની લેવાઇ ચુકી હતી, તેમાંના કેટલાક સાક્ષિયોને પાછા બોલાવ્યા.

ચિનિયા કાનજી દરજીના છોકરાને મિ૦ તૈયબજીએ ફરી તપાસ્યા તે ઉપરથી કહ્યું કે, મારો ભાઇ જેઠો અને વાહાલજી, આગળ કેટલીક વાર મારા ઘરમાં રહ્યા હતા, તેમને હું ઓળખું છું. પટાવાલો મને બોલાવા આવ્યો, તે વખતે તેઓ મારા ઘરમાં જમતા હતા કે નહીં, તેની મને યાદ નથી. મેં સાક્ષી આપી, તેની અગાઉ તે બાબત જેઠા અથવા વાહાલજી અથવા માધા દરજીસાથે મારે કંઇ વાત થઇ નથી. માહારાજના જેવો અથવા મહારાજ પોતે હતો, એવું મેં મિ૦ જગન્નાથની કોર્ટમાં અથવા સરન્યાયાધીશની કોર્ટમાં કહ્યું હતું કે નહીં તેની મને યાદ નથી. મેં સાક્ષી આપ્યા પછી એ બાબત મિ૦ જગન્નાથ સાથે કંઇ વાતચિત થઇ કે નહીં અથવા હું રાજકોટમાં તેને મળ્યો કે નહીં, અથવા તેથી એક દહાડો અગાળ કોર્ટની અંદર દિવાનની હજુર તેની સાથે. મેં કંઇ વાત કીધી કે નહીં તેની મને યાદ નથી.

કોર્ટને જવાબ આપતાં—સાક્ષીએ કહ્યું કે, કેટલો વખત થયાં હું નંબર ૨ જાને ઓળખું છું તે મને યાદ નથી. હવેલિયે બેંગી સિવવા ગયો

તેની અગાઊ મેં તેને જોયો હતો, પણ કેટલીવાર તે હું કહી શકતો નથી. સાક્ષીએ નંબર ૨ જાને પાંજરામાં બેઠેલો દેખાડયો.

જગન્નાથ ઇચ્છારામને મિ૦ તૈયબજીએ બોલાવ્યો. તેણે જુબાની આપી:—હું જામનગરની વરિષ્ટ કોર્ટનો જડજ છું. દરજીના છોકરાની સાક્ષી કોટવાલે લીધી, તે વખતે હું હાજર હતો. તેને પ્રતિજ્ઞા આપ્યા અગાઊ મેં કેટલાક સવાલો પુછ્યા હતા, તેના ચિનિયાએ જવાબ આપ્યા હતા. દરજીના છોકરાની મેં મોઢે તપાસ કરી તેની માત્ર મતલબ મને યાદ છે. એ બાબત સોગન ખાધાવગર સાક્ષીએ કહ્યું કે, એ દરજીના છોકરાએ કહ્યું હતું કે, માહારાજ જેવો કોઇ છેટે બેઠો હતો. આ હું મારી યાદદાસ્ત ઉપરથીજ માત્ર કહું છું. મેં એ દરજીને કોર્ટની અંદર એક દહાડો અગાઊ જોયો હતો ને તેની સાથે મારે વાત થઇ હતી, તે વેળાએ દિવાન તેની સાથે હતો. દરજીએ માહારાજ જેવો કોઇ બેઠો હતો એવું કહ્યું, તે વિષે તેની સાથે તેને આગલે દહાડે અથવા કોઇ પણ વેળાએ વાતચિત થઇ નથી. નંબર ૨ જાને માજીમહારાજ વચ્ચે કજીઓ છે, તે આખું નગર સારી પેઠે જાણે છે. એ બાબત રીતસર કોર્ટ આગળ લાવવામાં આવી નથી.

ઉલટ પાલટ તપાસતાં દરજીના છોકરાએ ત્યાં જે પુરુષ હાજરહતો, તે મહારાજ જેવો હતો એવું કહ્યું, તે વાત કોઈ આગળ મેં કરી હોય એવું મને યાદ નથી. ગયા માર્ચ મહીનાની ૧૪ મી તારીખની સાંઝે નંબર ૧ લાનો એકરાર લખવામાં આવ્યો, તે વખતે નગરની પોસ્ટ ઑફિસમાં હું હાજર હતો. હું દિવાનને ત્યાં ૧૨ વાગે ગયો હતો અને દિવાનના હુકમથી અને દિવાનને ઘેરથી નંબર ૧ લા અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાથે કોટવાલને ઘેર ગયો હતો. પોલીસ સુપરિટેન્ડેન્ટ માજીસ્ટ્રેટની પાસેથી નંબર ૧ લાનો એકરાર લખાવી લે તે જોવા હું ગયો હતો. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ એકરારો લખાવી લે તેની સાથે જવાનું મારૂં જાતુનું કામ નથી. મારૂં કામ વરિષ્ટ કોર્ટના જડજ લેખે ફોજદારી અપીલો સાંભળવાનું છે. આ કેસને હું પોલિટિકલકેસ દાખલ ગણતો હતો, કેમકે એમાં અંગ્રેજ સરકારના લાભ રહેલા હતા અને તેથી જામસાહેબના દરેક અધિકારીની આ તપાસમાં મદદ કરવાની ફરજ હતી; તેથી પોલિસના આધિકારીઓ પોતાની ફરજ બજાવે તેની સાથે જવામાં વરિષ્ટ કોર્ટના જડજ લેખે મારી પદ્વીને મેં અયોગ્ય ગણ્યું નહોતું. તે

વખતે એ કેસ છેવટ મારી કોર્ટમાં આવશે કે નહીં અથવા એ કેસની નગરમાં તપાસ થશે કે નહીં તેનું નક્કી થયું નહોતું.

કોર્ટને ઉત્તર આપતાં—કોટવાલના કારકુને તા૦ ૧૪ મી માર્ચને દહાડે નંબર ૧ લાનો એકરાર લખી લીધો, તે વખતે રાતના ૧૧ થી ૧૨ વાગ્યા હતા, મેં તે લખાવ્યું નહોતું. નંબર ૧ લાએ તેના ઉપર સહી કરી હતી.

ચંદુલાલ મથુરાદાસને ફરી બોલાવી પુછતાં કહ્યું:— કોટવાલે દરજીના છોકરાને પ્રતિજ્ઞા આપી, તેની અગાઉ જગંનાથે તેને સવાલો પુછ્યા, તે વખતે હું હાજર હતો. દરજીના છોકરાએ માહારાજના જેવો કોઇ બેઠેલો હતો એમ નહોતું કહ્યું, પણ મહારાજ પોતે ત્યાં હાજર હતો એમ કહ્યું હતું, એવી મને ખાત્રી છે. સન ૧૮૭૯ ના જુન મહીનાની અંદર કાઠિયાવાડમાં પારસલોનો વીમો ઉતારવાનું બંધ કીધું હતું કારણ કે મોહોટી ચોરિયો થતી હતી. વીમો ઉતારવાનું જામનગરમાં હજુ ચાલુ કીધું નથી.

ઉલટ પાલટ તપાસતાં કહ્યું :—કેટલાક મહીના થયાં મને એવો રિપોર્ટ કરવામાં આવ્યો હતો કે, રજીસ્ટર લિસ્ટમાં નોંધ્યા વગર એક બેંગી રાજકોટ આવી હતી. એક વેળાએ રજીસ્ટર લિસ્ટ શિવાય બેંગીનો એક આખો ગાંસડો રાજકોટ આવ્યો હતો, તેની મને યાદ નથી.

પ્રેમજી લીલાધરે જુબાની આપી:— ગોકલદાસ તેજપાલ મર્ણ પામ્યો છે, હું તેના ઘરમાં રહું છું અને તેનો સગો થાઊં છું. હમણાં મને બે દાગીના દેખાડ્યા, તેવા બે દાગીનાની એક બેંગી ગિરધર પુરૂષોત્તમ તરફથી મને થોડા મહીના ઉપર મળી હતી. જે કાગળ મને હમણાં દેખાડયો તે બેંગીની અંદર હતો. તેમાં તા૦ ૨ જીની માર્ચની મિતિ છે અને તે નંબર ૨ જાના હાથ અક્ષરનો છે. ૧૦–૧૨ દહાડા સુધી મેં એ દાગીના રાખી મૂકયા પણ વેચ્યા નહીં, કેમકે હું એક કેસમાં રોકાયલો હતો. દાગીના પાછા મંગાવ્યા તે બાબતનો કાગળ તેના કવર સુધાં હું હાજર કરૂં છું, તેમાં જે સાક્ષીએ દાગીનાની પહોંચ આપી હતી તેનો એક કાગળ હતો.

ઉલટ પાલટ તપાસતાં કહ્યું :—નગરથી રાજકોટ હું મારી ખુશિથી આવ્યો છું. મુંબઇથી પેહેલાં હું નગર ગયો હતો અને નંબર ૨ જાનો ભાઇ જ્યાં રહેતો હતો ત્યાં હું પણ રહેતો હતો. તપાસ ચાલતી તે

વેળાએ દરરોજ હું કોર્ટમાં જતો. ગોકલદાસ તેજપાલની વિધવા શામાવહુ, જે પોતાને હિસાબે વેપાર કરે છે, તેના મુનિમ દાખલ હું કામ કરૂં છું. બીજા કોઇનું હું કામ કરતો નથી. ૪–૫ વર્ષ થયાં નંબર ૨ જા સાથે હું પોતે કાગળ પત્રથી કામ ચલાવું છું. બીજી કોઇ વેળાએ નંબર ૨ જાએ દાગીના વેચવા મોકલ્યા હતા કે નહીં, અથવા તે પોતાને નામે અથવા કોઇ બીજાને નામે મોકલ્યા હતા કે નહીં, તેની મને યાદ નથી. હું બાર મહીના થયાં ગિરધર પુરૂષોત્તમને ઓળખું છૂં. એંગીઉપરનું શિરનામુ વાંચી હું સમજ્યો કે, એ દાગીના નંબર ૨ જા પાસેથી તથા નગરથી આવેલા છે. જરૂર પડે તો સાક્ષી આપવાની મેં માગણી કરી હતી.

સુંદરજી મેઘજીએ જુબાની આપી:—હું નંબર ૨ જાને ઓળખું છું. સંવત ૧૯૩૬ ના ભાદરવા અથવા આશોની અંદર નંબર ૨ જાએ એક સીલ કરેલી એંગી મને આપી હતી, તેમાં શિરપેચ હતો. તે મુંબઇમાં વેચવા મોકલવા આપી હતી, અને મને સાંભરે છે તે ઉપરથી કહું છું કે, મેં મારા આડતિયા હીરજી લીલાધરઉપર મારે નામે મોકલી હતી. ભાવ સારો ન આવ્યો તેથી મારા આડતિયાએ દશબાર દહાડા પછી મારા નામે પાછી મોકલી. તે મેં નંબર ૨ જાને હવાલે કરી. મને હમણાં શિરપેચ દેખાડવામાં આવ્યો, તે એજ શિરપેચ. માત્ર તેમાં વચ્ચે હીરો હતો . તે નથી (સાક્ષિએ હીરો ઓળખ્યો હતો).

ઉલટ પાલટ તપાસતાં—એંગીનો મને રસીદ મળી હતી કે નહીં, તેની મને યાદ નથી.

ફરી તપાસતાં :— મને હમણાં જે બાકસ દેખાડયું તેજ બૅાકસમાં શિરપેચ મુંબઇથી પાછો આવ્યો હતો, તેના ઉપર કાંઇ લપેટેલું નહોતું.

હીરજી લીલાધરને બોલાવ્યો, તેણે જુબાની આપી :—હું નંબર ૨ જાને તથા છેલા સાક્ષીને ઓળખું છું. હું તેનો મુંબઇનો આડતીઓ હતો. ગયા ભાદરવા મહીનાની અંદર તેની પાસેથી મને એક શિરપેચ મળ્યો હતો, તેની કિમ્મત સારી ન ઉપજી તેથી, જે બૅાકસ મને હમણાં દેખાડવામાં આવ્યું, તેમાં ઘાલી વીમો ઉતારી પાછું મોકલ્યું. સુંદરજીએ લખ્યું હતું તે ઉપરથી તે શિરપેચ નંબર ૨ જાનો છે, તે હું જાણતો હતો. જે કાગળ મને હમણા દેખાડવામાં આવ્યો હતો, તે કાગળ મેં એ બૅાકસમાં નાંખ્યો હતો. (આશો વદ ૧ સંવત ૧૯૩૬) અને તે નંબર ૨ જાને દેખડાવ્યો.

ઉલટ પાલટ તપાસ :—શામાવહુ, તથા પ્રેમજી લીલાધરનો હું સગો

થતો નથી. એ બિયોની મને રસીદો મળી છે, તે મુંબઇમાં છે. હું મારી સાથે લાવ્યો નથી, કેમકે મને લેઇ આવવા કહ્યું નહોતું.

તારીખ ૧૫ મી જુન સન ૧૮૮૧.

ધનજી ગોકુલદાસે, નંબર ૪ થાના ચોપડામાંથી નંબર ૨ જાનું ખાતું દેખાડયું અને તેને નંબર ૪ થાના ચોપડા બાબત હિસાબ રાખવાની રીતિવિષે ઘણી લાંબીવાર તપાસ્યો તથા ઉલટ પાલટ તપાસ્યો.

નંબર ૫ માએ પોતાના સાક્ષી દાખલ નગરદરબારની નોકરીમાંના એક રજપુત સવારને બોલાવ્યો. તેણે કહ્યું હોળીથી આશરે એક મહીનો અગાઉ હું નંબર ૫ માંની દુકાને બેઠો હતો. નંબર ૩ જો ત્યાં આવ્યો તે મેં જોયો અને તેણે નંબર ૫ માને એક કંઠો કરવા કહ્યું. તેણે તે બનાવવા સારૂ તે વેળાએ સોનાનો એક કટકો પણ આપ્યો હતો.

ઉલટ પાલટ તપાસતાં સાક્ષીએ કહ્યું—જે વખત વિષે હું સાક્ષી આપું છું, તેની અગાઉ હું નંબર ૫ માને ઓળખતો નહોતો અને હું જેટલીવાર તેની દુકાને હતો ત્યાં સુધી નંબર ૫ માંની દુકાને નંબર ૩ જા શિવાય કોઇને આવેલો મેં જોયો નહોતો.

પ્રતિવાદીઓ તરફથી કેસ બંધ થયો.

તારીખ ૧૬ મી જુન સન ૧૮૮૧ ને રોજ તહોમતદારો તરફથી બારિસ્ટરોએ કરેલાં ભાષણ.

મિ૦ વાડિયાએ નંબર ૧ લાવાળા તહોમતદાર દાદાભાઇની તરફથી કોર્ટ આગળ ભાષણ કર્યું :—હું ધારૂં છું કે, આ લાંબી તપાસની અંદર કોર્ટે જે ધીરજ દેખાડી છે, તે ધીરજથીંજ કોર્ટ મારૂં સાંભળશે. આ કેસની વાતો ઘણી સાદી છે. આ કબૂલ કરવામાં આવ્યું છે કે, વાંધાવાળી બેંગી નગર સારી હાલતમાં આવી પહોંચી અને નગરમાં તે ખચ્ચે ધાલમેલ થઇ હતી, પણ તેને ખરેખરી કેમ અને કોણે ફોડી તેની પક્કી સાક્ષી પડી નથી. એવું દેખાડવામાં આવ્યું છે કે, બેંગીમાંના કેટલાએક દાગીના નંબર ૨ જાપાસેથી મળ્યા હતા અને તેણે મુંબઇ મોકલ્યા હતા. સો-

નાની બે લગડિયો વિષે એવી અટકળ થાય છે કે, બીજા દાગીના ગાળીને એ લગડી બનાવી હતી. સાક્ષી એવી પડી છે કે, એ સોનાની જામીનગિરી ઉપર નંબર ૨ જાની વતી અને બીજાને નામે નંબર ૪ થાનીપાસેથી રૂપિયા ૨૦૦૦) કહડાવ્યા હતા. એ પૈસાની પહોંચો નંબર ૨ જાના નામની હતી, અને તે પાછળથી તેનેજ આપવામાં આવી હતી; પણ તેનું શું થયું તે વિષે કંઇ પક્કી સાક્ષી પડી નથી. એ બેંગી ફોડવા અને તેમાંનો માલ પોતાના ઉપયોગમાં ગેરરીતે વાપરવા નંબર ૧ લો સામેલ હતો, એ વિષેનો માત્ર રાઘુ પટાવાળો સાક્ષી છે. રાઘુની સ્થિતિ નવાઇ જેવી અને ઘણી રીતે અસાધારણ હતી. તેને કોર્ટની અંદર એક માફ કરેલા ગુનાહના સામેલગાર માણસ દાખલ લાવવામાં આવ્યો છે. તેને પકડવામાં આવ્યો તે વખતથી તે કોર્ટ આગળ લાવવામાં આવ્યો ત્યાંસુધી, પગલે પગલે તપાસ્યે તો એટલોજ સાર નિકળી શકે છે કે, તેની જુબાની એક સરકારની સાક્ષી દાખલ નહીં, પણ એક તહોમતદાર અને ગુનાહમાં સામેલગાર માણસની હતી; પણ ક્રિમિનલ પ્રોસેજર કોડની ૩૪૭ મી કલમ મુજબ તેની માફી તદ્દન ગેરકાયદે હતી, કેમકે તેને જે માફી બક્ષવામાં આવી તે એ ગુનોહ થયો અને તે કરવામાં બીજું દરેક માણસ સામેલ હોય, તે વિષે તેની જાણ પ્રમાણે તેને લગતી સર્વ બીનાનો ખરો અને પુરો ઉઘાડ કરવાની બોલીથી આપવામાં આવી નહોતી, પણ પોતાને તદ્દન વેગળો રાખી બીજા તહોમતદારો ઉપર ગુનાહ સાબીત થાય એવું કહેવાની બોલીથી આપવામાં આવી હતી. આ આખા કામમાં સત્તાવાળાએ એની સાથે જે બારીક રીતે વર્ત્યા છે, તે ઉપરથી કેટલોક શક ઉત્પન્ન થાય છે. ચંદુલાલે પોતાના ઘરમાં નંબર ૧ લાની ગેરહાજરીમાં એને તપાસ્યો, તેને માફી આપવાની કબૂલાત આપી. ૧૮ મી માર્ચને દહાડે માફીની સર્ટિફિકેટ તેને મળી, ૨૪ મી તારીખે તેને છોડયો અને તે પછી આજસુધી કોઇ પણ કામ ન કરતાં ચંદુલાલના સ્વાધીનમાં રહ્યો છે. માફીની સરતથી બીજા તહોમતદારોની વિરૂદ્ધ જેમ બને તેમ વધારે અને પોતાની વિરૂદ્ધ જેમ બને તેમ થોડું કહેવાની તેને હિંમત આવવી જોઇએ. એ માફી ક્રિમિનલ પ્રોસેજર કોડમાં કહી છે તેવી નથી, તેમ કોર્ટના ધ્યાનમાં વાજબી આવે તેવી નથી. જો એમજ છે તો, એ બેંગી હવેલિએ લઇ જવા, તેને ફોડવા અને તેમાના માલનો ગેરઉપયોગ કરવા નંબર ૧ લાની સામેલગિરી બાબત જે તેણે સાક્ષી આપી છે, તે સાવ પડી ભાગે છે. પણ આ વાત કબૂલ રાખવામાં ન આવે, તોપણ રાઘુએ જે જુબાની

આપી છે, તે ઘણે દરજ્જે અસંભવિત છે. નગરની પોસ્ટ ઑફિસમાં તા૦ ૨૫ મી ફેબ્રુવારીથી ૧ લી માર્ચસુધી બેગી રોકી રાખી, એ વાત ઉપર ફરિયાદી તરફથી ઘણો ભાર મૂકવામાં આવે છે, તે બાબત તો ચંદુલાલ પોતે પણ કબુલ કરે છે કે, તા૦ ૨૬ મી અને ૨૮ મી ફેબ્રુવારીએ રોકાણ થયાનું કારણ નંબર ૧ લાએ આપ્યું, તે મનમાનતું હતું અને તા૦ ૨૫ મી ફેબ્રુવારી અને ૧ લી માર્ચે એટલે બેંગી લાવ્યા અને બેંગી રવાના કર્યાને દહાડે જે રોકાણ થયું, તે વિષે કંઇ ખુલાસો જોઇતોજ નથી. તેથી તા૦ ૨૭ મી માર્ચે જે રોકાણ થયું તેના ખુલાસાથીજ તેને સંતોષ થયો નહોતો. તે દિવસે રવિવાર હતો, પણ પારસલ નોંધવાની બૂકો તપાસી જોતાં જણાય છે કે, નંબર ૧ લાએ રવિવારને દહાડે પારસલો મોકલ્યાં નથી, તેવો રવિવાર માત્ર આજ નહોતો. તા૦ ૧ લી જાનેવારીથી તે ૨૭ મી ફેબ્રુવારી સુધી નગરની પોસ્ટ ઑફિસમાંથી કોઇ પણ પોસ્ટ ઑફિસમાં તેણે એકે રવિવારે પારસલ મોકલ્યાં નહોતાં. એ ઑફિસના નિયમથી વિરૂદ્ધ અને ખોટું હોય પણ બે મહીના અગાઊથી જે નંબર ૧ લો કરતો હતો, તે તેણે તા૦ ૨૭ મી ફેબ્રુવારીએ કીધું; તેથી તા૦ ૨૭ મી ફેબ્રુવારીને દહાડે બેંગી રોકી રાખવાના તેના ખુલાશાથી ચંદુલાલને ખાત્રી થવી જોઇતી હતી, અને તેનું નિરપરાધીપણું જણાય છે. વળી ફરિયાદી તરફથી રાજકોટના પોસ્ટ ઑફિસના કારકુનને બોલાવવામાં આવ્યો હતો અને તેણે કહ્યું કે, ૭ સાત દહાડાનું રોકાણ એ બિનશિરસ્તે નહોતું. જો એમજ હોય તો, નંબર ૧ લાએ જે કહ્યું હતું તે વાજબી હતું અને તેનો ખુલાસો મનમાનતો હતો. બેંગી હવેલીએ લઇ ગયા, તે વિષેની સાક્ષી માત્ર રાઘુનીજ છે, પણ એવું બતાવવામાં આવ્યું છે કે, પોસ્ટ ઑફિસની જગ્યા અને ત્યાંથી હવેલીએ જવાનો રસ્તો એવી રીતે આવેલો છે કે, રાઘુના હાથમાં બેંગી આપીને નંબર ૧ લો ખરેખર ગયો હોય તો, પોસ્ટ ઑફિસના કારકુન અથવા પોસ્ટના દોડનારાઓમાંના કોઇએ તેને જોયો હોય; તોપણ રાઘુ આવું પારસલ લેઇને નંબર ૧ લાની સાથે હવેલીએ ગયો, એવી જે તેણે જુબાની આપી છે, તેને પુષ્ટિ આપવા કોઇ પણ કારકુન અથવા દોડનારાને બોલાવ્યો નથી. આવી પુષ્ટિને માટે ફરિયાદી તરફથી ખરેખરી તજવિજ થઇ હશે, પણ કોઇ મળી આવ્યું નહીં. વળી રાઘુના હાથમાં આવી મોહોટી વસ્તુ આપીને નંબર ૧ લો હવેલીએ ગયો હોય એ વાત અસંભવિત લાગે છે, કેમકે શેહેરના દરવાજા આગળ જામનાં માણસો એવિષે પુછપરછ

કર્યાં વગર રહેશે નહીં એ તે જાણતો હશે. રાઘુએ કબુલ કીધું છે કે, શક પડત તો જામના લોકો તેને અટકાવત. એક જાડા ટુવાલની અંદર બૅાકસ વિંટીને તે એક બીજા લુગડામાં વિંટયું, તેથી તે એક મોટું પાર્સલ થવું જોઇએ અને તોપણ એ બાબત તેને કોઇએ એકે સવાલ પુછયો નહીં, એ એક નવાઇની વાત છે. રાઘુ કહે છે કે, નંબર ૧ લો બપોરના બેથી તે રાતના આઠ વાગ્યા સુધી ૭ કલાક હવેલીમાં રહ્યો હતો. આવે કામને દહાડે આવી લાંબી ગેરહાજરી નંબર ૧ લાના હાથ નિચેના માણસોના ધ્યાનમાં નહીં રહી હોય એમ તો નહીં હોય, તોપણ તે વિષે સાક્ષી આપવા કોઇને હાજર કર્યો નથી. વળી રાઘુએ કહ્યું કે, ગામના લેટર બૅાકસો સાફ કરી અને પોસ્ટ ઑફિસમાં દીવો કર્યાં પછી તેજ દહાડે આશરે દીવા વખતે હવેલીમાં પાછો જઇ નિચે બેઠો હતો, પણ દરજીનો છોકરો જે આશરે સાત વાગે બેંગી શિવવા ગયો હતો અને જે એક સ્વતંત્ર સાક્ષી છે તે સાફ સોગન ખાઇને કહે છે કે, હવેલી માંહે જતાં અથવા બાહાર આવતાં તેણે હવેલી પાસે કોઇને જોયો નહોતો, પણ રાઘુ છથી સાત વાગે ત્યાં હતે તો તેને ખચીત જોયો હતે. રાઘુ કહે છે કે, તે પેહેલાં રૂપિયા ૫૦૦) નંબર ૧ લાને માટે નંબર ૪ થાની પાસેથી નંબર ૨ જાના હુકમથી અને તેને હિસાબે લાવ્યો હતો. નંબર ૧ લો જાણતો હતો કે, શેહેરના દરવાજા રાતના નવ વાગે બંધ થઇ જાયછે ત્યારે રાતના એટલે મોડે પૈસા લાવવા કહ્યું હોય, એ વાત અચરત ભરેલી છે રાતના આટલા મોડા મગાવવાને બદલે બીજે દહાડે સવારે વહેલો કાં ન મોકલ્યો. તેથી તો માત્ર રાઘુ તે રૂપિયા લેઇ તે રાતના પોતાને ઘેર રાખે અને બીજે દહાડે સવારના તેની પાસે લાવે એમ બને. વળી આ થોડી નવાઇની વાત નથી કે, રાઘુ રૂપિયા ૫૦૦) જેટલી મોટી રકમ પોતાને ઘેર આખી રાત રાખવાને હિંમત કરે. ખરી વાત તો એ હતી કે, રાઘુ રાતના તે પૈસા નંબર ૧ લાને માટે નહીં, પણ નંબર ૨ જાને માટે લાવ્યો હતો. પછી એ રૂપિયા ૫૦૦) બીજે દહાડે સવારના નંબર ૧ લા પાસે લાવી, તેના ટેબલ ઉપર મૂક્યા. નંબર ૧ લાએ ત્રીજોરીમાંથી બીજા રૂપિયા ૨૦૦) કહાડી તેમાં ઉમેર્યા અને તે બધા એક બેંગીમાં ભરીને રાજકોટ રવાના કર્યા; તોપણ આ કામ કરતાં તેને કોઇએ જોયો નહીં. આ પ્રમાણે રાઘુનું કહેવું છે. અને તેને બીજી કોઇ સાક્ષીથી ટેકો મળ્યો નથી. તોપણ લેખી સાક્ષી છે કે, નંબર ૧ લાએ રૂપિયા ૭૦૦) તા૦ ૧ લી માર્ચે નહીં, પણ ૨૮ મી ફેબરવારીએ મોક-

લ્યા હતા. રાધુ કહે છે કે, નંબર ૧ લાને માટે બીજા રૂપિયા ૫૦૦) હું લાવ્યો, ત્યારે પેહેલી રકમ જેમ છાની રાખી હતી તેમ રાખી નહોતી. તોપણ રાધુ એ રકમ ખરેખરી લાવ્યો હતો, એ વાત સિદ્ધ કરવાને કોઇ પણ કારકુનને હાજર કર્યો નથી. ખરી વાત તો એ છે કે, બીજી રકમ પણ નંબર ૧ લા માટે નહીં, પણ નંબર ૨ જા માટે લાવવામાં આવી હતી. રૂપિયા ૮૧૫) ની બીજી રકમને નંબર ૧ લા આગળ રાધુ લેઇ આવ્યો હતો એમ કહેવામાં આવે છે, તે વખત કાનજી પટાવાળો હાજર હતો અને એ રકમ તેણે જોઇ હતી, પણ તેને પણ હાજર કરવામાં આવ્યો નથી. તેમ તા૰ ૨ જી માર્ચની સવારમાં નંબર ૧ લા માટે બીજા રૂપિયા ૧૮૫) રાધુ લાવ્યો એમ જે રાધુ કહે છે, તેને પણ કોઇ સાક્ષીથી પુષ્ટિ આપી નથી. આટલા ટુંકા વખતમાં આટલી મોટી રકમ રાધુ લેઇ આવ્યો, તે વાત સિદ્ધ કરવાને કોઇ પણ સાક્ષી રજુ કરવામાં આવ્યો નહીં, એ અજાયબી ભરેલી વાત છે. ચંદુલાલે કબૂલ કીધું છે કે, નંબર ૧ લાને નોકરી ઉપરથી વેગળો કરવાની અગાઊ મેં તેનો હિસાબ તપાસ્યો નહોતો. તેમ હિસાબ તપાસવાની મારી ફરજ છે, એમ હું સમજ્યો નહોતો તથા આજ દિવસ સુધી તેના હિસાબ બાબત નંબર ૧ લાને ખુલાસાનો એક શબ્દ પણ પુછ્યો નથી. ચંદુલાલ ખુદની વિરૂદ્ધ કંઇ પણ બોલ્યા શિવાય હું કહેવાની ફરજ સમજુછું કે, ચંદુલાલે એક જોખમદાર અધિકારી લેખે પોતાની ફરજ બજાવી નથી. પણ જે પુરૂષોએ પોતાની મતલબ સારૂ નંબર ૧ લાની વિરૂદ્ધ વાત જોડી કહાડી છે, તેના હાથમાં ભુલાવો ખાધો છે અને રાધુનું કહેવું એકદમ માની લેવાને બદલે તેણે વધારે પુછપરછ કરી હોત તો બીજાના હાથમાં તે એટલો વેહેલો હથિયાર બનત નહીં. ચંદુલાલે કહ્યું કે, તા૰ ૪ થી ફેબરવારીના ફરમાન મુજબ નંબર ૧ લાએ રૂપિયા ૪૦૦) થી વધારે પોતા પાસે રાખવા જોઇતા નહોતા. પછીથી એટલો ફેરફાર કર્યો કે, જેમ જરૂર હોય તે પ્રમાણે રૂપિયા ૪૦૦) થી વધારે રકમ રાખે. વળી તેણે દેખાડયું કે, તા૰ ૨૪ મી ફેબરવારી અને તે પછીના દિવસોએ નંબર ૧ લાએ વગર જરૂરિયાતે પોતા આગળ મોટી રકમો રહેવા દીધી; પણ રૂપિયા ૪૦૦) થી વધારે રકમ ભરવાની નહતી, એ બાબતનો કંઇ પણ પુરાવો આપ્યો નથી. અથવા ફરિયાદી તરફથી અઠવાડિયાના હિસાબના આંકડા રજુ કરવામાં આવ્યા છે તે ઉપરથી માલમ પડે છે, તેમ નંબર ૧ લાએ રૂપિયા રાખ્યા, તે વાત છાની રાખી નથી. માર્ચની

શરૂઆતમાં રૂપિયા ૧૫૦૦) ની મોટી રકમ વગર જરૂરિયાતે રાખી મેલી એમ કહેવાય છે, તે રકમ તા૦ ૭ મી માર્ચે મનિ ઑારડરોના પૈસા ભરવા અને બીજા કાયદાસર ઉપયોગમાં આપવાથી માત્ર ઘટીને રૂપિયા ૨૭૧) ની રકમ થઇ હતી. વળી રાઘુની સાક્ષી વિષે વિચાર કરતાં, રાઘુએ રૂપિયા ૨૦૦૦) ની પહોંચો આપી હતી, તે નંબર ૪ થા પાસેથી પાછી લાવ્યો, તે વાત નંબર ૧ લાની વિરૂદ્ધ કેમ જઇ શકે. સાક્ષી એમ પડી છે કે, એ પૈસા નંબર ૨ જાને ખાતે ઉધાર્યા હતા અને પહોંચો નંબર ૨ જાના કહ્યાથી નંબર ૪ થાએ ચોપડામાંથી પાછળથી ફાડી હતી. જો એ પહોંચો રજુ થઇ હોત તો નંબર ૧ લાને નહીં, પણ નંબર ૨ જાને ખમવું પડયું હોત. એ બેંગી ફોડવાના અપરાધમાં નંબર ૧ લો સામેલ હતો એ બાબત રાઘુની સાક્ષી આટલીજ છે. સમગ્ર રીતે તો જોતાં એ સાક્ષી અસંભવિત લાગે છે. ગુનાહમાં એક સામેલગાર માણસની સાક્ષી દાખલ અને કેટલીએક મુખ્ય બાબતમાં તેને કંઇ પુષ્ટિ ન મળી, તેથી તે માનવાને લાયક નથી (એવિડેન્સ ઍકટની ૧૧૪ મી કલમ). વળી લેખી સાક્ષી જેમાંની ઘણી ખરી ફરિયાદીએ પોતે રજુ કરી છે, તેથી તે વાત ખોટી ઠરે છે. નંબર ૨ જાનો તે ઘણો લાંબો વખત થયાં નોકર હતો તથા તેને બેંગી આપવા તથા તેની પાસેથી લેવા ત્યાં આવતો જતો તથા તે પોસ્ટ ઑાફિસમાં રહ્યા પછી પણ તે પોતાનો ઘણો જરૂરનો નોકર ગણતો. એ વાત નંબર ૨ જા સાથે લાગુ કરતાં વિસારવી જોઇતી નથી. નંબર ૧ લાની સ્થિતિનું માણસ જે, બેંગીના ઓછા વજનથી તથા કેટલાક સીલોના શક ભરેલા દેખાવથી ખંભાલિયામાં તરતજ ધ્યાન ખેંચાશે, એમ સારી પેઠે જાણતો હોય, તે બેંગી ફોડવાનો ગુનોહ કરે, કે રાઘુ જેવો એક અભણ, બેપરવા માણસ ખરેખર કરે, એમાં વધારે સંભવ કયો છે ! દરજીના છોકરાની સાક્ષી તપાસતાં, બેંગી શિવવા તે હવેલિમાં ગયો, તે વેળાએ ત્રીજું માણસ ત્યાં હતું, તે નંબર ૧ લો હતો એમ તેણે કહ્યું નથી, પણ માત્ર કહ્યું છે કે, તેને થોભિયાં હતાં. હવે નગરમાં થોભિયાવાળા માણસ કેટલા છે ? તે નંબર ૧ લોજ હોત તો, તેના પારસી પોશાકથી ધ્યાન ખેંચાયા વગર રહેત નહી પણ વધારે સંભવ એમ લાગે છે કે, એ ત્રીજો માણસ કોઇ બીજો સામેલગાર હશે. નંબર ૧ લાને માટે એ પછીની વધારે અગત્યની વાત એ છે કે, તા૦ ૧૪ મી માર્ચની મધરાતે નગરના કોટવાલની આગળ તેણે ગુનાહ કબૂલ કીધો એમ કહેવાય છે, એ વિષે મોટી કમનસીબની વાત છે કે, નગર ક્રિમિનલ

કોડની અંદર લેવાયલી સાક્ષી ૫૯ મી કલમ મુજબ બે જણાની સાક્ષી કરાવ્યા વગર કોઇ અંગ્રેજી કોર્ટમાં અથવા ક્રિમિનલ પ્રોસેજર કોડની ૧૨૨ મી અને ૩૪૬ મી કલમમાં લખ્યા મુજબ ન કરવાથી કબૂલાત થઇ શકે, તે સાક્ષી જે કોર્ટની આગળ હું ભાષણ કરૂં છું, તે કોર્ટમાં કબૂલ થાય છે. આ ખુલ્લું છે કે, જે ખામીઓ કોટવાલની મુખ જુબાનીથી મટાડવાની કોશેશ થઇ છે, તે તેથી મટી નહીં. પણ ઓર વધારે દેખાઇ આવી છે. હું દર્શાવી આપું છું કે, એ કબૂલાત નંબર ૧ લા પાસેથી પોલીશના જુલમથી લીધી હતી, કેમકે જે વેળાએ તે પોલીશના સુપરિંટેન્ડેન્ટના સ્વાધીનમાં હતો, તે વખતે તેણે કબૂલ કરી છે; પણ જેવો તે તેના કબજામાંથી છુટો થયો, તેવો તેમાનો બોલે બોલ નામુકર ગયો. કોટવાલે આ કબૂલાત નોંધી છે. તે પોતાને હાથે લખે છે કે, આજ રાતના ઘણું મોડું થયું છે તેથી આજનું કામ ખલાસ થયું છે; તોપણ તા૦ ૧૪ મીની રાતે એક વાગે તપાસ પાછી ચાલુ કરીને એ કબૂલાત લખી લીધી. તેનું કારણ તે એ કહેછે કે, બીજે દહાડે હોળીનો તેહેવાર હતો. એવી ધાસ્તી લાગતી હતી કે, નંબર ૧ લો પાછળથી ફરી જશે. આમાનું પહેલું કારણ ખોટું છે, એ વાત કોટવાલ સિકે નગરના અધિકારિયો આ તપાસની અંદર ૧૫ મી તારીખના સવારમાં રોકાયલા હતા, તેથી સિદ્ધ થાય છે. બીજું કારણ ખરૂં હતું. કોટવાલ પોતે કબૂલ કરે છે તેથી સાફ જણાય છે કે, આ કબૂલાત રાજી ખુશિથી આપેલી નહોતી, પણ પોલીશની વગથી આપેલી હતી. તે વગ કેવો હતો તે સર્વે કોઇ જાણતા હતા. ફરિયાદી તરફથી પોલીશ સુપરિટેન્ડેન્ટ જે બધો વખત કોર્ટમાં હતો, તોપણ તેને નંબર ૧ લા પાસેથી એ કબૂલાત કંઇ પણ દબાણ અથવા લાલચ આપ્યા વગર લીધી છે, એમ સિદ્ધ કરવા સાક્ષી દાખલ બોલાવવાની હિંમત કરી નથી. કોટવાલે કબૂલ કીધું છે કે, નંબર ૧ લાએ જુબાની આપી છે તેમાથી ૧૪ મી તારીખની એકજ જુબાની માત્ર સવાલ જવાબના આકારમાં લખી નથી, તેનું કારણ એ હતું કે નંબર ૧ લાએ તે જુબાની વાત કરતો હોય તેવા આકારમાં આપી હતી અને કેટલાએક ભાગમાં શંકા દૂર કરવાને સવાલો પુછ્યા હતા. તે શિવાય બીજો ભાગ એમનો એમ ઉતારી લીધો હતો, પણ આ કબૂલાત ઉપરથીજ માલમ પડે છે કે, કોટવાલે સવાલો પુછેલા હોવા જોઇએ અને તે સવાલો માત્ર શંકા દૂર કરવાને માટેજ નહીં તોપણ તે સવાલો અને નંબર ૧ લાના જવાબો લખ્યા નથી. વળી આ કબૂલાતમાં એવી વાતો

છે કે, જે નંબર ૧ લાને કહેવામાં લાભ નહોતો અને જે કોર્ટ આગળ જુબાની પડવાથી ખોટી ઠરી છે. વળી એ કબૂલાતને અંતે નંબર ૧ લાએ સત્તાવાળાઓને અરજ કરી છે, તે એવા શબ્દોમાં છે કે, જે શબ્દો પારસીઓ તદન વાપરે નહીં. વલી એ દહાડે રાઘુએ પોલીસને આપેલી ખબર જેટલીજ વાત નંબર ૧ લાની કબૂલાતમાં તે દહાડે આવી છે એ નવાઇ જેવું છે. આ બધા ઉપરથી માલમ પડે છે કે, એ કબૂલાત તે કબૂલાત હતીજ નહીં પણ પોલીશના જુલમના ભયથી નંબર ૧ લાએ આપેલી જુબાની હતી અને એક દેશીરાજ્યમાં પોલીશ શું શું કરી શકે છે, તે આપણે સહુ જાણિયે છીએ. તા૦ ૧૯ મી માર્ચે આપેલી જુબાની વિષે નંબર ૧ લાએ કોર્ટમાં સોગન ખાઇ કહ્યું છે કે, એ જુબાની મેં આપી નથી, પણ તે લખી તૈયાર રાખી હતી અને પોલીશે ધાસ્તી દેખાડી હતી, તેથી તે રાતના ઉંઘમાંથી ઉઠયા પછી વાંચી સંભળાવ્યા વગર સહી લીધી હતી. મિ૦ જગન્નાથની સાક્ષી વિષે વિચાર કરતાં જણાય છે કે, નગરની વરિષ્ટ કોર્ટના એક જડજ, જેની ઉપર હજુર કોર્ટ શિવાય કોઇ પણ અધિકારી નથી અને જેની હજુર રીતસર આ કેસ આવ્યો હતે, તેવો એક અમલદાર, તહોમતદાર માણસોની કબૂલાતો લખાવી લેવા પોલીશ સુપરિટેન્ડેન્ટને મદદ કરે એ વાત કેટલી નવાઇ જેવી છે. તેને પુછવામાં આવ્યું હતું કે, તા૦ ૧૪ મીની રાતે નંબર ૧ લા અને પોલીશ સુપરિટેન્ડેન્ટ સાથે કોટવાલને ઘેર કંઇ વાજબી કારણસર તમે ગયા હતા? તેનો તેણે ઉત્તર માત્ર એટલોજ આપ્યો કે, ત્યાં દિવાને જવાનો મને હુકમ કર્યો હતો અને આ બાબતની અંદર અંગ્રેજ સરકારનો લાભ રહેલો હતો તેથી, એ તપાસમાં મદદ કરવાની દરેક જામનગરના અમલદારની ફરજ છે, એમ હું ધારતો હતો. મિ૦ ભ્રેગંજાની વાત ઉપર આવતાં પેહેલી વાત એ ધ્યાનપર આવેછે કે, તેણે પોતે કબૂલ કર્યા મુજબ નંબર ૧ લા માટે ઘરેણાંઓ રાખ્યા હતાં અને તે શા કારણસર? એટલાજ કારણસર કે, નંબર ૧ લાએ કીધેલા કામના પરિણામથી તેને બચાવવો અને એ કામ એ હતું કે, રાઘુ ખવાસ પાસેથી મળેલાં ઘરેણાંઓ છાના રાખવાં. એ ભ્રેગંજા જાણતો હોવો જોઇએ કે નંબર ૧ લો સરકારની ચાકરી કરે છે તેના ફરમાનથી એ વાત વિરૂદ્ધ છે. તેણે કહ્યું કે, નંબર ૧ લો ૨ જી તારીખે સવારના ૯ અને ૧૦ વાગ્યાની વચ્ચે મારે ઘેર આવ્યો હતો, તેજ દહાડે અને તેજ વખતે રાઘુએ કહ્યું છે કે, નંબર ૧ લો પોસ્ટ ઑફિસમાં હતો. વળી તા૦ ૩ જી માર્ચ સુધી, ખંભાલિયે એંગી રોકાણી અને

શક ઉત્પન્ન થયો, તે વિષેની નંબર ૧ લાને ખબર પડી શકે નહીં; ત્યારે તેણે તા૦ ૨ જી માર્ચે બ્રેગંજાને ખભાલિયાના પોસ્ટ માસ્તરે એક બેંગી આખો દહાડો વગર જરૂરે રોકી રાખી, તે બેંગીમાં ચોરી થઇ છે અને તે ગુનાહનો ખંભાલિયાના પોસ્ટ માસ્તર ઉપર શક ગયો છે, એ બધી વાત બ્રેગંજા કહે છે, તેમ તેને નંબર ૧ લાએ કેમ કહી હોય. તા૦ ૧૫ મી માર્ચે નંબર ૧ લાની વિરૂદ્ધ જે શક વિષે તેણે સાંભળ્યું હતું, તેનો રિપોર્ટ કરવા અને દાગીનાઓ તેને મોકલવા જે ઢીલ કરી હતી, તે વિષે મિ૦ બ્રેગંજાએ જે ખુલાસો કર્યો છે, તે છતાં તેણે કબૂલ કીધું છે કે, એ બધું કરવાને ૧ાા કલાક જોઇએ, તેટલી ફુરસદ તા૦ ૧૫ મીની સવારના તેને હતી, તોપણ તે દહાડે બપોર સુધી તેણે તેમ કીધું નહીં. વળી એથી વધારે આ કોર્ટમાં તેણે કહ્યું છે કે, એ બેંગીની ચોરી બાબતનો શક નગરની પોસ્ટ ઑફિસ ઉપર આવેલો છે, તે પેહેલ વેહેલાં મેં તા૦ ૧૫ મી માર્ચની સવારે સાંભળ્યો હતો, પણ કોટવાલ હજુર તેણે જુબાની આપી છે તેમાં તેણે કહ્યું છે કે, એ ચોરી બાબત તપાસ કરવાને એક પોસ્ટખાતાનો અમલદાર આવેલો છે, એ મેં ૧૫ મી તારીખથી ૩-૪ દહાડા આગળ સાંભળ્યું હતું. વળી બ્રેગંજાની પાસે તેનો ભાઇ, શિપાઇ અને નોકરો હતા, તોપણ તા૦ ૨ જી માર્ચે નંબર ૧ લો તેને ઘેર આવ્યો હતો, તે વાતને પુષ્ટિ આપવા તેમાંના એકને બોલાવ્યો નથી. તેમ તા૦ ૨ જી માર્ચ પછી કેટલે દહાડે નંબર ૧ લાને પોસ્ટ ઑફિસમાં મળ્યો હતો, તે વિષે કહી શકતો નથી અથવા અટકળ કરી શકતો નથી. હવે નંબર ૧ લાએ તેને કેવી રીતે દાગીના આપ્યા, એ વિષેની બ્રેગંજાની વાત સમજી શકાય તેવી નથી. એક બીજી અગત્યની વાત ધ્યાનમાં લેવાની છે. તા૦ ૧૪ મીથી ૧૮ મી માર્ચ સુધી નંબર ૨ જાની સામે સત્તાવાળાઓએ કંઇ કામ ચલાવ્યું નહોતું, કેમકે તેઓ એમ કહે છે કે, ત્યાંસુધી એની સામે પુરતી સાક્ષી પડી નહોતી અને તોપણ કોટવાલ કબૂલ કરે છે કે, નંબર ૨ જાની વિરૂદ્ધ તા૦ ૧૪ મીએ જેટલું જાણુતા હતા, તેથી વધારે ૧૮ મી તારીખે કંઇ જાણ્યું નહોતું. ખરી વાત તો એ હોય કે, બેંગીને હવેલીમાં લઇ જવામાં આવી હોય, ત્યાં ફોડી હોય અને તેમાંથી નંબર ૨ જાએ દાગીના કહાડી લીધા હોય. તા૦ ૧૪ મી તથા ૧૮ મી માર્ચના વચ્ચેના વખતમાં પોતા ઉપરથી ગુનાહનો બધો પુરાવો કહાડી નાંખવાને નંબર ૨ જાને પુરતો વખત મળ્યો હતો. કેટલાએક દાગીનાઓ પિગળાવીને જે સોનાના લાડા કોર્ટમાં છે તે બના-

વ્યા હશે, તેમાના બે દાગીના તેણે મુંબઇ મોકલ્યા હતા. એ વાત કબૂલ કરી છે, નંબર ૨ જાના સ્વાધીનમાંથી એ દાગીનાઓ મળ્યા હોય તો તેમાં તેને બચવાનો આરો નહોતો, તેથી હવેલીમાંથી કહાડીને બ્રેગંજા પાસે લેઇ જવામાં આવ્યા હશે અને એક દહાડામાં બ્રેગંજાને એ બાબત સાક્ષી ઉભો કીધો હશે. નંબર ૨ જાની વિષે જે ચુક સતાવાળાઓએ થવા દીધી છે, તે જ્યારે મુખ્ય કરી નંબર ૨ જાની સ્થિતિ ઉપર વિચારિયે ત્યારે ઘણી શક ભરેલી લાગે છે. હિંદુઓનું ધર્મ ઘેલાપણું અને વેહેમો જેથી મહારાજના જેવા પવિત્ર પુરૂષે જોઇએ તેવો મોટો ગુનાહ કીધો હોય, તોપણ તેની સામે પોતાનો પાપી હાથ કોઇ ઉચકવાની હિંમત કરે નહીં. એ બાબત કહેતાં મિ૦ વાડિયાએ કોર્ટને આવા અને બીજા દેશી વેહેમોથી આ કેસ ચુકાવતાં પોતા ઉપર કંઇ અસર થવા દેવી ન જોઇએ, પણ મારા ગરિબ પણ આબરૂદાર અસીલના બચાવમાં મેં જે વાતો અને તકરારો કહી સંભળાવી, તે ઉપરથી વાજબી અને પૂર્ણ ચુકાદો કરવો. મારા અસીલે ઘણી મોટી ગફલતી કરી હોય, પણ તેના ઉપર જે અપરાધો મેલવામાં આવ્યા છે તે કીધા નથી અને મેં જે ધર્મ સંબંધી વેહેમો કહી સંભળાવ્યા તે વેહેમોને એનો ભોગ આપવાની તજવિજ કરવામાં આવી છે. આ ભાષણ પુરૂં થયું.

———:o:———

તારીખ ૧૮ મી જુન સન ૧૮૮૧.

મિ૦ તૈયબજીએ પોતાના અસીલ મહારાજ વ્રજેશજી વ્રજનાથજીની તરફથી તેના બચાવનું ભાષણ કર્યું :—આ કેસના ગુણદોષવિષે કહેવા અગાઉ તેમાં સમાયલા ધારાના કેટલાક અગત્યના સવાલો, જેમાના કેટલાક ઉપર થોડી ઘણી તકરાર થઇ ચુકી છે, તેવિષે બોલવાને હું પસંદ કરૂં છું. પેહેલો અને ઘણો અગત્યનો સવાલ જેને વિષે આ તપાસની શરૂઆત થઇ તે વખતે તકરાર કરવા મને રજા આપવામાં આવી નહોતી, પણ એવિષે હજી હું તકરાર કરવા ખાહેશમંદ અને તઇયાર છું. એ સવાલ માહારા અસીલને તપાસવાની સત્તા, આ કોર્ટને છે કે નહીં તે છે. (એ સવાલ વિષે ચુકાદો અપાઇ ચુકો છે એમ કોર્ટે જણાવ્યાથી મિ૦ તૈયબજીએ કહેવું આગળ ચલાવ્યું). ત્યારે ગુનોહ ક્યાં થયો, ગુનોહ કરનાર કોની રઇયત છે, એવિષે કંઇ પણ વિચાર કરવા શિવાય, દરેક માણસને આ કોર્ટની સામે તપાસવા લાવ્યા છે ; એટલાજ કારણથી આ કો-

ર્ટને તપાસવાની સત્તા છે, એમ એ કોર્ટે માની લીધું છે. અત્યાર સુધી એવી સત્તા બીજી કોઇ કોર્ટે માનવાની હિંમત કરી હોય, તે કરતાં તે ઘણી મોટી છે. વળી કોર્ટે એમ ચુકાદો કીધો કે, મારા અસીલને તપાસવાની આ કોર્ટની સત્તા હું કબૂલ ન રાખું તો મારા અસીલ તરફથી આ કેસ બેસી જોયા કરવા શિવાય મને કોર્ટ કબૂલ રાખવા ના પાડશે; પણ ક્રિમિનલ પ્રોસેજર કોડની ૨૩૮ મી કલમ જોતાં કોર્ટને માલમ પડશે કે, કોઇ પણ તહોમતદાર પ્લીડ કરવા સારૂ ના પાડે તોપણ જેમ બીજા કેસમાં બારિસ્ટર લાવવાને તેને સત્તા છે, તેવીજ તેમા પણ છે. કોર્ટ નૉટ ગિલ્ટીની પ્લી નોંધી લે અને તહોમતદારે નૉટ ગિલ્ટી પ્લીડ કરી હોય તેવી રીતે તપાસ ચાલુ થવા દે. વળી મારા અસીલ સામે અપરાધો મૂકયા છે, તેમાના કેટલાક અપરાધો પોસ્ટલ ઍકટ પ્રમાણે (૧૮૬૬ ના ૧૪ માં ઍકટની કલમ ૪૮ અને ૫૨૦ મી) અને કેટલાએક ઇન્ડિયન પીનલ કોડ મુજબ છે. પોસ્ટલ ઍકટ માહારા અસીલને લાગુ પડતો નથી અને તે પડી શકે પણ નહીં. આટલા શબ્દોમાં આમ કહેવું માત્ર જરૂરનું છે. નગરના રાજમાં તે લાગુ કરી શકાતું નથી. (૧) અંગ્રેજી રઇયત (૨) રાણીની હિંદુસ્તાની રઇયત અને (૩) સરકારી નોકરોને માટે માત્ર એ કાયદો બાંધ્યો છે. માહારો અસીલ એ માંહેલો કોઇ નથી અને એ કાયદો નગરના રાજે કબૂલ કીધો છે, એમ દેખાડવામાં આવે નહીં ત્યાં સુધી જેમ કલકત્તાની કાયદા બાંધનારી કાઉન્સિલના બીજા કોઇ કાયદાની કલમો મારા અસીલને લાગુ ન કરી શકાય, તેમ આ કાયદાની કલમ લાગુ ન કરી શકાય. પીનલ કોડ મુજબ મૂકેલા અપરાધો વિષે કહેતાં, એવું કબૂલ કરવામાં આવ્યું છે કે, દરેક કોર્ટ પોતપોતાની રીતિ પ્રમાણે ચાલે છે, પણ મુખ્ય કાયદો ચોકસ કેસને લાગુ કરી શકાય છે. એમ સમજવામાં આવ્યું છે કે, આ કોર્ટની કામકાજની રીત આ કોર્ટની સત્તા નિચે જે ગુનાહ નહી કરવામાં આવ્યા હોય, તેવા અપરાધો જે માણસો ઉપર મૂકવામાં આવ્યા હોય તેઓના કેસમાં વખતે વખત જે ચોકસ નિયમો બાંધ્યા હોય તે પ્રમાણે ચાલે છે. મુખ્ય કાયદો જે ઠેકાણે ગુનાહ કરવામાં આવ્યો હોય તે જગાનો કાયદો લાગુ પડેછે. નગરના કાયદાથી જે ગુનાહ નથી ઠરતો તે મહારાજને રાજકોટ લાવવાથી ગુનાહ ઠરી શકતો નથી. જામનગરના રાજ્યમાં પીનલ કોડ ચાલુ છે એમ દેખાડયું નથી. જયશંકર નગરનો પેહેલા વર્ગનો કોટવાલ છે, તે નગરના કાયદા અને રીતિથી વાકેફ હોવો જોઇએ. તે કબૂલ કરે છે કે,

તે રાજની કોર્ટોને માટે રીતિ અને કાયદાનો ખાસ કોડ છે, માટે નંબર ૨ જાને બ્રિટીશ ઇન્ડિયાનો કાયદો અથવા તપાસની જગ્યાનો કાયદો લાગુ પાડવો ન જોઇએ, પણ જે નગરમાં તેની તપાસ થઇ હતે તો તેને જે કાયદો લાગુ પડતે તે લાગુ પાડવો જોઇએ. આ તકરાર માટે કંઇ દાખલા જોઇતા હોય તો, ક્રાઉન કેસીસ ઑફ બોમ્બે હાઇ કોર્ટ પાને ૮૯ મેં મળી આવશે. આ કોર્ટે મહારાજની ઉપર ઇન્ડિયન પીનલ કોડની ૨૦૧ લી કલમ મુજબ એક અપરાધ વધાર્યો છે; પણ નગરના કોડમાં એને મળતી કલમ નથી. એક બીજો અપરાધ ચોરેલી મત્તા લેવાનો અને રાખી મેલવાનો પીનલ કોડની ૪૧૧ મી કલમ મુજબ વધારવામાં આવ્યો છે. હવે ચોરેલી મત્તાનું એ કોડની ૪૧૦ મી કલમમાં વ્યાખ્યાન આપ્યું છે. તે કલમમાં "ચોરેલી મત્તા" એ શબ્દોમાં ઘણો બોહોળો અર્થ આવેલો છે. તે અર્થ નગરમાં લાગુ પડતો નથી અને પડી શકતો નથી. નગર કોડની અંદર પીનલ કોડમાં ૪૧૧ મી કલમ જેવી કોઇ કલમ નથી. તેમ તેમાં "ચોરેલી મત્તા" નું વ્યાખ્યાન નથી. ૪૧૧ મી કલમને કંઇક મળતી કલમ નગર કોડમાં ૧૨૫ મી કલમ છે, પણ તે કલમ મુજબ તેની ખરી કિંમત કરતાં ઓછી કિંમતે જાણી જોઇને ચોરીની મત્તા લેવાનો અપરાધ લખેલો છે. વળી નંબર ૨ જાની સામે, એ ઉપર છેલ્લી કહેલી કલમ મુજબ અપરાધ મૂકયો નથી, પણ બ્રિટીશ ઇન્ડિયામાં જે કાયદા ચાલે છે, તેમાં કહેલા અપરાધો મૂકેલા છે, તેથી રાજકોટમાં તપાસ ચાલેથી મહારાજને મોટી હાની થાય છે; કેમકે પીનલ કોડમાં જે ગુનાહ ગણેલો છે, તે નગર કોડ જે તેને લાગુ પડવો જોઇએ તેમાં ગુનાહ છેજ નહીં. પીનલ કોડની ૨૦૧ લી કલમ મુંજબના અપરાધવિષે મેઇન્સના પીનલ કોડને પાને ૧૭૨ આવૃતિ ૧૦ મીમાં એ કલમ ઉપર જે વિચારો આપેલા છે, તે ઘણા કિમ્મતી છે અને તેમાં દેખાડયું છે કે, પોતે નહીં પણ બીજા કોઇએ કરેલા ગુનાહની સાક્ષી નાબુદ કરવા એ કલમ લાગુ કરેલી છે, તથા કોઇ માણસે ગુનાહ કરયો હોય અને પાછળથી તે બાબત સાક્ષી છુપાવી હોય તો તે માણસને એ એ આપરાધો માટે શિક્ષા થઇ શકતી નથી; તેથી એમ જણાય છે કે, એણે પોતાને ગુનાહમાંથી બચવાનું કીધું છે, બીજાને બચાવવાનું કીધું નથી, તેથી બીજા આપરાધો, જેને માટે એ રસીદો સાક્ષી દાખલ કામ લાગત એમ બાહાનું કાઢવામાં આવે છે, તે આપરાધો માટે કોર્ટ એને નિરપરાધી ઠેરવે તો નંબર ૨ જા ઉપર માત્ર ૨૦૧ લી કલમ મુજબજ અપરાધ આવી શકે છે. બીજો સવાલ એ

છે કે, રઘાની સાક્ષી કેટલી હદ સુધી કબૂલ રાખવી તે સવાલ બાબત કેટલીક તકરાર થઇ ચૂકી છે. હું તકરાર કરી ચુકયો છું કે, રઘાને સાક્ષી દાખલ તપાસી શકાય નહીં. રઘો, તહોમતદાર હતો તે હવે દેખાડું છું. જે સાક્ષિયો નોંધાઇ છે, તે ઉપરથી સાફ ખુલ્લું માલમ પડે છે કે, તે તહોમતદાર હતો. મિ૦ જયશંકરે કોર્ટની આગળ કહ્યું છે કે, રઘાની સાક્ષી મનમાનતી ન પડત તો, હું તેને તહોમતદાર લેખત, પણ મનમાનતી પડત તો ખબર આપનાર દાખલ લેખત, તેથી પ્રસંગ પ્રમાણે તેને તહોમતદાર અથવા ખબર આપનાર દાખલ લેખવામાં આવવાનો હતો, ત્યાં સુધી પહેલ વેહેલાં તેને કેવો લેખવો તેની જયશંકરને પકી ખબર નહોતી. તેને તેણે તહોમતદાર લેખ્યો હતો એમ સાફ જણાય છે, કેમકે તેને તા૦ ૧૪ મી માર્ચને દહાડે પહેલ વેહેલાં વગર પ્રતિજ્ઞાએ તપાસ્યો હતો. વળી વગર પ્રતિજ્ઞાએ બીજી સાક્ષી નંબર ૧ લાની માત્ર લીધી હતી, તેથી પહેલ વહેલાં જયશંકરે રઘાને અને નંબર ૧ લાને તહોમતદાર ગણ્યા હતા, પણ રઘાની સાક્ષી મનમાનતી પડે તો તેને માફ કરી કિવન્સ એવિડેન્સ કરવાનો હતો. જો એમજ હોય તો જે ઉદાહરણો હું આપી ચુકયો છું, તે ઉપરથી તથા તહોમતદારને બરાબર રીતે માફ કરયો નહોય ત્યાં સુધી તેને સાક્ષી બનાવી શકાય નહીં, એ તત્વ ઉપરથી રઘાને સાક્ષી દાખલ તપાસી શકાય નહી. કાયદાનું આ તત્વ સ્વાભાવિક વાજબીપણા ઉપર રચેલું છે; કેમકે કોઇપણ તહોમતદાર પુરૂપ જેને કાયદાની રીતે માફી થઇ શકે નહીં, તેને ખુશિમાં આવે ત્યારે કોટવાલ તપાસે, તેને સાક્ષી બનાવે અને પ્રતિજ્ઞા ઉપર સાક્ષી આપવાની તેને ફરજ પડે અને તેજ ઘડીએ તેજ માણસને એક તહોમતદાર દાખલ ઉભો કરવામાં આવે, તો, એ કામ મોહોટી સખતાઇનું ગણાય. સવાલ એ છે કે, રઘાને કાયદાની રીતે માફી બક્ષી હતી કે નહી? હું કહું છું કે, તેમ થયું નથી; કેમકે જે ગુનાહને માટે તેને માફી બક્ષી છે તે ગુનાહ કોર્ટ ઑફ શેશનથીજ માત્ર તપાસી શકાય એવો નથી. ક્રિમિનલ પ્રોસેજર કોડની ૩૪૭ મી કલમ મુંજબ તેને જે માફી બક્ષવામાં આવી છે, તે માફીને કાયદેસર કરવા આ જરૂરની વાત છે, તેમ ૩૪૮ મી કલમ મુજબ ચુકાદો આપવા અગાઉ કોઇપણ વખતે માફી બક્ષવાને શેશન કોર્ટને પણ સત્તા નથી. ૩૪૭ અને ૩૪૮ મી કલમ એકઠી વાંચતાં સાફ જણાય છે કે, ૩૪૮ મી કલમને છેડે "એવો ગુનાહ જે કહ્યો છે તે શેશન કોર્ટથીજ માત્ર તપાસી શકાય તેવો ગુનાહ છે." બારિસ્ટરે બીજો સવાલ એ ઉઠાવ્યો કે, દરજીના છોકરા ચિનિયાની સાક્ષીનો કોઇપણ ભાગ વધારી શકાય

: નહીં ? કોર્ટે એવો ચુકાદો કીધો કે, ચિનિયાની સાક્ષી જેના ઉપર લખેલી
છે તે ઓચરિયું દાખલ કરવાથી, મુખ જુબાનીથી તેમાં કંઇ પણ વધારો
કરવો હોય તો બારિસ્ટરથી કરી શકાય. મિ૰ ફિલ્ડે એવિડેન્સ ઍકટની
૯૨ મી કલમ ઉપર ટીકા કરી છે, તેને ૪૧૧ મે પાને એક લેખી જુબાની
વિષે કહે છે કે, એવું ઓચરિયું વધી શકે. વળી તે ઓચરિયામાં જે
જુબાની લખેલી છે, તે ઓચરિયું માત્ર રજુ કરવાથી તે જુબાની છેવ-
ની છે,· એવું ઠેરવનારૂં કોઇપણ લખાણ નથી. કોઇ પણ પુરૂષે લખા-
વેલી જુબાની વિષે જે કલમ લાગુ પડે છે તે એવિડેન્સ ઍકટની ૮૦
મી કલમ છે અને તે કલમની અંદર "ધારશે" એ શબ્દો આવેલા છે,
તેની વ્યાખ્યા ૪ થી કલમમાં આપી છે, તે ઉપરથી એ મારા કહેવાને
પુષ્ટિ મળે છે. બારિસ્ટરે કહ્યું કે, મારા અસીલની સામે સાક્ષી પડી છે,
તેમાંની ઘણી ખરી કહાડી નાંખવી જોઇએ. જેવી કે રાઘુની સાક્ષી
નંબર ૧ લા, ૩ જા અને ૪ થાની જુબાની અને જૂદા જૂદા પુરૂષોએ,
મહારાજની ગેરહાજરીમાં વાતચિત કરી છે એમ કહ્યું છે, તે સઘળી વાત-
ચેતો કહાડી નાંખવી જોઇએ. નંબર ૧ લાની જુબાની રદ કરવી જોઇ-
એ. તેનાં કેટલાંએક કારણ વિષે મિ૰ વાડિયાએ પોતાના ભાષણમાં જે
તકરાર કરી છે તે છે અને બીજું કારણ તેણે જે કંઇ પોતાની વિરૂદ્ધ
કહ્યું છે, તે મહારાજની વિરૂદ્ધ પણ સાક્ષી થાય છે. ક્રિમિનલ પ્રોસેજર
કોડની ૧૨૨ મી કલમ પ્રમાણે આ એકરાર રાજી ખુશિથી કર્યો છે, એવું
પોટવાલના સર્ટિફિકેટમાં લખેલું હોવું જોઇએ કે નહીં ? તે સવાલ
બાબત બારિસ્ટરે તા૰ ૨૨ મી જાનેવારી ૧૮૭૪ ના કાઠિયાવાડ એજન્સી
ગેઝટને પાને ૩૭ મેં ૩૭ મો કાયદો વાંચી સંભળાવ્યો, તેમાં એવિડેન્સ
ઍકટની ૯૧ મી કલમનો બોલે બોલ ઉતારો કર્યો છે તથા નગર કોડની
૧૯ મી કલમ પ્રમાણે એકરાર ઉપર બે સાક્ષી જોઇએ, તે આ એકરાર
ઉપર નથી; તથા ક્રિમિનલ પ્રોસેજર કોડ પ્રમાણે એવિડેન્સ ઍકટની ૯૧
મી કલમમાં જે લખ્યું છે અથવા ક્રિમિનલ પ્રોસેજર કોડની ૧૩૨ અને
૩૪૬ મી કલમ જે આ કોર્ટને લાગુ પડે છે, તેમાં લખ્યું છે તેમ કીધું
નથી, તથા ૧૯ મા ધારામાં એવિડેન્સ ઍકટ ની ૩૦ મી કલમનો જે
ઉતારો કીધો છે તે મુજબ કરવામાં આવ્યું નથી, તેથી આ એકરાર
સાક્ષીમાં કબૂલ રાખી શકાય નહીં. વળી આ યાદ રાખવું જોઇએ કે,
એવિડેન્સ ઍકટની ૩૦ મી કલમ એ, ધારો આગળ ચાલતો હતો, તેમાં
સુધારો કરયો છે અને એ નવો વધારો ઘણી સંભાળથી લાગુ થવો જોઇએ,

તેમાં લખેલી દરેક પદ્ધતિ બરોબર પાળવી જોઇએ. મારા અસીલ સામે નંબર ૩ જા અને ૪ થાની જુબાનીઓ કબૂલ ન રાખવી, એવો જે મેં વાંધો લીધો હતો તે બાબત કોર્ટે માહારી તરફ ચુકાદો કીધો છે, તેથી એ સાક્ષીઓ રદ કરી હોય તો નંબર ૨ જાની વિરૂદ્ધ તેની પોતાની જુબાની અને બીજા ચોકસ સાક્ષીઓની જુબાની માત્ર રહેશે. મહારાજની વિરૂદ્ધ રાઘુએ આપેલી સાક્ષી કોર્ટ રદ કરે, તો તે સાક્ષીને મળતી જુબાનીની કેટલી જરૂર છે, તે સવાલ પણ એક કોરે રાખવો; પણ કોર્ટ તેમ ન કરે તો તેની સાક્ષીપર ભરોંસો રાખવા અગાઉ તેણે કહેલી એક બે વાતને પુષ્ટિ મળે એવી સાક્ષીની જરૂર છે એટલુંજ નહીં, પણ તેણે આપેલી સાક્ષીની દરેક વાતને પુષ્ટિ મળવી જોઇએ અને તહોમતદારોની પોતાની ઓળખાણથી મનમાનતી અને સ્વતંત્ર સાક્ષીથી પુષ્ટિ મળવી જોઇએ (૩ બેંગાલ લૉ રિપોર્ટ, ક્રિમિનલ રૂલીંગ ૬૬ ઇન્ડિયન લૉ રિપોર્ટ, ૧ બોમ્બે ૪૭૫, ૧૧ બોમ્બે હાઇકોર્ટ રિપોર્ટ, ૧૯૬ જે. એલ. આર, ૧ મદ્રાસ ૩૯૪ અને જે. એલ. આર. ૧ ઑલ ૧૬૪).

આ કેસના ગુણદોષ વિષે વિચાર કરતાં નંબર ૨ જા ઉપર જે આપરાધો મૂકવામાં આવ્યા છે, તે ઘણા મોટા છે ને તેની સ્થિતિ ઉપર વિચાર કરતાં કહેવું વાજબી લાગે છે કે, તેની વિરૂદ્ધ ચુકાદો કરી તેની આબરૂ છીનવી લેવા અગાઊ ઘણી મજબુત અને મનમાનતી સાક્ષી પડવી જોઇએ. કોઇ પણ રીતે ઉતરતી હાલતમાં ન આવેલું એક મહારાજ જેવું માણસ જેને માત્ર કાઠિયાવાડમાં, કચ્છમાં, મુંબઇમાં, અને ખરેખર આખા હિંદુસ્તાનમાં હજારો માણસો માન આપે છે તથા પૂજે છે, તેવું માણસ આવી નામોસી ભરેલા દગામાં સામેલ થાય, એ માનવું એટલું કઠણ છે કે, કોર્ટ હજુર તેના નિરપરાધીપણાની વિરૂદ્ધ ચુકાદો કરવા અગાઉ ઘણી સ્પષ્ટ અને મનમાનતી સાક્ષી પડવી જોઇએ. આવા ગુનાહ કરવા માટે કંઇ પણ હેતુ ન છતાં સરકારી નોકરને સાપરાધ વિશ્વાસઘાત કરવામાં મદદ કરવા અથવા ચોરી કરવા જેવો હલકો ગુનાહ કરવામાં બીજા સાથે સામેલ થઇ, આવું માણસ પોતાને હલકું પાડે, એ પેહેલી નજરે જોતાં ઘણું નવાઇ જેવુંજ લાગે છે. તે તંગ હાલતમાં હોત તો પોસ્ટ ઑફિસને ઠગવામાં નંબર ૧ લા સાથે તે સામેલ થયો હોય એમ માની શકાય, પણ નંબર ૨ જાની સ્થિતિ વિષે ફરિયાદી તરફથી પડેલી સાક્ષી ઉપરથી સાફ જણાય છે કે, મહારાજની એ ચાલચલણ બાબતના હેતુનો કંઇ મનમાનતો ખુલાસો થયો નથી, તેથી આવા કામની અંદર

મહારાજ શું કરવા પડે તે બાબત સારા કારણો દેખાડવામાં આવે નહીં. ત્યાંસુધી તેણે આ કામ કીધું છે, એવો ચુકાદો કરવાને કોર્ટ આનાકાની નહીં કરે એવું માની શકાતું નથી જો. તે ચાહત તો તેને પૈસા મળત, એમ પુરવાર કરવાને સાક્ષીની કંઇ જરૂર નથી. હજારો લોકો તેને ભેટ નજરાણા આપે છે અને પોતાના શિષ્યો પાસેથી વગર હદ સુધી પૈસા લઇ શકે છે. મહારાજની આ ગેરચાલ બાબદ મનમાનતાં કારણો બતાવવાનું કામ ફરીયાદીનું છે અને તે ફરજ તેઓનાથી બજાવી શકાઇ નથી. રઘાની અને નંબર ૧ લાની મારફતે એ પુરવાર કરવાની ફરીયાદીએ તજવિજ કરી છે અને આવું હિણું કામ કરવાના અત્રે તથા નિચેની કોર્ટમાં એજ હેતુ સૂચવ્યા છે કે, નંબર ૧ લા પાસે તે રૂપિયા ૭૦૦) માગતો હતો, તે તેને પાછા મળે, આ હેતુ હસવા સરખો છે. એમ કહેવામાં આવ્યું છે કે, નંબર ૧ લો દેવું આપવાને અશક્ત હતો, તેથી એ દગો કરવાને નંબર ૨ જાએ તેને ઉસ્કેર્યો. આ કોર્ટની અંદર આ તો પુરવાર થયું છે કે, આ દગો કરવાની તા૦ ૨૮ મી ફેબરવારીથી ઘણા દિવસ અગાઉ એ આખું દેવું ભરાઇ ચૂકયું હતું અને નંબર ૧ લો મહારાજને એક પૈનો પણ દેવાદાર નહોતો, તેથી ફરિયાદી તરફથી માત્ર એકજ હેતુ દેખાડવામાં આવ્યો, તે પુરવાર નહીં થયો એટલુંજ નહીં, પણ નંબર ૨ જાએ મ્હોટી ફતેહથી ના પુરવાર કરયો છે. નંબર ૨ જાને આ દાગીનાઓમાંથી પોતાના કામમાટે એક પૈનો માલ પણ મળ્યો નથી, એ બાબત આ કોર્ટ હજુર સાક્ષી પડી છે. નંબર જો આગગાથીજ કહેતો આવ્યો છે કે, તેણે નંબર ૧ લાને રૂપિયા ૨૦૦૦) પોતે ધીરયા હતા અથવા ધીરાવ્યા હતા, કેમકે નંબર ૧ લાને તે વખતે પૈસાની જરૂર હતી અને નંબર ૨ જો તેને પ્રમાણિક રીતે મદદ કરી શકે એમ હતો, તેથી તેણે એક દોસ્તીનું કામ કીધું. સોનાની એ લગડી ઉપર નંબર ૧ લાને રૂપિયા ધીર્યા હતા, એ નંબર ૨ જાની કબુલાત તેની પાસેથી જોરથી કહડાવી નહોતી, પણ તેણે રાજી ખુશિથી કરી હતી અને એ કબુલાતને તે પેહેલેથી છેલ્લે સુધી વળગી રહ્યો હતો. એ રૂપિયા ૨૦૦૦) તેણે આપ્યા અથવા અપાવ્યા કે નહીં એ સવાલ નથી, પણ સવાલ એ છે કે, એ કામ દગા ભરેલું હતું કે નહીં ? નંબર ૨ જા જેવું માણસ રૂપિયા ૨૦૦૦) યોગ્ય રીતે ધીરે એમ હરકોઇ આશા રાખે. આગળ એક વખત નંબર ૨ જાએ નંબર ૧ લાને

રૂપિયા ૭૦૦) ધીર્યા હતા, એ પુરવાર થઇ ચૂક્યું છે, તેમ સહુ સાક્ષીઓએ પણ કબુલ કીધું છે કે, નંબર ૧ લો અને નંબર ૨ જો મિત્ર હતા અને તેઓ વચ્ચે પૈસાનું લેણ દેણ હતું. જો એમ છે તો નંબર ૨ જાએ, નંબર ૧ લાને રૂપિયા ૨૦૦૦) ધીર્યા અથવા ધીરાવ્યા, તે વખતે પુરવાર કરવાને મ્હોટી મજબુત સાક્ષી જોઇએ છે કે, આગલી રકમો ધીરી તે સર્વે પ્રમાણિક અને કાયદેસર હતી, અને આ પ્રસંગે નંબર ૨ જાએ સરકાર ઉપર શરમ ભરેલો દગો કીધો હતો. નંબર ૨ જો જે નંબર ૧ લાને આગલે વખતે પ્રમાણિક રીતે મદદ કરતો હતો, તેણે તા૦ ૨૮ મી ફેબરવારી અને તા૦ ૧ લી માર્ચે નંબર ૧ લાએ નંબર ૨ જાને આવી કહ્યું કે, મેં સરકારી પૈસા મારા પોતાના ઉપયોગમાં વાપર્યા છે, તેથી મને પૈસા જોઇએ છે. ત્યારે તેને પ્રમાણિક રીતે મદદ નહીં કીધી હોય એમ માનવું અશકય શું કરવા થાય? અને આગલા પૈસા ધીર્યા તે કરતાં આ બે હજારની રકમ મ્હોટી હતી. તેથી નંબર ૨ જાએ તેને માટે જામીનગીરી માગી હોય એમ સમજવામાં કંઇ પણ મુશ્કેલી પડતી નથી, કેમકે તેની પોતાની પાસે પૈસા નહોતા; પણ તેણે નંબર ૪ થાપાસેથી ધીરાવ્યા હતા અને નંબર ૨ જાના કહેવાથી નંબર ૪ થાએ જે પૈસા ધીર્યા, તેમાં તેને કંઇ જોખમમાં જાવું ન પડે તે પણ વાજબી છે અને આવી જામીનગીરીની જરૂર જણાય ત્યારે નંબર ૧ લાએ નંબર ૨ જાને સોનાની બે લગડિયો આપી હશે અને નંબર ૪ થાએ પૈસા ધીર્યા તેની જામીનગીરીમાં નંબર ૨ જાએ નંબર ૪ થાને આપી હશે કે, જો જરૂર પડે તો તેણે આપેલા પૈસા તે વેચીને વસુલ કરે, એ વાત સંભવિત લાગે છે. નંબર ૨ જાએ પેહેલેથી કહ્યું છે કે, પૈસા ધીર્યા છે તેની જામીનગીરીમાં નંબર ૧ લાએ મને બે સોનાની લગડી આપી હતી અને એ કામકાજ તરફજ જો વિચાર કરિયે છઇએ તો તે સર્વે રીતે સાદું અને રીતસર લાગે છે. એ બે લગડિયોનું વજન, એકનું ૧૧૧) અને બીજીનું ૯૫) ગદિયાણા હતું. સર્વે મળીને ગદિયાણા ૨૦૬) અથવા તોલા ૧૦૩) હતું, અને સોનાનો ભાવ રૂપિયા ૧૯) તોલા એકનો ગણિયે તો એ બે લગડીની કિમ્મત રૂપિયા ૧૯૫૭) થાય છે; તેથી એ ધીરેલા પૈસા, તેની જામીનગીરીની કિમ્મતથી વળી રહે છે.

ત્યારે આ કામમાં દગો ક્હેવાય છે તે કયાં છે? નંબર ૪ થાનું કામ સોનાનો વેપાર કરવાનું છે અને જો તેને ગુનાહ કરવો હોત

તો એ સોનું દગાવાળું છે એમ જાણી, તેની પુરી કિમ્મત આપત નહીં. સોનું બજાર ભાવથી ઓછે વેચાત તો એ કામ દગા ભરેલું છે એમ કહી શકાત, તેથી નંબર ૪ થાએ આ કામમાં સરેસ્તા પ્રમાણે કામ કીધું છે અને એ વહિવટ પ્રમાણિકપણે કરવામાં આવ્યો છે, એમ માનવું વાજબી છે અને નંબર ૧ લાને પૈસા જોઇતા હતા એ કેમ જણાય? તે વખતે તે સંકટમાં હતો, એવું કંઇ જાણવામાં આવ્યું નથી. નંબર ૧ લા ઉપર જેટલો મિ૦ ફ્રેગંજા શક લઇ જાય તેથી વધારે નંબર ૨ જો શક લઇ જઇ શકે નહીં. તા૦ ૨ જી માર્ચે મિ૦ ફ્રેગંજાએ નંબર ૧ લા પાસેથી કંઇ પણ વેહેમ લાવ્યા વગર આટલા બધા કિમ્મતી દાગીના પ્રમાણિકપણે અને કાયદાસર રાખે તો, નંબર ૨ જાને આમાં દગો થવાનો શક આવવો જોઇએ, એમ તેના ઉપર અપરાધ કેમ મૂકી શકાય? નંબર ૨ જાને જે સોનું આપવામાં આવ્યું હતું, તેના કરતાં મિ૦ ફ્રેગંજાને જે ઘરેણાં આપવામાં આવ્યાં હતાં તે વધારે કિમ્મતી હતાં. ફ્રેગંજાની નંબર ૧ લાસાથે લાંબો વખતથી ઓળખાણ હતી અને તેની સાથે તેને ઘણી દોસ્તી હતી, તેથી નંબર ૧ લાની હાલત નંબર ૨ જો જાણે, તેટલીજ તે પણ જાણતો હતો. મિ૦ વાડિયાએ પોતાના અસિલના હકને માટે મહારાજ ઉપર હુમલો કરવાનું દુરસ્ત ધાર્યું; પણ નંબર ૧ લાને પોતે એ ગુનાહનો નિરપરાધી થઇ મહારાજ એ ગુનાહનો અપરાધી છે, એમ કહેવાને તેને કંઇ સત્તા નથી. મિ૦ ફ્રેગંજાની સાક્ષી ફરિયાદીએ જેવી અગત્યની ગણી છે, તેવી હું પણ ગણું છું. દરેક અગત્યના સાક્ષીને નંબર ૧ લા અને નંબર ૨ જાની હાલત વિષે પુછવામાં આવ્યું હતું અને તે સહુએ કહ્યું કે, કોર્ટમાં જે દાગીના રજુ થયા છે, તેમાંથી વધારે કિમ્મતના દાગીના નંબર ૧ લા પાસે હશે. નંબર ૧ લા પાસે પ્રમાણિકપણે દાગીના આવ્યા છે એવું ધારવા નંબર ૨ જા પાસે સપ્રમાણ કારણ નહોતું. નંબર ૧ લાના બારિસ્ટરે કહ્યું કે, એ બધા પૈસા નંબર ૨ જાએ રાખ્યા હતા અને નંબર ૧ લાએ તેમાંની એક પૈ પણ રાખી નથી, તોપણ એ કામથી નંબર ૪ થાને તથા નંબર ૨ જાને કાંઇ લાભ થયો નથી, એ યાદ રાખવું જોઇએ. પણ એ પૈસામાનો કોઇ ભાગ નંબર ૨ જાએ પોતા પાસે રાખ્યો નથી, એમ સાક્ષી ઉપરથી ખુલ્લું જણાયું છે કે નહીં એ સવાલ છે. તે પૈસા નંબર ૧ લાની પાસે ગયા કે નહીં ગયા તે બાબત હું તકરાર કરવાની દરકાર કરતો નથી. મારી મતલબ માટે

આટલુંજ દેખાડવું બસ છે કે, એ પૈસા નંબર ૨ જાને મળયા નથી, પણ તે પૈસા કોઇ બીજાએ પોતાના કામને માટે વાવર્યા છે, પછી તે નંબર લો હોય કે નહીં તે કહેવાની મને કંઇ જરૂર નથી. આવા જોખમ ભરેલા કામની અંદર ઉતરવાને નંબર ૨ જાનો કંઇ પણ હેતુ નહોતો, તે સવાલને એક કોરે મૂકી પોતાને એક પૈના હાંસલ શિવાય, આ દગામાં નંબર ૧ લા સાથે સામેલ થાય એ નવાઇ જેવું લાગેછે. તા૦ ૨૮ મી ફેબરવારીથી તા૦ ૭ મી માર્ચ વચ્ચે નંબર ૧ લાએ રૂપિયા ૨૨૦૦) ની પોસ્ટ ઑફિસની રકમ રાખી મૂકી હતી, તે આખી રકમ રાજકોટ મોકલાવી હતી એમ સિદ્ધ થયું છે. હવે જો નંબર ૪ થાએ ધીરેલા રૂપિયા ૨૦૦૦) નંબર ૨ જાને મળ્યા છે એમ જે કહે છે, તે વાત ખરી હોય તો તા૦ ૨૮ મી ફેબરવારી અને ૭ મી માર્ચની વચ્ચે જે રૂપિયા નંબર ૧ લાએ રાજકોટ મોકલ્યા, તે તેણે કયાંથી કહાડયા ? તે જાણવું અગત્યનું છે. જે રકમો રાજકોટ મોકલી તે નંબર ૪ થા પાસેથી જે રકમો મળી તે રકમો સાથે વેહેમ ઉપજાવે એવી એકકાલાવચ્છિન્ન છે, નંબર ૪ થાએ પૈસા આપ્યા તેની અગાઉ નંબર ૧ લાએ, આટલા મ્હોટી શિલક પોતાના હાથમાં રહેવા દીધી તે, આ વખતે ભરી દેવાને એટલો આતુર શું કરવા થયો ! નંબર ૨ જા પાસે પૈસા નથી ગયા એ સારૂ સાક્ષી પડી છે, તે પૈસા કોઇ બીજા પાસે ગયા છે એમ માલમ પડયું છે. નંબર ૧ લા પાસેથી નંબર ૨ જાને એ સોનાની લગડિયો મળી છે એટલુંજ નહીં, પણ ચંદનહાર અને એક ચોરણાકંડી પણ મળી હતી, એમ તકરાર લાવવામાં આવે, પણ આ બાબત નંબર ૨ જાએ ના પાડી નથી અને તે મળ્યાં છે, એમ તેની તા૦ ૧૯ મી માર્ચની યાદમાં તેણે કબૂલ કીધું છે અને જો જોઇએ તો હાજર કરવા માગ્યાં હતાં. તેને મુંબઇ મોકલાવ્યાં હતાં ત્યાંથી તેણે ખરેખર પાછાં મગાવ્યાં અને તા૦ ૨૯ મી માર્ચે કોટવાલને હવાલે કર્યાં. ચંદનહાર અને ચોરણાકંડી નંબર ૧ લાએ મને આપ્યાં હતાં અને તે વખતે તેણે મને કહ્યું હતું કે, નવાનગરમાં એ દાગીના ઘણા લોકો પાસે માગેંજ મૂકાયા હતા, તેથી તે અહિયાં વેચવાની મારી મરજી નથી, કેમકે અહિંયાં વેચાશે તો, તેની આબરૂને ધક્કો લાગશે, એવું નંબર ૨ જાએ કહ્યું હતું, તે કોર્ટે યાદ રાખવું જોઇએ. એ દાગીના સ્ત્રીઓને પેહેરવાના હતા, તેથી નંબર ૧ લાની આ વાત નંબર ૨ જાએ કબુલ રાખી, એ સ્વભાવિક હતું. નંબર ૧ લાની દરબારનાં માણસો સાથે મિત્રાઇ હતી. એમ સહુ જાણતા હતા અને એવા

દાગીના એની પાસે આવે, એમ વિચારવામાં કંઇ નવાઇ નહોતી. ફરિયાદી તરફથી એમ તકરાર લાવવામાં આવી હતી કે, આ બે દાગીના તેણે મુંબાઇ મોકલ્યા હતા, તે પોતાને નામે નહીં પણ બીજાને એટલે ગિરધર પુરૂષોત્તમને નામે મોકલ્યા હતા. એ બીના જો શક ભરેલી માલમ પડે તોપણ નંબર ૨ જાએ તેનો મનમાનતો ખુલાસો કીધો છે. ગિરધર પુરૂષોત્તમ નગરનો પ્રખ્યાત ઝવેરી છે, તેથી એ દાગીના પોતાને સ્વાધીન લઇ મુંબઇમાં પોતાના આડતિયાને વેચવા મોકલવા માટે તે યોગ્ય માણસ હતો. નંબર ૨ જો પોતે ઝવેરી નથી અને એ દાગીના વેચવામાં નંબર ૧ લાને માત્ર મદદ કરવાની તેની ઇચ્છા હતી, તેથી એક ઝવેરીને સ્વાધીન કરે તે સ્વભાવિક છે. વળી એ વેચવામાં ઉતાવળ નહોતી, નંબર ૨ જાને એમાં કંઇ શક હત તથા એ દગાવાળાં છે એમ તે ગણત તો તેને એ દાગીના તરત વેચી ન કાઢવા પણ સારો ભાવ લઇને વેચવા એમ જે તેણે કાગળમાં લખ્યું હતું, તેમ લખત નહીં. જો તેને ગુનાહની માલમ હત તો તે દાગીના જેમ બને તેમ ઉતાવળે વેચી કાઢવા લખત.

આ પ્રમાણે નંબર ૨ જાની ચાલચલણ ગુનાહ ભરેલી નહોતી, પણ નંબર ૨ જાએ બીજાના નામથી કામ કીધું, તે માત્ર આ એકજ હતું તેમ નથી. આ દાગીના મોકલ્યા તેની દશ બાર મહિના અગાઉ તેણે બીજાને નામે એક શિરપેચ મુંબઇ વેચવા મોકલાવ્યો હતો, એમ પુરવાર થયું છે અને એ શિરપેચ પ્રમાણિકપણે મળયું હતું. ચોરેલા માલમાંથી એ બે લગડીઓને બે ઘરેણાં નંબર ૨ જાના સ્વાધીનમાં હતાં એમ કહેવાય છે અને એ લગડી અને ઘરેણાંથી નંબર ૨ જાને એક દોકડાનું હાંસલ થયું નથી તથા ફરિયાદી તરફથી નંબર ૨ જાએ આ ઘરેણાં લઇ મુંબઇ મોકલાવ્યાં, તેમાં તે અપ્રમાણિકપણે વર્ત્યોછે એમ સિદ્ધ થઇ શકયું નથી. એંગી નંબર ૨ જાના ઘરમાં ફોડવામાં આવી હતી અને બધા દાગીના તેણે લીધાં હતા, એમ કહેવામાં આવ્યું છે, પણ લગડી બાબતની નંબર ૧ લાની વાત ન મનાય તો તે બે દાગીના બાબતની તેની વાત પણ માનવી કઠણ પડે અને ફરિયાદી તરફથી જે સાક્ષી પડી છે, તેમાં એમ સિદ્ધ થયું છે કે, બાકીના દાગીના નંબર ૧ લાએ મિ૦ બ્રેગંજાને આપ્યા હતા તેથી નંબર ૧ લાને બે લગડીની કિમ્મત મળી હતી એટલુંજ નહી, પણ બાકીના બધા દાગીના તે લઇ ગયો હતો, કેમકે તેણે તે મિ૦ બ્રેગંજાને આપ્યા હતા, તે ઉપરથી

માલમ પડે છે કે, બાકી રહેલા દાગીનામાં પણ નંબર ૨ જાને એક પાઇનો લાભ થયો નથી. એમ હોય તો બધા દાગીના અથવા તેની કિમ્મત નંબર ૧ લાને મળી છે અને નંબર ૨ જાને તેમાંથી કાંઇ લાભ મળ્યો નથી, એમ જણાયું છે; તેથી નંબર ૨ જો એ દગામાં સામેલ નહોતો, એવો વગર વાંધે સાર નિકળે છે. કંઇ પણ હેતુ અથવા લાભ શિવાય કોઇ પણ માણસ આવું કામ કરે એ માનવું કઠણ પડે છે, તો નંબર ૨ જા જેવું માણસ એ કામ કરે તે કેમ મનાય! તોપણ કોર્ટને માનવા માટે કહેવામાં આવ્યું છે. નંબર ૪ થાને પૈસાની રસીદો આપી હતી, તે કામમાં નંબર ૨ જો સામેલ હતો એમ કહેવામાં આવ્યું છે. આ બાબતની સાક્ષી ફરિયાદીને ટેકો આપવાને બદલે મારા અસિલના નિરપરાધીપણાવિષે મેં જે અટકલ કરી છે, તેને વધારે પુષ્ટિ મળેછે. નંબર ૪ થા અને નંબર ૨ જાની વચ્ચે નંબર ૪ થાએ પોતાના પૈસા માટે નંબર ૨ જાને જોખમદાર ગણ્યો હતો, તેથી તેણે નંબર ૨ જાને નામે રસીદો લીધી હતી, તે સ્વભાવિક છે. નંબર ૧ લા અને ૪ થા વચ્ચે લેણદેણનો વ્યવહાર હતો અને તેથી તે તેની પાસે પાધરો ગયાને બદલે નંબર ૨ જાની મારફતે ગયો હતો, એવું દેખાડવામાં આવ્યું નથી. નંબર ૪ થાએ નંબર ૨ જાની તથા બે લગડીની જામીનગીરીથી પોતાને સલામત ગણ્યો હતો, તેથી એ કામ ખુલું રીતસર હતું, અને આવા કામની અંદર જે બનાવો બનવાની કોઇ પણ આશા રાખે તેવા બનાવો બન્યા હતા. રૂપિઆ ૫૦૦) ની પેહેલી રકમ બાબત સાક્ષી ઉપરથી માલમ પડે છે કે, રઘો, નંબર ૧ લા સાથે ખોજા દરવાજાસુધી ગયો હતો અને ત્યાં તેને નંબર ૨ જા પાસે જઇ પૈસા લાવવા કહેવામાં આવ્યું હતું. તેણે કહ્યા પ્રમાણે કીધું. નંબર ૨ જાએ રઘાને પૈસા આપવા સારૂ નંબર ૪ થાને બોલાવવા માણસ મોકલ્યું, તેથી તેમાં કંઇ છાની વાત નહોતી. તેમ રૂપિયા ૫૦૦) ની બીજી રકમ, તથા રૂપિયા ૮૧૫) અને ૧૮૫) ની રકમમાં પણ કંઇ છાની વાત નહોતી અને એ બધી વખતે નંબર ૨ જાની ચાલ તેના નિરપરાધીપણાને લાયક અને અપરાધીપણાને સાવ અયોગ્ય હતી. નંબર ૨ જો અપરાધી હત તો નંબર ૪ થાને અને રઘાને તે વાત છાની રાખવા કહેત. નંબર ૪ થાની ચાલચલણ પણ ખુલ્લી અને શાહુકારી હતી. તેણે ખુલ્લા રીતે પૈસા એકઠા કર્યા હતા. રૂપિયા રીતસર આપ્યા હતા. સોનાની લગડી ખુલ્લી રીતે લીધી હતી. તે તે લગડિયો પોતાની દુકાનમાં એવી જણસો રાખવાને ઠેકાણે રાખી હતી

અને તે બાબત દુકાનનાં બધાં માણુસને ખબર થવા દીધી હતી. નંબર ૪ થાની ચાલચલણુ અપરાધી નથી જણાતી તો એમ પણુ અટકળ કરીર જોઇએ કે, નંબર ૨ જો પણુ નિરપરાધી હતો; કેમકે નંબર ૨ જો અપરાધી હત તો તે નંબર ૪ થાને અપરાધી કરત. કોર્ટની હજુર રસીદ બાબત જે સાક્ષી આપવામાં આવી છે, તેથી નંબર ૨ જો અપરાધી ઠરેછે, એમ શું કરવા ધારવું જોઇએ ? એ કામ સાવ પ્રમાણિકપણાનું હોય તોપણુ તેવું બનત. એ રસીદો કોર્ટ આગળ રજુ કરવામાં આવી હત તો તે ઉપરથી માલમ પડત કે, નંબર ૨ જાએ બધો વખત પ્રમાણિકપણે કામ કીધું છે. એ પૈસા પોસ્ટ ઑફિસના એક માણુસને આપવામાં આવ્યા છે, એવું લોકો જાણે એમ નંબર ૧ લાની મરજી નહીં હોય તેથી રસીદો જે આકારમાં આપવામાં આવી હતી એ વિષે તેણે વાંધો લીધો હતો અને એ સ્વભાવિક રીતે બને તેવું છે. વળી એ રસીદો નંબર ૨ જાપાસે લેઇ જવામાં આવી, તેમાં પણુ કંઇ છાની વાત નહોતી. જો એ કામ અપ્રમાણિક હોત તો, રસીદો સાવ લેવામાં પણુ ન આવત, અને લેવામાં આવત તો કંઇ જુદા આકારમાં લેવામાં આવત, આ બનાવો મ્હારા અસિલના નિરપરાધીપણાની તરફેન કે વિરૂદ્ધ છે, એ વિષે કોર્ટે વિચાર કરવો જોઇએ. નંબર ૨ જાએ એ દાગીના મુંબાઇ મોકલ્યા તે વીમો ઉતારી મોકલ્યા નહીં, પણુ રજીસ્ટર પોસ્ટ મારફતે મોકલ્યા એ વાત ઉપર ફરિયાદી તરફથી બહુ ભાર મૂકવામાં આવ્યો છે. મિ૦ ચંદુલાલ જે સરકારી વકીલને સૂચના કરતો હતો, તેને પુછવાથીજ માલમ પડત કે, પોસ્ટમાં મ્હોટી ચોરિયો થવાથી કાહિયાવાડમાં પારસલોનો વીમો ઉતારવાની ચાલ સન ૧૮૭૯ ના જુન મહિનાથી બંધ કરવામાં આવી હતી અને તે આજ દિવસ સુધી પાછી ચાલુ કરી નથી. એમ છતાં તેણે વીમો ન ઉતારયો, એ અપ્રમાણિક હેતુથી કરયું એમ ફરિયાદી તરફથી કહેવું ઘણું ગેરવાજબી અને અયોગ્ય છે. નંબર ૨ જાને અપરાધી ઠેરવવાની પાધરી સાક્ષી વિષે કોર્ટે સંભાળથી વિચાર કરવો જોઇએ. રઘાએ મૂકેલું આડકતરૂં તહોમત અને દરજીના છોકરાની પાધરી જુબાની શિવાય આવી સાક્ષી કોઇ નથી. એ દગામાં નંબર ૨ જાની સામેલગીરી બાબત જે સંભવતા છે તે એટલી મ્હોટી છે કે, તે રદ કરવા મનમાનતી સાક્ષીનો મ્હોટો જથો જોઇએ. રઘાની સાક્ષી બાબત તેને કાં તો પ્રમાણિક અને સુધો સાક્ષી ગણુવો જોઇએ, અથવા અપ્રમાણિક અને દગાખોર ગુનાહમાં સામેલગાર માણુસ ગણુવો જોઇએ. જો તે પ્રમાણિક અને સુધો સાક્ષી હોય તો

તેણે નંબર ૨ જાને એ ગુનાહમાં મૂક્ત કીધો છે; કેમકે રઘાની સ્થિતિ તરફ વિચાર કરતાં તેણે રૂપયા ૨૦૦૦ લેઇ રસીદ આપી અને તે રસીદો પાછી મેળવી આપી. એ બધું કરવામાં તેને ખોટું કરવાનો શક ગયો નહોતો. તો એ દગાની અંદર નંબર ૨ જાને કંઇ લાગતું વળગતું નહિં હતું, એ સિદ્ધ કરવાને મજબુત સાક્ષી હતી. નંબર ૨ જાએ, એ દગામાં ભાગ લીધો અને રઘાને તે બાબત શક ન ગયો, તે બે વાત એક બીજા સાથે મળતી આવતી નથી. જો રઘો અપ્રમાણિક અને દગાખોર ગુનાહમાં સામેલગાર માણુસ હોય તો તેણે કહેલી વાત અને મૂકેલાં તહોમતો ઘણી સંભાળે અને સાવચેતીથિ કબૂલ કરવાં જોઇએ. કેમકે તો તેણે સાચું, બધું સાચું અને સાચા શિવાય જુઠું નહીં એમ કહ્યું નથી. બેઊ રીતે વિચાર કરતાં એની સાક્ષી નંબર ૨ જાની સાવ તરફેનમાં ઉતરે છે. તેણે માત્ર એટલુંજ કહ્યું છે કે, તા૦ ૨૮ મી ફેબરવારીને દહાડે બપોર પછી બેથી ત્રણ વાગે હું એક પારસલ હવેલીમાં લેઇ ગયો હતો, પણ તેમાં શું હતું તે હું જાણુતો નથી. તે પારસલ હું એક કાચના ઓરડામાં નંબર ૨ જાની પાસે એક ખૂણામાં મૂકી આવ્યો. ફરયાદીએ આ વાત એટલેજ મૂકી અને બાકીની વાત કોર્ટની કલ્પના ઉપર મૂકી. આ વાત અને નંબર ૨ જો જે કહે છે, તે વાતમાં કંઇ ગેરમળતાપણું નથી. પારસલ હવેલીમાં લઇ જવામાં આવ્યું હોય, પણ તેમાં પેલી વગર ફોડેલી બેંગીને બદલે પેલા બે સોનાના લાદા હોય. પારસલમાં શું હતું, તે અટકળ કરવાનું કલ્પના ઉપર રાખવું ન જોઇએ. તેમાં પેલી બેંગી હતી એવું તહોમત આવવા દેવું ન જોઇએ. વળી એમાં કંઇ શક હોય તો તે તહોમતદારની તરફેનમાં લાવવું જોઇએ. એ બેંગીમાં ખરેખરી ઘાલમેલ ક્યારે થઇ, તેનો પુરાવો કરવા પાધરી સાક્ષી પડી નથી. જો કે મને લાગે છે કે, તેમાં તા૦ ૨૮ મી ફેબરવારીએ ઘાલમેલ થઇ નહીં હોય; પણ તેથી આગળ થઇ હશે તે વખતે તેમાંથી દાગીના કહાડી ગાળી નાખ્યા હશે. બેંગી નંબર ૨ જાએ ફોડીને તેમાંથી દાગીના કહાડ્યા હોય તો તા૦ ૨ જી માર્ચને દહાડે મિ૦ બ્રેગંજા પાસે નંબર ૧ લાએ દાગીનાં મૂક્યા હતા, તે તેની પાસે કેમ જાય ? આ બાબત ખુલાસો કરવા નંબર ૧ લાએ બધો દગો નંબર ૨ જા ઉપર નાખ્યો છે, પણ મહારાજની સામે ઇન્ડિયન પિનલ કોડની ૪૦૯ અને ૧૦૯ મી કલમ મુજબ મુખ્ય અપરાધ મૂકવામાં આવ્યો છે, તેથી નંબર ૨ જાનો ગુનાહ સિદ્ધ કરવાને કોઇ પણ પક્કી સાક્ષી પડી નથી. જો બેંગીમાં ખરેખર ઘાલમેલ થઇ

હોય તો હવેલી જેવી જાહેર જગ્યા, જ્યાં માણસોની મ્હોટી સંખ્યા આવજા કરે છે, એવી જગ્યામાં ઘાલમેલ થઇ નહીં હોય. દરજીના છોકરા ચિનિયાની સાક્ષી ઉપર આવતાં એકજ સાક્ષીની જુબાની ઉપરથી કોઇપણ તહોમતદારને અપરાધી ઠેરવવો હોય તો તે સાક્ષીમાં કંઇ પણ શક હોવો જોઇએ નહીં, પણ નંબર ૨ જાને આ બીના સાથે સંબંધ હતો એમ દેખાડવા ચિનિયાનીજ સાક્ષી છે. તથા નંબર ૨ જાએ એ બેંગી શિવવાની હું કંઇ વાત જાણતો નથી, એમ કહ્યું છે. એ બાબત ખુલાસો વધારે સંભવીત રીતે થઇ શકે છે, તેથી ચિનિયાની સાક્ષી ઘણી શક ભરેલી ગણવી જોઇએ. એ નાહાનો છોકરો છે, તેની અવલોકન કરવાની શક્તિ પૂર્ણ રીતે ખુલી નથી. નગરમાં બે હવેલિયો છે. એક મહારાજની તરફની અને બીજી તેની પાલક માતા માજીમહારાજની. મહારાજને કાઢી તેની ગાદીએ બીજાને બેસાડવાનો યત્ન કરે છે, એમ પુરવાર થયું છે. આ વાત આખું નગર જાણે છે. તા૦ ૧૪ મી માર્ચે કોટવાલે તપાસ કરી, તેથી અગાઉ ત્યાં મ્હોટી ચર્ચા ચાલતી હતી. નગરની પોસ્ટ ઑફિસ ઉપર શક ગયો છે, એ સહુને માલમ હતું અને નંબર ૨ જાએ નંબર ૪ થા પાસેથી નંબર. ૧ લાને પૈસા અપાવ્યા હતા, એ વાત છાની નહોતી. તેથી માજીમહારાજના મિત્રોને એક વાત જોડી કહાડવાને તથા સાક્ષિયો ઉભા કરવાને વખત અને જોઇતાં સાધનો મળ્યાં હતાં. ચિનિયાએ બેંગી સીવી. એ બાબત વાંધો લેવાની જરૂર નથી. તે સીવી હોય, પણ તેમાં નંબર ૨ જો સામેલ હતો એમ સિદ્ધ ન થાય ત્યાં સુધી એ વાત ફરિયાદીને મદદ કરતી નથી. ચિનિયાએ કહ્યું કે, એ બેંગી મેં હવેલીની અગાસી ઉપર સીવી હતી, નંબર ૨ જાના સંબંધમાં તે વાતને કંઇ પુષ્ટિ મળતી નથી. બેંગી સીવવાની બાબત ચિનિયો ખરૂં બોલતો હોય. પણ તે સારૂ તે હવેલીએ ગયો હતો અને નંબર ૨ જાને માટે તે સીવી હતી, એ સઘળી વાત કલ્પિત છે. હવેલિયે ગયો હતો. બેંગી સીવી હતી અને ત્યાં મહારાજને જોયો હતો, એ શિવાય બીજી કંઇ પણ વાત તેને યાદ નથી, એટલી વાતમાં તેની યાદદાસ્ત પક્કી છે, એ શિવાય બીજી વાતમાં તેની યાદ શક્તિ સાવ નથી. આ વાત તેને પુછવામાં આવી હતી, તે એટલી તો અગત્યની હતી કે, જો તે ખરૂં બોલતો હોય તો તેને એ યાદ રહેવું જોઇતું હતું. આવા સાક્ષીને ઉલટ પાલટ તપાસવામાં કંઇ હાંસલ નથી. સોગન ખાઇને કહેવાને આવ્યો હતો, જે કહેવાને તેને તૈયાર કરી લાવ્યા હતા. તેજ વાતને

ને માત્ર વળગી રહ્યો. આ કેસની જૂદી જૂદી બાબતો સાથે તેની સાવ અસંભવિત અને ન મળે એવી વાત છે. જે અગત્યની વાત તેને જાણવી જોઇતી હતી, તે બાબતમાં તેની સાક્ષી એટલી તો ભાગી પડે છે કે, જે વાત તેને સોગન ખાઇને કહી છે, તે ઘણી સંભાળથી કબૂલ કરવી જોઇએ. મહારાજ અને તેની પાલક માતા વચ્ચેની દુશ્મનીથી એ વાત ઉભી થઇ હોય એમ અટકળ થાય છે. તેની મા માજીમહારાજને ત્યાં ચાકર હતી એમ પુરવાર થયું છે. તે પોતે પણ માજીમહારાજને ત્યાં જતો આવતો, તેથી માજીમહારાજ આવાં અણગમતાં માણસથી છુટવા ખાહેશમંદ હતી; એમની વતી કોઇએ મહારાજનું નામ લેવા તેને કહ્યું હશે. આ તેને બચાવ ભરેલું છે અને મહારાજનું નામ લઇશ તો તને ઇનામ મળશે, એમ તેને કહેવામાં આવ્યું હશે. મહારાજના જેવા કોઇને મેં દીઠો હતો એવી ચિનિયાની જુબાની હતી, એવી જે મિ૦ જગન્નાથના મન ઉપર અસર રહી ગઇ હતી, એ કોર્ટમાં બહુ વિચાર કરવા જેવી વાત છે. ચંદુલાલની સાક્ષીથી જે વાત ખોટી ઠરીછે. પણ ચિનિયાએ પોતે અને એ બબાત બીજા ત્રણ માણસોએ સાક્ષી આપી છે, તેઓએ ના પાડી નથી, જગન્નાથ ન્યાયખાતાનો એક મ્હોટો અમલદાર હોવાથી તથા સાક્ષીનો તોલ કરવા તથા સમજવામાં તેને મહાવરો હોવાથી તે વાત વિચાર કરવાને વધારે લાયક ઠરે છે. ચંદુલાલ પ્રમાણિક અને શકિતવાન છતાં એક ફરિયાદી હતો. અલબત કાયદાની રૂએ બધા તહોમતદારોને અપરાધી ઠરાવવામાં તેને લાભ છે. વળી સાક્ષીનો તોલ કરવાનો તેને કંઇ મહાવરો નથી. તેથી ચિનિયાએ પેહેલ વેહેલાં મહારાજ જેવો કોઇ હતો એમ કહ્યું હોય એમ સંભવે છે. મિ૦ તૈયબજીએ છેલ્લે કહ્યું કે, શક જોઇએ તેવો મજબુત હોય તોપણુ માહારા અસીલને તે ગુનેહગાર ઠેરવવા પુરતો નથી. કાયદા પ્રમાણે મનમાનતી અને ખાત્રી કરે એવી સાક્ષી જોઇએ, અને કહ્યું કે, મેં કોર્ટની સત્તા બાબતના સવાલ વિષે આટલો ભાર આપ્યો હતો, તેનું કારણ માહારા અસીલને બીજી જગ્યાએ સારી કોર્ટ મળશે એમ ધારીને નહીં, પણ મને ખાત્રી થઇ હતી કે, મારા અસીલ ઉપર સત્તા છે એમ માનવામાં મારા મત પ્રમાણે આ કોર્ટે કાયદાની સ્પષ્ટ કલમો તોડી છે તેથી.

ત્રીજા અને ચોથા તહોમતદારોના વકિલોએ કોર્ટ હજુર ભાષણ કરયું. અને પછી સરકારી વકીલે તેનો ઉત્તર આપ્યો.

———o———

કાઠિયાવાડની ચિફ્ કોર્ટ ઑફ્ ક્રિમિનલ જ્યુરિસ્ડીક્શનની સમક્ષ મહારાજ વ્રજેશજી વ્રજનાથજી વગેરાની તા૦ ૬ ઠી જુનથી નગરની પોસ્ટ ઑફિસમાં ચોરાયલી એંગીના મુકદમાની તપાસ ચાલી હતી, તે તારીખ ૧૮ મી જુનને રોજ પુરી થઇ. તેની અગાઉ તા૦ ૧૫ મી જુન સન ૧૮૮૦ ને રોજ મહારાજના વકિલ મિ૦ જાફરસન વગેરાએ અત્રેની સરકારને અરજી કરી કે, કાઠિયાવાડની કોર્ટને મહારાજ ઉપર કામ ચલાવવાની મુદલ સત્તા ન છતાં તે કોર્ટ કામ ચલાવે છે અને હકુમત બાબતની તકરાર સાંભળતી નથી. કદી મહારાજને ગુનેહગાર ઠેરાવી સજા કરશે તો તેમને જે નુકશાન થાશે તેનો બદલો વાળી શકાશે નહીં. માટે મુકદમાની અને મજકુર હકુમતની બાબતના સવાલનો નીવેડો થાતાં સુધી કોર્ટનું સેન્ટેન્સ અટકાવવું જોઇએ ઇત્યાદિ. એ અરજ ઉપરથી નામદાર સરકારે સદરહુ મુકદમાનું સેન્ટેન્સ જે તારીખ ૨૬ મી જુનને રોજે આપવાનું હતું તે સરકારે અટકાવ્યું. આ અરજી આપવા મિ૦ જાફરસન પુને ગયો હતો.

એવીજ મતલબની બીજી અરજી તારીખ ૨૪ મી જુન સને ૧૮૮૧ ને રોજ નામદાર સરકારને કરવામાં આવી હતી, તે અરજી આપવા સારૂ મિ૦ જાફરસન, એક પ્લીડર, અને કેટલાએક ગૃહસ્થો પુને ગયા હતા.

હેમરાજ વશરામ વિગેરે જૂદા જૂદા ગૃહસ્થોએ મહારાજની તરફેનમાં ઓગણસાઠ અરજીઓ કરી હતી, તેમાં જે લખાણ કરયું હતું તે સારૂં નહતું. સુંદરદાસ લક્ષ્મીદાસે જુરિસડિકસનની તકરાર સામે એક અરજી કરી હતી, સદરહુ બાબતસર સરકારે રાજકોટના પોલિટિકલ એજંટનો વિચાર પણ મંગાવ્યો હતો. ચિફ્ કોર્ટ ઑફ્ ક્રિમિનલ જસ્ટિસ ઇન કાઠિયાવાડની કોર્ટમાં ચાલેલાં કામનું પ્રોસીડીંગ સરકારના હજુરમાં ગયું હતું. સદરહુ અરજીઓ બાબત સરકારે નીચે મુજબ ઠરાવ કરયો.

સરકારનો ઠરાવ નંબર ૩૦૩૬ વાળો તા૦ ૬ જુલાઇ સન ૧૮૮૧ ને રોજ બહાર પડયો. તા૦ ૧૫ મી અને તા૦ ૨૪ મી જુનની મહારાજની અરજીઓ વાંચી કાઠિયાવાડના પોલિટિકલ એજંટનો કાગળ વાંચ્યો. હેમરાજ વશરામ વગેરે ગૃહસ્થની ઓગણસાઠ અરજીઓ વાંચી. સુંદરદાસ લક્ષ્મીદાસની અરજી વાંચી ચિફ્ કોર્ટ ઑફ્ ક્રિમિનલ જસ્ટિસ ઇન કાઠિયાવાડની કોર્ટમાં ચાલેલા કામનું પ્રોસીડીંગ તપાસીને ઠરાવ કરયો કે, પોલિટિકલ એજંટને જણાવવામાં આવે છે જે મજકુર મુકદમાનો ઠરાવ મુલતવી રાખવા જે હુકમ કરયો હતો તે સરકારે પાછો ખેંચી લીધો,

પોલિટિકલ એજંટની કોર્ટે રીત મુજબ તેનો ફેસલો કરવો.

આ ઠરાવ સરકારે જાહેર કરયો એટલે તા૦ ૯ મી જુલાઇ સન ૧૮૮૧ ને રોજ મહારાજના વકીલોએ વાઇસરાયને તારમાં અરજી કરી, તેની મતલબ જે કાઠિયાવાડની કોર્ટનો ઠરાવ અટકાવવો; પણ ગવ્હરનર જનરલ ઇન કૌંનસલે કાઠિયાવાડનો ઠરાવ અટકાવ્યો નહીં. અને તારીખ ૧૨ મી જુલાઇ સન ૧૮૮૧ ને રોજે સદરહુ મુકદમાનું જડજમેંટ કોર્ટે આપ્યું.

એક ઉમદા નવલ કથા.

ઉદયકાન્ત.

આ વાર્તા તે હિન્દુ સંસારનો એક કસાયલા હિન્દુ લેખકને હાથે લખાયલો ચિતાર છે; વાર્તામાં સંસારમાં નિત્ય બનતા અવનવા બનાવોની સાંકળ એવીતો રસિક રીતે ગુંથેલી છે કે તે દરેક વાંચનારને પસંદજ પડશે, વાર્તામાં કન્યા વિક્રય, પુનઃલગ્ન, સ્વાર્પણ અને જાતમહેનતના ઉમદા વિચારો અને સવાલો અચ્છી રીતે ચર્ચેલા છે. સારી છપાઇ અને સુંદર બંધાઇ છતાં કીં. ફક્ત રૂ. ૧–૮

જામનગરની પોસ્ટ આફિસ મધ્યે બેંગીમાં થએલી ચોરીનો કેસ

પોસ્ટ માસ્તર જનરલની વતિ મિ૦ ચંદુલાલ મથુરાંદાસ-પ્રોસિક્યુટર.

પારસી દાદાભાઇ ટેમુલજી ડેપ્યુટી પોસ્ટ માસ્તર નં ૧ લો,
મહારાજ વ્રજેશજી વ્રજનાથજી ધર્મગુરૂ નંબર ૨ જો,
કલ્યાણજી પ્રાણજીવન મહારાજનો નોકર નંબર ૩ જો, } તહોમતદાર
જાદવજી ગોપાલજી શરાફ નંબર ૪ થો, ...
દાના કાનજી કિમ્મતી ધાતુનો કારીગર નંબર ૫ મો.

ચિફ કોર્ટ આફ ક્રિમિનલ જસ્ટિસ ઇન કાઠીઆવાડની કોર્ટે સન ૧૮૮૧ ની તારીખ ૧૧ મી જુલાઇ ને રોજ સદરહુ મુકદમાંનું જડ્જમેંટ આપ્યું.

જડ્જમેંટ.

મુંબઇથી મૂલજી પરમાનંદે આશરે રૂપિયા ૫૦૦૦) ની કિમ્મતના દાગીના ભરી એક વીમો ઉતારેલી બેંગી મોકલી હતી, જે ખંભાલિયે જામનગરની પોસ્ટ ઑફિસમાંથી થઇને જાદવજી ખટાઉને દાગીનાને બદલે જામસાઇ ચલણના ત્રાંબાના સિક્કાઓ સાથે પહોંચી; તે બેંગીમાના દાગીના ચોરવાથી ઉત્પન્ન થતા અપરાધો માટે પાંચ શખસોને તપાસ ઉપર લાવવામાં આવ્યા, એ પાંચ તહોમતદારોમાં,

નંબર ૧ લો દાદાભાઇ ટેમુલજી જામનગરનો ડેપ્યુટિ પોસ્ટ માસ્તર છે,
નંબર ૨ જો વ્રજેશજી વ્રજનાથજી મ્હોટી પદ્વી અને વગવાળો ધર્મગુરૂ છે,
નંબર ૩ જો કલ્યાણજી પ્રાણજીવન નં૦ ૨ જાવાળા મહારાજનો નોકર છે,
નંબર ૪ થો જાદવજી ગોપાળજી શરાફ છે,
નંબર ૫ મો દાના કાનજી કિમ્મતી ધાતુનો કારિગર છે.

ફરિયાદી તરફનો કેસ એ છે કે, સદરહુ વીમો ઉતારેલી બેંગી તા૦ ૨૮ મી ફેબરવારીને દહાડે ડેપ્યુટિ પોસ્ટ માસ્તર, વજેશજી વજનાથજીને ત્યાં લઇ ગયો હતો; ત્યાં બેંગી ફોડી, તે માહેલા માલનો મ્હોટો ભાગ વજેશજી વજનાથજીને સોંપ્યો. એ ફોડેલી બેંગી સીવવા માટે તેજ સાંઝના એક દરજીના છોકરાને નંબર ૨ જાનો નોકર કલ્યાણજી બોલાવી લાવ્યો. તેણે નંબર ૧ લા, ૨ જા, અને ૩ જાની હજુરમાં બેંગી પાછી સીવી અને નંબર ૨ જાને ઘેર દાગીનાને બદલે કેટલાએક ત્રાંબાના સિક્કાઓ ભરી ખંભાલિયે મોકલવાસારૂ ડેપ્યુટિ પોસ્ટ માસ્તર નંબર ૧ લો લઇ ગયો. કેટલાક દાગીના જે પોસ્ટ માસ્તરે રાખ્યા હતા, તે તેણે સાંચવી રાખવા માટે એક મિત્રને આપ્યા હતા. નંબર ૨ જા તહોમતદાર વજેશજી વજનાથજીના સ્વાધીનમાં દાગીના રહ્યા, તેમાના બે સોનાના મોટી કિમ્મતના તોલા ૩૩ાા) ના વજનના છાનામાના મુંબઇ મોકલાવ્યા હતા અને બાકીના એજ તહોમતદારે નંબર ૪ થાવાળા તહોમતદાર જાદવજી ગોપાલજીને આપ્યા હતા. તેણે નંબર ૨ જાના કહેવાથી રાઘવજી નામે પોસ્ટનો શિપાઇ જે એક વખત મહારાજને ત્યાં રહ્યો હતો અને હજી પણ કોઇ કોઇ વખત તેનું કામ કરે છે, તેની મારફતે રૂપિયા ૨૦૦૦) જૂદી જૂદી ચાર રકમે (રૂપિયા ૫૦૦), રૂપિયા ૫૦૦), રૂપિયા ૮૧૫), અને રૂપિયા ૧૮૫), નંબર ૧ લા પોસ્ટ માસ્તરને આપ્યા હતા. એ ધરેણાં અથવા તેમાનાં કેટલાંક ધરેણાં જેના ઉપર આ પૈસા ધીરવામાં આવ્યા હતા, તેને ગાળીને સોનાની લગડિયો બનાવી હતી અને તે લગડીના આકારમાં નંબર ૪ થા જાદવજી પાસેથી નિકળી હતી. ઉપલી રકમની રાઘવજીએ આપેલી કેટલીએક રસીદો જે એ પૈસા આપ્યાની લેખી સાક્ષી હતી, તે બે પાનાઓ ઉપર લખી હતી; તે બે પાનાંઓ જાદવજીના ચોપડામાંથી કાઢી લીધાં હતાં અને આ કામ પોસ્ટ માસ્તરને માટે અને મહારાજના કહેવાથી એ ધણીઓએ કિધેલા ગુનાહની સાક્ષીનો નાશ કરવાના હેતુથી કરયું હતું. વિશેષ એ ચોરેલા દાગીનામાનો એક,. નંબર ૩ જો કલ્યાણજી, નંબર ૫ મા દાનાં કાનજી પાસે લેઇ ગયો. નંબર ૫ માએ તેને ગાળ્યો અને તેમાંથી સોનાના મણુકા અને વાંળો બનાવ્યાં. જે વખતે જામનગર દરબારની શેશન કોર્ટમાં તપાસ કરવાનો વિચાર ચાલતો હતો, તે વખતે જામનગરના કોટવાલે, જે અપરાધી અસલ મેલ્યા હતા, તેમાં અને જે અપરાધીમાટે હવે પછી કહેવામાં આવશે તે બનાવને લીધે એ તહોમતદારોને આ કોર્ટમાં તપાસવા માટે છેવટે મોકલવામાં આવ્યા છે; તેમાં એ

તહોમતદારો ઉપર નિચે પ્રમાણે અપરાધો મેલ્યા છે. નંબર ૧ લા દાદાભાઇ ટેમૂલજી ઉપર સન ૧૮૬૬ ના પોસ્ટલ એકટ ૧૪ માની ૪૮ મી કલમ પ્રમાણે બેંગી ચોરવા અથવા તેમાં દગો કરવા અને ઇન્ડિયન પીનલ કોડની ૪૦૯ મી કલમ પ્રમાણે સરકારી નોકર થઇ સાપરાધ વિશ્વાસઘાત કરવાનો અપરાધ, નંબર ૨ જા વ્રજેશજી વ્રજનાથજી ઉપર ઇન્ડિયન પીનલ કોડની ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરેલી મતા છાની રાખવાને અને તેને મદદ કરવાનો અપરાધ, નંબર ૩ જા કલ્યાણજી ઉપર પીનલ કોડની ૪૦૯ અને ૧૦૯ મી કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાત કરવામાં મદદ કરવાનો અપરાધ, નંબર ૪ થા જાદવજી ઉપર પીનલ કોડની ૨૦૪ થી કલમ પ્રમાણે સાક્ષીમાં દાખલ થતાં ચીઠ્ઠીઓ અટકાવવાનો તથા નાશ કરવાનો અપરાધ, અને નંબર ૫ મા દાના ઉપર ઇન્ડિયન પીનલ કોડની ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરેલી મત્તા છુપાડવામાં મદદ કરવાનો અપરાધ મેલ્યો છે. તપાસની શરૂઆતમાં સરકારી વકીલે નંબર ૨ જા વાળા માહારાજ ઉપર પીનલ કોડની ૧૦૯ અને ૪૦૯ મી કલમ મુજબનો અપરાધ વધાર્યો. નંબર ૨ જાના અપરાધોમાં ફેરફાર કરવાની અરજ કરી, તેની અરજ બાહાલ રાખવામાં આવી હતી. ફરિયાદી તરફથી કેસ પુરો થતાં અને તહોમતદાર પુરૂષોને પોતાનો બચાવ કરવા કહેવામાં આવ્યું, તેની અગાઊ સાક્ષી પડવાથી ઉત્પન્ન થતા અપરાધો કોર્ટે ઘડી કાઢયા, અને બીજા, ત્રીજા, અને ચોથા તહોમતદારો ઉપર તેમના અસલ અપરાધો મેલવામાં આવ્યા, તે ઉપરાંત નિચે લખેલા અપરાધો વધારવામાં આવ્યા છે. નંબર ૨ જો વ્રજેશજી વ્રજનાથજી ઉપર ૧૮૬૬ ના પોસ્ટલ એકટ ૧૪ માની ૪૮ અને ૫૨ મી કલમ મુજબ નંબર ૧ લાને બેંગી ચોરવામાં મદદ કરવાનો તથા ઇન્ડિયન પિનલ કોડની ૪૦૯ મી કલમ પ્રમાણે એક સરકારી નોકર દાખલ નંબર ૧ લાને સાપરાધ વિશ્વાસઘાત કરવામાં મદદ કરવાનો અપરાધ તથા પિનલ કોડની ૪૧૧ મી કલમ પ્રમાણે અપ્રમાણિકપણે ચોરેલી મત્તા લેવાનો તથા પિનલ કોડની ૨૦૧ લી કલમ પ્રમાણે નંબર ૧ લાને કાયદાસર થતી સજામાંથી બચાવવાની હેતુથી ગુનાહનો પુરાવો નાશ કરવાનો એટલા અપરાધો છે. નંબર ૩ જા કલ્યાણજી ઉપર ૧૮૬૬ ના પોસ્ટલ એકટ ૧૪ માની ૪૮ અને ૫૨ મી કલમ મુજબ નંબર ૧ લાને બેંગી ચોરવામાં મદદ કરવાનો અપરાધ મૂકયો. નંબર ૪ થા જાદવજી ગોપાલજી ઉપર ઇન્ડિયન પીનલ કોડની ૨૦૧ કલમ પ્રમાણે એક ગુનેહગારને બચાવવાના ઇરાદાથી ગુનાહનો પુરાવો નાશ કરવા માટેનો અપરાધ તથા

પીનલ કોડની ૪૧૧ મી કલમ પ્રમાણે ચોરેલી મતા અપ્રમાણિકપણે લેવાનો અપરાધ છે. ફેસલો આપ્યા અગાઉ નંબર ૩ જા કલ્યાણજી ઉપર ચોરેલી મતા અપ્રમાણિકપણે લેવાનો અપરાધ વધારવામાં આવ્યો છે.

૨. બીજી પેહેલી બાબત ધ્યાનમાં લેવાની એ છે કે, એ સર્વે ગુનાહો જામનગરના ફર્સ્ટ કલાસ રાજ્યમાં થએલા છે.

આ કેસમાં મુખ્ય તહોમતદાર જામનગરનો પોસ્ટ માસ્તર એ સરકારી નોકર છે અને તા૦ ૧૪ મી જુલાઇ સન ૧૮૬૬ ના મિ૦ પીલના નંબર ૧૧૫૧ વાળા કાગળમાં જે સાધારણ નિયમ લખેલો છે તે મુજબ, કામની સાધારણ રીત પ્રમાણે જામનગરની દરબારને આવા સરકારી નોકરને તપાસ માટે આપી દેવા અરજ કર્યા પછી તેને પોલિટિકલ કોર્ટની હજુર તપાસને માટે લાવવો જોઇએ. આ કાગળની ચોથી કલમ નિચે પ્રમાણે છે:—

"હવે હું ફરમાવું છું કે, પોસ્ટ ખાતામાં હરકોઇ સરકારી નોકર રહેલો હોય અને કાઠિયાવાડની અંદર પોસ્ટ ઑફિસના ધારા મુજબ કોઇ ગુનાહનો તકશિરવાર હોય તો, જે પ્રાંતમાં એ ગુનાહ કરવામાં આવ્યો હોય તે પ્રાંતની કોર્ટમાં એવા ગુનાહ માટે તેનો તપાસ કરવામાં આવશે. અને જે કોઇ દરબારની રાજ્યસત્તામાં એ ગુનાહ કરેલો હોય તે દરબારને આવા કોઇ નોકરને તપાસવા માટે આપી દેવા અરજ કરવામાં આવશે અને જે કોર્ટમાં તેની તપાસ થાશે, તે કોર્ટ ૧૮૬૬ ના ૧૪ માં ઍકટની કલમોનો ઉપયોગ કરશે."

કાઠિયાવાડ પોલિટિકલ એજન્સી અને જામનગર દરબાર વચ્ચે કેટલાક કાગળ પત્રો ચાલ્યા બાદ, જામનગર શેશન કોર્ટમાં કામ ચાલુ થઇ ચુકૂં હતું, તે બંધ રાખવામાં આવ્યું. અને પોલિટિકલ એજન્ટની શિખામણ પ્રમાણે જામનગર દરબારે કહ્યું કે, આ કેસ એક ખાસ કામ દાખલ તપાસવા માટે એજન્સી ઉપર મોકલવામાં આવશે. એ કહેવા મુજબ તે વખતના જુડિસિયલ ઍસિસ્ટન્ટ મિ૦ કેન્ડી ઉપર તા૦ ૨૨ મી એપ્રિલ એ કેસનાં કાગળિયાં અને નોંધો જામનગરના દિવાને મોકલી આપ્યાં હતાં. (પ્રતિવાદીઓ તરફથી વખત નેમવાને દબાણથી અરજી કરવા પછી) તપાસનેમાટે દિવસ ઠરાવવામાં આવ્યો, તે દહાડે જામનગરની દરબારે પોતે આ કોર્ટની હજુર બધા તહોમતદારો અને સાક્ષીઓને હાજર કરવા ગોઠવણ કરી હતી. તપાસ શરૂ થઇ તે વખતે નંબર ૨ જાના બારિસ્ટરે વાંધો ઉઠાવ્યો અને તેને નંબર ૩ જા અને ૪ થાના વકીલોએ સંમત્તિ આપી કે, એ ગુનાહ ફર્સ્ટ કલાસ રાજ્યમાં થયો છે, તેથી તેની તપાસ

નગર રાજ્યની દરબારી કોર્ટમાં થવી જોઇએ અને "કાઠિયાવાડની ક્રિમિનલ જસ્ટિસની મુખ્ય કોર્ટમાં" ન થવી જોઇએ. આ સવાલ વિષે મેં ચુકાદો કીધો કે, આ સવાલ બાબત આ કોર્ટ હજુર તકરાર કરવા દેવામાં નહીં આવે. આ સવાલ કાયદાસર તકરાર કરવાનો નથી, પણ તે સવાલ રાજ્યનીતિ બાબતનો છે અને તેથી પોલિટિકલ એજન્ટે આપેલી સત્તા મુજબ એ તપાસ માટે જુડિશિયલ આસિસ્ટન્ટ બેઠા છે તે, તેને પોલિટિકલ એજન્ટે લખ્યું છે કે, આ તપાસ કાઠિયાવાડની ક્રિમિનલ જસ્ટિસની મુખ્ય કોર્ટમાં થવાની ગોઠવણ કરવામાં આવી છે, તે હુકમ મુજબ ચાલે છે. મેં કહ્યું છે કે, જામનગરના રાજ્યને આ તપાસ કરવા કંઇ પણ સત્તા જો હોય તો તે સત્તા તેણે છોડી દીધી છે, એમ હું સમજું છું; પણ જોઇએ તેમ હોય તોપણ આ બાબત પોલિટિકલ એજન્ટનો હુકમ છેવટનો છે એમ કબૂલ કરવાને હું બંધાયલો છું; અને એ બાબત, સ્વતંત્ર સત્તાવાળાથી નક્કી થઇ ચુકી છે, એમ મારે ગણવું જોઇએ. આ કોર્ટમાં કેસ મોકલવાને જામનગર દરબારે પોલિટિકલ એજન્ટને ખાસ સત્તા આપ્યા પછી જામનગર દરબારે આ કેસ તપાસવા માટે અહિયાં મોકલ્યો છે, એટલુંજ જાણવું મુખ્ય કોર્ટને બસ છે. આ સરતો પૂર્ણ થયા પછી મુખ્ય કોર્ટ પોતાના બંધારણથી આ તપાસ કરવાને સત્તાવાન છે.

૩. અપરાધોમાં મૂકેલા ગુનાહ સિદ્ધ કરવા માટે ફરિયાદી તરફથી જે સાક્ષી ઉપર આધાર રાખવામાં આવે છે, તે સાક્ષી વિષે તકરાર કરવા અગાઉ ૧૪ દહાડા સુધી ચાલેલી તપાસમાં કાયદા સંબંધી બારિકિયો ઉઠાડવામાં આવી છે, એ ઉપર ધ્યાન આપવું વધારે ઠીક પડશે. એ બારીકિયોમાં આ તપાસ દરમિયાન મેં વારંવાર એક સાધારણ વિચાર દરશાવ્યો છે અને તેનો અહિયાં નોંધ લેવો ઉપયોગી છે. જે રીત ૧૮૭૨ ના ૧૦ માં ઍક્ટની અંદર લખી છે તે પ્રમાણે આ કોર્ટ ચાલી છે, એટલે કે, તેની જેટલી કલમ કાઠિયાવાડને લાગુ પડે છે તે પ્રમાણે ચાલી છે અને મારી જાણ પ્રમાણે આ તપાસમાં કોર્ટની અંદર આદિથી અંત સુધી જે જે ઠેકાણે આ કાયદાની જે જે કલમ લાગુ પડી શકે છે, ત્યાં ત્યાં પાડી છે; પણ આ તપાસની અગાઉ જે કામ ચાલેલું છે તે કામ આ કાયદાની કલમ પ્રમાણે ચાલેલું છે કે નહિં એ તપાસવું જોઇએ, એમ વારંવાર તહોમતદાર તરફથી કહેવામાં આવ્યું છે, પણ તેમ કરવાની જરૂર નથી. આ બાબત દરબારી ન્યાયખાનાના અમલદારોએ તપાસ ચલાવી

છે, તેઓ આ કાયદો વાપરતા નથી. આ તપાસની અગાઊ ચાલેલા કામને "ચુક" એ શબ્દ વારંવાર લગાડવામાં આવ્યો છે, એવા અર્થથી કે ૧૮૭૨ ના ૧૦ મા ઍકટની કલમ મુજબ ચાલવાને બંધાયલા એક કોટવાલે કાચો તપાસ કર્યો હોય તો તેમાની કેટલીએક કલમ મુજબ તે ન ચાલ્યો હોય તો તે ચુક ગણાય; પણ બે જૂદી જૂદી કોર્ટમાં ચાલતી બે જૂદી જૂદી રીતમાં માત્ર તફાવત હોય તો તે ચૂક ગણાય નહી. તેથી જામનગરનો કોટવાલ જે રીત પ્રમાણે ચાલ્યો, તે અને ૧૮૭૨ ના ૧૦ મા કાયદા પ્રમાણે ચાલવાને બંધાએલી કોર્ટમાં ચાલતી તે કાયદામાં લખેલી રીત વચ્ચે કેટલાએક જુદાપણા વિષે જ્યારે ભાર આપી કહેવામાં આવ્યું ત્યારે મેં પ્રતિવાદીના બારિસ્ટરને યાદ અપાવ્યું હતું કે, આ કોર્ટને સંભાળથી જોવાનું એટલુંજ છે કે, આ રીતિના ફેરફારથી કોઇપણ રીતે તહોમતદારોને હાની કરે એવો દાખલો છે કે નહીં અને આ બાબતમાં આ કોર્ટનું ધ્યાન હંમેશાં સંભાળથી લાગેલું રહ્યું હતું, આટલું કહેવાની જરૂર છે, કેમકે જે જુદા જુદા રાજ્યથી કાઠિયાવાડ પ્રાંત બન્યો છે, તેમાં ન્યાય કરતાં આવી રીતનો ફેરફાર આ કોર્ટને હંમેશ જોવામાં આવે છે, તેને માટે આ કેસમાં બિનજરૂરે ફરિયાદ કરવામાં આવી છે. વળી કાંઇપણ ગેરસમજુતી ન થાય એટલા માટે કહેવાની જરૂર છે કે, આ કોર્ટ ૧૮૭૨ ના ૧૦ માં ધારામાં જણાવેલી રીતને અનુસરી છે તેનું એક કારણ એ છે કે, બ્રિટીશ ઇન્ડિયાની અંદર ફોજદારી કામ ચલાવતાં લાંબો-અને ઓહોળો અનુભવ મળ્યો છે, તેથી આ ધારામાં જે સંભાળો લેવાને સૂચવ્યું છે, તે સંભાળનો લાભ તહોમતદારોને આપવો અને દરબારી કોટવાલની આગળ ચાલેલી તપાસ વખતે આ ધારામાં કહેલી કલમ પ્રમાણેની રીત પાળવામાં આવી નથી, તે તે ઠેકાણે સાક્ષીનો એ ભાગ આ કોર્ટ ઘણીજ સાવચેતીથી તપાસેછે, એવા હેતુથી કે આપણા ધારામાં જે સાવચેતી રાખવાને સૂચવ્યું છે, તે ન રાખવાથી તહોમતદારોને તપાસ માટે લાવ્યા, તેની અગાઊ તેથી કંઇ ખરેખરી હાની થઇ છે કે નહીં તે જોવું. અને રીતિયોમાં આવો ફેરફાર થયો છે, તેથી સાક્ષીનો એવો ભાગ રદ કરવાનું પુરતું કારણ નથી; તોપણ તે વિષે જેવી રીતે સંભાળ રાખવી જોઇએ, તેથી વધારે સંભાળ તેમાં કોઇ કોઇ વખત તો સાવ ગેરવિશ્વાસ રાખવા જેવું થાય છે. એટલી સંભાળ રાખવી જોઇએ. પ્રતિવાદી તરફથી મજબુતીથી કહેવાયલી વાત એ છે કે, પોસ્ટનો સિપાઇ રાખુ જોઇએ તેવો સાક્ષી છે કે નહીં

તોપણ તે જોઇએ એવો સાક્ષી છે, એવો ચુકાદો કરવામાં આવ્યો તે પછી નંબર ૨ જાના બારિસ્ટરે તેની સાક્ષી લુલી કરી નાંખવાનો પ્રયત્ન કીધો નહીં, પણ કોઇ આબરૂદાર સાક્ષી પાસેથી કંઇ નવી વાત કહડાવતા હોય તેમ કહડાવવા તેને ઉલટ પાલટ તપાસ્યો અને છેવટે પોતાના ભાષણમાં તેની સાક્ષીનો કોઇ પણ ભાગ તોડવાને યત્ન કીધો નહી અને તેને બદલે એમ તકરાર કરી કે, એની સાક્ષીનો કોઇ પણ ભાગ નંબર ૨ જાના નિર્દોષપણાને હરકત પહોંચાડનારો નથી, તેથી એ વાંધો બીજા તહોમતદારોને માટે અગત્યનો લેખાય. નંબર જાને માટે નહીં. એ વિષે તકરાર એમ હતી કે, રાધુ તહોમતદાર હતો, તેને ૧૮૭૧ ના ૧૦ મા એકટની ૩૪૭ મી કલમ મુજબ જામનગરના કોટવાલે રીતસર માફ કરયો નથી, તેથી તે તહોમતદાર મટયો નથી અને એટલા માટે તે જોઇએ તેવો સાક્ષી નથી. આ સાક્ષી જોઇએ તેવો છે કે નહીં, એ બાબતનો વાંધો રદ કરવામાં આવ્યો, તેની સાક્ષી માનવી કે નહી, તે બાબત હવે પછી કહેવામાં આવશે. વાંધો રદ કરવાનું કારણ એ હતું કે, રાધુને આ કેસમાં કોઇ પણ વેળાએ તહોમતદાર કહ્યો હોય એમ બતાવવામાં આવ્યું નથી એટલુંજ નહીં, પણ સાક્ષી ઉપરથી તદન ઉલટી વાત સિદ્ધ થાય છે. પોસ્ટ ખાતાંનો અમલદાર મિ॰ ચંદુલાલ જેણે આ બાબત તપાસ કરી હતી, તેણે પોસ્ટ માસ્તરનો તે વિશ્વાસુ હતો એમ કહ્યું અને તું જાણે છે તેં બધું કહીશ અને એ કામમાં તું સામેલ હઇશ, તોપણ તને માફ કરાવીશ એવી કબૂલાત આપી હતી. તે પછી ખબર આપનાર દાખલ રાધુએ ચંદુલાલ આગળ હકિકત કહી, તે ઉપરથી તેને જામનગરનો દિવાન જે એ રાજાનો સહુથી મહોટો અમલદાર હતો, તેની આગળ લેઇ જવામાં આવ્યો. ત્યાં તેણે કહેલી હકિકત પાછી સંભળાવી અને ચંદુલાલે રાધુને માફી આપવાની કબૂલાત આપી છે તે કહ્યું. ચંદુલાલની કબૂલાત કાયદાસર લાગતી નથી, તે દિવાને કબૂલ રાખી. દિવાને જામનગરના કોટવાલને બોલાવી મંગાવ્યો, તેને રાધુની જુબાની લખી લેવા ફરમાવવામાં આવ્યું અને રાધુને માફ કરયો છે, એમ કહેવામાં આવ્યું. તેની જુબાની લીધા પછી તે નાસી ન જાય તે માટે તેને કેદ રાખવામાં આવ્યો. પાછલથી સાક્ષી આપવા આવવાને માટે જામીન આપ્યાથી તેને છુટો કરવામાં આવ્યો પણ તેને કોઇ વખતે તહોમતદાર કીધો ન હોતો. એ સાક્ષી જોઇએ તેવો છે કે નહીં, તે બાબતના વાંધાનો આથી નિકાલ થાય છે રાધુને તહોમતદાર બનાવ્યો હોય તોપણ તેને ધારા પ્રમાણે માફ કરવામાં આવ્યો નથી; કારણ કે એ ગુનાહોમાનો કોઇ

પણ ગુનાહ ૧૮૭૨ નો ૧૦ મો ઍકટ જે શેશન કોર્ટમાં ચાલતો હોય તેજ કોર્ટ તપાસી શકે એવો નથી; જે વાંધો લેવામાં આવ્યો છે. તે વાંધો ટકી શકે એવો નથી. એ માફી કાયદાસર આપવામાં આવી છે કે નહી. તેની તપાસ કરવા માટે ૧૮૭૨ નો ૧૦ મો કાયદો લાગુ કરવાની જરૂર નથી. જામનગર રાજ્યમાં ચાલતા ક્રિમિનલ પ્રોસેજર પ્રમાણે તે રાજ્યના દિવાનને દરબારી કોટવાલ જયશંકરને માફી કરવાનો અખત્યાર આપવાની સત્તા નથી, એવું કંઇ જણાતું નથી, તેમ કંઇ કહેવામાં પણ આવ્યું નથી. સરકારી નોકર થઇ આ અપરાધ કરવા એવો મ્હોટો ગુનાહ જોતાં તથા જામનગરના રાજમાં ૧૮૭૨ નો ૧૦ મો કાયદો ચાલતો નથી, તે ધ્યાનમાં લેતાં રાધુને માફ કરવાની માંગણી કરી તે ચૂક હતી. એક કાચા તપાસની અંદર એ કામને માટે આ કોર્ટ તરફથી ઠપકો આપવા જેવું છે એમ હું ચુકાદો કરી શકતો નથી. વળી અહીં કહેવું જોઇએ છે કે, રાધુને સોગન આપવામાં આવ્યા, તેથી અગાઉ રાધુની સાક્ષી લેવા પેહેલાં તેને માફી બક્ષવા પોલિટિકલ એજંસીના કોટવાલને સૂચના કરવા માટે પ્રમુખે માંગણી કરી, પણ તે માગણી કબૂલ રાખવામાં આવી નહીં. બીજો વાંધો એ લેવામાં આવ્યો હતો કે, પેહેલા તહોમતદારે પોતાની જુબાનીમાં પોતે ગુનાહ કીધાનું કબૂલ કરેછે, તેની નિચે જામનગરના કોટવાલ જયશંકરે "આ કબૂલાત રાજી ખુશિથી કરીછે એમ હું માનું છું" એવી સર્ટિફિકેટ લખી નથી. આ વાંધો ૧૮૭૨ ના ૧૦ મા કાયદાની ૧૨૨ મી કલમ ઉપરથી લેવામાં આવ્યો હતો, પણ એ કાયદાનું બંધન કોટવાલ ઉપર હતું નહીં, વળી આ કાયદાની રૂએ જુબાની લીધામાં આવી હત, તોપણ આ કલમ લાગુ પડી શકતી નથી. કેમકે જયશંકર જે કાચી તપાસ ચલાવતો હતો તેવા તપાસમાં કોટવાલે લીધેલી જુબાની બાબત આ કલમ લાગુ પડતી નથી અને તેવી જાતની જુબાનીમાટે આ કાયદામાં બીજી તરેહનો એકરાર ખાસ કહ્યો છે. વળી જો એમ કરવાની જરૂર હત તો કોટવાલ જયશંકરને આ બાબત તે શું માનતો હતો તે વિષે તપાસવામાં આવત; પણ પેહેલા તહોમતદાર તરફથી એમ કહેવામાં આવે છે કે, તેણે પોતાની જુબાનીમાં આ ભાગ કહ્યોજ નથી, પણ જામનગરના જડજ મિ૦ જગન્નાથે લખાવ્યું, તેના ઉપર તે શું છે તે જાણ્યા વગર સહી કરી હતી. બીજો વાંધો એ લીધો હતો કે પેહેલા તહોમતદારની જુબાનીનો મજકુર ભાગ, જે જયશંકરે પોતે લખેલો છે, તેમાં કોટવાલ જયશંકરે આ મારી હજુરમાં અને મારા સાંભળતાં લખ્યું

છે, તહોમતદાર પુરૂષે જે જુબાની આપી, તે બધી બરાબર લખાઇછે, એમ લખ્યું નથી. આ બાબત એવો ચુકાદો કરવામાં આવ્યો છે કે, આ ઓચરિયું સાક્ષી લેખે, દાખલ કરાય કે નહીં, એ સવાલ રીતિનો નથી, પણ સાક્ષાંનો છે. અને કોટવાલ જયશંકરની મુખ જુબાનીથી પુરવાર થાય કે, એ જુબાની તેની પોતાની હજુરમાં અને સાંભળતાં લેવામાં આવી હતી, તહોમતદાર શખ્સે જુબાની આપી તે આખી બરાબર એમાં લખી છે, ત્યાંસુધી તે જુબાની કોર્ટ દાખલ કરશે નહીં અને એવી સાક્ષી લીધામાં આવી નહોતી ત્યાં સુધી તે જુબાની દાખલ કરી નહોતી. સન ૧૮૭૨ ના ૧૦ મા ઍકટની અંદર લખેલી સર્ટિફિકેટથી જે પુરાવો કરવામાં આવે છે, તે પુરાવો કરવા માટે આવી માજીસ્ટ્રેટની મુખ જુબાની લેઇ શકાય, કેમકે મુખ જુબાની રદ કરવાનો માત્ર એકજ ઉપાય ૧૮૭૨ ના એવિડેન્સ ઍકટ ૧ લાની ૯૧ મી કલમ લાગુ કરવાનો છે, પણ ૧૦ મા બોમ્બે હાઇ કોર્ટ રિપોર્ટમાં જણાવેલા બાઇ રતનના પ્રસિદ્ધ કેસમાં જેમ એ કલમ લાગુ કરી છે, તેમ અહિયાં લાગુ થઇ સકે નહીં; કેમકે આવી સર્ટિફિકેટ લખેલા જોઇએ, એવો કાયદો જામનગરમાં ચાલતો હોય એમ બતાવી શકાતું નથી. પેહેલા તહોમતદાર તરફથી બીજો એ વાંધો લેવામાં આવ્યો હતો કે, પોતાની જુબાનીમાં જ્યાં પોતાનો કંઇ ગુનાહ કબુલ કરે છે તે ભાગમાં કોટવાલનો કોઇ સવાલ લખેલો નથી. જામનગરમાં ચાલતા ક્રિમિનલ પોસેજર કોડની કલમ પ્રમાણે તહોમતદાર પુરૂષને કોટવાલ દરેક સવાલ પુછે, તે લખી લેવા તે બંધાયલો છે, એમ જણાતું નથી, તોપણ કોટવાલે કયા કયા સવાલ પુછ્યા હતા તે જાણવું આ કોર્ટને જરૂરનું છે, કે જેથી તે જુબાની ઉપર કેટલું વજન આપવું તે વિષે વિચાર કરવામાં કોર્ટને માલમ પડે કે ઘણી સખત ઉલટ પાલટ તપાસ ઘણા પાધરા અથવા ગુંચવણ ભરેલા સવાલો પુછી, તહોમતદાર શખ્સની કહેવાની ઇચ્છા ન હોય તેવું કહેવા એ ફસાઇ ગયો છે કે નહીં; તેથી એ બાબત કોટવાલને તપાસવામાં આવ્યો છે અને તેણે કહ્યું છે કે પેહેલાં નંબર ૧ લાને સાધારણ રીતે "તમારે શું કહેવું છે" એમ પુછ્યું. પાછળથી દાદાભાઇએ વાત કહેવા માંડી તે દરમિયાન વાતમાં કાંઇ અર્થ સ્પષ્ટ ન સમજાય એવો હોય તે ખુલ્લું સમજવા કોઇ કોઇ સવાલ પુછ્યો હોય પણ તે તેને બરાબર યાદ નથી. તેણે આ એકરાર કીધાજ નથી, અને પોતે બાહાર સૂતો હતો ત્યારે જગન્નાથે એ લખાવ્યું હતું અને સહી કરવા માટે તેને ઓરડામાં બોલાવ્યો હતો, એમ જે દાદાભાઇનું કહેવું છે, તે

તેનો બારિસ્ટર કબૂલ રાખે છે, તે ઉપરથી તેના તરફથી આ વાંધો લેવામાં આવ્યો છે તેની અગત્ય નીકળી જાય છે. તેથી દાદાભાઇ જો કદી કબુલ ન રાખત તેવું કબૂલ રાખવામાં તેને ભુલાવો ખવરાવવામાં આવ્યો છે, એમ તકરાર કરવાની કાંઇ જગ્યા રહેતી નથી. છેવટ જામનગરના કોટવાલ જયશંકરે કરેલી કાચી તપાસમાં નંબર ૧ લા તહોમતદારની આ જુબાની બાબત કહેવું જોઇએ કે, નંબર ૧ લાએ આ પ્રમાણે જુબાની આપેલી છે, તે વિષે મુખ જુબાની લીધી તેમાં ૧૮૭૨ ના ૧૦ માં ધારાની ૩૪૬ મી કલમના છેલ્લા ફકરામાં શેશન કોર્ટને માટે જે રીતિ લખી છે તેને બરાબર રીતે અનુસરીને આ કોર્ટ ચાલી છે. તે ફકરો નિચે પ્રમાણે છે. "કાચી તપાસની વખતે જુબાની લીધામાં આવી હોય અને શેશન કોર્ટને જણાય કે, આ કલમમાં લખેલી રીત બરાબર પાળવામાં આવી નથી, તો કેદીએ લખ્યા પ્રમાણે જુબાની આપી છે કે નહીં, તે વિષે સાક્ષી લેશે એ ભુલથી કેદીના હકને કંઇ નુકસાન ન થાય તો તે જુબાની દાખલ કરવામાં હરકત ભરેલું ગણાશે નહીં."

આ તપાસમાં બીજો વાંધો એ લેવામાં આવ્યો છે કે, નંબર ૧ લાવાળા તહોમતદાર દાદાભાઇની જુબાનીનો જે ભાગ તેને પોતાને તથા નંબર ૨ જા ને ૩ જા વાળા તહોમતદારને લાગુ પડે છે, તે ૨ જા અને ત્રીજા નંબરના તહોમતદાર માટે ધ્યાનમાં લેવું નહીં જોઇએ, કેમકે એ બેઉ જણા (૧૮૭૨ ના ૧ લા એકટની ૩૦ મી કલમ પ્રમાણે) એકજ અન્યાય માટે સાથે તપાસવામાં આવ્યા નથી. એ વાંધો ઘણો લુલો છે, કારણ પીનલ કોડની ૧૧૪ મી કલમ પ્રમાણે કોઇ શખ્સ ગેરહાજર છતાં મદદ કરનાર દાખલ સિક્ષાને લાયક થાય તે શખ્સ મદદ કરવાથી જે ગુનાહને માટે તે સજાને લાયક થાય તે વખતે હાજર હોય તો તે ગુનાહ એણે કીધો એવું ગણવામાં આવશે. જે ગુનાહ માટે નંબર ૧ લાવાળો તહોમતદાર તપાસ ઉપર છે તે ગુનાહમાં મદદ કરવા માટે નંબર ૨ જા અને ૩ જાવાળા તહોમતદાર ઉપર અપરાધ છે. આ કેસ ઉઘાડતી વખતેજ ફરિયાદી તરફથી મુખ્ય વાત એ હતી કે. જે ગુનાહમાં એઓએ મદદ કરી તે ગુનાહ થતી વખતે એ શખ્સો હાજર હતા અને તેઓ હાજર હતા એવું સિદ્ધ કરવા સાક્ષીઓ પડી છે. અપરાધમાં મદદ કરવાની ઇન્ડિયન પીનલ કોડની ૧૦૯ મી કલમ સાથે ૧૧૪ મી કલમ વધારવી જોઇતી હતી, અને તેમ કરવાથી આ વાંધાનું લુલાપણું ખુલ્લું દેખાય, પણ અપરાધની અંદર ૧૪૪ મી કલમ ખાસ દાખલ કરવાની અગત્ત મેં જોઇ નહીં. જે ગુનાહમાં

તેઓએ મદદ કરી તે વખતે મદદગારો હાજર હતા, તે વાત પુરવાર થઇ કે નહીં એ કહેવું બસ છે. ધ્યાન આપવા જેવો છેલ્લો વાંધો જે નંબર ર જાવાળા તહોમતદાર તરફથી તેના બારિસ્ટરે લીધો તે છે. જયશંકરે પેહેલ વહેલાં કાચી તપાસ કીધી, તે વખતે આ કોટવાલ નંબર ર જાવાળા મહારાજને ઘેર ગયો, તા૦ ૧૪ મી માર્ચની રાતે તેની જુબાની લખી લીધી; આ જુબાની ફરિયાદી તરફથી નંબર ર જાની સામે પુંરાવા દાખલ મેલવા માગી તે વખતે વાંધો લેવામાં આવ્યો કે મહારાજને તહોમતદાર દાખલ સોગન આપવા જોઇતા નહોતા અને જે સવાલો આપવાની તેને ફરજ પાડી એ એની વિરૂદ્ધ પુરાવા દાખલ વાપરવી નહીં જોઇએ, પણ મનમાનતી રીતે પુરવાર થયું છે કે, તા૦ ૧૪ મી માર્ચને દિવસે મહારાજ તહોમતદાર નહોતો અને તા૦ ૧૪ મી માર્ચ સુધી બીજા બનાવોની ખબર પડી ત્યાં સુધી તેને તહોમતદાર કીધો નહોતો. તા૦ ૧૪ મી માર્ચને દિવસે તેને તહોમતદાર બનાવવાનો ઇરાદો હોય એમ લાગતું નથી, વળી નંબર ર જાવાળા મહારાજે સાક્ષી દાખલ જુબાની આપતી વખતે કોઇ સવાલનો જવાબ નહીં આપવા માગ્યો અથવા તેના જવાબોમાનાં કોઇ વગર રાજી ખુશિથી આપ્યા અથવા એ જવાબો આપવાને તેના ઉપર ફરજ પાડી એવું કહેવા અશક્ત છું, એમ મિ૦ તૈયબજીએ પોતે કબુલ કીધું છે.

૪. હવે પુરાવા ઉપર આવિયે. મૂલજી પરમાનંદ એગ્ઝિબીટ 3 પુરવાર કરેછે કે, કોર્ટની હજુર જે બૅાકસ અને કપડું છે, તેમાં તા૦ ર૧ મી ફેબરવારીને દહાડે મુંબઇથી વીમો ઉતારેલી બેંગી પોસ્ટ મારફત ર૧૮ તોલાને આશરે વજનના સોનાના દાગીના, મોતીની માળા અને રૂપાના ૪ કરડા, જેની વિગત તેણે પોતાની જુબાનીમાં આપીછે, તે રૂપિયા ૫૦૦૦) નો વીમો ઉતારી જામનગર રાજ્યમાના ખંભાલિયે, જે જગ્યાએ જામનગર પોસ્ટમાંથી કાગળો જાય છે, ત્યાં જાદવજી ખટાઉનું શિરનામું કરી મોકલાવ્યા હતા. આ નંબર ૧૫૭૧ વાળા વીમો ઉતારેલા પારસલનો પત્તો પુષ્કળ સાક્ષી, જે બધી અહીં કહેવાની જરૂર નથી તે ઉપરથી જામનગર પોસ્ટ ઑફિસમાં નિકળ્યો છે ત્યાં તે તા૦ ર૫ મી ફેબરવારીએ પુગું હતું. સરેસ્તા પ્રમાણે નંબર ૧ લા પોસ્ટ માસ્તરના કબજામાં એક તાળા કુંચી વાળી પેટીમાં રહ્યું, તેની કુંચી નંબર ૧ લો રાખતો હતો. નંબર ૧ લા વાળાનો પોતાના ખાતાનો રિપોર્ટ (એગ્ઝિબીટ 2 A અને 2 B) આપણી પાસે છે તેમાં લખ્યું છે કે, એ પારસલ એની ઑફિસમાં સારી હાલતમાં પહોચ્યું હતું. તે સારી હાલતમાં મોકલાવ્યું હતું એમ તે લખે છે.

રજીસ્ટર લીસ્ટની અંદર તેણે વજન લખ્યું છે તે, રાજકોટ પોસ્ટ ઑફીસના રજીસ્ટર લીસ્ટમાં અને જે ધણી ઉપર તે બેંગી મોકલી હતી તેની પહોંચમાં લખેલા વજનને મળતું આવેછે. જામનગરથી તા૦ ૧ લી માર્ચે બેંગી રવાના કીધી હતી. ખંભાલિયાના પોસ્ટ માસ્તરને જામનગરની પોસ્ટ ઑફિસના અખંડ સીલવાળા એક કોથળામાંથી એ પારસલ મળ્યું હતું, પણ તેના ઉપર લપેટેલું કપડું ફાટેલું હતું તથા એ પારસલની સાથે જે ધણી ઉપર તે મોકલવામાં આવ્યું હતું, તેની પહોંચમાં લખેલ વજન કરતાં તેનું વજન કેટલાએક તોલા ઓછું હતું, તેથી ધારા પ્રમાણે તેના ધણીને બોલાવી મંગાવવાને તેણે સાવચેતી રાખી અને તેની હજુરમાં પારસલ ઊઘાડતાં તેમાંથી જામનગર ચલણના ત્રાંબાના સિક્કાઓ નિકળ્યા (મોતીચંદ કાનજી એગ્ઝિબીટ ૫, ખંભાલિયાનો પોસ્ટ માસ્તર અને જાદવજી ખટાઊ એગ્ઝિબીટ ૬ ની જુબાની). ખંભાલિયાના પોસ્ટ માસ્તરે તે બાબત રિપોર્ટ કીધો અને તા૦ ૩ જી માર્ચે નંબર ૧ લા વાળા તહોમતદારે પોતાના કાગળ (એગ્ઝિબીટ 2 A માં સૂચવ્યું કે, તેણે એ પારસલ સારી હાલતમાં રવાના કીધું હતું અને ખંભાળિયાના પોસ્ટ માસ્તરે વળતી ટપાલે રિપોર્ટ ન કીધો, તેથી તેના ઉપર શક જાય છે. નંબર ૧ લા વાળા તહોમતદાર તરફથી મિ૦ વાડિયાએ આ તહોમત ખેંચી લેઇ તકરાર કીધી કે, એ પારસલમાં જામનગરમાંજ ધાલમેલ થઇ હશે અને બાકીના કોઇપણ તહોમતદાર તરફથી બીજી કોઇ જગ્યાએ ધાલમેલ થઇ હોય એવી સૂચના કરવામાં આવી નથી. પોસ્ટના અમલદારોએ પોતાના ખાતાની તપાસ કરી તે બાબત જે વિભાગમાં જામનગરની પોસ્ટ ઑફિસ છે તે વિભાગ અને પોસ્ટ ઑફિસનો સુપરિન્ટેન્ડેન્ટ મિ૦ ચંદુલાલે એગ્ઝિબીટ 2 A વિગત કહી છે અને તેની સાક્ષીથી આપણે જાણીએ છીએ કે, તા૦ ૨૫ મી અને ૨૬ મી ફેબરવારીએ બેંગી જામનગરમાં રાખી મૂકવા કારણ હતું ખરૂં, પણ તા૦ ૨૭ મી ફેબરવારીએ રાખી મૂકવાનુ કારણ મનમાનતું ન હતું. તે બાબત નંબર ૧ લાએ બાનું કહાડયું કે, તે દિવસે રવિવાર હતો, તે વાજબી ન હતું; કેમકે રવિવારને દહાડે પારસલ મોકલવાનો રિવાજ છે અને એ દહાડાની ટપાલ ૧૪ રતલ વજનની હતી. વળી નંબર ૧ લા વાળા તહોમતદારે પોતાની ઑફિસમાંથી રવિવારને દહાડે ઘણીવાર પારસલો મોકલ્યાં છે, તેની ખુલી સાક્ષી પડી છે. ચંદુલાલે કીધેલી પોસ્ટ ખાતાની તપાસમાં પોસ્ટના શિપાઇ રાઘુને નંબર ૧ લા વાળા પોસ્ટ માસ્તરનો વિશ્વાસુ છે એમ કહ્યું અને તેથી એ બાબત

તેને ખબર હોવી જોઇએ અને તું જાણતો હોય તો બધું કહીશ તો આ કામમાં તું સામેલ હઇશ તોપણ તને માફ કરાવીશ, એવી કબૂલાત આપી; તે ઉપરથી રાઘુએ કેટલીક ખબર આપી, તેને લીધે પોસ્ટનો સુપરિન્ટેન્ડેન્ટ તેને દિવાન આગળ લેઇ ગયો. તેની આગળ પોતે આપેલી માફીની કબૂલાત જાહેર કરી. દીવાને રાઘુનું કહ્યું સાંભળ્યા, પછી જયશંકર કોટવાલને બોલાવી મંગાવ્યો તેને રાઘુની જુબાની લખી લેવા તથા એને માફી બક્ષવાનું કહેવામાં આવ્યું. જામનગરના કોટવાલ જયશંકરે આ પ્રમાણે કાચી તપાસ કરવાને શરૂ કીધી, તેનો થોડોક ઇતિહાસ અહિંયાં કહેવાનું વધારે સગવડ ભરેલું થશે; કેમકે કેટલાક અગત્યના બનાવ બન્યા છે, તેનો અનુક્રમ જાણવો ઠીક પડશે. તા૦ ૧૪ મી માર્ચના બપોર પછી રાઘુને તપાસ્યા બાદ કોટવાલે જાદવજી ગોપાલજીને બોલાવી મંગાવ્યો અને પેહેલ વેહેલાં તેને સાક્ષી દાખલ તપાસ્યો. પોલીશ સુપરિન્ટેન્ડેન્ટ જાદવજીને બોલાવવા ગયો, તે સોનાની બે લગડિયો જેનું એકત્ર વજન ૯૬ અને ૯૭ તોલાની વચ્ચે હતું, તે અને એક કાચો ચોપડો જેમાંથી બે પાનાં ફાડ્યાં હોય એવું જણાતું હતું, તે પણ સાથે લેતો આવ્યો. વિશેષ સાક્ષી લેવાઇ ત્યાં સુધી નંબર ૪ થા વાળા જાદવજી ગોપાલજી શરાફને આ કેસમાં તહોમતદાર કીધો નહોતો, પણ બીજાઓ સાથે વાતચિત ન કરે તે માટે નજર કેદ રાખ્યો હતો. તેજ વખતે કલ્યાણજીને પકડવામાં આવ્યો હતો, તે પછી કોટવાલ પોસ્ટ ઑફિસમાં ગયો. ત્યાં મિ૦ ચંદુલાલે નંબર ૧ લા વાળા પોસ્ટ માસ્તરને નોકરી ઉપરથી દૂર કર્યો હતો અને રાતના ૯ અને ૧૦ વાગ્યા સુધી હિસાબ તૈયાર કરતો હતો, તે પછી કોટવાલે નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરની જુબાની લખી લીધી, તે પછી રાતના આશરે અગ્યાર વાગેલા હોવાથી જયશંકર કોટવાલ નંબર ૨ જાવાળા મહારાજની હવેલીએ ગયો અને તેને સાક્ષી દાખલ તપાસ્યો. પોતાને ઘેર પાછો આવ્યા પછી નંબર ૧ લાવાળાની વિશેષ જુબાની લખી લેવાને તેને કહેવામાં આવ્યું. નંબર ૧ લાવાળાને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કોટવાલને ઘેર લેઇ ગયો હતો, તેની સાથે જામનગર રાજ્યનો સહુથી મ્હોટો ન્યાયાધીશ મિ૦ જગન્નાથ હતો અને તા૦ ૧૪ મીની મધરાતે મિ૦ જગન્નાથની હજુરમાં અને દેખરેખ નિચે કોટવાલે નંબર ૧ લાવાળાની વિશેષ જુબાની લખી લીધી, જે એકરાર નંબર ૧ લાવાળો કહેછે કે, મેં નથી કીધો અને તેની ઉપર મારી ગેરહાજરીમાં મિ૦ જગન્નાથે લખાવ્યા પછી મેં સહી કીધી હતી. તે પોતે કહેછે જે હું ઓરડાની બાહાર સુતો હતો ત્યારે

મિ૦ જગન્નાથ હતો, તે એકરાર આ છે. તા૦ ૧૫ મી માર્ચને દહાડે મજકુર એકરાર નંબર ૧ લાવાળા તહોમતદારને ફરી વાંચી સંભળાવ્યો, તેમાં તેણે એક હકિકત વધારી. તેજ દહાડે એટલે ૧૫ મી માર્ચને દહાડે જયશંકર કોટવાલે ચિનિયા નામના દરજીના છોકરાને તપાસ્યો હતો. તા૦ ૧૪ મીની મધરાત પછી નંબર ૧ લાવાળાએ ચિનિયાનું નામ જાહેર કીધું હતું. તા૦ ૧૫ મી માર્ચને દહાડે મિ૦ ગ્રેગંજાએ કેટલાક દાગીનાઓ રજુ કીધા, જેની હકિકત હવે પછી કહેવામાં આવશે. તા૦ ૧૮ મી માર્ચને દહાડે નંબર ૨ જાવાળા મહારાજને તહોમતદાર કીધો, તા૦ ૧૯ મી માર્ચે તેણે પોતાની ચાલ વિષેનો લેખી ખુલાસો રજુ કીધો, જે એગ્ઝિબીટ 13 B દાખલ નોંધ્યો છે. તા૦ ૧૪ મી માર્ચની પોતાની જુબાનીમાં કહેલી હકિકત કરતાં આમાં વધારે હકિકત જાહેર કરી અને નંબરે ૧ લાવાળા પોસ્ટ માસ્તર પાસેથી બે દાગીના પોતાને મલ્યા હતા તે વિષે એમાં કહ્યું છે, જે બે દાગીના નંબર ૨ જાવાળા મહારાજે પાછલથી તા૦ ૨૯ મી માર્ચે આપી દીધા અને જે દાગીના મજકુર પાર્સલની ચોરેલી મત્તા હતી એમ ઓળખવામાં આવ્યા છે. ખબર આપનાર રાધુ આ કેસમાં કેમ આવ્યો, તે દેખાડવા પુરાવાનું વિવેચન કરવા બંધ કીધું હતું તે પાછું શરૂ કરતાં, આપણે આ રાધુની સાક્ષી (એગ્ઝિબીટ 7) ઉપર આવીએ છીએ. તેની કહેલી વાત ખરી અને સંભવિત છે કે નહીં, તે બાબત વાજબી મત બાંધતાં તેની આખી જુબાની ધ્યાનમાં લેવી જોઇએ. તેની સાક્ષીના મુખ્ય ભાગ જેની ઉપર ફરિયાદી તરફથી આધાર રાખવામાં આવે છે, તે ટુંકામાં નિચે પ્રમાણે છે:—તે કહેછે કે, જામનગર પોસ્ટ ઑફિસમાં શિપાઇ દાખલ હું નોકર રહ્યો તેની અગાઉ બીજા તહોમતદાર મહારાજની નોકરીમાં કેટલાંક વર્ષ-સુધી રહયો હતો અને હજી પણ કોઇ કોઇ વાર બીજા નંબર વાળો તહોમતદાર પોતાનું કામ મને બતાવેછે અને નંબર ૧ લા વાળો પોસ્ટ માસ્તર પણ પોતાનું ખાનગી કામ વિશ્વાસથી સોંપે છે. તે કહેછે કે, તા૦ ૨૮ મી ફેબ્રુઆરીને સોમવારને દહાડે નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરે, પોસ્ટ ઑફિસના જે ભાગમાં તે રહે છે, ત્યાં મને બોલાવ્યો અને ટુવાલમાં લપેટેલું એક નાહાનું બૉક્સ આપી પોતા સાથે આવવા કહ્યું. હું નંબર ૧ લાવાળા સાથે હવેલીએ ગયો, ત્યાં નંબર ૨ જાવાળો મહારાજ રહે છે અને કાચનો બંગલો, જ્યાં નંબર ૨ જાવાળો તે વેળા-એ બેઠો હતો, ત્યાં જમીન ઉપર પેલું બૉક્સ મેલી, હું નિચે ગયો. થો-

ડીવાર રહી લેટર બૉકસોમાંથી કાગળો કહાડવા ગયો અને દીવા થયા પછી પાછો આવી, પોસ્ટ માસ્તર નિચે ઉતર્યા ત્યાંસુધી નિચે બેસી રહ્યો, પોસ્ટ ઑફિસ બાહાર છે, ત્યાં પાછા જતાં બોજા દરવાજા સુધી એની સાથે ગયા પછી નંબર ૨ જા વાળા મહારાજ પાસેથી પૈસા લાવવા તેણે મને પાછો વાળ્યો. મજકુર સંદેશો લઇ નંબર ૨ જા પાસે ગયો, તેણે નંબર ૪ થા વાળા જાદવજી ગોપાલજી શરાફને બોલાવી લાવવા કહ્યું. તેને બોલાવી આવ્યા પછી નંબર ૨ જાએ કહ્યું કે, નંબર ૪ થાવાળો રૂપિયા ૫૦૦) હાલ તરત આપશે, અને બીજા રૂપિયા ૫૦૦) સવારે આપશે. રાધુ નંબર ૪ થાવાળા જાદવજી સાથે તેની દુકાને ગયો અને રૂપિયા ૫૦૦) લીધા; અને તે વખતે શેહરના દરવાજા બંધ થયા હતા, તેથી મજકુર પૈસા પોતાના ઘરમાં રાખ્યા અને બીજે દહાડે સવારે (તા૦ ૧ લી માર્ચ મંગળવારને દહાડે) નંબર ૧ લાવાળાને આપ્યા. નંબર ૧ લાવાળાએ પૈસા ગણી લીધા અને ઑફિસની તીજોરીમાંથી બીજા પૈસા કહાડી તેમાં ઊમેરી રૂપિયા ७००) તેજ સવારે રજીસ્ટર પારસલ કરી રાજકોટ મોકલ્યા. (એ પારસલ પોસ્ટના ચોપડામાંથી નિકળે છે) તે કહે છે કે, તા૦ ૧ લી માર્ચના સવારના ૯ વાગે બાકીના રૂપિયા ૫૦૦) લેવા નંબર ૧ લાવાળાએ મોકલવાથી નંબર ૨ જાવાળા પાસે હું ગયો, ત્યાં નંબર ૪ થાવાળો દરશને આવ્યો હતો, તેને પણ મેં જોયો. નંબર ૧ લાવાળાનો સંદેશો કહેતાં બીજા રૂપિયા ૫૦૦) લેવા નંબર ૪ થાવાળા સાથે નંબર ૨ જાવાળાએ મને મોકલ્યો અને નંબર ૪ થાવાળા પાસેથી બીજા રૂપિયા ૫૦૦) લેઇ, નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તર પાસે ગયો. બાર વાગા પછી (તા૦ ૧ લી માર્ચ) પોસ્ટ ઑફિસમાંથી ઘેર જમવા જતો હતો, ત્યારે નંબર ૧ લાએ નંબર ૨ જા પાસે જઇ બીજા રૂપિયા ૧૦૦૦) લાવવા કહ્યું અને જમવા અગાઊ એ કામ કરવા સોગન આપ્યા. નંબર ૨ જાને સંદેશો આપતાં તેણે નંબર ૪ થાવાળાને બોલાવ્યો અને તેની સાથે વાત કીધા પછી નંબર ૪ થાવાળા સાથે જવા મને કહ્યું અને કહ્યું કે, તેની સાથેજ રહીશ તો નંબર ૪ થા વાળો રૂપિયા ૧૦૦૦) આપશે. નંબર ૪ થાવાળા સાથે હું ગયો, તેણે જૂદા જૂદા માણસો પાસેથી રૂપિયા ૮૧૫) એકઠા કરી મને આપ્યા અને બાકીના રૂપિયા ૧૮૫) પુરા કરી આપવા કબૂલાત આપી. બીજે દહાડે સૂર્યાસ્ત વખતે (તા૦ ૧ લી માર્ચ રૂપિયા ૮૧૫) નંબર ૧ લાવાળા પાસે લેઇ ગયો, બીજે દહાડે સવારે (બુધવાર) તા૦ ૨ જી માર્ચે નંબર ૪ થા-

વાળા પાસેથી રૂપિયા ૧૮૫) લાવી, નંબર ૧ લાને આપ્યા; વળી રાધુ કહેછે કે, મને પૈસા આપવામાં આવ્યા તેની ત્રણ પહોંચ નંબર ૪ થા વાળાના ચોપડામાં મેં આપી હતી—એક રૂપિયા ૫૦૦) ની, બીજી બીજા રૂપિયા ૫૦૦) ની, અને ત્રીજી રૂપિયા ૧૦૦૦) ની એ બધી પહોંચમાં એ રકમો મહારાજને હિસાબે આપી હતી એમ લખ્યું હતું. તેમાંની બે રકમ નંબર ૪ થાવાળાની નોકરીમાંના દામોદરે લખી હતી અને એક નંબર ૪ થાવાળાએ પોતે લખી હતી. આ પહોંચ બાબત રાધુ કહે છે કે, નંબર ૧ લાએ આ બાબત સાંભલી, એટલે મને કહ્યું કે, તેં ખોટું કામ કીધું છે અને નંબર ૩ જાવાળા કલ્યાણજી પાસે જા અને નંબર ૪ થાવાળા જાદવજીએ પહોંચ લેવામાં ઠીક કીધું નથી એમ કહે, આ સંદેશો (નંબર ૨ જાવાળાના નોકર) નંબર ૩ જાવાળાને કહ્યો. તેણે કહ્યું આપણે પહોંચ પાછી લેઇશું, આ તા૦ ૨ જી માર્ચે થયું હતું. તા૦ ૩ જી કે ૪ થી માર્ચે નંબર ૩ જાવાળાએ રાધુને કહ્યું કે, પહોંચો મને પાછી મળી છે અને એ વાત પોસ્ટ માસ્તરને કહે જે, તે વાત રાધુએ પોસ્ટ માસ્તરને કહી. આ નંબર ૩ જાવાળા કલ્યાણજી વિષે રાધુ કહે છે કે, તા૦ ૨૮ મી ફેબરવારી અને ત્યાર પછી જ્યારે જ્યારે હું નંબર ૨ જાવાળા પાસે ગયો, ત્યારે દર વખતે એ ત્યાં હતો. પેલું બૉક્સ જમીન ઉપર મેલી નિચે ગયો, ત્યારે નંબર ૨ જો અને નંબર ૧ લાવાળો ઉપર જે ઓરડામાં બેઠા હતા, ત્યાં નંબર ૩ જાવાળો ગયો. દિવા કર્યા પછી તે પાછો આવ્યો ત્યારે એનો અવાજ ત્યાંથી સાંભળ્યો. નંબર ૪ થાવાળાને નંબર ૨ જા વાળા પાસે તેડી આવ્યા ત્યારે નંબર ૩ જાવાળો નંબર ૨ જાવાળા પાસે હતો. રાધુએ વળી કહ્યું કે, રૂપિયા ૨૦૦૦) નંબર ૧ લાવાળાને ધરેણાં ઉપર ધીર્યાં હતા, એમ નંબર ૨ જાવાળાએ મને કહ્યું હતું. સાક્ષીએ "માસ્તરના" ધરેણાં ઉપર એમ કહ્યું કે નહીં એ બાબત થોડી તકરાર ચાલ્યા પછી; રાધુએ કહ્યું કે, નંબર ૨ જાવાળાએ કહ્યું કે, પોસ્ટ માસ્તરના ધરેણાં ઉપર હું પૈસા ધીરૂં છું. એમ કહ્યું ત્યારે નંબર ૩ જાવાળો હાજર હતો. એ પછી સગવડના અનુક્રમ પ્રમાણે નંબર ૧ લાવાળા તહોમતદાર દાદાભાઇની જુબાની આવે છે આ કેસમાં એગ્ઝિબીટ 17 દાખલ નોંધાઇ છે. આ જુબાની જોતાં માલમ પડશે કે, જે જે ભાગમાં નંબર ૧ લાવાળો પોતાનો ગુનાહ નામુકર ગયો છે તે, જે ભાગમાં તેણે ગુનાહ કબૂલ કીધો છે, તેના જેવીજ હુશીઆરીથી નોંધ્યું છે. તા૦ ૪ થીને રોજ આશરે રાતના દશ વાગે આ કામમાં પોતાની સામેલગીરી

બાબત નાકબૂલ જાય છે અને કહેછે કે, જેવી હાલતમાં એ પારસલ મળ્યું હતું તેવીજ હાલતમાં મોકલાવ્યું હતું; અને મજકુર તારીખે નંબર ૨ જાને ત્યાં ગયો હતો એ કબૂલ પણ કરેછે. બેંગીમાં ઘાલમેલ કરવાની અને તેમાનો માલ ચોરવાની વિગતવાર હકિકત તા૦ ૧૪ મી માર્ચની મધરાત પછી આપે છે અને એ ગુનાહમાં એણે ભાગ લીધો હતો એમ કબૂલ કરી માફી માગે છે. તા૦ ૧૫ મી માર્ચે એક વાત ઉમેરી છે. તા૦ ૧૯ મીએ આગલો એકરાર નામુકર જાયછે અને કહેછે કે, હું સુતો હતો ત્યારે તેના ઉપર મારી સહી લીધી હતી. જે ભાગમાં એ આખા કામની વિગત આપેછે ત્યાં તે કહે છે કે, તા૦ ૨૮ મી ફેબરવારીએ પારસલ નંબર ૨ જાને ઘેર લઇ જવા રાઘુએ આપ્યું હતું. રાઘુ નિચે ગયા પછી નંબર ૨ જા અને ૩ જાએ તે ફોડયું, એ કામ તેઓએ અગાસીમાં કરયું હતું અને મને કોઇ જોઇ ન જાય માટે હું ઓરડાની અંદર રહ્યો હતો, પણ ફોડયા પછી સીલ જેવાં હતાં તેવાં કરવામાં મદદ કરવા માટે મને અગાસીમાં બોલાવ્યો હતો. નંબર ૩ જાવાળો કલ્યાણજી તેના ઉપરનું કપડું બરાબર સીવી શકયો નહીં, તેથી દરજીને બોલાવી લાવવા નંબર ૨ જાવાળાની પરવાનગી માગી, આબરા ગામના રહેવાસી ૧૨ કે ૧૩ વર્ષના દરજીના છોકરાને બોલાવી લાવ્યો, તેણે આવીને કપડું શીવ્યું. પારસલ પાછું તૈયાર કીધું, તેની અગાઉ પંદર કોરીના ત્રાંબાના શિક્કાઓ તેમાં ઘાલ્યા. રાઘુએ પોતાની સાક્ષી રૂપિયા ૨૦૦૦) ની જૂદી જૂદી રકમો જાદવજી પાસેથી લાવ્યાનું કહ્યું છે તે રકમો રાઘુની મારફતે કેમ મળી, તેની વિગત પણ કહેછે. તે કહેછે કે, નંબર ૪ થાવાળા પાસેથી મળેલી બે સોનાની લગડી કોણે ગાળી, તે હું જાણુતો નથી; પણ નંબર ૩ જાવાળાએ મને કહ્યું હતું કે, લગડી બનાવવામાં આવી છે, વળી નંબર ૪ થાવાળા જાદવજીએ લીધેલી પહોંચ બાબત કહેતાં જણાવે છે કે, રૂપિયા ૨૦૦૦) જાદવજીએ ધીર્યા હતા, તે માત્ર મેં રાઘુ પાસેથી જાણ્યું હતું, નંબર ૧ લાની આ જુબાની પોલીસ અમલદારની પાસે માત્ર આપવામાં આવી હત, તોપણ તેમાના જે ભાગથી, એ પારસલ સીવવાને દરજીના છોકરાને બોલાવવામાં આવ્યો હતો એ વાત માલમ પડે છે, તે ભાગ ૧૮૭૨ ના ૧ લા ઍક્ટની ૨૭ મી કલમ પ્રમાણે સાક્ષીમાં લેવાય કે નહીં, તે બાબતના વાંધા, ઉપર કહેલાં કારણોથી રદ કીધા છે, તે વાંધા બાબત પ્રસંગોપાત કહ્યા પછી (જરૂર નથી તોપણ) હું કહું છું કે, ગુનાહનો એકરાર પાછળથી ના

કબુલ કરેલો છે, તેના ઉપર ઘણું વજન આપવાના ભય બાબત આ કોર્ટના સભાસદોને પુરી માહીતી છે, પણ તેમાના ગુનાહની વાત અને નંબર ૧ લા શિવાય બીજા સામેલગાર માણસોની ઓલખાણના નંબર ૨ જા અને ૩ જા તહોમતદારો છે એમ ચુકાદો થઇ ચુકો છે તથા તેઓને લગતી એ જુબાની ધ્યાનમાં લેવાની છે, તે બાબતના ભાગને બીજી સ્વતંત્ર સાક્ષીથી સંતોષકારક રીતે પુષ્ટિ મળે તો તે ભાગને સાવ રદ કરવાનું કંઇ કારણ નથી. આ તપાસમાં ખરેખર ઉપલા એકરારથી કંઇ બિનજરૂરની બાબતમાં વિચારશક્તિને કંઇ મદદ કરે તોપણ અમારા ફેસલાનો આધાર બીજી સ્વતંત્ર અને પૂર્ણ સાક્ષી ઉપર છે અને જો કે, અમે જાણીએ છીએ કે, ઉપલા એકરારને બીજી સાક્ષીથી પુરી પુષ્ટિ મળી છે, તોપણ અગત્યની બાબતનો ચુકાદો કરવાનો ઉપલા એકરાર ઉપર આધાર નથી, કોટવાલ આગળ નંબર ૨ જાએ જુબાની આપી છે તેમાં તે કહે છે કે, નંબર ૧ લા વાળો મને મળવા આવતો હતો. નંબર ૧ લા વાળો તા૦ ૨૮ મી ફેબરવારીએ બે સોનાની લગડીઓ મારી પાસે લાવ્યો, તેના ઉપર નંબર ૧ લા વાળાને નંબર ૪ થાવાળા પાસેથી રૂપિયા ૨૦૦૦) અપાવ્યા હતા. વળી કહેછે કે, બે દાગીના ઘણા વજન અને કિમ્મતના, જેનું નામ ચંદનહાર અને ચોરણાકંડી છે, જે નંબર ૨ જાના સ્વાધીનમાંથી મળ્યાં છે અને જે મજકુર વીમા ઉતારેલી બેંગીમાનો એક ભાગ છે, તેમાં કંઇ શક નથી, તે દાગીના નંબર ૧ લાવાળાએ આશરે તા૦ ૩ જી માર્ચે પોતાની વતિ વેચવાને માટે નંબર ૨ જાવાળાને આપ્યા હતા, નંબર ૨ જાવાળાએ નંબર ૧ લાવાળાનું મિત્રાઇ દાખલ કામ કરવાને વેચવા સારૂ ગોકલદાશ તેજપાલની દુકાને મુંબઇ મોકલ્યા હતા, એ બાબત વિશેષ ખબર અથવા સામેલગીરી વિષે ના પાડવામાં આવે છે, અને તે સોનું અને દાગીના નંબર ૧ લાવાળાના હતા, એમ માનવાથી નંબર ૨ જાવાળાની ચાલચલણ પ્રમાણિક હતી એમ કહેવાય છે. નંબર ૪ થાવાળા જાદવજીની ચોપડીમાં પહોંચો આપી હતી, એમ રાઘુ કહે છે, તે પહોંચ બાબત હમણાં જણાવવામાં આવશે કે, નંબર ૪ થાવાળો કહેછે કે, નંબર ૨ જાવાળાના કહેવાથી પહોંચ લીધી હતી, અને મારા ચોપડામાંથી ફાડીને નંબર ૨ જાવાળાને આપી હતી. નંબર ૨ જા વાળો મહારાજ તા૦ ૧૯ મી માર્ચની કોટવાલ આગળ આપેલી જુબાનીમાં કહેછે કે, નંબર ૪ થાએ આપેલી પહોંચ નંબર ૧ લાવાળાને મેં આપી. તા૦ ૧૯ મી અને ૨૦ મી માર્ચે કોટવાળ આગળ આપેલી જુ-

બાનીમાં નંબર ૩ જાવાળો કલ્યાણજી, નંબર ૨ જાવાળો જ્યાં રહે છે તે હવેલીમાં પોસ્ટ માસ્તર આવ્યો હતો, તેનો વિગતવાર ઇતિહાસ કહે છે; તથા ટીનના બૉક્સનું કપડું સીવવા દરજીના છોકરા ચિનિયાને પોતે બોલાવી લાવ્યો હતો. તથા પોસ્ટ માસ્તર પોતાની સ્ત્રીના દાગીના છે એમ કહી જે દાગીના તથા બે સોનાની લગડીયો જૂદી લાવ્યો હતો, તેની હકિકત કહે છે. પોસ્ટ માસ્તર ગયા પછી જાદવજીને બોલાવા મોકલ્યો અને પોસ્ટ માસ્તરને રૂપિયા ૧૦૦૦) ધીરવાનું તેને કહેવામાં આવ્યું તે વિષે પણ જણાવે છે. જાદવજીના ચોપડામાંથી પહોંચ ફાડી નાંખવા નંબર ૧ લા તરફથી રાઘુએ તેને સંદેશો કહ્યો હતો, તે વિષેની પણ તેણે જુબાની આપી છે. તે કહે છે કે, જાદવજી પૈસા ધીરવાનો હતો, તેની જામેનગીરી પુરી કરવા માટે મારો પોતાનો એક દાગીનો ઉમેર્યો હતો અને બીજે દહાડે નંબર ૨ જાવાળા મહારાજના બીજા દાગીના સાથે મારૂં તનમનિયું બીજે દહાડે જાદવજી પાછું આપી ગયો હતો, તેને બદલે નંબર ૪ થાવાળો શું લઇ ગયો તે કહી શકતો નથી. આ જુબાનીમાં નંબર ૩ જાવાળો પોતાને બચાવવાને યત્ન કરે છે અને એની પોતાની વાત પોતાની વિરૂદ્ધજ માત્ર સાક્ષી છે. એની સાક્ષી આવી રીતે વિચારમાં લેતાં માલમ પડશે કે. રાઘુ અને દરજીના છોકરા ચિનિયાની સાક્ષીને પુષ્ટિ મળે છે, એ બેઊની સાક્ષીની વિગત હવે પછી આપવામાં આવશે. નંબર ૪ થાવાળા તહોમતદાર જાદવજી ગોપાલજીએ કોટવાલ આગલ જુબાની આપી છે (એગ્ઝિબીટ 20) તેમાં તેને એક અથવા બે સોનાની લગડીયો મળી, તેના વખત વિષે થોડા થોડા ફેરફારથી તેજ હકિકત અહીં પાછી કહી સંભળાવે છે. આ જુબાની ઉપર તેનીજ વિરૂદ્ધ સાક્ષી ગણવામાં આવે છે. એગ્ઝિબીટ 20 અને 25 જોવાથી માલમ પડશે કે, નંબર ૨ જાની હવેલીમાં જાદવજી હતો. તથા રાઘુએ કહેલી રકમોમાં અને વખતે એ બધા રૂપિયા ૨૦૦૦) આપ્યા હતા અને જે પહોંચ જાદવજી કહે છે કે, મેં નંબર ૨ જાને પાછી આપી, અને નંબર ૨ જાવાળો મહારાજ કહે છે કે, મેં નંબર ૧ લાને પાછી આપી, તે પહોંચના લખવા બાબત રાઘુએ પોતાની સાક્ષીમાં જે કહ્યું છે, તેને જાદવજી પુષ્ટિ આપે છે. જે બાબત ઉપર જાદવજી ભાર આપવા ઇચ્છે છે તે વાત એ છે કે, એનો વહિવટ નંબર ૨ જા મહારાજ સાથે હતો, નંબર ૧ લા સાથે નહોતો; પેહેલ વેહેલાં કલ્યાણજીનાં તનમનિયાં સિકે કેટલાએક દાગીના ઉપર નંબર ૨ જાને રૂપિયા ૧૦૦૦) ધીરવાની ગોઠવણ કરી હતી, એ દાગીના જાદવજી

તા૦ ૨૮ મી ફેબરવારીની રાતે લેઇ ગયો અને બીજે દહાડે નંબર ૨ જાને પાછા આપ્યા, તેને બદલે સોનાની એક લગડી લીધી; અને તા૦ ૧ લી માર્ચને દહાડે મહારાજના બીજા દાગીના ઉપર બીજા રૂપિયા ૧૦૦૦) આપવા ગોઠવણ કરી; તે દાગીના તે લેઇ ગયો અને બીજે દહાડે તેને બદલે એક બીજી સોનાની એક લગડી લીધી; અને તા૦ ૧ લી માર્ચને દહાડે મહારાજના બીજા દાગીના ઉપર બીજા રૂપિયા ૧૦૦૦) આપવા ગોઠવણ કરી; તે દાગીના તે લેઇ ગયો અને બીજે દહાડે તેને બદલે એક બીજી સોનાની લગડી લેઇને પાછા આપ્યા. દરજીના છોકરા ચિનિયા શામજીની જુબાની એગ્ઝિબીટ 4 માં લખી છે. તે કહે છે કે, એક દહાડે સાંઝે દીવા પછી નંબર ૨ જાવાળો જે હવેલીમાં રહે છે, ત્યાં નંબર ૩ જાવાળો કલ્યાણજી લઇ ગયો. મહારાજને હું ઓળખું છું, તે ઉપલા માળમાં બેઠો હતો, ત્યાં મને લઇ ગયો, ત્યાં એક ત્રીજું માણસ થોભિયાવાળું માથે કપડું વિંટેલું બેઠું હતું. કોર્ટ હજુર જે બેંગી પારસલ રજુ કરવામાં આવ્યું છે, તેજ પારસલ નંબર ૩ જા કલ્યાણજીએ સીવવા આપ્યું અને થોભિયાવાળા અજાણ્યા માણસે બેંગી ઉપરના સીલની બરાબર સંભાળ લેઇ શીવવા કહ્યું. નંબર ૩ જાવાળા કલ્યાણજીએ સિવવા કહ્યું તે વખત મહારાજ પાસે નજીક બેઠો હતો. આ સાક્ષીએ જે કપડાનો ભાગ શિવ્યો હતો તે કોર્ટને દેખાડયો. આ કોર્ટ હજુર ઘરેણાં રજુ કરવામાં આવ્યાં છે, તેમાં એક મોતીની માળા, સોનાનાં સાંકળાં જોડ ૨ અને સોનાની બંગડીની જોડ ૨ અને ૪ વિંટી એટલાં છે, તેમાની એક વિંટી શિવાય બીજા એ પારસલમાંથી ચોરેલા માલનો ભાગ છે, એમ બિનશકે પુરવાર થયું છે. એ દાગીના તા૦ ૧૫ મી માર્ચના બપોરે જામસાહેબના મુખ્ય લશ્કરી અમલદાર મિ૦ ગ્રેગંજાએ જામનગરના દિવાનને આપ્યા હતા. નંબર ૧ લા અને નંબર ૨ જાવાળાના બારિસ્ટરોએ એ દાગીના બેંગી માંહેલા દાગીનાનો ભાગ છે, તે વિષે કંઇ વાંધો લીધો નહીં અને આ બાબતની પાધરી સાક્ષી ખુલ્લી પડી છે. મિ૦ ગ્રેગંજાની જુબાની એગ્ઝિબીટ 9 માં લખી છે. તે કહે છે કે, નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરનો હું ઇષ્ટ મિત્ર છું. તે બીજી કે ત્રીજી માર્ચે મારી આગળ આ દાગીના લાવ્યો હતો અને ખંભાલિયે પોસ્ટમાં દગો થયો છે, તે બાબત તપાસ થવાની છે ત્યાં સુધી દાગીના રાખવાને મને કહ્યું. આ દાગીના પોતાના સ્વાધીનમાં છે, એમ જણાવવા નંબર ૧ લાવાળાની ઇચ્છા ન હતી, કેમકે જે રીતે એ દાગીના તેને મળ્યા હતા, તે જો કે આ દગા સાથે સં-

બંધ રાખતી ન હતી, તોપણ તે બાબત તપાસ થાય તો ઠીક નહીં. મજકુર સાક્ષીએ એ દાગીના તા૦ ૧૫ મી માર્ચ સુધી રાખ્યા. આગલી રાતે નંબર ૧ લાવાળો પકડાયો, તે ખબર તે દહાડે સવારે તેણે સાંભળી, પોતાનું કામ પુરૂં કર્યા પછી તેણે દિવાનને એક રિપોર્ટ કીધો અને તેજ દહાડે એટલે તા૦ ૧૫ મી માર્ચે બપોરના મજકુર દાગીના દિવાનને સ્વાધીન કીધા. કોર્ટની હજુર બીજા બે સોનાના દાગીના છે, તે ચંદનહાર અને ચોરણાકંડી મોટી કિમ્મતના છે, તેનુ વજન આશરે ૩૩॥ તોળા છે, એ દાગીના પણ મજકુર બેંગીના માલનો ભાગ છે, એમ વિશ્વાસ રાખવા લાયક સાક્ષીથી નિઃશંષય પુરવાર થયું છે. ચિનિયાએ બેંગી પાછી સીવી તે દહાડાથી બે ત્રણ દહાડે નંબર ૨ જાના હાથમાં એ દાગીના આવ્યા હતા. નિચે લખેલાં કારણોથી તે દાગીના પાછા આપ્યા હતાઃ—તા૦ ૧૪ મી માર્ચે મહારાજને સાક્ષી દાખલ તપાસ્યો, તે વખતે સોનાની બે લગડી શિવાય બીજા કોઇ દાગીનાની ખબર વિષે ના પાડી. ૧૮ મી તારીખે તેને તહોમતદાર કીધો. તા૦ ૧૯ માએ એગ્ઝિબીટ 13 B વાળો કાગળ પોતાની સહી કરી રજુ કીધો, તેમાં લખ્યું કે, આ બે સોનાનાં ધરેણા નંબર ૧ લા પાસેથી પ્રમાણિકપણે મળ્યાં હતાં તે મુંબઇ મોકલવામાં આવ્યા હતાં, તે પાછાં આપવા માગણી કરી તા૦ ૨૯ મી માર્ચે એ બે દાગીના મુંબઇથી પાછા આવ્યા. નંબર ૨ જાના વકીલે એગ્ઝિબીટ 13 A વાળી યાદ રજુ કરી, તેમાં નંબર ૨ જાવાળાએ રજુ કર્યા છે, એમ કબૂલ કીધું. આ વકીલ દુર્ગાશંકરની જુબાની એગ્ઝિબીટ 13 માં લખીછે. નંબર ૨ જાવાળાએ મજકુર બે દાગીના મુંબઇ મોકલાવ્યા તે વખતે તેનો કંઇ પત્તો ન રહે એવી તેણે સંભાળ લીધી હતી, એવું પુરવાર કરવા એગ્ઝિબીટ 11 વાળા ગિરધર પુરૂષોત્તમ અને સુંદરજી મૂલજીને સાક્ષી આપવા બોલાવ્યા. નંબર ૨ જા તરફથી બોલાવેલા સાક્ષી પ્રેમજી લીલાધર (એગ્ઝિબીટ 29) ની જુબાની સાથે આ બે સાક્ષીની જુબાની લેતાં પુરવાર થાય છે કે, મજકુર બે દાગીના નંબર ૨ જાવાળા મહારાજ પાસેથી એક બંધ કરેલા પારસલમાં નગરવાળા ગિરધર પુરૂષોત્તમને મળ્યા હતા, તેમાં શું હતું તેની ગિરધરને ખબર નહોતી. નંબર ૨ જાએ મોકલેલા સંદેશા પ્રમાણે ગિરધર પુરૂષોત્તમે તે પારસલ ઉપર મુંબઇવાળા પ્રેમજી લીલાધરનું શિરનામું કીધું અને તેનો નોકર સુંદરજી મૂલજી નગરની ટપાલમાં આપી આવ્યો. પોસ્ટની રસીદ અને જેના ઉપર માલ મોકલ્યો હતો, તે ધણીની પહોંચ પોસ્ટ ઑફિસમાંથી

ગિરધરને મળ્યાં, તેણે નંબર ૨ જાવાળાને આપ્યા. એ દાગીના તા૦ ૩ જી માર્ચે જામનગરની પોસ્ટ ઑફિસમાં આપ્યા હતા. આ પારસલ કોર્ટની અંદર રજૂ કરેલા પોસ્ટના ચોપડામાં લખેલું મળ્યું હતું અને તે રજીસ્ટર કાગળ દાખલ મોકલવામાં આવ્યું હતું. આ કામ વિષે નામુકર જવા નંબર ૨ જા તરફથી તજવીજ થઇ નથી. કાચી નોંધમાંથી બે પાનાં ફાડવા બાબત નંબર ૪ થા વાળા જાદવજીના નોકર તારાચંદ જેઠા એગ્ઝિબીટ 10 અને દામોદર ખીમજી એગ્ઝિબીટ 14 એમને તપાસ્યા હતા. યાદ રાખવું જોઇએ કે, રાધુને પેહેલે દહાડે તપાસ્યો, (તા૦ ૧૪ મી માર્ચ) તેજ દહાડે નંબર ૪ થા પાસેથી આ નોંધ લીધો હતો. મજકુર સાક્ષીઓએ પુરવાર કીધું કે, ચોપડામાંથી કાદેલાં પાનાંમાં રાઘુએ રસીદો આપી હતી અને એ રસીદો એ ચોપડામાંથી ફાડી હતી, તેમાનું એક પાનું નંબર ૪ થાના કહેવાથી નંબર ૨ જાવાળાને ત્યાં લઇ જવામાં આવ્યું હતું. નંબર ૪ થાવાળાએ કહ્યું કે, તેમાનું એક પાનું નંબર ૨ જા પાસે હું પોતે લઇ ગયો હતો. નંબર ૨ જાવાળાએ કહ્યું કે, (એગ્ઝિબીટ 18 નંબર ૪ થા પાસેથી રાઘુની રસીદ મને મળી અને તે નંબર ૧ લાવાળાને મેં આપી. રૂપિયા ૨૦૦૦) જૂદી જૂદી રકમમાં મળ્યા હતા એ બાબત રાઘુએ કહ્યું, તેને દામોદર ખીમજીની સાક્ષીથી પુષ્ટિ મળે છે. આ સાક્ષી વળી કહે છે કે, નોંધ (એગ્ઝિબીટ 14 A) માં બે કહાડેલા પાનામાં રૂપિયા ૫૦૦), રૂપિયા ૫૦૦) અને રૂપિયા ૧૦૦૦) એવી ત્રણ જૂદી જૂદી રકમ નંબર ૨ જાવાળા મહારાજને ખાતે હતા, તેમાં નંબર ૨ જાના કહેવાથી રાઘુને આપ્યા એમ ઉધાર્યા હતા અને એ રકમ ઉપર રાઘુની સહી લેઇ રાઘુની રસીદ લીધી હતી. જાદવજીના બાકીના ચોપડા વિષે હવે પછી કહેવામાં આવશે, તે (આ તપાસ ચાલુ થયા પછી) પહેલ વેહેલાં આ કોર્ટમાં નંબર ૪ થો જે જામીન આપી છુટો રહયો હતો, તેણે તા૦ ૧૦ મી જુને રજુ કર્યા. રજુ કરેલા કોઇ ચોપડામાં નંબર ૪ થાવાળો કહેછે તેમ બે સોનાની લગડિયો જમે આપેલી અથવા નંબર ૪ થો કહેછે તેમ જે દાગીના ઉપર પહેલ વહેલાં રૂપિયા ધીર્યા હતા, તે જમે કરેલી કોઇ રકમ નથી, માત્ર એક રકમ છે; તેમાં એક રકમ પુરી કરી રહ્યા પછી નિચે લખેલા શબ્દો ઉમેર્યા છે, એ શબ્દો તા૦ ૧૦ મી જુનની અગાઉ કોઇ પણ વખતે ઉમેર્યામાં આવ્યા હોય, એ શબ્દો, અસલ રકમ પુરી કર્યા પછી તે રકમમાં સોનાની લગડિયો તથા ઘરેણાં વિષે અશલ રકમમાં કંઇ લખવાનો ઇરાદો નહોવા છતાં તે પછી

ઉમેરવામાં આવ્યા હતા, એમ સભાસદો માને છે. ચોપડો (આવરો એગ્ઝિબીટ 32 F પાને ૨૫૪) જોવાથી માલમ પડશે કે, આ શબ્દો અસલ રકમ પુરી કર્યા પછી ઉમેર્યા હોય એમ સાફ દેખાય છે, તે શબ્દો આ છે. "તેની જામીનગીરીમાં ૨૦૬ ગદિયાણાના વજનની બે સોનાની લગડી."

૫. પાંચમાં તહોમતદાર દાના કાનજી બાબત પુરાવો સંપૂર્ણ નથી. બેંગી માહેલા દાગીનામાં સોનાના મણકાની એક માળા હતી, તેનું તોલ આશરે ૧૧॥ તોલા હતું. નંબર ૩ જાવાળા કલ્યાણજી પાસેથી આને મળતી એક માળા મળી. (મૂલજી પરમાનંદની જુબાની જુવો) કલ્યાણજીએ કહ્યું છે કે, સોનાનો એક જુનો કટકો મારી પાસે હતો (પણ તે બાબત વિષે ખબર આપી શકતો નથી) તેમાંથી નંબર ૫ માવાળા પાસેથી એ માળા કરાવી હતી, એ વાત સંતોષકારક ગણાતી નથી. નંબર ૫ મો કહેછે કે, તેણે નંબર ૩ જા માટે એ માળા બનાવી હતી, તેને પણ કાચી તપાસ વખતે પકડ્યો હતો. નંબર ૫ મો તેજ વાત અહિંયાં પાછી કહી સંભળાવે છે અને અભેસિંહ એગ્ઝિબીટ 33 ને સાક્ષી બોલાવ્યો હતો, પણ એ સાક્ષીએ આપણા ઉપર સંતોષકારક અસર કરી નથી. નંબર ૫ માવાળાની વાત ખરી હોય અથવા નંબર ૩ જાવાળાએ જે વાત કરી છે તે વાતને, પોતાને કંઇ બાધ લગાડ્યા વગર માત્ર ટેકો આપતો હોય, તેના ઉપરનો અપરાધ સાબીત કરવાને પુરાવો પુરતો નથી અને નંબર ૫ મા માટે અમારૂં મત છે કે. તેને મૂકી દેવો જોઇએ.

૬. જામનગરની પોસ્ટના રોકડના અઠવાડીયાના હિસાબનો ભાગ (એગ્ઝિબીટ 3 E) જેના ઉપર નંબર ૧ લાની સહી છે તે અને બીજા પોસ્ટના નોંધ સાક્ષીમાં રજુ કર્યા હતા: એવું પુરવાર કરવા કે, નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરે તા૦ ૧ લી માર્ચને રોજ રજીસ્ટર પારસલમાં રૂપિયા ૭૦૦) રાજકોટ મોકલાવ્યા હતા, એ બાબત રાઘુએ આપેલી સાક્ષી સાથે આ પુરાવો લેવો જોઇએ; આ પુરાવાથી એ પણ માલમ પડે છે કે, ધારા પ્રમાણે રૂપિયા ૪૦૦) રાખવા જોઇએ, તેથી વધારે સીલક કંઇ પણ સારાં કારણ વગર રાજકોટ ન મોકલતાં નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરે રાખી મૂકી. નંબર ૧ લાવાળો પોતાના એકરારમાં કહેછે કે, પોતાની પાસેની સીલકમાંથી કેટલોક ભાગ પોતે વાપર્યા હતા અને તે ઉપરથી બેંગી માંહેલો માલ ચોરવાનું એનું મન થયું, એની સાથે આ વાત લાગુ પડે છે.

૭. પેહેલા ચાર તહોમતદારો તરફથી બચાવ કરવામાં આવ્યો છે,

તે ઉપર હવે આપણે આવીએ. નંબર ૧ લા તરફથી મિ૦ વાડિયાએ કહ્યું કે, એ બેંગી મધ્યે જામનગરની પોસ્ટ ઑફિસમાં ધાલમેલ થઇ હશે અને તે માંહેલો માલ ચોર્યા પછી ખંભાલિયે મોકલી હશે, એ વાત હું કબૂલ કરૂં છું, પણ તે આપણને મનાવા માગે છે કે, નંબર ૧ લાવાળા પોસ્ટ માસ્તરની જાણ અથવા તેણે અખાડા કર્યા વગર નંબર ૨ જાવાળા મહારાજ સાથે મળી, મહારાજના ફાયદા માટે રાઘુએ એ કામ કરયું હતું. નંબર ૨ જા તરફથી મિ૦ તૈયબજીએ એવાજ જોસથી કહ્યું કે, મજકુર માલ નંબર ૧ લાવાળાએ પોતાના લાભ માટે ચોરયો હતો અને તેમાં નંબર ૨ જાને ખબર ન હતી અથવા તેની તરફ કાંઇ અખાડા કરવામાં આવ્યા નહોતા. નંબર ૧ લા તરફથી કોઇ સાક્ષી બોલાવવામાં આવ્યો નથી. ફરિયાદી તરફથી સાક્ષી પડી જેના મુખ્ય ભાગ ઉપર કહી ગયા છૈએ, તેના જવાબમાં તેની તરફથી તકરાર લેવામાં આવી કે, નંબર ૧ લાવાળાએ એકરાર કીધોજ નથી, પણ તા૦ ૧૪ મી માર્ચની રાતે કોટવાલ જયશંકરે જુબાની લખી રાખી, તેના ઉપર સહી કરવાને તેને દગાથી ફસાવવામાં આવ્યો હતો. રાઘુની સાક્ષી ભરોસો રાખવા લાયક નથી, કેમકે તેને ગુનાહમાં સામેલગાર માણસ ગણવો જોઇએ; એની વાત ન મનાયે એવી અસંભવિત છે, અને એ વાત નંબર ૨ જાવાળા તહોમતદારને બચાવવા ખાતર જોડી કાઢીછે; અને તેને માફી કરવાની જે બોલી કરવામાં આવી હતી, તે એ હતી કે, ગુનેહગાર ઉપર અપરાધ સાબીત થાય એવી પુરતી સાક્ષી આપવી. પોસ્ટ માસ્તરે રૂપિયા ૭૦૦) રાજકોટ મોકલ્યા તેની સાથે કાગળ લખ્યો હતો. તેમાં તા૦ ૨૮ મી ફેબરવારી છે, તેથી એ પૈસા ખરેખરા તા૦ ૨૮ મા ફેબરવારીએ મોકલ્યા હતા. એમ અટકળ કરવી અને રાઘુએ કહ્યું અને પોસ્ટના ચોપડાથી સિદ્ધ થાય છે, તેમ તા૦ ૧ લી માર્ચે નહીં મોકલ્યા હતા, તા૦ ૨૭ મી ફેબરવારીને રવિવારને રોજ મજકુર બેંગી જામનગરની પોસ્ટ ઑફિસમાં રાખી મૂકી, એ વાત શક ભરેલી નથી; નંબર ૧ લાવાળાએ બીજી બેંગીઓ રવિવારે મોકલી હતી, તોપણ અખંડ ૧૦ રવિવાર થયા તેણે રવિવારે મોકલવું બંધ કીધું હતું. દરજીનો છોકરો ચિનિયો અને રાઘુ બેઉ નંબર ૨ જાની હવેલીએ અંધારૂં થયા પછી ગયા હોય તો તેઓએ એક બીજાને જોવું જોઇએ, ત્રીજુ માણસ પારસી હતો કે નહીં તે ચિનિયાએ કહી શકવું જોઇએ, રાઘુએ આપેલી પહોંચો ચોપડામાંથી કહાડી તે નંબર ૧ લાવાળાને નહી, પણ નંબર ૨ જાવાળાને બચાવવાને હતી.

નંબર ૪ થાવાળાએ આપેલા રૂપિયા ૨૦૦૦) નો કોઇ ભાગ નંબર ૧ લાને મળ્યો નથી. રાધુ એકરાર કરેલો ગુનેહગાર નથી, અને પોતાના ઉપર અપરાધ લાગે એવું કંઇ કહેતો નથી. અસલ પ્રમાણે વજન પુરૂં કર્યાં વગર પોસ્ટ માસ્તર એ પારસલ મોકલે એ સંભવતું નથી. બ્રેગંજા ઉપર ભરૂસો મૂકી શકાતો નથી, નંબર ૧ લો પકડાયો તે તેને સાંભળ્યું, તે દહાડે જામનગરના દિવાનને મોતીનો હાર અને બીજાં ઘરેણાં હવાલે કર્યાં, તે વચ્ચે ઘણા કલાક વહી ગયા હતા. આ ઘરેણાં વિષે નંબર ૧ લાના એકરારમાં કંઇ કહ્યું નથી. તેમ બ્રેગંજાએ જે ઘરેણાં આપ્યાં, તેમાં એક સોનાની વિંટી હતી, જે ઓળખવામાં આવી નથી તથા પારસીઓ વાપરે છે તે જાતની નથી, એવી તકરાર લેવામાં આવી છે બીજી તકરાર, જે અંહિઆં કહેવાની જરૂર નથી, તે સઘળી નોંધેલી છે. નંબર ૨ જાવાળા મહારાજ તરફથી ફરિયાદી તરફના કેટલાક સાક્ષીઓને પાછા બોલાવી, સવાલો પુછ્યા હતા. તા૦ ૨૮ મી ફેબરવારીની અગાઉ નંબર ૨ જા અને ૪ થા વચ્ચે (જુજ) વહિવટ હતો, તે દેખાડવા નંબર ૪થાના કેટલાક ચોપડાઓ રજુ કર્યા. દરજીના છોકરા ચિનિયાને પાછો બોલાવવામાં આવ્યો અને જગન્નાથની કોર્ટમાં જયશંકરે, તા૦ ૧૫ મી માર્ચને દહાડે તેની જુબાની લખી લીધી, તે તેને દેખાડયા અથવા વાંચી સંભળાવ્યા વગર, તેણે કહ્યું કે, આટલો લાંબો વખત થયાથી "પારસલ સીવ્યું તે વખતે મહારાજ જેવું કોઇ દૂર બેઠું હતું, એમ તે વખતે મેં કહ્યું હતું કે નહીં, તે મને યાદ નથી. મિ૦ જગન્નાથને બોલાવવામાં આવ્યો (એગ્ઝિબીટ 28) અને તેણે કહ્યું કે; જયશંકરે તેની જુબાની લખી લીધી, તેની અગાઉ મારા પુછવાથી ચિનિયાએ એમ કહ્યું હતું એવી મારા મન ઉપર અસર રહી છે, પણ ચિનિયાએ એમજ કહ્યું હતું, એમ સોગન ખાઇ કહેવા તૈયાર નથી. નંબર ૨ જા તરફથી મિ૦ ચંદુલાલને પાછો બોલાવવામાં આવ્યો હતો, તેણે ખાત્રીથી કહ્યું કે, ચિનિયાએ એમ કહ્યું નથી. ગોકલદાસ તેજપાલની વિધવાના નોકર પ્રેમજી લીલાધરને બોલાવવામાં આવ્યો હતો (એગ્ઝિબીટ નં૦ 29) તેણે ગિરધર પુરૂષોત્તમ પાસેથી ચંદનહાર અને ચોરણાકંઠી જે કવરમાં મળી હતી, તે કવર રજુ કર્યાં, તેના ઉપર મુંબઇની પોસ્ટની ૬ ઠી માર્ચની છાપ છે. ગિરધર પુરૂષોત્તમે એ કાગળ નંબર ૨ જાની વતી મુંબઇ મોકલ્યો હતો. આ સાક્ષીએ કેટલાક કાગળો પણ રજુ કર્યા, તે કાગળો અહિયાં પેહેલ વેહેલાંજ લાવવામાં આવ્યા હતા; તેના ઉપરથી એમ

સાબીત કરવાનું હતું કે, એ દાગીનાઓ માત્ર નંબર ૧ લાની વતી વેચવા નંબર ૨ જો યત્ન કરતો હતો, તે કાગળો ઉપર 29 A 29 C 29 D 29 E નિશાની કરી છે. ઉપલા બે દાગીના મોકલવામાં આવ્યા, તેવીજ રીતે પેહેલાં એક વખત નંબર ૨ જાવાળાએ સુંદરજી મેઘજીની મારફતે એક શિરપેચ વેચવા માટે મુંબઇ મોકલ્યો હતો, તે પુરવાર કરવા સારૂ સુંદરજી મેઘજી (એગ્ઝિબીટ 30) અને હીરજી લીલાધર (એગ્ઝિબીટ 31) ને બોલાવવામાં આવ્યા, પણ તેઓએ આ અગત્યનો ફેરફાર પુરવાર કીધો કે, ગિરધર પુરૂષોત્તમે નંબર ૨ જાની વતી નંબર ૨ જાએ પસંદ કીધેલા માણસ ઉપર તે દાગીનાઓ મોકલ્યા હતા અને તેમાં શું છે તે ગિરધર જાણતો નહોતો, પણ સુંદરજી મેઘજીને તો શિરપેચ હવાલે કરવામાં આવ્યો હતો, તે તેણે પોતાના આડતિયા હીરજી લીલાધર ઉપર મુંબઇ મોકલ્યો હતો, તે વેચવા માટે પોતે કાગળ લખ્યો હતો, તેમાં તો સુંદરજી પોતે પારસલનો ખરેખરો મોકલનારો હતો, માત્ર બહારથી મોકલનાર દાખલ દેખાવ કરનારો નહોતો. નંબર ૪ થાના ચોપડાઓમાં શું લખેલું છે, તે બાબત નંબર ૪ થાના નોકર તથા ધનજી ગોકુલદાસ (એગ્ઝિબીટ 32) ને તપાસવામાં આવ્યો હતો. નંબર ૨ જાવાળા તરફથી મિ૦ તૈયબજીએ તકરાર કરી કે, નંબર ૨ જાવાળાને, નંબર ૧ લાવાળાએ આપેલી સોનાની લગડી ઉપર નંબર ૪ થાવાળા પાસેથી નંબર ૧ લાવાળાને રૂપિયા ૨૦૦૦) માત્ર ધીરાવ્યા હતા અને ચંદનહાર અને ચોરણાકંઠી નંબર ૧ લાવાળાને માટે વેચવા સારૂ મુંબઇ મોકલ્યાં હતાં અને એ બધાં કામમાં નંબર ૨ જાવાળો પ્રમાણિકપણા અને ખરી મિત્રાઇના હેતથી વર્ત્યો છે, તે વિચારને બાધ આવે એવું નંબર ૧ લાવાળાનો એકરાર અને દરજીના છોકરા ચિનિયાની જુબાની શિવાય પુરાવામાં કંઇ નથી. મિ૦ તૈયબજીએ અમને કહ્યું છે કે, ચિનિયાએ બેંગી સીવી હોય એમાં કંઇ વાંધો નથી, પણ હવેલીમાં નંબર ૨ જાવાળાના ઓરડામાંની વાત કરે છે, તે વાત તેણે કલ્પિત ઉભી કરી છે. આગલા મહારાજની વિધવાએ અથવા તેણીની વતી કોઇએ નંબર ૨ જાવાળો ત્યાં હાજર હતો એમ ખોટું કહેવા તેને ઉસ્કેરયો હશે. રાઘુને ઉલટ પાલટ તપાસમાં લુલો કરવાની વેતરણ ન કરવામાં આવી, તેનું કારણ મિ૦ તૈયબજીએ અમને કહ્યું છે કે, "રાઘુને ઉલટ પાલટ તપાસવાની દરકાર કરી નહીં, કેમકે મારા અસીલ નંબર ૨ જાવાળાએ કબૂલ કીધું છે, તેથી વધારે તેની સાક્ષી કંઇ હતી નહીં." નંબર ૨ જાવાળાએ નંબર ૪ થાવાળા જાદવજી પાસેથી રૂપિયા ૨૦૦૦) અપાવ્યા, એની મદદની જરૂર હતી, તેણે નંબર

૧ લાવાળા સારૂ રસીદો પાછી મંગાવી, તે તેને જોઇતી હતી અને તેમાં શક લાવવાનું નંબર ૨ જાવાળાને કંઇ કારણ હતું નહીં. તેણે નંબર ૧ લાવાળા પાસેથી કંઇ પણ શક લાવ્યા વગર સોનાની એ લગડી લીધી. રાઘુ કહે છે કે, હું અને નંબર ૧ લો નંબર ૨ જાપાસે પારસલ લઇ ગયા હતા, તેમાંજ એ લગડિયો લઇ ગયા હશે, નંબર ૧ લાની પાસે એ લગડિયો હતી. તે શક ઉત્પન્ન કરનારી હતી, એ ધારવા નંબર ૨ જાને કંઇ કારણ હતું નહીં. તેણે એ લગડિયો નંબર ૪ થાને આપી અને નંબર ૪ થો કહે છે કે, એ રૂપિયાની જામીનગીરીમાં પહેલાં ઘરેણાં આપ્યાં હતાં તેમ ન હતું. તેણે એ દાગીના મુંબઇ નંબર ૧ લાવાળાના હિસાબે મોકલ્યા હતા. નંબર ૧ લાવાળો નાણાની તંગીમાં છે અને એ દાગીના નગરની બાહેર વેચવાની તેની ખાહેસ છે એમ નંબર ૨ જો માનતો હતો, અને મિ૦ ગ્રેગંજાએ જેવા પ્રમાણિકપણાથી બીજા દાગીના આપી દીધા તેવાજ પ્રમાણિકપણાથી એણે પણ એ દાગીના સત્તાવાળાને આપી દીધા. "અપરાધી મૂકવામાં આવ્યાછે તેવી એક સાધારણ ચોરી કરવાની છાની મસલતમાં નંબર ૨ જાવાળા જેવી સ્થિતિનું માણસ ભળે" એ માનવું નહીં, એમ અમને કહેવામાં આવ્યું છે. નંબર ૧ લો કહે છે તેમ આગલી રૂપિયા ૭૦૦) ની રકમ ભરી આપવા નંબર ૨ જાએ તેના ઉપર દબાણ કીધું એ વાત સાચી નથી, રાઘુએ પુરવાર કીધું છે કે, આગલી રકમ આખી ભરાઇ ગઇ હતી. નંબર ૩ જાવાળા કલ્યાણજી તરફથી કોઇ સાક્ષી બોલાવવામાં આવ્યા નથી. કલ્યાણજીએ કોટવાલ જયશંકર આગળ આપેલી જુબાની શિવાય નંબર ૨ જાની સામે જેવી ગ્રેગંજાની સાક્ષી છે, તેવીજ સાક્ષી નંબર ૩ જાવાળા સામે છે અને તેના વકીલે નંબર ૨ જાવાળા તરફથી તેના બારિસ્ટરે કરેલી તકરાર કબૂલ રાખી છે. (એગ્ઝિબીટ 32) ધનજીની મુખ જુબાની ઉપરાંત નંબર ૪ થાવાળાના વકિલે, પોતાના આવરામાં ૨૫૪ અને ૨૫૯ મેં પાને સોનાની લગડી બાબત શું લખ્યું હતું, તે પુરવાર કરવા સંવત ૧૯૩૭ ના વર્ષનો આવરો રજુ કરયો. નંબર ૪ થાવાળા તહોમતદાર તરફથી તકરાર લેવામાં આવી કે, નંબર ૨ જા અને નંબર ૩ જાના ઘરેણાંની જામીનગીરી ઉપર એણે રૂપિયા ૨૦૦૦) ધીરયા હતા, પાછળથી એ દાગીનાને બદલે સોનાની લગડિયો આપી હતી, તેણે એ કામ સરેસ્તા મુજબ પ્રમાણિકપણે એ લગડિયો ચોરેલી મત્તાની છે એવો શક લાવ્યા વગર કીધું હતું. નંબર ૨ જાવાળો કહે છે તેમ નંબર ૪ થાવાળાને પેહેલ વેહેલાં લગડિયો મળી હતી, તે વાત ના કહેવામાં આવે છે.

૮. હવે અમે જે ચુકાદા ઉપર આવ્યે છઇએ તે બાબત કહીએ છીએ. તા૦ ૧૪ મી માર્ચની મધરાત પછી લખેલી જુબાની નંબર ૧ લા વાળાએ આપી છે, તે તેની રાજી ખુશિથી આપી છે અને તેને પુરતી રીતે પુષ્ટિ મળી છે, એમ અમે માનીએ છીએ. રાધુને અમે ખબર આપનાર દાખલ માનીએ છીએ અને જે કામ ચાલતું હતું તેમાં તેને મોટો શક હોય, તોપણ તે ગુનાહમાં સામેલગાર હતો, એમ પુરવાર કરવા પુરતો પુરાવો નથી. જયશંકરે એને માફી લખી આપી છે, તેનો આકાર ઘણો વાંધા ભરેલો છે, એમ અમે ધારીએ છીએ; કેમકે તેમાં લખ્યું છે કે, ગુનેહગારોના અપરાધ સિદ્ધ થાય એવી પુરી ખરી સાક્ષી તેણે આપવી, અને એ આકાર આ સાક્ષીની જુબાની ઉપર ઘણો ગેરવિશ્વાસ રાખવાને પુરતો છે, પણ આ કબૂલાત તેને આપવામા આવી તેની અગાઉ તેણે જે જુબાની આપી હતી તે અને તેણે તા૦ ૧૮ મી માર્ચે આપેલી સર્ટિફિકેટમાં લખેલી એ કબૂલાત પછી આપેલી જુબાની વચ્ચે મને કંઇ તફાવત જણાતો નથી. નંબર ૧ લાની સામે તેની જુબાનીને વધારે વજનદાર બીજી અને સ્વતંત્ર જુબાનીથી પુષ્ટિ મળે છે. નંબર ૨ જા, ૩ જા અને ૪ થા વાળાની વિરૂદ્ધ તેની જુબાનીને પુષ્ટિ મળવા ઉપરાંત એ ત્રણ તહોમતદારોએ તેની જુબાની ના પાડવાને બદલે સ્વીકારી છે; એટલા માટે આવા સાક્ષીની જુબાની ઉપર કેટલું વજન આપવું, તે બાબત વારંવાર જે મુશ્કેલી નડે છે, તેવી મુશ્કેલી રાધુની જુબાની બાબત નડી નથી. દરજીનો છોકરો ચિનિયો સાચો સાક્ષી છે, તે જે જાણે છે તે, તેણે ખરેખર રીતે કહ્યું, એમ અમે માનિયે છીએ. આ બાબત સભાસદો મારી ખાત્રી કરે છે કે, એ વિષે કોઇના મનમાં જરાપણ શંકા નથી.

૯. એની સાક્ષી લુલી કરવા યત્ન થયો અને એ યત્ન કેવી રીતે થયો, તે બાબત નિચે લખેલા વિચારો આપવાની જરૂર છે:— તા૦ ૯ મી જુને નંબર ૨ જાવાળા તરફથી મિ૦ તૈયબજીએ ચિનિયાને ઊલટ પાલટ તપાસ્યો તે વખતે તેણે પારસલ પાછું શીવ્યું, એ વખત મહારાજ હાજર હતો કે નહીં, તે બાબત ખાસ તપાસવામાં આવ્યો હતો. તા૦ ૧૫ મી માર્ચની તેની જુબાની જે મિ૦ જગન્નાથની કોર્ટમાં મિ૦ જગન્નાથના ખુદ ઉપરીપણા નિચે જયશંકર કોટવાલે લખી લીધી હતી, તે બાબત તેણે કહ્યું કે, "મને પુછવામાં આવ્યું હતું કે, એ બેંગી તેં સીવી કે નહીં? મને પુછવામાં આવ્યું હતું કે મહારાજ ત્યાં હતો કે નહીં? મેં કહ્યું તે હતો."

ત્યારે ચિનિયો મહારાજને ઓળખતો હતો, એમાં કંઇ વાંધો રહ્યો નથી. તા૦ ૧૪ મી જુને નંબર ૨ જાવાળાની માંગણીથી ચિનિયાને પાછો બોલાવ્યો, તા૦ ૧૫ મી માર્ચે તેની લીધેલી જુબાની (જેમાં એને પુછવા ધારેલા શબ્દો લખેલા નથી તે) તે દેખાડ્યા વગર તેને પુછવામાં આવ્યું કે, તે વખતે "મહારાજના જેવું કોઇ માણસ દૂર બેઠું હતું" એમ તેં કહ્યું નહોતું એવા સોગન ખાઇશ. તેણે જવાબ દીધો "આટલો વખત થયાથી મને યાદ રહે નહીં, પણ મેં કહ્યું હોય એવી મને સરત નથી." આ સવાલ પુછવાનું કારણ એ બતાવવામાં આવ્યું કે, ચિનિયાની જુબાની થઇ રહ્યા પછી મિ૦ જગન્નાથે આ કોર્ટની અંદર ફરિયાદી તરફથી આ સાક્ષીને સવાલો પુછ્યા, એણે જગન્નાથની આગળ તા૦ ૧૫ મી માર્ચે કહ્યું હતું, તેથી આ તપાસમાં જૂદી સાક્ષી આપી છે એવો તેને ઠપકો આપ્યો. મિ૦ જગન્નાથને નંબર ૨ જાવાળા તરફથી સાક્ષી દાખલ બોલાવવામાં આવતાં આ પ્રમાણે ચિનિયાને સવાલ પુછ્યાની ના પાડી અને કહ્યું કે, તા૦ ૧૫ મી માર્ચે તેની જુબાની લખી લેવા અગાઉ ચિનિયો ઉપર પ્રમાણે બોલ્યો હતો, એવી મારા મન ઉપર અસર છે. ચિનિયાને મિ૦ જગન્નાથે કહ્યું તે બધું ચંદુલાલે સાંભળ્યું, તે ખાત્રીથી કહે છે કે, મહારાજ જેવું કોઇ માણસ દૂર બેઠું હતું, એમ ચિનિયાએ કહ્યું નથી; પણ આ કોર્ટમાં જે કહ્યું અને જે ૧૫ મી તારીખે લખી લીધું હતું તેવીજ રીતે તેણે કહ્યું હતું. તા૦ ૧૫ મી માર્ચે ચિનિયાને બોલાવી મંગાવ્યો અને તેને સવાલો પુછ્યા, તે વખતે બીજાઓ પણ હાજર હતા, તેમાં કોટવાલ જયશંકર અને મુખ્ય પ્રધાન મિ૦ મગનલાલ પણ હતા, પણ તેમને બોલાવવાનો યત્ન કરવામાં આવ્યો નથી. હવે મિ૦ જગન્નાથ જામનગર રાજ્યના ન્યાયખાતાનો મોહોટામાં મોહોટો અમલદાર છે, અને કહે છે કે, આ કાચી તપાસમાં ચોકસી રાખવા મને ખાસ કહેવામાં આવ્યું હતું, તેમાં અંગ્રેજ સરકારનો હક સમાયલો હતો, તેથી તેની ખાસ સંભાળની જરૂર હતી. ઉપર પ્રમાણે ચિનિયાએ કહ્યું હોય તો એ બાબત જગન્નાથના મન ઉપર અસર માત્ર રહિ ગઇ હોય અને તેની હજુરમાં તા૦ ૧૫ મી માર્ચે તેની જુબાની રીતસર લખી લીધી, તે વખતે એ ફેરફાર તેને જણાયો નહીં, અને જગન્નાથના મન ઉપરની અસર આટલું બધું કામ ચાલ્યા પછી બાહાર આવી; ચિનિયાને અને જયશંકરને આ બાબત એકે સવાલ પુછ્યા વગર સાક્ષીના પાંજરામાંથી જવા દીધા, એ બધું અમને નવાઇ જેવું લાગે છે. બધી વાતો વિચારમાં લેતાં જગન્નાથે જે રીતે સાક્ષી આ-

પી છે તે રીત, મિ૦ ચંદુલાલે સાક્ષી આપી છે તે રીત સાથે સરખાવતાં ઘણી અસંતોષકારક માલમ પડે છે, તે તરફ જોતાં, જગન્નાથે કહેલા બોલો ચિનિયાએ કહેલા ન હતા, એવી જે સાક્ષી ચંદુલાલે આપી છે, તે સાક્ષી અમે માનિયે છીએ અને મિ૦ જગન્નાથના મન ઉપર આવી અસર રહી જવાનું કંઇ કારણ હતું નહીં, એવો અમારે નોંધ કરવો જોઇયે. જગન્નાથ આગળ એવું ચિનિયાએ કહ્યું હોત તો તા૦ ૧૫ મી માર્ચે ચિનિયાની જુબાની લીધી તે જુબાની જગન્નાથની હજુરમાં જે શબ્દોમાં લખાઇ છે, તે શબ્દોમાં લખાઇ નહોત, અને જગન્નાથના મન ઉપરની અસર આવી રીતે બાહાર આવત, એ અમે માનતા નથી. મિ૦ જગન્નાથ ઇચ્છારામે પોતાના મન ઉપર થયેલી અસર જે થવા માટે અમને જરા પણ આધાર જણાતો નથી અને જે અસર તા૦ ૧૪ મી જુનથી અગાઉ મિ૦ જગન્નાથના મનમાં હતીજ નહીં, એમ માનવાને સારાં કારણ છે, તે અસર કહીને અમારા ચુકાદામાં અસર કરવા તેણે યત્ન કીધો છે તે ન કીધો હત તો પોતાની પદ્દીને નહી, તોપણ આ કોર્ટને વધારે માન આપ્યું ગણાત, એવી નોંધ લેવા અમને ફરજ પડે છે તેથી અમે દિલગીર છૈએ.

૧૦. આગલા મહારાજની વિધવા અથવા તેની તરફથી કોઇએ, પારસલ સિવ્યું તે વખતે નંબર ૨ જાવાળો હાજર હતો, એમ ખોટું કહેવા ચિનિયાને ઉસ્કેરવામાં આવ્યો છે, એ બદનામી બાબત અમને જરા પણ પાયો જણાતો નથી. બ્રેગંજાની સાક્ષી બાબત, તેણે રજુ કરેલા દાગીના તેને નંબર ૧ લા પાસેથી તા૦ ૨ જી કે ૩ જી માર્ચે મળ્યા હતા, તે વાત અમે માનીએ છીએ. નંબર ૧ લાને પકડવાના સમાચાર તેણે સાંભળ્યા અને દિવાન પાસે તે દાગીના લેઇ ગયો, તે વચ્ચેની ઢીલ એટલી મ્હોટી છે કે, તેથી એની સાક્ષી માનવા લાયક નથી એમ અમે ધારતા નથી. એ વખતે જામસાહેબને ત્યાં એને નોકરી ઉપર જવું હતું તે જોતાં, એ ઢીલ ઘણી નથી, અને એની સાક્ષીમાં કંઇ અગત્યની ખામી અમને જણાતી નથી. ચોરેલી મત્તાના આ ભાગ બાબત, તા૦ ૧૪ મી માર્ચે નંબર ૧ લાએ આપેલી જુબાનીમાં કંઇ લખ્યું નથી, તેથી બ્રેગંજાની વાત માનવી નહીં, એ તકરાર અમને વજનદાર લાગતી નથી. નંબર ૧ લાએ ધારયું હોય કે, એ દાગીના બ્રેગંજા આપી નહીં દે, તેથી તે દાગીના છેવટ પોતા પાસે રહી જશે, એમાં કંઇ અસંભવિત નથી. એ બેંગી રાખુ લેઇ ગયો હોય અને નંબર ૧ લાની જાણ

વગર તેમાં ધાલમેલ કરી હોય એવી મિ૦ વાડીયાએ તકરાર કરી, તે તકરાર, ઉપર રચેલી હકિકત નંબર ૧ લા પાસેથી ચોરેલા દાગીનાનોજ ભાગ પાછળથી મળવા બાબત ઉપર કહેલા પુરાવાથીજ ખોટી ઠરે છે, એટલુંજ નહીં, પણ નબંર ૧ લાએ પોતે તા૦ ૧૧ મી માર્ચે પોતાના વડાને કરેલા રિપોર્ટ (એગ્ઝિબીટ 2 B) થી પણ તેમ ઠરે છે, એ રિપોર્ટમાં એ પારસલ સાંચવી રાખવા તથા તેને પોતાના ખુદ ઉપરીપણા નિચે રવાના કરવાથી ખંભાલિયે મોકલવા અગાઉ પોતે તોળ્યું, તોલ બરાબર માલમ પડ્યા પછી મોકલવા પોતે લીધેલી સંભાળ વિષે ભાર આપી લખે છે. નંબર ૨ જાવાળા તહોમતદારની સ્થિતિ વિષે જોઇતું વજન અમે આપીએ છીએ, પણ આ કેસમાં પુરવાર થએલી વાત તેની તરફથી પ્રમાણિકપણું દેખાડવામાં આવેછે, તેની સાથે મળતી નથી. નંબર ૨ જાએ જે દાગીના પાછળથી તા૦ ૧૯ મી માર્ચે આપવાને કબૂલ કીધા, તે દાગીનાની ખબર તા૦ ૧૪ મી માર્ચને દહાડે નામુકર ગયો, એવું કામ કોઇ પ્રમાણિક માણસ કરે નહીં, એમ અમે ધારીએ છીએ. એ દાગીના છાની રીતે મુંબઇ મોકલ્યા હતા, તેથી ઉત્પન્ન થતો શક, મહારાજે આગળ એક બીજો દાગીનો શિરપેચ એવીજ છાની રીતે મુંબઇ મોકલાવ્યો હતો, એવું દેખાડવાના યત્નથી નિકળી શકયો નથી; તે યત્ન નિષ્ફળ ગયો છે, કેમકે મજકુર શિરપેચ સુંદરજી મેઘજીએ મુંબઇના પોતાના આડતિયા હીરજી લીલાધર ઉપર મોકલાવ્યો હતો, પણ ગિરધર પુરૂષોત્તમે તો તે પાકીટમાં શું છે તે જાણ્યાવગર, ચંદનહાર અને ચોરણાકંઠી નંબર ૨ જાની વતી, તેણે કહેલા માણસ ઉપર મોકલાવી હતી. મોકલનારનું ખરૂં નામ છાનું રાખવાની લીધેલી સંભાળથી આ કામ છાનું રાખવાનો યત્ન કીધો નથી એ કહેવું વૃથા છે. વળી તા૦ ૧૯ મી માર્ચે આ વાત જાણવામાં આવી, તેની અગાઉ નંબર ૨ જાવાળાને પુછવામાં આવ્યું, ત્યારે પણ આ દાગીના જે માણસ મારફત મોકલવામાં આવ્યા તેનું નામ ભૂલી જવાનો ઢોંગ કરયો હોય તથા આ બનાવ બાબત જાણી જોઇ મુંગો રહ્યો હોય એમ અમને લાગે છે. ચોરી થયા પછી તરતજ આ બેંગીના ચોરેલા માલનો આ ભાગ નંબર ૨ જાના સ્વાધીનમાં આવ્યો હતો એમાં કંઇ વાંધો રહેતો નથી. તા૦ ૨૮ મી ફેબરવારીએ રાઘુ, નંબર ૨ જાને ત્યાં બેંગી લઇ ગયો હતો, તે વિષે નંબર ૨ જા તરફથી ના પાડવામાં આવી નથી, તે બેંગીમાં એ દાગીના હતા એમ આપણે માનીએ નહીં તો, તે દાગીના એના હસ્તકમાં કેમ

આવ્યા તે બાબત કંઇ સાક્ષી પડી નથી. બીજે કોઇ પ્રસંગે નંબર ૨ જાને તે મળ્યા હોય તો એ બાબત સાક્ષી કેમ ન આપી તેનો સંતોષકારક ખુલાસો આપ્યો નથી. નંબર ૧ લાવાળો કરજમાં છે, તેથી તે વેચવા માગે છે, તે દાગીના નંબર ૧ લાના છે. એમ નંબર ૨ જો માનતો હતો, એ કહેવું સંભવિત નથી. નંબર ૨ જાવાળો નંબર ૧ લાને પૈસા ધીરતો હતો, તેથી તે અને રાધુ નંબર ૧ લા પાસે શું શું દાગીના છે તે જાણતા હોવા જોઇએ, અને નંબર ૨ જાવાળાના પોતાના કહેવા પ્રમાણે તે જાણતો હતો કે, નંબર ૧ લાને તેજ વખતે રૂપિયા ૨૦૦૦) મળ્યા હતા. એ હજાર રૂપિયા ધીરાવવાનું કામ રીતસર હતું અને તેમાં નંબર ૨ જાવાળો માત્ર મિત્ર દાખલ વચમાં પડયો હતો એમ હોય તો, નંબર ૪ થાના ચોપડામાં નંબર ૨ જાનું ખાતું પાડયું હતું અને તેના ઉપર રાધુની સહી લીધી હતી, તે એ પાના ફડાવી, આ કામનો પત્તો કઢાવી નાંખવા નંબર ૧ લાને મદદ કરવા નંબર ૨ જાવાળો એટલો બધો તત્પર કેમ થયો તે અમે સમજી શકતા નથી. રૂપિયા ૨૦૦૦) ધીરવા બાબત નંબર ૪ થા અને ૨ જા વચ્ચેનું લેણદેણ પ્રમાણિક હત તો નંબર ૪ થા અને નંબર ૨ જાપાસથી પેહેલ વેહેલાંજ સોનાની લગડિયો મળી, કે પેહેલાં દાગીના મળ્યા અને પછી બદલાવીને સોનાની લગડિયો આપી, આ બાબત નંબર ૨ જા અને ૪ થાની જુબાનીમાં આટલો તફાવત પડવાનું અને નંબર ૪ થાવાળાની દુકાનના ચોપડામાં રીતસર નામું ન માંડવાનું કંઇ કારણ ન હતું. નંબર ૪ થાવાળાએ જે પાનાંઓમાં નંબર ૨ જાનું ખાતું પાડયું હતું તે ફાડી નંબર ૨ જાવાળાઓને પાછાં આપ્યાં અને નોંધનાં ફાડેલાં પાનાંને બદલે આવરામાં બીજુ ખાતું પાડયું, એમ કરવા નંબર ૪ થાને શો હેતુ હતો? નોંધના ખોવાયલાં પાનાંમાંની રકમોમાં ઘરેણાં અથવા લગડિયો વિષે લખેલું ન હતું. આવરામાં લખેલી રકમ, જે આને રજુ કરવા અગાઉ કોઇ પણ વખતે માંડી હોય, તે રકમમાં ઘરેણાં કે લગડી વિષે લખવા વગર પહેલાં લખી પુરી કરી હતી, એમ સાફ દેખાય છે. જામીનગીરીમાં સોનાની લગડી રાખી તે બાબત છેવટે લખેલા થોડાક શબ્દો, અસલ રકમ, ઘરેણાં કે સોનાની લગડી વિષે લખ્યા વગર લખાઇ ગયા પછી પાછળથી વધાર્યા હતા. આ બાબતમાં પડેલા પુરાવા તથા આવરામાં જે રીતે રકમ લખેલી છે તે જોતાં, ફાડેલાં પાનાંવાળી નોંધ તા૦ ૧૪ મી માર્ચે પકડયા પછી, એ રકમ લખી હતી અને "જામીનગિરીમાં એ સોનાની લગડી" એ શબ્દો તેથી પણ પાછળથી ઉમેર્યા હતા,

એમ અમે માનીએ છીએ. ચોપડાઓ રજુ કર્યા છે તે અને આ કેસમા સાક્ષી પડી છે તે જોતાં ખુલ્લું માલમ પડે છે કે, નંબર ૪ થાવાળાએ ઘરેણાં અથવા સોનાની લગડિયો ઉપર રૂપિયા ૨૦૦૦) ધીર્યાં હતા, તેનો પતો પોતાના ચોપડામાં રાખવાનો નંબર ૪ થાવાળાનો પ્રથમમાં ઇરાદો ન હતો. ચિનિયાની સાક્ષીને આ કેસના થએલા પુરાવાથી પૂર્ણ રીતે ટેકો મળે છે અને તેણે સાચી વાત કહી છે, એમ અમે માનિયે છીએ. મજકુર એંગી તેણે નંબર ૨ જાની હવેલીમાં અને તેની હજુરમાં સીવી હતી, એ બાબત અમને કંઇ શક રેહેતો નથી. રાઘુ અને નંબર ૧ લાવાળો તેજ દહાડે જે એંગી ત્યાં લાવ્યા હતા તે એજ હતી, અને તે માંહેલો માલ નંબર ૨ જાની હવેલીમાં કાઢયો હતો, એવી અમારી ખાત્રી થાય છે. એ કામ ચાલતું હતું તે કેવી જાતનું હતું. તે બાબત નંબર ૨ જાવાળાને ખબર હતી, તેવી સમજ ઉપરથી રૂપિયા ૨૦૦૦) આપવાનો પતો નંબર ૪ થાવાળાના ચોપડામાંથી કઢાવી નાંખવા નંબર ૧ લાવાળાને તેણે મદદ કરી હતી; એવો સાર કાઢવા વગર છુટકો નથી અને બે દાગીના તેણે મુંબઇ મોકલ્યા હતા, તે આ એંગીના માલનો ભાગ છે, એવું નંબર ૨ જાવાળો જાણતો હતો, એમાં અમને શક રહેતો નથી. નંબર ૪ થાવાળો કહે છે તેમ તેણે રૂપિયા આપ્યા, તે વખતે એને નંબર ૨ જાપાસેથી દાગીનાઓ મળ્યા હતા, એ પણ અમે માનિયે છીએ; પણ તે બદલીને તેને સોનાની લગડિયો મળી તે વાત અમે માનતા નથી. એના ચોપડાની હાલત, તેની પોતાની જુબાની તથા કેસમાં પડેલા પુરાવાથી અમારી ખાત્રી થાયછે કે, તેના નોંધમાંથી બે પાનાં ફાડયાં તે વખતે આ બાબતની બીજી રકમ લખેલી હતી નહીં અને તા૦ ૧૪ મી માર્ચના બનાવ બન્યા પછીના વખત સુધી એવી કોઇ રકમ લખવાનો તેમો ઇરાદો નહોતો અને તે વખતે પણ સોનાની લગડી કે ઘરેણાં બાબત લખવાનો તેણે નક્કી ઠરાવ કીધો નહોતો. આ બધું પ્રમાણિકપણા સાથે મળતું આવતું નથી અને મારી ખાત્રી થાય છે કે નંબર ૪ થાવાળાને નંબર ૨ જાવાળા પાસેથી પેહેલાં દાગીના મળ્યા તે મજકુર એંગીમાંથી ચોરેલા દાગીના હતા, અને તે ચોરેલા હતા, એવું માનવા નંબર ૪ થાને કારણ હતું. એ દાગીનાઓ ગળાવીને તેની બે લગડી બનાવવાનું કામ, નંબર ૪ થાવાળાએ કીધું, તે ઘણું કરી નક્કી છે, એમ અમે ધારીએ છીએ.

૧૧. પેહેલા તહોમતદાર દાદાભાઇ ટેમુલજીને સરકારી નોકર થઇ સાપરાધ વિશ્વાસઘાત કરવાના ગુનાહનો અપરાધી ઠેરાવીએ છીએ, અને તેને

પાંચ વર્ષ સુધી સખત કેદખાનું ભોગવવાની અને રૂપિયા ૧૦૦૦) દંડ આપવાની સજા કરીએ છીએ. દંડ નહીં આપે તો બીજા ૧૮ મહીના સુધી સખત કેદખાનું ભોગવવાની સજા કરીએ છીએ. બીજા તહોમતદાર વજેશજી વ્રજનાથજીને ચોરેલી મત્તા તે ચોરેલી છે એમ જાણી બુઝીને અપ્રમાણિકપણે લેવાનો અપરાધી ઠેરાવીએ છીએ. અને તેને બે વર્ષ આસાન કેદખાનું ભોગવવા અને રૂપિયા ૨૦૦૦) દંડના આપવા અથવા દંડ ન આપે તો બીજા છ મહીના આસાન કેદખાનું ભોગવવાની સજા કરીએ છીએ. ત્રીજા તહોમતદાર કલ્યાણજી પ્રાણજીવનને ચોરેલી મત્તા, ચોરેલી છે એવું જાણી બુઝીને અપ્રમાકિપણે લેવાનો અપરાધી ઠરાવીએ છીએ, અને તેને ત્રણ વર્ષ સખત કેદખાનું ભોગવવાની અને રૂપિયા ૧૦૦૦) દંડ આપવાની અથવા દંડ ન આપે તો બીજા છ મહીના સખત કેદખાનું ભોગવવાની સજા કરીએ છીએ. ચોથા તહોમતદાર જાદવજી ગોપાળજીને ચોરલી મત્તા, તે ચોરેલી છે એવું જાણી બૂઝીને અપ્રમાણિકપણે લેવાનો અપરાધી ઠેરાવીએ છીએ, અને તેને એક વર્ષ સખત કેદખાનું ભોગવવાની અને રૂપિયા ૧૦૦૦) દંડ આપવાની અથવા દંડ ન આપે તો બીજા છ મહીના સખત કેદખાનું ભોગવવાની સજા કરીએ છીએ. ઉપલા ચૂકાદા અને સજા કરવામાં બીજા બધા સભાસદોએ સર્વાનુમતે આપેલા અભિપ્રાય સાથે હું મળતો છું, પણ બીજે તહોમતદાર કેદખાનું કઇ જગ્યાએ ભોગવે તે બાબત સભાસદોએ એવી ઇચ્છા જણાવી છે કે, તેને જેલમાં મોકલવો નહીં, પણ રાજકોટ સ્ટેશનમાં રાખવો. આ ભલામણ બાબત હું એટલુંજ કહું છુ કે, એ બાબત સરકારને વિચારવાની છે. આ કોર્ટમાં લાંબો વખત થયાં ચાલતી આવેલી રીત, જે ઑનરેબલ બોર્ડ ઑફ ડાઇરેકટર્સે પસંદ કરેલી છે, તે પ્રમાણે વગર કાયદે ચાલતી મંડલીમાં કરેલા ગુનાહના ગુનેહગારો તરફ નરમાશ દેખાડવી એવું છે, તોપણ આ ગુનાહ તે જાતનો નથી. હું જાણું છું તે પ્રમાણે આ કોર્ટનો હંમેશ એ સીરસ્તો છે કે, એ કોર્ટે ઠેરવેલા ગુનેહગારોને ફોજદારી જેલમાં મોકલવા, અને એ રિવાજ અટકાવવો કે નહીં, અને સજા ભોગવવાની જગ્યા બાબત કાયદાની સાધારણ રીતની વચ્ચે પડવાને કંઇ કારણ છે કે નહીં, તે બાબત ચુકાદો કરવાનું કામ સરકારનું છે. ઊપલા ચુકાદા અને સજાથી આ કેસની જોઇતી મતલબ પુરી પડે છે, માટે બાકીના અપરાધોની તપાસ અમે એક કોરે મૂકીએ છીએ,

૧૨. ઉપર કહેલા ચુકાદા અને સજા બાબત એટલું કહેવાનું રહે છે કે, બીજા, ત્રીજા અને ચોથા તહોમતદારો તરફથી તપાસની છેવટે

એવી તકરાર લાવવામાં આવી હતી કે, અપરાધો ઇન્ડિયન પીનલ કોડ પ્રમાણે ઘડવા નહીં હતા, પણ જામનગરના સંક્ષેપ પીનલ કોડને તે રાજ્યમાં ચાલતા ફોજદારી કાયદા દાખલ ગણવો હતો, તોપણ ચોરી અને ચોરેલો માલ લેવાને તે રાજ્યમાં ગુનાહ ગણાતો નથી, એવું બતાવવામાં આવ્યું નથી. આ કોર્ટની ફોજદારી સત્તાના વિસ્તાર વિષે ભુલ ભરેલા વિચાર ઉપર આ તકરારનો પાયો બાંધવામાં આવ્યો છે. એ તહોમતદારો પરાયા રાજ્યમાં કરેલા ગુનાહને માટે મ્યુનિસીપાલ કોર્ટ ઑફ બ્રીટીશ ઇન્ડિયા આગળ તપાસ કરવા લાવવામાં આવ્યા નથી. યોગ્ય બંધારણવાળા અમલદારોથી ચીફ કોર્ટ ઑફ ક્રિમિનલ જસ્ટિસ હજુર મોકલવાને ખાસ સત્તા આપેલા રાજ્યે તેઓને તપાસ માટે મોકલ્યા છે. એ કોર્ટને આજ ૫૦ વર્ષ થયાં ઓનરેબલ કોર્ટ ઑફ દાયરેકતર્સના અનુમતથી અને રાજાઓના પોતાના અનુમતથી સરકારે આખા કાઠિયાવાડ પ્રાંત ઉપર સત્તા આપી છે. ૧૮૩૧ માં આ કોર્ટ સ્થાપવાની મતલબમાંની એક મતલબ એ છે કે, "કોઇ માણસ એવો જોરાવર અથવા વગવાળો હોય કે જેની તપાસ રાજાથી થઇ શકે નહીં, તેવાનો ન્યાય કરવાની રીતિ બાંધવી" અને એ કોર્ટ સ્થાપ્યા પછી કેટલોએક ફેરફાર થયાથી, જામનગર રાજ્યની ફોજદારી સત્તા કબૂલ રાખવામાં આવી છે અને તહોમતદારોમાંના કેટલાક જામનગર રાજ્યની ફોજદારી સત્તામાં આવી શકે એમ છે, તોપણ એ વાત ઉપર કોઇ પણ તકરારનો પાયો રચી શકાય નહીં, કેમકે જામનગર રાજ્યને એ બાબત કંઇ સત્તા હોય તો તેનો હક તેણે આ કેસમાંથી કહાડી લીધો છે, અને તે રાજ્યે પોતે આ કેસ આ કોર્ટમાં તપાસવા માટે મોકલ્યો છે. આ કોર્ટે આ પ્રાંતમાં ૫૦ વર્ષ થયાં ન્યાય કરતાં કોઇ વખતે પણ કોઇ તહોમતદારોનો ન્યાય કોઇ દરબારી કોર્ટના કાયદા પ્રમાણે કરયો નથી, પણ તેથી ઉલટું બ્રિટીશ ઇન્ડિયામાં ચાલતા ફોજદારી કાયદા પ્રમાણે ન્યાય કરે છે તે જોતાં, આ તપાસમાં અપરાધો ઘડતાં જામનગરના સંક્ષેપ પીનલ કોડ ટાંકવાની અમે જરૂર જોઇ નથી, પણ એની સાથે એ પણ જોવાનું છે કે, કાયદા બાંધનારી મંડલીના ફોજદારી કાયદા, જે કામ જામનગર રાજ્યમાં નિરપરાધી ગણાય તે જામનગરમાં કરેલાં કામને ફોજદારી રૂપ આપવાને વાપરવા યત્ન ફરિયાદી તરફથી કરયો નથી. હું આ પણ કહું છું કે, જામનગરના કોટવાલે જામનગર શેશન કોર્ટમાં એ તહોમતદારોને પીનલ કોડની કલમ પ્રમાણે ઘડેલા અપરાધો માટે પહેલ વેહલાં મોકલાવ્યા હતા. તેની શેશન કોર્ટની અંદર

તપાસ શરૂ થઇ હતી અને કંઇ પણ વાંધો લીધા વગર ઇન્ડિયન પીનલ કોડ પ્રમાણે ઘડેલા અપરાધો માટે તહોમતદારોએ પ્લીડ કરયું હતું. જામનગરનો શેશન જડજ જે આ તપાસમાં મારો સાથી છે, તેને જામનગરના સંક્ષેપ પીનલ કોડ વિષે લખીને એ અપરાધોમાં કહેલો કાયદો ફેરવવાની કંઇ જરૂર છે કે નહીં, તે ખાસ બાબત તેની મેં સલાહ લીધી હતી; અને તે ધારે છે કે એમ કરવાની કંઇ જરૂર નથી, કેમકે જામનગર રાજ્યની ફોજદારી કોર્ટો પોતે ઇન્ડિયન પીનલ કોડની કલમોની મતલબ પ્રમાણે ચાલે છે. આ વાંધો તા૦ ૧૭ મી જુન જ્યારે નંબર ૨ જાવાળાના બચાવમાં તેના બારિસ્ટરે છેલ્લું ભાષણ કીધું ત્યાં સુધી લીધો ન હતો.

૧૩. આ તપાસમાં પ્રમુખને સભાસદો તરફથી ઘણો આશરો મળ્યો છે, તેઓએ બધી સાક્ષી ઘણી સંભાળથી સાંભળી છે, કેસ ચાલતાંજ એ સભાસદો બાબત વાંધો લેવામાં આવ્યો હતો, કેમકે તેઓ જામનગર રાજ્યના અમલદારો છે, પણ તે વાંધો રદ કરવામાં આવ્યો હતો. જામનગર રાજ્યના ન્યાયખાતાના અમલદારોની મદદ આ તપાસમાં પ્રમુખને જોઇતી હતી, તેનાં પુરતાં, ખરાં અને દેખઇતાં કારણો છે.

એચ. એફ. આસ્ટન. પ્રમુખ.

રાજકોટ તા૦ ૧૧ મી જુલાઇ સન ૧૮૮૧.

——:o:——

જામનગરની પોસ્ટ ઑફિસમાં ચોરાયલી બેંગી બાબત મહારાજ વ્રજેશજી વગેરા ચાર બંધીવાનોને રાજકોટની ક્રિમિનલ કોર્ટમાં તા૦ ૧૧ મી જુલાઇને રોજ બપોરના બે વાગે ઉપર જણાવ્યા મુજબ સજા થઇ. તે બાબત અને તેજ દહાડે પાંચ વાગે અત્રે તાર આવ્યા, તે ઉપરથી થોડાએક ભાટિયા વૈષ્ણવો વીઠલવાડીમા મૂલજી જેઠાને ત્યાં ભેળા થયા અને ભારે અફશોશ કરવા લાગ્યા. તે લોકોએ એવી તજવીજ કરી જે કાલથી મંદિરો બંધ રાખવાં તે ઉપરથી સવારના શ્રી બાલકૃષ્ણના મંદિરે મંગળા સમે દરશણ બીતર થયાં, પણ બીજા મહારાજોએ વાત માની નહીં. વૈષ્ણવોનાં ટોળે ટોળાં ભેળાં થઇ આપસ આપસમાં વાતો કરવા લાગા અને બાલકૃષ્ણજીના મંદિરના બગીચામાં ભેળા થવા વિચાર કીધો, પણ મંદિરમાં ભેળા થવા મના થઇ. ત્યારે સાંઝના માધવબાગમાં ભેળા થવા ઠરાવ

કીધો અને મંદિર પાસેથી લોકો જાતા રહ્યા. અને સવારના આઠ વાગે હડતાલ નાંખી કાપડ બજાર બંધ રાખી. ખાંડ બજાર, ભાત બજાર, દાણુ-બંદર અને કુલાબે રૂના કાંટા બંધ કીધા. શેર બજાર બંધ થઇ. વૈષ્ણુ-વોએ પોતપોતાની પેહેડીઓના ગાદી તકીયા ઉંચા મૂકયા. આખો દિવસ કામકાજ બંધ રાખ્યું. સાંઝના ચાર વાગાથી વૈષ્ણુવો માધવબાગમાં ભેળા થવા લાગ્યા. આશરે ત્રણુસો ચારસો માણુસો ભેળાં થયાં. ૭ વાગાને સુમારે શેઠ વરજીવનદાસ બાગમાં આવ્યા તેમણે ભેળા થએલા લોકોને દીલાસો આપ્યો. અમે એ બાબત જે કરવું ઘટે તે કરીએ છીએ, તમો જાઓ. વૈષ્ણુવો ત્યાંથી છુટા પડયા. તા૦ ૧૩ મી ને રોજ સવારના કાપડ બજાર શિવાય સઘળા લોકોએ હડતાલ ખોલી નાંખી પોત પોતાને કામે લાગ્યા. તે ઉપરથી કાપડિયાઓએ પણુ દુકાનો ખોલવા તજવીજ કીધી, પણુ નવાં કાપડ બજારમાં ભાવકી વૈષ્ણુવોનાં એક તોફાની ટોળાંએ દુકાનો બંધ કરવાની ફરજ પાડી. આ સંબંધી એવો ખુલાસો મળ્યો છે કે, કેટલાક કાપડના વેપારીઓએ એ દીને દુકાનો ઉઘાડી ત્યારે કેટલાએક છોકરવન ભાટિયાઓએ દુકાન ઉઘાડનારાઓની ઠઠ્ઠા કીધી, અને ચાળા પાડયા. જે ઉપરથી દુકાનો પાછી બંધ કરવામાં આવી હતી. વૈષ્ણુવોને એ વાત અણુગમતી લાગી, તેથી કાપડની દુકાનો તા૦ ૧૩ મીને દહાડે બંધ રહી. કાપડિયાઓમાં જે ભાવકી વૈષ્ણુવો વગવાળા હતા તે પોતાના યુરોપિયન અને પારસી મિત્રોને ત્યાં દોડા દોડ કરવા લાગ્યા. શેઠ શેરાબજી સાપુરજી બંગાળી અને મિ૦ ગ્રેહામે તેઓને મદદ કરવા કબૂલ કીધું, શેઠ શેરાબજીએ ચીઠીઓ લખીને કેટલાએક પારસી, યુરોપિયન, હિંદુ અને મહોમેદનોની સભા તા૦ ૧૫ મી જુલાઇને રોજે બેરામજી હૉલમાં બોલાવવામાં આવી તે સભામાં નીચે લખેલા ગૃહસ્થો હાજર થયા. શેઠ વરજીવનદાસ માધવદાસ, ઑનરેબલ મિસ્તર ગ્રેહામ, ડાકટર બ્લેની, મિસિઅર્સ રાબર્ટસ તથા ઠારબરન, શેઠ શેરાબજી સાપુરજી બંગાળી, સી, એસ, આઇ., શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ, શેઠ ખરસેદજી ફરદુનજી, શેઠ સોરાબજી ફરામજી પટેલ, શેઠ નશરવાનજી માણેકજી પીટીટ, શેઠ મનચેરજી નવરોજજી બનાજી, શેઠ નાનાભાઇ રૂસ્તમજી રાણીના, શેઠ જેરાજ પીરભાઇ, શેઠ કમુ સલેમાન, રાવ સાહેબ વિશ્વનાથ નારાયણુ મંડલીક, સી. એસ. આઇ., શેઠ પ્રેમચંદ રાયચંદ, શિવાય બીજા પણુ કેટલાક ગૃહસ્થો હતા. તેમાંથી એક સબ કમિટિ ઠરાવવામાં આવી. શેઠ શેરાબજી સાપુરજી બંગાળી તથા શેઠ નાનાભાઇ બેહેરામજી, ડાકટર બ્લેની, શેઠ શેરસ-

ભજી ફરામજી, મિસ્તર રાબર્ટસ. એ ગૃહસ્થો મહારાજ વ્રજેશજીની સજામાં ઘટાડો કરવા સારૂ એક નમનતાઇ ભરેલી અરજી લખી તૈયાર કરે. તે મુજબ એ ગૃહસ્થોએ અરજી તઇયાર કરી અને કેટલાએક ગૃહસ્થોની સહીઓ લઇ અરજી મોકલી, તેમાં અપરાધી ઠરેલા મહારાજની કાંઇ અણુઘટતી હિંમાયત નહીં થાય તેની સંભાળ રાખીને જણાવ્યું કે, મહારાજને થએલી શિક્ષાથી તેના કેટલાએક હિંદુ સેવકોનાં દિલ દુખાયાં છે, તેજ માત્ર સરકારને લખી જણાવ્યું. અને મહારાજના કેદખાનાની કઠણાઇઓમાં બનતો ઘટાડો કરવાની માંગણી કીધી ઇત્યાદિ ઇત્યાદિ.

જે વેળાએ સભા મળી તે વેળા વર્તમાન પત્રોના રિપોર્ટરો હાજર થયા હતા. જ્યાંસુધી રિપોર્ટરો બેઠેલા હતા ત્યાં સુધી સભામાં હાજર થએલા સાહેબો મુંગે મોહોડે ગુંપચુપ બેસી રહ્યા. રિપોર્ટરોને કાહાડી મેલ્યા પછી સભાનું કામ ચલાવ્યું.

એ સભાવાળાઓએ જે અરજી તઇયાર કીધી તે છુપી રાખવાની તેમની ધારણા છતાં, તા૦ ૨૦ મી જુલાઇના ટાઇમ્સમાં તે અરજી છપાઇ, તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેજ મતલબ આવેલી છે, જે વ્રજેશજી મહારાજના કેદખાનાની કઠણાઇઓ બનતાં સુધી ઓછી કરવી ઇત્યાદિ.

ઠકર ઇંદ્રજી નારણજીની સહીનું એક હેંડબીલ બાહાર પાડવામાં આવ્યું હતું. તે નીચે મુજબ.

શ્રી વિઠલેશ જયતી વિશેની જાહેર ખબર.

સર્વે વૈષ્ણવ ભાઇઓને વિનંતિ કરવામાં આવેછે જે, આપણા મહારાજ શ્રી વ્રજેશજીને આપણી સરકારે શ્રી રાજકોટ મધ્યે કેદ કરયા છે, તેમને ત્યાં એવું તો દુઃખ ખમવું પડે છે કે, તે દુઃખનો કોઇ પણ સામો દાખલો આપી શકાતો નથી. કેમકે એમનો ધર્મ અને ક્રિયા જોતાં પ્રત્યક્ષ દીઠામાં આવે છે કે, તેમનાથી ત્યાં કેવી રીતે રહી શકાતું હશે અને અન્ન પાણી પણ કેવી રીતે લેતા હશે. એ વાતનો વિચાર વાંચનાર સજ્જનોને કરવો સહેલ છે, માટે જો તમોને આપશ્રી ઉપર દયા આવતી હોય તો તેમને છોડાવવા માટે એક સહેલો અને સારો ઉપાય એ છે કે, આપણુ બધા એકઠા થઇને આપણી દયાલુ સરકારની સક્રેટરી ઑફિસની નીચે આવીને વિનંતિ કરવી જે થકી એવું ધારવામાં આવે છે જે આપણી

માયાળુ સરકાર આપશ્રીજીને અવશ્ય કેદમાંથી છુટા કરશે. માટે ભાઇઓ હજાર કામ પડતાં મૂકીને સરકારને વિનંતી કરો.

તાજે કલમ—આજ દિને સાંઝના ચાર કલાકને અમલે કોટમાં સેક્રેટરી ઑફિસની નીચે ચાલીને જવું, ને ત્યાં કોઇએ ટટો કે બખેડો કરવો નહી. માત્ર મૂગે મોહોડે બેસી રહેવું, નહી તો સુલટાંને બદલે ઉલટું થઇ પડશે. અને સરકાર સાહેબને અરજી સમજાવવાનું કામ અમે પોતે તમારી બધાની આજ્ઞાથી કરીશું.

દોહરો.

આપણી સરકાર છે બહુ સારી, તેથી ગુરૂને છોડવાની એછે બારી;
સહુ તમો તીઆં ચાલો, અરજ પતર તેમને આલો. ॥ ૧ ॥

તા૦ ૧૪ મી જુલાઇ સને ૧૮૮૧.

ઠા૦ ઇંદરજી નારણજી.

દા. પોતીકા.

તે ઉપરથી બ્રહસ્પતવારને દીને સાંઝનાં પાંચ વાગે આશરે ૨૦૦ થી ૩૦૦ વૈષ્ણવોનું એક ટોળું ઠકર ઇંદ્રજી નારણજીની સાથે સેક્રેટેરીયટના ચોકમાં ભેગું મળ્યું હતું. તેમની મતલબ સરકારને અરજી કરવાની હતી. મદદનીશ સેક્રેટેરી મિ૦ મેકડાનલ્ડે તેઓમાના ચાર જણને બોલાવીને તેમનું ભેગા થવાનું કારણ જાણી લીધું. તે એજ હતું કે તેમના મહારાજ કેદખાનામાં રહેશે, ત્યાં સુધી તેમના મોંપર અન્ન મેલાય એમ નથી. માટે તેમને છુટા કરવા. સેક્રેટેરીએ આ બાબતમાં વચ્ચે પડવાની ના પાડી, પણ જે અરજદારો અરજી લાવે તો તે સરકાર ઉપર મોકલી આપવાની તેણે મરજી દેખાડી.

વળી વૈષ્ણવોએ બીજી અરજી તઇયાર કરાવી તેમાં મુંબઇના હિંદુ મુસલમાન વગેરા સઘળા લોકોના સહીયો લીધી અને સ્કુલના છોકરાઓની પણ સહીઓ કરાવી. અરજદારોની મોટી સંખ્યા દેખાડવા સારૂ એ બેઉ અરજીઓ વિષે તા૦ ૨૪ મીના રાસ્તગોફ્તારમાં "વૈષ્ણવોની અરજી" એ મથાળા નીચે જે બીના લખવામાં આવી છે. તે અમોએ નીચે ઉતારી લીધી છે તે ઉપરથી એ અરજીના ગુણદોષ વિષે વાંચનારાઓને સારી પેઠે સમજ પડશે.

વૈષ્ણવોની અરજી.

"બેહેરામજી હોલ" વાળી ઉપલી વાંધા ભરેલી અરજી વૈષ્ણવોની જુદી અરજીની સાથજ રવાના થઇ છે, તેથી તે વધારે વાંધા ભરેલી થઇ પડી છે. અગર જો પહેલી અરજી એકલીજ સરકાર ઉપર ગઇ હોત તો તે ઝાઝી દમ જેવી નહીં ગણાત, તેમાં વૈષ્ણવોનું દુઃખ ઘટાડવાના કાંઇ ઉપાયો કરવા એટલીજ માત્ર અરજ કરી છે, પણ આ બીજી અરજીમાં તે દુઃખ ઘટાડવાના શું ઉપાયો કરવા તે સુઝાડયું છે, એટલે આ બીજી અરજી પેહેલીના સાધન સરખી છે—એકમાં જે માગણી બાકી રાખી તે બીજીમાં પુરી કરી છે—અને વળી એ બેહુ અરજીઓ એકજ વખતે થવાથી બેઉ એકેકને ટેકો આપનારી થઇ પડી છે. વૈષ્ણવોની અરજીમાં વજેશજી મહારાજને કેદખાનેથી છોડી મેલવાની ઉઘાડી માંગણી કશી શરમ વગર કરવામાં આવી છે, એ માંગણી કરવાની "બેહેરામજી હાલ" વાળી સભાની મતલબ નહીં હશે, પણ તેઓની અરજીમાં તેમ જણાવ્યું નથી—મહારાજને છોડી દેવાનું અમે કંઇ માગતા નથી. એમ ખુલ્લો ખુલાસો કરયો નથી—અને તેવા ખુલાસા તથા ઇનકારની ગેરહાજરીમાં "વૈષ્ણવોના મનસંકટના ઘટાડાના કાંઇ પણ ઉપાય કરવા. એવી ભરમમાં કરેલી માંગણી મહારાજના છુટકારાને નહીંબી લાગુ પડે અને લાગુ પણ પડે એવી છે. વૈષ્ણવોની માંગણીની સાથે એ માંગણી પણ જવાથી તે વધારે લાગુ પડતી થઇ છે. વૈષ્ણવોની અરજીનો ભાવાર્થ એટલોજ છે કે, વજેશજી મહારાજને રૂપિયા ૨૦૦૦) ના દંડની શિક્ષા થઇ છે તે પુરતી છે, તેને કેદખાનાની જરૂર નથી, માટે તેને છોડી દેવો જોઇએ! અમારા વૈષ્ણવ વાંચનારાઓ વિચાર કરશે તો તેમને જણાશે કે અપરાધ સાબેત થએલા કોઇ પણ કેદી વિષે આવી માગણી કરવી એ કાંઇજ નહીં પણ એક બેઅદબી ભરેલી શેખાઇ છે. અગર જો તે કેદી બેગુનાહ કેદ થયો હોય, અગરજો તે વગર વાંકે તકસીરવાર ઠરયો હોય તો, તેના છુટકારાની માગણી વાજબી છે. પણ આપણા વૈષ્ણવ મિત્રો પોતે વજેશજી મહારાજને એમ બેગુનાહ કહેતા નથી. તેઓ કબૂલ કરે છે કે, "વજેશજી ઉપર મૂકેલો વાંક ઘણો મોટો છે" અને "તેને માટે પુરતી શિક્ષા થવી ઘટે છે." અને એમ કબૂલ કરવા છતાં જ્યારે કેદીને છોડી મેલવાની માગણી કરવામાં આવી છે ત્યારે તે માંહેલી શેખાઇ ઘણી વધી પડે છે. વજેશજીનો "વાંક મોટો હોવા" છતાં તેને છોડી મેલવાનું કારણ

શું ? શું વૈષ્ણુવો તેને ઇશ્વર અવતારી ગણે છે એટલા માટે ? શું તે માતબર અને મોટો વગ ધરાવનાર છે એટલા માટે ? શું તેનું કુલ ઉંચું અને નામ મોટું છે એટલા માટે તેને છોડી મેલવો જોઇએ ! હા આપણા વૈષ્ણવ પડોશિયો ખુલ્લે ખુલું એમજ કહે છે, તે જુઓ એમના પોતાના આ શબ્દોમાં:—

"આપના અરજદારો એકદમ કબૂલ કરે છે કે, મહારાજ ઉપર જે વાંકનું તહોમત મેલ્યું છે, તે એટલો મોટો વાંક છે કે, તેને માટે પુરતી સજા થવી ઘટે છે, પણ તેઓ આપ નામદારને વિચારવાની વિનંતિ કરે છે કે, આ મહારાજ એક અસલી અને માનવંત કુલનો છે તે જોતાં, નામદાર રાણીની પ્રજાના લાખો માણસોનો તે ધર્મગુરૂ છે તે જોતાં, હાલ જે હાલતમાં તે આવી પડયો છે તેના સરખાં દુઃખ તથા નામોસી તથા શોક ભરેલી હાલતમાં તે કદી આવ્યો નથી તે જોતાં, તથા એક દહાડાના પણ કેદખાનાં વગર તેનો ગુનાહ માત્ર સાબીત થાય અને તેથી તેને હિનપસ્તી લાગે એટલુંજ માત્ર એ મહારાજને પોતાનેજ નહીં પણ નામદાર રાણીની આ હિંદી શાનશાહતના દરેક ભાગ ઉપરના તેના લાખો સેવકોને ગમ અને શરમમાં ડુબાડી નાખવા સરખું છે તે જોતાં ઇનસાફને દયાથી નરમ કરવા જોગ આ દાખલો છે, તેનો આપ નામદારે વિચાર કરવો."

અરજદારો લખે છે કે, વ્રજેશજી મહારાજની "જાહેર તપાસ થઇ છે અને તેનો ગુનાહ સાબીત થયો છે" તેટલુંજ "ધારાનો મોભો અને દબદબો જાલવવા માટે બસ છે" અને અપરાધના પ્રમાણ પ્રમાણેનો દંડ કીધો હોય તો ઇનસાફને રાજી રાખવા માટે તે પુરતું છે," એટલા માટે "આ મહારાજનું કેદખાનું જરૂરનું નથી" એમ કહી અરજદારો એકવાર ફરીથી પોતાની અરજીમાં એ બંધવો માતબર અને સુખવાસી છે, માટે તેને ઓછી શિક્ષા કરવાની માગણી નીચલી શેખાઇથી જણાવે છે:—

"આપના અરજદારો આપ નામદારને વિચાર કરવાની ઘણી નમનતાઇ સાથ અરજ ગુજારે છે કે, એકની એકજ શિક્ષા જૂદી જૂદી સ્થિતિના જૂદા જૂદા શખ્સો ઉપર જૂદી જૂદી સખતાઇ સાથ આવી પડે છે, અને કેદખાનાની શિક્ષા જોકે, દરેક જણને દુઃખ ભરેલી હોય છે, તોપણ એક મહારાજ કેવી રીતે ઉછરેલો અને કેવી હાલતમાં વસેલો હોય છે તે આપ નામદાર સારી પેઠે જાણો છો. એટલે તે વિસ્તારીને કહેવાની જરૂર

નથી, તેવા એક માણુસને એ શિક્ષાનું સંકટ એકસો ગણું વધારે દુઃખ ભરેલું અને કઠણુ લાગવું જોઇએ."

એટલા માટે વ્રજેશજી મહારાજને છોડી મેલવાની વૈષ્ણવો અરજી કરે છે, પણુ એના સરખી નબળી અને લુલી માંગણી કદી પણુ અમારા દીઠામાં આવી નથી, અને એવી એક અરજી બાહાલ રાખવા સરખું વાંધા ભરેલું બીજું કશું અમે જાણુતા નથી. આ અરજીમાં માતબર અને ગરીબ વચ્ચે શિક્ષાનો તફાવત રાખવાની ખુલ્લી માંગણી કરી છે અને ગરીબ અપરાધીઓને કેદખાનું આપવું તથા તવંગર અપરાધીને માત્ર દંડ કરીને છોડી દેવો, એવો જુલમાત ભરેલો, ધારાથી ઉલટો, ઇનસાફથી બી ઉલટો • દાખલો બેસાડવા માગ્યો છે, અંગ્રેજી રાજ્યની મોટામાં મોટી ખુબી તેનો અદલ ઇનસાફ છે. અંગ્રેજી ધારો માતબર કે ગરીબ વચ્ચે તફાવત સમજતો નથી, એ તેની મોટી કીર્તિ છે. અંધેર રાજ્યોમાં પૈસાવાળાઓ મોટી રકમો ભરીને છુટી જાય છે, તે રકમને તમારે ગમે તો "દંડ" કહો પણુ જ્યારે છુટી જવા માટે એ રકમ મોટી ભરી હોય ત્યારે માત્ર રાજ્યને નજરાણાની લાંચ સરખી તે થઇ પડે છે. પણુ અંગ્રેજી રાજમાં તેમ બની શકતું નથી તેથીજ દેશી રાજ્યો કરતાં તે ચહડે છે, તેથીજ એ રાજ પ્રજાની નજરમાં પ્યારૂં છે, તેથીજ પ્રજાની સલામતીની જામીનગીરી મળેછે અને તેથીજ વફાદાર પ્રજા એ રાજ્યના છાંયા તળે નિંશ્ચિત નિંદ લે છે, પણુ અરજદારો તો આ એક કેદી માતબર, વગવાળો ધર્મ ગુરૂ છે એટલા માટે, અને એટલાજ માટે તેને "મોટી રકમના દંડ" ઉપર છોડાવી દેવા માગે છે તે કાંઇજ નહીં પણુ અંગ્રેજી રાજમાં નજરાણુઓથી કેદીને છોડી દેવાનો લાંચીઓ કારભાર ચાલુ કરવાની અને અંગ્રેજી રાજને બીજાં અંધેર રાજ્યોની સપાટી ઉપર ઉતારી પાડવાની ગોયા માંગણી છે. કેદખાનું માફ કરવાનાં જે કારણો આ અરજીમાં આપ્યાં છે, તે તો ઓર વધારે શિક્ષા કરવાનાં કારણો છે. એક ગરીબ માણુસ બીચારો કંગાલીયતને લીધે ચોરીનો અપરાધ કરે એ કંઇ દયા આણુવા જોગ છે, પણુ એક "પુરાતન અને માનવંત કુલના માણુસે" તો એવી તકસીર કરવાને કશું બાહાનું નથી. એક અધમ પાપી પાપથી પતીત થાય એ સ્વાભાવિક છે, પણુ "લાખો માણુસોના ધર્મગુરૂ"એ તો અધર્મને અટકાવવો ઘટે છે, નહીંકે તેણે પોતેજ અધર્મ કરવો. એક જુનો "જેલવાલો" (Jail Bird) ચોરી કરે તે તો તેનો ધંધોજ છે, પણુ જે આવી હિનપસ્તીમાં " આગળ કદી પણુ નહીં આ-

બેલો" તેણે તો તેવા વાંકથી અટકવું ઘટે છે. અને તે છતાં સુખી "હાલતમાં ઉછરેલા અને વસેલા" એક ધર્મગુરૂના મોટા દરજ્જા અને મોટા નામવાળા માણસ અપરાધ કરે ત્યારે તે મોટી પદવીનો છે માટે તેને જતો મેલવો નહીં જોઇએ. અમે ખાત્રી રાખીએ છીએ કે, સર જેમ્સ ફરગ્યુસન સરખો અપક્ષપાત ગવરનર પ્રજાની સલામતી માટે ધાસ્તી ભરેલી આ અરજ બાહાલ રાખી તથા આ મહારાજને છોડી મેલી પોતાની કીર્તિને કલંક અને અંગ્રેજી રાજ્યને ડાઘ લાગવા દેશે નહીં, તથા વ્રજેશજીને છોડવાને બદલે તે નામદાર અગરજો એ કેદીની શિક્ષા વધારશે તો અમે અચરત થઇશું નહીં. મધરાસ ટાઇમ્સ લખે છે કે, અગરજો વ્રજેશજી મહારાજને બદલે કોઇ બીજો બંધવો હોત તો રાજકોટવાળા મિ૦ આસ્ટને તેમે આસાન કેદની નહીં પણ સખત મજુરીની ટેપ મારી હોત, અને મિ૦ આસ્ટનનું ચુકાદાનામું અમે આખું ધ્યાનથી વાચી જોયું છે, પણ વ્રજેશજીની સાથના બીજા સઘળા બંધવાઓને જ્યારે સખત મજુરીની ટેપ મારી છે, ત્યારે વ્રજેશજીને આસાન કેદનો સેન્ટેન્સ શા માટે આપ્યો છે, તેનું કશું વાજબી કારણ અમોને જણાતું નથી. કારણ એટલુંજ દીસે છે કે, મહારાજની મોટી પદ્વી જોઇ તેને દયા કરવામાં આવી છે, તે દયા પુરતી અને પુરતી કરતાં પણ વધારે છે.

રાજકોટ તા૦ ૧૫ મી જુલાઇની ખબર.

મહારાજ વ્રજેશજીને ગઇ તા૦ ૧૧ મીને દીને જેલમાં લઇ જવામાં આવ્યા ત્યારથી અત્રેના લોકોમાં જે ઉદાસી ફેલાઇ છે, તે હજુ નરમ પડી નથી. મહારાજ પોતે જેલમાં અન્ન પાણી લેતા નથી. દરરોજ લોકોનાં ટોળે ટોળાં "મોટે બંગલે" એટલે પોલિટિકલ એજંટને ત્યાં અરજ કરવા જાય છે. તેમની અરજ એવી છે કે, અમારા ધર્મશાસ્ત્ર પ્રમાણે અમારા ગુરૂથી જેલમાં બનતી સોઇ વગર અન્ન પાણી લેવાય નહીં, માટે તેમને એક એલાહેદાં મકાનમાં રાખો અને તે મકાનનું ભાડું તથા તેના ચોકી પેહેરાના માણસોનો પગાર વગેરે ખરચ અમો આપીશું. મહારાજને આસાન કેદની સજા છે, એટલે તેમની પાસે કંઇ કામતો લેવાનું નથી. તેઓએ આવી અરજ કરી, પણ તેમની દાદ લાગી નહીં. પોલિટિકલ એજંટે મેહેરબાની કરી તુરંગની સામી ચોકામાં એક ઓરડી મહારાજને રસોઇ સારૂ આપી, ત્યાં મહારાજ રસોઇ કરી જમે છે, તથા એક રસોઇયો રાખવાની પણ પરવાનગી મળી છે. સુવા બેસવાનું તુરંગમાં રાખ્યું છે. વૈષ્ણ-

વોની આગેવાની તળે અત્રેના લોકોએ મહારાજના બચાવ વાસ્તે કરેલી અરજી તથા ફેરામજી હૉલવાળી સભાની તરફથી થએલી અરજી સરકારે મંજુર ન રાખી, ત્યારે વજેશજી અને બીજા બંધીવાનો તરફથી અપીલો કરવામાં આવી.

અપીલોનો થએલો ચુકાદો.

જામનગરમધ્યે રૂપિયા ૫૦૦૦) ની બંગીની ચોરીમાં રાજકોટના આસિસ્ટન્ટ પોલિટિકલ એજંટની કોર્ટે, પારસી દાદાભાઇ ટેમુલજી, મહારાજ વજેશજી વ્રજનાથજી, કલ્યાણજી પ્રાણજીવન, અને જાદવજી ગોપાલજીને કરેલી સજા ઉપર સંતોષ ન રાખીને અપીલો કીધી તેની મતલબ નીચે પ્રમાણે.

દાદાભાઇના બાપ ટેમુલજી માણેકજીએ અપીલમાં એવી અરજ ગુજારી જે, તેના છોકરાને સજા થઇ છે, તે બાબત સરકારે તપાસ કરી, દાદાભાઇને છોડી મેલવો ઇત્યાદિ. વજેશજી મહારાજે એવી અરજ ગુજારી હતી કે, તેને થએલી સજા રદ કરવી ઇત્યાદિ. કલ્યાણજી પ્રાણજીવને અપીલ કરી ન હતી અને જાદવજી ગોપાલજીએ પોતાનું નિર્દોષપણું બતાવી, તેને થએલી સજામાંથી મુક્ત થવા અરજ કરી હતી.

સન ૧૮૮૧ ની તારીખ ૧ લી અકટોબરને રોજ મુંબઇ સરકારે ત્રણ અપીલોનો નંબર ૪૭૧૭ વાળો ઠેરાવ કર્યો તે નીચે મુજબ.

કોર્ટની સત્તા સામે ઉઠાવવામાં આવેલો વાંધો—સરકાર પોતાના ઠરાવમાં જણાવે છે કે, આ મુકદમાને લગતી તપાસ પોલિટિકલ એજંટની કોર્ટમાં ચાલી તે વખતે, વજેશજી મહારાજ તથા એક બંધવા જાદવજી ગોપાલજી તરફથી એવી તકરાર ઉઠાવવામાં આવી હતી કે, તેઓ, નવાનગરના રાજ્યની રઇયત હોવાથી એ કોર્ટને તેમની તપાસ કરવાને સત્તા નથી. આ તકરાર, મહારાજના નોકર કલ્યાણજીના સંબંધમાં પણ લાગુ

પડી શકે, પણ બંધવા દાદાભાઇના બાબમાં તે લાગુ પડી શકે નહીં. કાંકે દાદાભાઇ અંગ્રેજી પ્રજા તથા અંગ્રેજ સરકારનો નોકર હતો. પોલિટિકલ એજંટની કોર્ટમાં તપાસ પુરી થઇ તે આગમજ, કોર્ટની સત્તાને લગતી તકરાર ઉપર તો, વજેશજી મહારાજ તરફની અરજીઓ ઉપરથી સરકારે વિચાર આપ્યોજ હતો. તે વેળા આ તકરારને રદ તરીકે ઠરાવવામાં આવી હતી, અને ટેપ માર્યા પછીની અપીલમાં એ બાબત વિષે જો કંઇ નવી દલીલો દેખાડવામાં આવી હતે, તો સરકાર એ બાબત ઉપર પાછો વિચાર ચલાવવાને રાજી થતે; પણ એવી નવી તકરાર તો દેખાડવામાં આવી નથી. વજેશજી મહારાજ એવી દલીલ લાવ્યા છે કે, તેમનો મુકદમો પોલિટિકલ એજંટની કોર્ટને નવાનગરના રાજ્યે સ્વાધીન કીધો; તે કામ એક દેશ બીજા દેશને બંધવાઓ શરણ કરી આપે છે, તેની બરાબર માત્ર થયું છે. અને તેથી કોઇ એજનસી કોર્ટને તેમને તપાસ ચલાવવાની સત્તા મળી નથી. અને જ્યાંસુધી એ કોર્ટને પોતાનેજ નવાનગર તરફથી મળેલી સત્તા ઉપરાંત સત્તા હોય નહીં ત્યાંસુધી, એ કોર્ટ કાયદાસર તેમની તપાસ ચલાવી શકે નહીં. નામદાર સરકારનો એવો અભિપ્રાય છે કે, નવાનગરના રાજ્યે, આ મુકદમો પોલિટિકલ એજંટની કોર્ટમાં તપાસ માટે કમિટ કીધો છે એટલે; એ કોર્ટને તેની તપાસ કરવાની સત્તા મલી ચુકી છે. આ કોર્ટ, અસલ એટલા માટે સ્થાપવામાં આવી હતી કે, કેટલાક જબરદસ્ત લાગવગવાળા ગુનેહગારો, કે જેમને સજા કરવાને તેમના રાજાઓ બીહે, તેમની તપાસ એ કોર્ટ ચલાવે, અને એવા મુકદમાઓમાં એ કોર્ટને, લાગતા વળગતા રાજાઓ પોતાની સત્તાનો અખત્યાર આપે કે નહીં, તોપણ તેને તે તપાસ કરવાની સત્તા છે. હવે વજેશજી મહારાજ પોતાની સંપ્રદાયના લોકો ઉપર જે ધર્મ સંબંધી લાગવગ ધરાવે છે, તેને લીધે આવા ગુનેહગારોની સંફમાં તેઓ ઘટતી રીતે આવે કે નહીં, તે શક ભરેલું છે ખરૂં, પણ હમણાં જ્યારે કાઠિયાવાડના રાજ્યોનો વહિવટ આટલો બધો સુધારા ઉપર આવ્યો છે ત્યારે તો, છેક ઘણીજ અગત્ય દેખાડવામાં આવે ત્યાં સુધી, એક રાજ તરફથી તપાસ કરવાની સત્તા મળે નહીં, ત્યાં સુધી કોઇની પણ તપાસ, પોલિટિકલ એજંટ ખુદ પોતાની સત્તાથી કરે, એમ સરકાર ઇચ્છતી નથી. પણ આમાં તો કશો શક નથી કે, કાઠિયાવાડના રાજ્યોએ, જે કોઇ ગુનેહગારને તપાસ માટે મોકલી આપ્યા હોય, તેવાઓની તપાસ કરવાને પોલિટિકલ એજંટની કોર્ટને સત્તા છે. નવાનગરના રાજ્યની હદમાં જઇને આ

મુકદમો જો, આ કોર્ટે તપાસ્યો હોત, તો તેની સત્તા બાબતનો સવાલ ઉઠી શકતેજ નહીં. પણ એ કોર્ટ રાજકોટ ખાતે બેસે, તે વેળા પણ તેને એક સરખી સત્તા છે. કાંકે, પોલિટિકલ એજંટના ઊપરીપણા હેઠલના સઘળા કાઠિયાવાડી રાજ્યોની સગવડ માટે, એ કોર્ટનું વડું મથક રાજકોટખાતે કરવામાં આવેલું છે. વળી અત્રે આ બીના જણાવવાની છે કે, થોડાંક વર્ષ થયાં કાઠિયાવાડના રાજાઓની સત્તાના વર્ગો કરવામાં આવ્યા છે અને નાના રાજ્યોની સત્તામાં નહીં આવે એવા મોટા મુકદમાઓ, તપાસ માટે રાજકોટ ખાતે આવે છે. અને વળી, જે નાનાં રાજ્યો, કે જેમના કારભાર કોઇ કારણથી થોડો વખત સુધી પોલિટિકલ એજનસીના પાધરાં ઉપરીપણાં હેઠલ ચાલે છે. તે રાજ્યોમાં થતા મોટા ગુનાહોની તપાસ પણ રાજકોટ ખાતે થાય છે.

જુબાની દાખલ કરવા સંબંધી કાયદાની કેટલીક બારીકીઓ.

ટપાલ ખાતાના શિપાઇ રાઘુને, નવાનગરના દિવાનના હુકમથી મિ૦ જયશંકર માજીસ્ટ્રેટે મારી બહ્યા પછી રાઘુએ જે હકિકત જાહેર કીધી તે, અને દાદાભાઇ પોસ્ટ માસ્તરે નવાનગરના વડા જડજ મિ૦ જગનાથ તથા માજીસ્ટ્રેટ મિ૦ જયશંકરની હજુરમાં પોતાના ગુનાહનો જે એકરાર કર્યો હતો, અને જે પાછલથી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો તે, જુબાની તરીકે દાખલ થઇ શકે નહીં. એવો વાંધો કહાડવામાં આવ્યો છે. આવી હકિકતો જુબાની તરીકે દાખલ થઇ શકે એટલા માટે, ક્રિમિનલ પ્રોસેજર કોડ યાને ફોજદારી કામ ચલાવવાનાં ધોરણ બાબતના કાયદામાં ચોકસ નિયમો ઠરાવેલા છે; પણ આ મુકદમો શરૂઆતમાં નવાનગરના સત્તાવાળાઓના હાથમાં હતો. કે જેઓ, એ કાયદા પ્રમાણે ચાલવાને બંધાયલા નથી. એટલે એ કાયદામાં જણાવેલા નિયમો બારીક રીતે બજાવવામાં આવ્યા નહીં હતા. જે તકરારો ઉપરથી આ હકિકતોને મિ૦ આસ્ટન જડજે જુબાની દાખલ કબૂલ રાખી છે, તે તકરારો સરકાર તદ્દન બાહાલ રાખેછે. અંગ્રેજી કાયદામાં કરેલા બંદોબસ્તની સઘલી બારીકીઓ નવાનગરના સત્તાવાળાઓ અમલમાં આણી શકે. એવી વકી રાખવામાં આવીજ નહીં હતી, પણ એ બંદોબસ્તો કરવામાં જે સાવચેતિયો માટેની નેમ રાખવામાં આવી છે. તે સઘળી સાવચેતિયો ઉપર નવાનગરના સત્તાવાળાઓએ બરાબર ધ્યાન પુગાડેલું છે. ઉપર જણાવેલા શખ્સોની હકિકતો, જોકે, જડજે પોતાની નોંધમાં વાજબી રીતે

દાખલ કરી છે. તોપણ જ્યારે તેને બીજી તરફથી પુરતો ટેકો મળે અને આખો કેસ સમજવામાં તે મદદ લાગે, ત્યારે તેને કામમાં લેવાય, તે હકીકતો દેખઇતી રીતે કશાબી વજનને લાયક નથી.

બંધવા દાદાભાઇની સજા બાહાલ રાખી.

બંધવા દાદાભાઇ ટેમુલજીનાં સંબંધમાં જણાવવાનું એ છે કે, તેણે પોતાનાં ગુનાહનો એકરાર કીધો હતો. એવી રીતની જુબાની નવાનગરના માજીસ્ત્રેટે તેમજ જડજે આપી છે. આ એકરાર, થોડાજ વખતમાં જો કે, પાછો ખેંચી લેવામાં આવ્યો હતો તોપણ તેને લશ્કરી સરદાર મિ૦ એગેંઝાની જુબાનીથી ટેકો મળ્યો હતો કે, જેણે એવું જણાવ્યું હતું કે દાદાભાઇને જ્યારે એમ લાગું કે, તેના ઘરના ઝાડા લેવામાં આવશે, ત્યારે ચોકસ ઘરેણાંઓ તેણે મને રાખવા આપ્યાં હતાં, અને તે વેળા દાદાભાઇએ એવો ખુલાસો કર્યો હતો કે, બેંગીમાંથી આ ઘરેણાં કંઇ કહાડી લીધેલાં નથી, તોપણ તેની પાસે એ ઘરેણાં કેમ આવ્યાં, તેનો ખુલાસો કરવાને તે રાજી નથી. નવાનગરના આ મોટા અમલદારોની સાક્ષીની જે કિમ્મત એજનસી કોર્ટે કરી છે તે ઉપર કાંઇ બી વાંધો લેવાને સરકાર કશું કારણ જોતી નથી. અને તેમની જુબાની માત્ર એવાજ વિચાર ઉપરથી એક કોરે મેલી શકાય કે, મહારાજને બચાવવાને ખાતર, દાદાભાઇ ઉપર સઘળો ટોપલો નાંખવાને એ અમલદારોએ એકસંપી કરી હોય. વળી એ ઉપરાંત આ બીના જાણવા જોગ છે કે, પ્રથમમાં દાદાભાઇ એવો ઢોંગ કરતો હતો કે, બેંગીમાંની ચોરી ખંભાલિયાના પોસ્ટ માસ્તરે કરી છે. પણ પોતાની તપાસ તેમજ સરકારને તેણે કરેલી અપીલમાં, પોતાના બચાવનું આવું ધોરણ તેણે બદલી નાંખ્યું. એવું કબૂલ રાખ્યું કે, બેંગી જામનગરથી મોકલવામાં આવી, તે આગમજ તે ફોડેલી હોવી જોઇએ. પણ જ્યારે પોતાના ઉપરીને દાદાભાઇએ એ બાબતનો રિપોર્ટ તા૦ ૧૧ મી માર્ચે કીધો હતો, ત્યારે તેણે ખાત્રીપૂર્વક જણાવ્યું હતું કે, જામનગરથી એ બેંગી તેની અસલ હાલતમાંજ ખંભાલિયા ખાતે મોકલવામાં આવી હતી. આ બંધવાને મળેલી સજા બાહાલ રાખવાને સરકાર કશો આંચકો ખાતી નથી.

પ્રજેશજી મહારાજની તકરારનો જવાબ.

પ્રજેશજી મહારાજ સંબંધી એવું જણાવવાનું છે કે, ચિનિયા નામે છોકરાની સાક્ષી માનવા જોગ તરીકે ખુલ્લી રીતે કોર્ટે બાહાલ રાખી છે. કે જે છોકરાએ એવું જણાવ્યું છે કે, પ્રજેશજીના ઘરમાં અને પ્રજેશ-

શજીની હજુરમાં તેણે બેંગીને સીવી હતી. અને એક સાક્ષીની જુબાનીને આથી વળી ટેકો મળે છે, વજેશજીએ પોતે કબૂલ કીધું છે કે, ચોરાયલા ઘરેણાંમાના બેને, તેઓએ વેચવા માટે મુંબઇ મોકલ્યાં હતાં. વજેશજી પોતાની અપિલમાં એવી તકરાર લાવ્યા છે કે, આ ઘરેણાં દાદાભાઇએ તેમને આપ્યાં હતાં, અને તે દાદાભાઇનાંજ હોય એમ તેઓએ માન્યું હતું. અને એ ઘરેણાં જામનગર કરતાં મુંબઇમાં વધારે સારી કિમ્મતે વેચાઇ શકાય અને દાદાભાઇને મિત્રાચારીની રૂએ એવો લાભ કરવાને તેઓએ તે મુંબઇ ખાતે મોકલી આપ્યાં હતાં. પણ એવું સાબીત થયું છે કે, આ બાબતમાં વજેશજીએ, ઘણીજ શક ભરેલી છુપી રીતે કામ લીધું હતું. ઘરેણાવાળું પારસલ એક ત્રીજા માણસને નામે તેઓએ મુંબઇ મોકલાવ્યું, અને તેમ કરવામાં એવી ખુલ્લી નેમ રાખવામાં આવી હતી કે, એ ઘરેણાં સાથના તેમના સંબંધનો કશો પુરાવો પોસ્ટખાતાનાં દફતરોમાં મળે નહીં. વલી ચોરી પકડ્યા પછી વજેશજીને જ્યારે પ્રથમ એક સાક્ષી તરીકે તપાસવામાં આવ્યા. ત્યારે તેઓએ એવું જણાવ્યું હતું કે, સોનાના બે લાઠા શિવાય દાદાભાઇએ તેમને કશું આપ્યું નહીં હતું. જો કે તેઓ પ્રમાણિકજ હતે તો દાદાભાઇ પાસેથી બીજા બે ઘરેણાં લીધાં છે, તે જણાવવાની પોતાની ફરજ જોતે. આ વિચારોનો જવાબ બે રીતે રાખવાની કોશેશ વજેશજીએ કરી છે. પેહેલાં તેઓ એવું કહેછે કે, આગળ જ્યારે તેઓએ એક ઘરેણું મુંબઇ મોકલ્યું હતું, ત્યારે પણ આવીજ તરેહની છુપી રીત વાપરી હતી. પણ આ બંને દાખલાઓ વચ્ચેનો તફાવત જડજ મિ૦ આસ્ટને દેખાડ્યો છે; પણ વળી આટલું બી ટીકા કરવા જોગ છે કે, આગળ જ્યારે આવીજ છુપી રીતે દાગીનો મોકલવામાં આવ્યો ત્યારે પણ એવી છુપી રીત અપ્રમાણિક વિચારથી અખત્યાર કેમ કરવામાં આવી નહીં હોય. વળી બીજું વજેશજી આ બાબત ઉપર ભાર મેલે છે કે, મુંબઇ ખાતે બે ઘરેણાં મોકલવાની ખબર તો તેઓને પકડ્યા પછી તેઓએ પોતેજ એક કાગળ લખી પોતાની રાજી ખુશીથી નવાનગરના માજીસ્ટ્રેટને જણાવી હતી. આ કાગળ શા કારણો ઉપરથી વજેશજીએ લખ્યો, તે કારણો મુકદમાની નોંધ ઉપરથી માલમ પડતાં નથી, પણ આટલું છે કે, મહારાજે પત્ર લખ્યો, તેની ચાર દિવસ આગમચ દાદાભાઇએ પોતાના એકરારમાં જણાવ્યું હતું કે, બેંગીમાંનાં બે ઘરેણાં મહારાજ પાસે છે. આ સઘળા વિચારો ધ્યાનમાં લેતાં, સરકાર, મહારાજને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે તે વ્યાજબી વિચારે છે.

મહારાજના નોકર કલ્યાણજીનો અપરાધ.

મહારાજના નોકર કલ્યાણજીએ સરકારને અપીલ કરી નથી. તેના સંબંધમાં એ જણાવવાનું કે, માજીસ્ટ્રેટ આગળ તેણે એવો એકરાર કીધો હતો કે, દાદાભાઇ, મહારાજના ઘરમાં સોનાના લાદા અને વળી ઘરેણાં લેઇ આવ્યો હતો, અને તે દરજીના છોકરા ચિનિયાને તેડી લાવ્યો હતો. ચિનિયાએ વળી એવું જણાવ્યું છે કે, અંગી પાછી સીવવાને કલ્યાણજી-એ તેને કહ્યું હતું. કલ્યાણજીનો બચાવ એ હતો કે, તેના શેઠના ઘરમાં શું શું થાય છે, તેની જાણ અથવા જોખમદારી તેને ખબર નહીં હતી. અને એક નોકરની જે ફરજ હતી તે તેણે અદા કરી હતી. પણ સરકાર એવું વિચારે છે કે, આ બંધવાએ પોતાના શેઠના ગુનાહ ભરેલા કામમાં જાણી જોઇને ભાગ લીધો. એવો જે વિચાર કોર્ટે લીધો છે તે બરાબર છે.

જાદવજી ગોપાલજીનો છુટકો.

પ્રતિવાદી જાદવજી ગોપાલજી સામેનો મુકદમાનો આધાર આ બાબત ઉપર છે કે, વ્રજેશજીની અરજ ઉપરથી પોતાના ચોપડાનાં બે પાનાં તેણે ફાડી નાંખ્યા હતાં. કે જે પાના ઉપર, વ્રજેશજીને હીસાબે બે હજાર રૂપિયા જાદવજીએ, રાઘુ પટાવાળાને આપી સહી લીધી હતી, તે હતું. આ પાનાંઓ ફાડી નાંખતી વખતે જાદવજીને લાગું હશે કે, એક લુચાઇના કામમાં તે ભાગ લેછે. પણ સરકારના ધ્યાનમાં એવું આવતું નથી કે, સોનાના લાદા અથવા ઘરેણાંઓ જ્યારે તેણે લીધાં ત્યારે તે જાણતો હોય કે તે ચોરીનો માલ છે, એટલા ઉપરથી તેના બાબમાં કેટલોક શક છે. જેનો લાભ સરકાર તેને આપે છે, અને એવો હુકમ કરે છે કે, તેને કેદમાંથી છોડી દેવો.

વ્રજેશજી મહારાજની સજામાં વધારો.

કોર્ટે તહોમતદારોને જે સજા કરીછે તે વ્રજેશજી શિવાય, ઘટતી અને લાયક છે. આ ખુલું છે કે, આ ગુનાહમાં વ્રજેશજીએ આગેવાનનો ભાગ લીધો છે; અને તેઓએ, કલ્યાણજીને પોતાના ગુનાહ ભરેલા કામમાં સાથે ખેંચ્યો. વ્રજેશજીની સંસારી હાલત તથા સ્થિતિ, અને તેઓના સ્વદેશીના મોટા ભાગના મનમાં તેના તનમનને પવિત્રાઇ લાગુ પાડવામાં આવીછે, તેને લીધે, જો એ મહારાજને કેદની સજા છેક અતીશે ભારી થઇ પડી હોય તો, એટલું યાદ રાખવું જોઇએ કે, એજ વિચારો, જે શરમ ભરેલા ગુનાહ માટે મહારાજ તહોમતદાર ઠર્યા છે, તે ગુનાહને

વધારે ભારી કરે છે. એ મહારાજને જે જાતના કેદખાનાની સજા થઇ છે. તેમાં સરકાર ફેરફાર કરતી નથી, પણ એવો હુકમ કરે છે કે, એ સજા બે વરસ ઉપરથી વધારીને પાંચ વર્ષની કરવી.

—:o:—

ગાઇડ ટુ ઇંગ્લીશ કોનવરશેસન.

અથવા

થોડું અંગ્રેજી જાણનારાઓને અંગ્રેજી ગુજરાતી વાકયોનો મ્હોટો સંગ્રહ. ૬૮૨ વાકયોના ફક્ત આના ચાર, વી. પી. થી ૭ આના.

—o—

એક નવીન સંસારી વાર્તા.

ઉદયકાન્ત.

હિંદુ સંસારમાં ચર્ચાતા કન્યાવિક્રય, પુનઃલગ્ન, સંસાર સુધારા, વગેરે પ્રશ્નોનો વાર્તાના આકારમાં ચિતાર અતિ રસિક રીતે ગુંથેલ છે; તેમાં નાયક નાયકાનો સ્નેહ ચિતાર તો ખાસ વાંચવા લાયક છે. સુંદર છપાઇ અને પાકી બંધાઇ છતાં કી. રૂ० ૧-૮.

—o—

સ્વસ્થાન નવાનગરના માજીસ્ટ્રેટ જયશંકરના હજુરમાં.

મિ૦ ચંદુલાલ મથુરાંદાસ પોસ્ટ માસ્તર જનરલની તરફથી	ફરિયાદી.
દાદાભાઇ ટેમુલજી, નગરના માજી પોસ્ટ માસ્તર, .. વ્રજેશજી વ્રજનાથજી મહારાજ ... ... કલ્યાણજી પ્રાણજીવન, મહારાજનો નોકર... ... જાદવજી ગોપાલજી અને પાછળથી ... ... દાના કાનજી	તહોમતદારો.

તહોમતદારો ઉપર ચાર્જ.

ચંદુલાલ મથુરાંદાસ ધર્મે હિંદુ જાતે પોરવાળ વાણીઆ, ઉંમર આશરે વર્ષ ૪૨, કસબ નોકરી. રેહેવાસી સુરતના તે શ્રી નવાનગર માજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર થઇ સત્ય પ્રતિજ્ઞાથી જબાની લખાવું છઉં.

મુંબઇથી ખંભાળિયાના શાહુકારને જવાની બેંગી રૂપિયા ૫૦૦૦)ના વિમાની નિકળેલી તે ખંભાળિયે આવી, પણ તેના શીકા તુટેલા ને ફરી નવા થયેલા તથા તળિયાનો ભાગ તુટેલો તેથી ખંભાળિયાના સબ પોસ્ટ માસ્તરને શક પડયો કે, આ બેંગીમાંથી કાંઇ ગડબડ થએલી છે. તેમ તેના વજનમાં પણ ૧૨ તોલા ઓછી થઇ તેથી તેણે રૂલ પ્રમાણે તે બેંગીના માલીકને ઑફિસમાં બોલાવ્યો, ને પોતાના રૂબરૂ ખોલાવી તો અંદરથી જામશાઇ ઢબુ ૧૪૪ નિકળ્યા. હવે તે બેંગીનો માલક પોતાનું ભરતિયું લાવ્યો હતો, તેમાં સોનાંના દાગીના, મોતીનો છડો, અને રૂપાના કરડા નોંધેલા હતા. જેની વિગત મારી પાસે છે તે હું કોર્ટને રજુ કરૂં છઉં. હવે માલ ધણીને પોતાનો માલ નહીં મળ્યો, તેથી બેંગી લીધી નહીં. જે ઉપરથી ખંભાળિયાના સબ પોસ્ટ માસ્તરે અસલ ત્રુટેલ બેંગી મારા તરફ મોકલી વિગતવાર રિપોર્ટ કરયો. તે રિપોર્ટ મને ભચાઉ મુકામે પહોંતો, કે તુરતજ તેના તપાસને માટે ખંભાળિયે મારૂં જવું થયું,

ત્યાં એ બાબત તપાસ કરતાં મારી ખાત્રી થઇ કે, બેંગી ત્યાં ખરાબ હાલતમાં આવેલી, ત્યાં કશી ગડબડ થએલી નથી. તેમ એવી પણ ખાત્રી થઇ કે મોકલનાર ધણીએ પણ તેમાં દગો કરયો નથી. તેમ રવાને કરનાર મુંબઇની ઑફિસ તથા અમદાવાદની બેંગીની ઑફિસ અને રાજકોટની ઑફિસ, જેના અંદર થઇને તે બેંગી આવેલી તે કોઇ પણ ઑફિસમાં એ બેંગીને નુકશાન થએલું નહી, તેથી એ નુકશાન જામનગરની ઑફિસમાં થએલું છે, એમ માનવાને મને પકું કારણ થયું. વળી એ બેંગી તા૦ ૨૫ મી ફેબરવારીને રોજ જામનગરમાં આવેલી તે છેક ૧ લી માર્ચને રોજ ખંભાળિયે રવાને કરેલી, તેથી એ ઑફિસમાં બેંગી ત્રોડી ગડબડ થવાનો સંભવ, તા૦ ૧૪ મી માર્ચને રોજ અહીં આવી એ બાબતની જરૂરી તપાસ જામનગરની ઑફિસમાં કીધી, જેથી મારી ખાત્રી થઇ કે, અત્રેજ ગડબડ થઇ છે તેથી મારે ઉતારે આવી રાધુ પટાવાળાને બોલાવી મંગાવ્યો, અને તેને દિલસો આપી પુછ્યું જે, તું એ બાબતની ખરેખરી હકિકત કહેશે તો સરકાર તારા ઊપર રહેમ કરશે; તે ઉપરથી તેણે ખરી હકિકત કહેવાને કબૂલ કીધું, જે ઉપરથી તે રાધુને તેડી દિવાન સાહેબ પાસે લેઇ ગયો. ત્યાં એ સંબંધી જે હકિકત જાહેર કરવાની હતી તે કીધી, તે ઉપરથી અત્રેના શાહુકાર જાદવજી ગોપાળજીને બોલાવી તેની જબાની લેવરાવી અને તેની પાસેથી અહીંના ડેપ્યુટી પોસ્ટ માસ્તરે રાધુ પટાવાળાની મારફતે સોનું આપી રૂપિયા બે હજાર લઇ ગએલા અને તે સોનું એ શાહુકારને અત્રેની હવેલીના મહારાજશ્રી મારફત મળ્યું, ને તે સોનું રાખી રૂપિયા આપ્યાની વાત જાહેર થઇ બાદ મહારાજનું કહેવું કે, તે સોનું દાદાભાઇ ટેમુલજી તેને આપી રૂપિયા લઇ ગએલા અને તેને જાદવજી ગોપાળજીને ત્યાંથી અપાવેલ. ત્યાર બાદ બિજે દિવસે અત્રેની કાંપના કમાન્ડીંગ મિસ્તર ગ્રેગંજાએ બેંગી માંહેલા કેટલાક અસલ દાગીના મહેરબાન દિવાનજી સાહેબની આગળ રજુ કરેલા, એ વિગેરે કારણથી એ દાદાભાઇ તેમુલજીએ ટપાલખાતાના નોકર થઇ એ બેંગી ફોડી અને તેમાં હવેલીના મહારાજે તથા જાદવજી ગોપાળજીએ મદદ કરી, એ તહોમત મૂકીને તે લોકોનો ઇનસાફ થવા કોર્ટને અરજ કરૂં છું, તેમ એ બેંગીના દાગીના આવ્યા હોય તે તથા ખુટતી રકમ વસુલ કરીને સ્વાધીન કરવા હું કોર્ટને અરજ કરૂં છું, કેમકે એ બેંગી વિમાની હતી. અને સરકાર, કાયદા પ્રમાણે મોકલનાર ધણીને બંધાયલી છે. તહોમતદાર વજેશજી તરફથી વકીલ રાખ્યા પછી સવાલ કરવા કેહે છે, તેમજ દાદાભાઇ

ટેમુલજી તરફથી પણ તેજ રીતે જાહેર કરે છે. જાદવજી તરફથી પુછવું નથી. કલ્યાણજી તરફથી પણ આવતી કાલે વકીલ કરી પુછવા કહે છે. સા૦ ૧૯૩૭ ના ફાગણ વદ ૩ ગુરૂ તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૮૧.

ચંદુલાલની અંગ્રેજી સહી.

જુબાની મેં પોતે લીધી.
જયશંકર રતનજી.
સ૦ ન૦ મા૦

મિ૦ ચંદુલાલ મથુરાંદાસ, રાઘુ રામજી, ચિનિયા સામન, મિ૦ પિ૦ એમ૦ બ્રેગંજા અને તારાચંદ જેહાની જુબાની રાજકોટ ક્રિમિનલ કોર્ટમાં લેવાઇ છે, તેથી તે આ ઠેકાણે દાખલ કરવામાં આવી નથી. પારસી દાદાભાઇ ટેમુલજી, મહારાજ વ્રજેશજી વ્રજનાથજી, કલ્યાણજી પ્રાણજીવન, જાદવજી ગોપાલજી અને દાના કાનજી એ પાંચ તહોમતદારોની જુબાની રાજકોટ ક્રિમિનલ કોર્ટમાં લેવાઇ નથી તેથી, તેમની નવાનગર માજીસ્ટ્રેટ કોર્ટમાં લીધેલી જુબાની આ ઠેકાણે દાખલ કરવામાં આવી છે.

દાદાભાઈ ટેમુલજી, ધર્મ જરતોસ્ત, જાતે પારશી, ઊંમર આસરે વર્ષ એકત્રીશ, કસબ નોકરી, રેહેવાશી સુરતના તે શ્રી નવાનગર માજીસ્ટ્રેટ જયશંકર રતનજી રૂબરૂ પુછવાથી લખાવું છું.

સવાલ—રાજકોટ તરફથી બેંગી આવેલ જેમાં દગો થયેલો છે એ વાતમાં તમે શું જાણોછો ? **જવાબ.**—મને એ વિષે કાંઇ પણ ખબર નથી. **સ૦**—આ બાબત આજ દિવસ સુધીમાં તમને કાંઇ પણ હકિકત જાણવામાં આવેલ છે ? **જ૦**—ખંભાલિયેથી ખબર આવ્યા ત્યારે મેં જાણ્યું કે, મુંબઇથી બેંગી ખંભાલિયે જવાની હતી, પણ તે બેંગી સોની હતી ને તેમાંથી શું ગયું એ કાંઇ મારા જાણવામાં નથી. **સ૦**—એ બેંગીમાં સોનું અને મોતી હતાં ને તેમાં દગો થયેલો છે એવી વાત કાંઇ તમે જાણી છે ? **જ૦**—શેશન કોર્ટની અંદર ખંભાળીએથી ભરતિયું આવેલ તે શેશન જડજે મને વાંચવા આપેલ તે મેં જોએલ, તેમાં શું હતું તે કાંઇ યાદ નથી. **સ૦**—શેશન કોર્ટમાં તમે શું કારણ ગએલ ને ભરતિયું પોતાથી વંચાવ્યું કે કાંઇ પ્રસંગ હતો ? **જ૦**—હું ત્યાં દિવાન સાહેબના કેહેવાથી જબાની આપવા ગયેલો હતો, ત્યાં તેઓએ વાંચવા આપ્યાથી

વાંચ્યું. સ૦—જુબાની આપેલ ને તેમાં આ એ'ગી બાબત શું વાત તમે લખાવી છે ? જ૦—મેં લખાવેલ છે, પણ મને યાદ નથી. સ૦—આ એ'ગી બાબત શેશન જડજ સાહેબે કેટલા વજનની, ક્યારે આવી, સીલ હતાં તે બરાબર હતાં, અહિંથી સીલબંધ તમે રવાના કરી તે ખંભાલિયે પહોંચી એ વિષે કાંઇ પુછેલ, તે બાબત શું જવાબ આપેલ છે તે લખાવો ? જ૦—કેવી રીતે આવી ને કેવી રીતે ગઇ એ સવાલ પુછેલા મેં લખાવેલ છે કે, સીલબંધ આવી તેવીજ સીલબંધ તા૦ ૧લી માર્ચે રવાના કરી, ને તે એ'ગી મારી યાદદાસ્ત પ્રમાણે તા૦ ૨૫ મી ફેબરવારીએ આવી હતી, એમ લખાવેલ છે. સ૦—સીલબંધ આવી તેવી ગઇ એનો નોંધ બતાવવા તમને કહ્યું હતું ? જ૦—પુછ્યું હતું ને મેં મારા કાયદા પ્રમાણે સાહેબના હુકમ વિના બતાવી ન શકું, તોપણ તમે મારાથી સમજુછો ને મને ધકો ન લાગે ને તમે કેહેતા હો તો લાવું. ત્યારે તેણે કહ્યું કે, મારે તેમ કરવા જરૂર નથી, તે વાત જબાનીમાં લખેલી નહીં હોય, કારણ મોઢેથી વાદવિવાદ ચાલેલ તેથી હું અનુમાનથી કહું છું. સ૦—આ ગામમાં તમે કોઇ સાથે લેવદેવ રાખોછો ને તે કરેલું છે ! જ૦—ના હું રાખતો નથી આગળ ૩-૪ વર્ષ મોહોર ટિકિટના કારણથી રાખતો, કારણ પુરતા રૂપિયા મારી પાસે નહોતા, તેથી હાલ લેવદેવ નથી તેમ કર્યું નથી. સ૦— વજેશજી મહારાજ સાથે કાંઇ લેવદેવ કરેલું છે ? જ૦—ના, એક પાઇ ભાર કરેલ નથી. ફક્ત રૂપિયા ૭૦૦) પોતાનો ખાનગી કામ કરવાને સારૂ કોઇ શખ્સને પહોંચાડવા સારૂ આપેલા તે ખાંનગી શખ્સને. સ૦— તમે તેનું કાંઇ ખાંનગી કામ કરોછો ? જ૦—નોકરીના વખત પછી તે પાસે જાતો આવતો, તેથી તેણે ચીંધેલ હતા. સ૦—કોણ માણસને આપવા આપેલ ? જ૦—એ નામ હું બાહાર પાડવા જરૂર ધારતો નથી ને જરૂર જણાશે તો તે માણસને હાજર કરીશ. સ૦—એ માણસને તમે રૂપિયા આપેલ કે નહી ? જ૦—ના તેનું કામ નહી થવાથી તથા તે માણસને અચાનક કામ થઇ જવાથી તેથી ન બની શક્યું એટલે તે રૂપિયા પાછા આપ્યા, ત્યાં સુધી રૂપિયા મારી પાસે રહ્યા, કેટલી મુદ્દત રહ્યા તે યાદ નથી. હું પોતાથી જાહેર કરૂંછું કે, ઉપર મેં કહ્યું છે કે, મેં લેવદેવ કરેલું નથી એમ લખાવ્યું છે, તે ઘરમાં કોઇ દાગીના કરાવ્યા હોય ને તેનું સો બશેં રૂપિયાનું કરજ કર્યું હોય તે શિવાય કાંઇ લેવદેવ કર્યું નથી, એમ સમજી મેં એવો જવાબ લખાવ્યો છે. સ૦—હાલમાં તમે વજેશજી મહારાજ પાસે ગયા હતા ? ને ગયેલ તો ક્યારે ક્યારે ?

જ૦—પંદર વીશ બાવીશ દિવસ થયાં હું ગયો એમ મને યાદ નથી. સ૦—તા૦ ૨૫ મી ફેબ્રુઆરી પછીથી તમો ગયાછો ? જ૦—ના, બિલકુલ ગયો નથી. ફરીથી કહુંછું કે હા, તેમના પોતાના કામ વાસ્તે ગયો હતો. સ૦—તેના શું કામ સારૂ ગયેલા ને શું વાતચિત થઇ હતી ? જ૦—મહારાજના ખાનગી કામ સારૂ, ને તેના ઘરને લગતી ને પોતાને ગાદી ઊપર આવવા વિગેરેનો કુથલો થાયછે તે સારૂ ને તે સંબંધી વાતચિત થઇ હતી. સ૦—ગાદીના કુથલા સંબંધે તમેં શી રીતે વચમાં રહી વાતચિત કરેલી ? જ૦—મારે દોસ્તદારી તેથી ને મારાથી કામ થશે એવી તેની આશાથી વાતચિત કરતા. સ૦—રાઘુ પટાવાળો તમારો છે ? જ૦—હા. સ૦—તેની સાથે કાંઇ રૂપિયા તમારી પાસે આવ્યા છે ? જ૦—ના, એક પાઇ આવી નથી. સ૦—તા૦ ૧ લા માર્ચને દાહાડે તમે કાંઇ રૂપિયા રાજકોટ તરફ રવાને કર્યાં છે ? જ૦—ના કાંઇપણ રવાના કર્યાં નથી, ને દફતરની બુક જોઇ કહું છું કે, તા૦ ૪ થી માર્ચે પાંચશો ને તા૦ ૨૮ મી ફેબ્રુઆરીને દિવસ રૂપિયા ૭૦૦) મોકલ્યા છે. સ૦—એ રૂપિયા ૭૦૦) મોકલ્યા હતા તે ત્રિજોરીમાં એટલા હતા કે કેમ ? જ૦— મારી પાસે ૧૫૨૯ રૂપિયા હતા તેમાંથી મોકલેલ હતા, એટલે સાતશો મોકલ્યા પછી બાકી રહ્યા. સ૦— તા૦ ૨૫ મી એ બેંગી આવી, તેની સીલબંધની પહોંચ તમે પાછી મોકલીછે ? જ૦—પાછી રસીદ મોકલવાનો કાયદો નથી, પણ અહીં ઑફિસમાં લખીને રાખવાનો કાયદો છે, તે મેં કાયદા પ્રમાણે નોંધી છે. સ૦—એ બેંગી સહીં સલામત રવાના કર્યાની તમારા દફતરમાં નોંધ રેહેછે ? જ૦—એ બેંગી જેવી હમેશાં મારા ભરોંસાથી જાયછે તેવી રીતે ગઇ છે. સ૦—એટલે તમે તપાસેલી નહોતી કે શું ! જ૦—ભરોંસા ઉપર તપાસાય એવી રીતે મોકલી છે ને તે બેંગી પેટીમાં રેહેતી, તેમાં મારો, પટાવાળાનો ને કારકુનનો હાથ પડતો તેવી રીતે ભરોંસા ઉપર રેહેતી ને તેવા ભરોંસા ઉપર રવાના કરેલ, રાત દિવસ જાયછે તે પ્રમાણે મોકલી છે.

સાં૦ ૧૯૩૭ ના ફાગણ શુદ ૧૪ તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૧ ઇસ્વી.

(સહી) દાદાભાઇ ટેમુલજી દસ્કત પોતાના.

જુબાની મેં પોતે લીધી

જયશંકર રતનજી

સ૦ ન૦ મા૦

તાજા કલમ—હું જાહેર કરૂં છું કે, જે ખાનગી શખ્સનું મેં નામ દીધું નથી તેનું વખત પડશે તે વખત કોર્ટ કેહેશે તો નામ દેઇશ, અગર હાજર કરીશ, એમજ મહારાજ સાથે એ બાબતની જે વાત થયેલી તે વખત જે માણુસો હતા તેને પણ કોર્ટ કહેશે તો બોલાવીશ તા૦ સદર.

(સહી) દાદાભાઈ ટેમુલજી.

જુબાની મેં પોતે લીધી

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

ફરીથી હું જાહેર કરૂં છું કે, મેં જે ઉપર હકિકત લખાવી છે તે ખરી નથી, ને ખરી વાત છે તે હું જાહેર કરૂં છું કે, મહારાજ વ્રજેશજી મારી પાસે રૂપિયા ૭૦૦ માગતા, ને તે બાબત ઘડીઘડી તાકીદ કરતા, ને રાઘવ પટાવાળો મને કેહેતો કે, મહારાજ રૂપિયા માગે છે, મેં કહ્યું જે આપી દેશું, પછે એક દિવસ રાઘવે કહ્યું જે તમે મહારાજ પાસે મોઢામોઢ થઇ જાઓ તો ઠીક, પછે શંકા ન રહે, તે ઉપરથી હું તે રાઘુ સાથે મહારાજ પાસે ગયો તે વચલા દરવાજા આગળ નીસરણી હતી, ત્યાંથી ચઢીને જેમાં હિંડોળો બાંધ્યો છે ને જેની બારી રસ્તા ઉપર પડે છે તે બંગલામાં ગયા, ત્યાં હું અને મહારાજ બંગલામાં બેઠા, ને રાઘુ સાંકળ દઇને તે ઓરડામાં આવ્યો તે વખત મહારાજે આગલી પાછલી પ્રસ્તાવી વાત છેડી, પછી રૂપિયાની ઊઘરાણી કરી મેં કહ્યું જે આપી દઇશ એટલાની અંદર મને મહારાજ કહે જે. આપણે એક બેંગી ઊડાવીએ તો કેમ થાય, મેં કહ્યું એ બનવું મહામુસ્કેલ છે, તારે તેણે શી રીતે સરકારી કામ ચાલે છે, એ પરપુછ કરી ને મને કહે જે તારે કાંઇ ફીકર કરવી નહીં, અહીંથી કાંઇ વાત જનાર નથી ને મોટી હવેલી છે તો અહીં કોઇ નામ લેનાર કે પુછનાર નથી; કાં રઘા, એમ રઘા તરફ જોઇને કહ્યું જે માસ્તર દે તો કાલ બપોરે લેઇ આવું. મહારાજ મને કેહે જે ફીકર નહી એમાં તમને કાંઇ હરકત આવે નહીં. ત્યાં નક્કી ઠરાવી હું ઑફિસે ગયો, આ વાત તા૦ ૨૭ મી ફેબરવારીને રોજ થઇ. પછે તા૦ ૨૮ મી ફેબરવારીને દિવસ રઘાને મેં બેંગી આપી એ લેઇ હવેલીએ ગયો. પ્રથમ સવારે સરકારી પેટીમાંથી બેંગી કાઢી, મારી ખાંનગી પેટીમાં રાખી હતી, તે મેં રઘાને દીધી. તે લેઇ રઘો ગયો તે પછી પાંચ સાત મિનિટે હું ગયો ને હવેલીમાં જઇ -હિંડોળાખાટવાળા

બંગલા માથે એક કાચનો બંગલો છે તેમાં હું, મહારાજ, રઘો, અને કલ્યાણજી એમ ૪ જણ ગયા. ત્યાં રાઘે બેંગી રૂમાલમાં લપેટીને ખુણામાં મુકી. પછે રઘો ગયો ને મને ઓરડીમાં બેસાર્યો ને મહારાજ તથા કલ્યાણજી ઊપર અગાશીમાં ગયા ને મને કહ્યું જે તમે જો બહાર આવશો તો કોઇ દેખશે તેથી હું બેઠો રહ્યો ને મહારાજ તથા કલ્યાણજી બે જણ થઇ બેંગી ખોલી તે પાછી શીવવા કલ્યાણજી મંડયો પણ સીલ બરોબર ના આવવા માંડયાં એટલે મને હાકલ કરી, તેથી ગયો ને મેં જોયું તો દાગીનાનો ઢગલો હતો, તેમાં બે દાગીના હાથમાં લેઇ મહારાજે ઊપાડયા તે લાંબા કંઠી અથવા હાર જેવા ચીતરેલ નકશીવાળા જેવા મને લાગ્યા, ત્યારપછી કલ્યાણજી બોલ્યો કે શીવણ મારે હાથ બરોબર આવતી નથી, સીલ બરોબર મળતાં રેહેતાં નથી, ત્યારે મહારાજે ને કલ્યાણજીએ પુછયું કે દરજીને તેડી લાવું ? મહારાજ કહે તું શીવ પછી કલ્યાણજી કહે જે રઘાને કઇએ તે દરજીને તેડી લાવે. એમ કહી કલ્યાણજી પોતેજ ગયો તે એક દરજીનો છોકરો આબરા ગામનો હતો તે બાર તેર વર્ષનો હતો તેની પાસે સીવડાવી, સઇ સીવતો હતો તે વખત કલ્યાણજીને શક આવ્યો જે કોઇ જોતું હશે તેથી અગાસીની પાળઊપર ચઢીને જોયું પણ કોઇ હતું નહી, કલ્યાણજીને ચઢતાં મેં તથા દરજીએ જોયો હતો, પછે દરજી ગયો, હું તથા રાઘો પાછા આવ્યા ને તે વખત બેંગી પાછી લાવ્યા તે મેં ઊપાડી હતી બેંગીમાંથી માલ કાઢી ઢબુ માહીલીકોર ભરવા એમ ઠરાવ્યું હતું પણ તે બેંગીમાં નાખી શીવતાં મેં જોયા નહી, હું તો ઓરડીમાં બેઠો હતો. ઢબુ ૧૫ કોરીના મહારાજના માણસ લાવ્યા પણ કેને ત્યાંથી ને કોણ માણસ લાવ્યું તેની મને ખબર નથી. બેંગી લેઇને ગયા ને રાઘુને રૂપિયા લેવા દરવાજેથી પાછો મોકલ્યો, તે તા૦ ૧ લી માર્ચે સવારે રૂપિયા ૫૦૦) લઇ આવ્યો ને રૂપિયા ૫૦૦) બપોરે લાવ્યો ને રૂપિયા ૮૧૫) પછી લાવ્યો ને રૂપિયા ૧૮૫) બીજી તારીખની સવારે લાવ્યો, એ બધા રૂપિયા સરકારી ત્રિજોરીમાં નાખ્યા, ત્રિજોરીમાંથી મેં મારા ખાંનગી કામ સારૂ વાપરી નાખેલ તેથી મેળ પુરો કર્યો ને તા૦ ૨૮ મી ફેબ્રુવારીના મેળ સાથે રૂપિયા ૭૦૦) તા૦ ૧ લી માર્ચને સવારે મૂકયા છે, એટલે રાજકોટ મોકલ્યા, હું બચડવાલ માણસ, મારૂં ખરચ પુરૂં ન થાય તેથી મેં સરકારી રૂપિયા વાપર્યા હતા ને અમારો ઉપરી તપાસવા આવનાર હતા, મેળ પુરો કરવા સારૂ મને બીજો કાંઇ રસ્તો સુજ્યો નહીં, રાઘુ આ કામ કરવાને લેઇ ગયો ને ઉશ્કેરણી કરી, તેથી મારા ગભરાટથી થયું છે તે વાત હું લખાવું છું પણ મેં

આગળ એક એંગીનો થેલો તથા બીજી વખત વીમાની એંગી તથા જાને-વારી મહીનામાં રૂપિયા ૧૫૦૦ની એંગી વગર નોંધે આવેલ તે બાબત સર-કારમાં જાહેર કરી સરકારમાં રજુ કરી છે, તેમ મારે ત્યાંથી દરરોજ વીમો ઉતરાવી રૂપિયા ૭–૮ હજારનું સોનું જતું, તે વખત પણ મેં મારી દાનત બગાડી નહોતી ને આ વખત, ઉપર પ્રમાણે ભુલ પડી તો મારા બચાવ તરફ નજર રાખી પાછલી નોકરી ઉપર નજર રાખી દરબારે રેહેમ બક્ષવી જોઇએ, એટલી મારી અરજ છે. આ હકિકત મેં મારા સ્વસંતોષથી જાહેર કરેલી છે ને દીલ કાયમ રાખીને સાવ-ધપણાથી લખાવી છે તે બરોબર સાચી છે. દાગીના મેં જોયા નથી એ-ટલે હાથમાં લીધા નથી કે તોળ્યા નથી, તેમ ગાળ્યા નથી. મહારા-જના કેહેવાથી કલ્યાણજી કહી ગયો, જે ઢાળ પાઆ છે તો તમારે ચિં-તા ન રાખવી તેથી હું જાણું છું કે, તે ગાળી નાખ્યા છે પણ કો-નીપાસે ગળાવ્યા, કઇ જગે ગળાવ્યા, ને કેટલા દાગીના ગળાવ્યા, એ કાંઇ મેં કલ્યાણજીને પુછ્યું નથી. તેમ તેણે કહ્યું પણ નથી. દાગી-નામાં મોતીનો છડો હશે તો મારા જોયામાં આવ્યો નથી, કેમકે મેં ઢગલો જોયો હતો, રઘે વાત કરેલ જે રઘાની સહીનાં પાનાં હતાં તે ફાડી નાખ્યાં છે, ફકર ન રાખવી એમ મહારાજે કહ્યું છે, એ વાત રઘે મને કહી હતી, આ રૂપિયા જાદવજીને ત્યાથી આણ્યા હતા એવી મને ખબર નહોતી, પણ પાછળથી પાનું ફાડી નાખવાની વાત કરી, ત્યારે જાદવજીને ત્યાંથી લાવ્યાની વાત કરી હતી. સંવત, ૧૯૩૭ ના ફાગણ શુદ ૧૪ તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૧.

સહી દાદાભાઈ દેમુલજી દસ્કત પોતાના.

જુબાની મેં પોતે લીધી,

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

તા૦ ૧૫–૩–૮૧.

ગઇ કાલે મેં જુબાની ઉપર લખાવી છે, તેમાં જે વાત લખા-વવી રહી ગઇ છે તે જાહેર કરૂં છું કે, તા૦ ૧ લી માર્ચની સાંઝે

રૂપિયા ८१५) રાખુ લઇ આવ્યો ત્યારે મેં તેને રૂપિયા ५) ઇનામ દાખલ રોકડા આપ્યા. સંવત १९३७ ના ફાગણ શુદ १५ તા० १५ મી માર્ચ સને १८८१.

સહી દાદાભાઈ ટેમુલજી દસ્કત પોતે.

જુબાની મેં પોતે લીધી.
જયશંકર રતનજી
સ० ન० મા०

તા० १९–३–८१.

સ०—આજ રોજ તમારી આપેલી જુબાની ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી, હવે તે શિવાય તમારે કાંઇ કહેવાનું છે? **જ०**—મારો વકીલ અથવા બારિસ્ટર રાજકોટથી આવશે ત્યારે કહીશ. સંવત १९३७ ના ફાગણ વદ ४ તા० १९ મી માર્ચ સને १८८१ ફરીથી કહું છું કે, પાછળથી "ઉપર જે લખેલું છે, તે ખોટું છે. ને હવે લખાવું છું તે ખરૂં છે," એમ જે લખાવ્યું છે એટલો ભાગ મેં નિંદરમાં લખાવ્યો છે ને બીજો જે ઑફિસમાં લખાવેલ છે તે ખરો છે. એટલે ઉપર જબાનીમાં (ફરીથી જાહેર કરૂં છું કે મેં જે ઉપર હકિકત લખાવી છે તે ખરી નથી ને ખરી વાત તે લખાવું છું.) એમ કહીને જે હકિકત તે પછીની લખાવી છે તે ખોટી છે ને તે, ઉપરની હકિકત ઑફિસમાં લખાવેલ સાચી છે. સંવત १९३७ ફાગણ વદ ४ તા० १९ મી માર્ચ સને १८८१, તાજા કલમ, ઉપર નિંદરમાં લખાવ્યાનું લખ્યું છે તે એમ નહીં ને હું માજીસ્ટ્રેટની ઓસરી માથે સુઇ ગયેલો ત્યાં ઉઠાડી સહી લીધી. વગર વાંચે અથવા વગર વંચાવે તરત જગન્નાથ સાહેબ પોતાની ગાડીમાં બેસારી ખંભાળિયાને નાકે લેઇ ગયા એ ટાણે કલાક ૨॥ નો અમલ હતો, દરવાજે ૨॥ કલાકે લઇ જવાની હકિકત હવે પછી કહીશ તે રાતના ૨॥ કલાકનો વખત હતો ને સહી થઇ ત્યારે રાતના ૨ બજ્યાને પચીશ મિનિટનો વખત હતો, તારીખ સદર.

દાદાભાઈની અંગ્રેજીમાં સહી.

જબાની મેં પોતે લીધી.
જયશંકર રતનજી.
સ० ન० મા०

તા૦ ૨૨-૩-૮૧.

સ૦—રજુ છે તે સોનાના દાગીના તથા મોતીનો છડો નવસરનો તમોએ મિસ્તર ગ્રેગંજા સાહેબને ત્યાં રાખ્યા હતા કે કેમ? **જ૦**—ના, મેં મૂકયા નથી. **સ૦**—તમારે ને ગ્રેગંજા સાહેબને દોસ્તી છે? **જ૦**—હા, દોસ્તી છે, તે જેવી બીજાની સાથે, તેવીજ તેની સાથે પણ છે. **સ૦**—રજુ છે તે દાગીના વાળો ડબો તમારો છે? **જ૦**—ના મારો નથી. **સ૦**—એંગી તુટીને દાગીના ગયા એ વાત તમે ગ્રેગંજા સાહેબને કરી હતી? **જ૦**—ના મેં કહી નથી. ને ઉછરતી વાત ગ્રેગંજા સાહેબ પોતાના ભાઇ સાથે ઑફિસે આવેલ તે વખત હું પોતે ચંદુલાલ સાહેબે જે મને સવાલ ૭ પુછેલા તેનો જવાબ મેહેરબાન બાબાજી સાહેબને વંચાવવા જાતો હતો તે વખત, મેં તેને કહેલ જે એંગી બાબત બાબાજી સાહેબને વંચાવા જાઉં છું, તે બાબાજી સાહેબનો હુકમ હતો કે ચંદુલાલને જવાબ તમો લખો તે મને વંચાવજો, તેથી વંચાવા જતો હતો, એટલે બે મિનિટમાં બાબાજી સાહેબને ઉતારે જતો રહ્યો, બાદ પા કલાકની અંદર આવ્યો, ત્યારે પણ તે ગ્રેગંજા સાહેબ તેના ભાઇ સાથે બેઠેલા હતા. ટપાલ આવી તેથી બાબાજી સાહેબનું તેડું આવવાથી તેમના ઉતારે જઇ ટપાલ ખોલીને ટપાલના કામકાજમાં પડયો. **સ૦**--ગ્રેગંજા સાહેબને ત્યાં રાઘવભાઇ તરફથી ઇનામમાં દાગીના મળેલા એમ તમે વાત કરેલી એટલે રાઘવભાઇની દોસ્તીને લીધે મળેલા એમ વાત કરેલી? **જ૦**—હું સરકારી નોકર એટલે મારાથી ઇનામ લેવાય નહીં એટલે હું વાત કયાંથી કરૂં. **સ૦**—તે ગ્રેગંજા સાહેબના સાથે જમવા ખાવાનો વેહેવાર હતો? **જ૦**—તે, મને તેડે એટલે હું તેને તેડતો. **સ૦**—એંગીની ચોરી થઇ તે બાબત પોસ્ટ માસ્તર જનરલ તરફ તાર મોકલ્યો, તે તમે પોતે જાતે લખ્યો કે કોઇ પાસે લખાવ્યો? **જ૦**—મેં મારી જાતે તાર લખ્યો એટલે ખંભાળિયાની ટપાલ ઉખેડીને પાછી રવાના કરી તે કલાક ૮) ૫૫ મિનિટે રવાના મુંબઇ તરફ કરી ત્યાં સુધી આફિસમાં હતો કોઇ આવ્યું ગયું નથી. આજ દિન સુધી મેં કોઇ પાસે અંગ્રેજી લખાણુ કરાવ્યું નથી હું જાતે કરતો. **સ૦**—એ તાર લખ્યો તે તમે કોઇને આફિસ શિવાય વંચાવ્યો હતો? **જ૦**—દરબારમાં દિવાન સાહેબે વાંચવા મંગાવવાથી તેમને બંગલે જઇ વંચાવ્યો હતો એટલે દિવાન સાહેબને બંગલે ખબર દેવા ગયેલા ત્યારે તેના માગવાથી વંચાવ્યો હતો તે શિવાય જગન્નાથ સાહેબને વંચાવ્યો હોય તો તે નક્કી કહી શકતો નથી. તે શિવાય કોઇને વંચાવ્યો નથી. **સ૦**—ખંભાળિયાની ટપાલ રાતની આ-

વે છે અને રાજકોટ તરફ આઠ વાગે જાય છે તો હરરોજ સરકારી કાગળ આવેલ હોય ને તે ટપાલ રવાના કરતાં પહેલાં તમે હંમેસ વાંચો છો? જ૦—મને વખત મળે તો વાંચું. સ૦—આ દાગીના નહીં, પણ કોઇ બીજા તમારા ઘરના દાગીના અંગ્રેજ સાહેબને બતાવેલા હતા? જ૦—મારે બતલાવવાનું જરૂર શું, સંવત ૧૯૩૭ ના ફાગણ વદ ૭ તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૮૧.

દાદાભાઈની અંગ્રેજીમાં સહી.

જુબાની મેં પોતે લીધી.
જયશંકર રતનજી.
સ૦ ન૦ મા૦

આં – ૩૮.

સાહેદ.

વ્રજેશજી વ્રજનાથજી મહારાજ, ઉમર વર્ષ ૨૯, કસબ સેવા કરવાનો, રહેવાસી નવાનગરના, તે મજકુરના માજીસ્ટ્રેટ રૂબરૂ પ્રતિજ્ઞાથી લખાવું છું.

પોસ્ટ માસ્તર દાદાભાઇને ઓળખું છું, તેને પ્રથમ રૂપિયા ૭૦૦) અપાવ્યા છે, કેટલા દિવસ થયા એ હું કહી શકું નહીં, પણ એક રોજ દાદાભાઈ સાંઝની વખત આવ્યા ને કહે જે મારે અગત્યના કામ સારૂ રૂપિયા જોઇએ છીએ તે અપાવો તેથી મેં તેને કહ્યું જે શી રીતે અપાવવા એટલે સોનાના લાઠા આપ્યા, કેટલા તે બરાબર યાદ નથી, પણ તેણે આપ્યા, તે મેં જાદવજી ગોપાળજીને આપી રૂપિયા ૨૦૦૦) અપાવ્યા, તે માસ્તરની વતી રઘો ભણુસાળી લેઇ ગયો. એ સોનું મેં તોળ્યું નોહોતું. સોનું મને આપ્યું ત્યારે બીજું કોઇ પાસે નોહોતું. સોનાના ઢાળ કેવડા લાંબા ને કેવા હતા તે બરાબર યાદ નથી. આ બાબત જાદવજી ગોપાળજીનો ચોપડો મંગાવી જોયો નથી, તે રૂપિયાની પહોંચનું જાદવજી ગોપાળજીને પુછ્યું ત્યારે કહે જે પહોંચનો મુદ્દો છે એમ કહી ચીઠી જેવું લાવ્યા હતા, તે માસ્તરને રઘા સાથે મોકલાવી આપ્યું, માસ્તરને મોકલાવવાનું કારણ જે શું શું તમને પહોચ્યું એવું નક્કી કરવા સારૂ, તે પાછું મારી પાસે આવ્યું નથી તે સોનું, રૂમાલનો કુચો હતો તેમાંથી કાઢી આપ્યું, કાંઇ ડાબલો કે બીજું

વાસણ હશે તો તે દીઠું નથી, રાઘુને માસ્તર નિચે બેસાડી આવ્યો હતો, રૂપિયા કેટલીવાર અપાવ્યા તે યાદ નથી પણ સોનાના પેટામાં રૂપિયા અપાવા કહ્યું હતું, રાઘુને કહેવરાવી દીધું એટલે પછી તે લેઇ આવ્યો. જાદવજી ગોપાળજીને, સોનું માસ્તર આપી ગયા પછે મેં આપ્યું. જાદવજી ગોપાળજી વેપારી, ને અમારા સેવક; તેથી તેના વિશ્વાસ ઉપર તોળી આપ્યું. તેમાં ખોટવધનો ધણી માસ્તર રહ્યો હતો. આ વાત મારા અને માસ્તર વચ્ચે થઇ છે, બીજું કોઇ પાસે નહોતું. કલ્યાણજી પાસે નહોતા. માસ્તર કહે જે સોનું વેચાવીને રૂપિયા આપો અથવા ગિરો રખાવી આપો, તેથી જાદવજી ગોપાળજીને માસ્તર કહે તેમ કરજે એમ કહ્યું હતું, માસ્તરનું નામ જાદવજી પાસે લીધું હતું જે સોનું તેનું છે, એ માસ્તર અને જાદવજી ભેળા થયા હોય તો ખબર નથી. સોના શિવાય બીજું આપ્યું નથી. નિકાલ કરવાની મુદત કરી નહોતી. માસ્તર ન આપે તો અમારે આપવું એમ કાંઇ સરત કરી નથી. જાદવજી ગોપાળજીએ પોતે મદદ કરી હોય અથવા પુછ પરછ કરી હોય તો હું જાણુતો નથી. એ વિષે એ પછી કંઇ સાંભળ્યું નથી સંવત ૧૯૩૭ ના ફાગણ શુદ ૧૪, તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૧.

સહી દા૦ સ૦ વ્રજેશજી.

જબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦.

આ૦ ૧૪

તા૦ ૧૯–૩–૮૧

યાદી ગોસ્વામી શ્રી વ્રજેશજી મહારાજા તરફથી સ્વસ્થાન નવાનગર માજીસ્ટ્રેટ કોર્ટ તરફ લખવાનું કે.

આ કોર્ટમાં અહીંની સરકારી ટપાલના પોસ્ટ માસ્તર ઊપર બેંગી ફોડવા બાબતમાં જે કામ ચાલે છે તેમાં અમોએ કોશેસ કર્યાનો જે હાલ વેહેમ ઊત્પન્ન થએલો છે તે વેહેમ નિચેની થોડી એક સરતો કોર્ટના ધ્યાનમાં આવશે એટલે તુરત દૂર થશે.

૧. પેહેલું એક હમારો માન મરતબો અને ઇજત આબરૂ જે રાજ અને રૈયતમાં ફેલાએલાં છે, તેથીજ તેમજ અમારી જે સ્થિતિ છે તેથી

પણ આવાં કૃત્ય અમે કરવાનું કહેવું એ પણ સાધારણ રીતે અસંભવિત લાગે તેવું છે.

૨. અમે આ ગુનાહની બાબતમાં કાંઇ પણ જાણતા નથી, માત્ર અમારી જાણવામાં આવેલી હકિકત છે કે, પોસ્ટ માસ્તર દાદાભાઇ જેમ અંગ્રેજ સરકારનો આબરૂ પામેલો અને દરજ્જાદાર નોકર છે તેમજ અહીંના રાજ અને આ શેહેરનો મોભાદાર માણસ છે અને તેના મોભાને લીધે એવાં માણસ સાથે મોહોબત રાખવી યાને જે માણસ પ્યાર રાખે તેના ઊપર પ્યાર રાખવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે એથી કરીને કાંઇ વિરોધ કહી શકાય નહી.

૩. ઊપરની રીતે અમારો અને તેનોજ પ્યાર યાને મોહોબત બંધાએલ તેને લીધે તેને (પોસ્ટ માસ્તરને) આગળ એક વખત રૂ ૭૦૦) સાતસો અપાવ્યા હતા જે રૂપિયા પાછા અમોને પોહોંચાડી ગયા હતા, મતલબ એવી લેવડ દેવડનો તેને અને અમારે નાતો હતો, ફક્ત આ એક વખતજ આ રૂપિયા અપાયેલા છે એમ નથી.

૪. જ્યારે ફરી બીજીવાર તેણે રૂપિયા ૨૦૦૦ ની હમારા પાસેં માગણી કરી, ત્યારે તેટલી રકમ અમારી પાસે નહીં હોવાની તેને બીના કેહેતાં તે બે સોનાના લાટા લેઇ આવ્યો કે જે ઊપર રૂપિયા બે હજાર આપવા અગર મંગાવી આપવા માગણી કીધી અને એ માગણી ઉપરથી અમે અહીંના આબરૂદાર સરાફ જાદવજી ગોપાળજીને તે ઉપર રૂપિયા આપવા માત્ર ભલામણ કરી હતી. હવે આવી રીતે લેવડ દેવડનો વ્યવહાર કરવો યા કરવાની ભલામણ આપવી એ ગેરકાયદે કે અનીતિ ભરેલી બીના નથી. કદાચ આવો આબરૂદાર ગૃહસ્થ માણસ નહીં પણ સાધારણ કોઇ કોળી વાઘરી કે એવા બીજા અન્ય વર્ણ કે જેના હવાલામાં આવું સોનું હોવા સંભવ હોતો નથી અને તેવાં માણસ પાસેથી આવા સોનાની કે બીજી તેવી કાંઇ કિમ્મતી વસ્તુ નિકળી હોત અને તે ઉપર ઇતબાર રાખી આ પ્રમાણે ભલામણ કરી હોત તો એથી કદાપી અમારે પણ શક રાખવા જેવું કારણ ખરૂ, પરંતુ આવા માણસને વાસ્તે ભલામણ આપવી એ શંકા પડવાનું જરા પણ કારણ નથી. એ સાધારણ માણસ પણ સમજી શકે તેવું છે, કેમકે જ્યારે એ માણસ લાયક ગણતા ન હોત તો અંગ્રેજ સરકારના વિદ્વાન અમલદારો તેને આવા મોટા જોખમી હોદ્દા ઉપર રાખતજ કેમ.

૫. ઊપર બતાવેલી હકિકત શિવાય બીજી કાંઇ હકિકત આ કેસ સંબંધી અમારા જાણવામાં નથી.

૬. આ કેસને લગતી હકિકત ઉપર બતાવ્યા શિવાય બીજી કાંઇ અમારા જાણવામાં નથી એમ અમે પાંચમી કલમમાં કહેલું છે. તોપણ આ કેસને લગતી નહીં એવી નિચેની બીનાઓ પ્રસંગે યોગ્ય જાણી અમે પોતાથી જણાવ્યે છીએ કે.

૭. સદરહુ પોસ્ટ માસ્તર દાદાભાઇએ ઉપરના રૂપિયા બે હજાર લીધા પછી ફરી ત્રણ ચાર દિવસે આવી બે દાગીના લાવી તે વેચાવી આપવા અમને કહ્યું, ત્યારે તે શાહુકારોને બતાવી વેચાવી આપશું એમ અમે કેહેતાં તેણે કહ્યું જે હું પોતે આ શેહેરમાં કરજદાર માણસ છું જેથી મારા દાગીના કેટલેએક ઠેકાણે પેહેલાં મૂકાઇ મેહેલાઇ આવવાથી જાહેર છે જેથી તે દાગીના બીજે કયાંઇ સારે ફાયદે વેચાવી આપવાનું કેહેતાં તે મેં મુંબઇ મોકલાવેલ છે એમ અમે પોતાથી જણાવીએ છીએ, અને એમ કહીએ છીએ કે, જો તે દાગીના હજુ વેચાણા નહીં હોય અને કોર્ટ કહેશે તો મંગાવી રજુ કરશું, જાદવજી ગોપાળજીને ત્યાંથી રૂપિયા અપાવ્યા તેની પોહોંચ લેવા તેને કહેલ અને તે પોહોંચ અમારા મંગાવી આપવાથી તેણે મોકલી આપી હતી એટલે અમે પાના ફડાવ્યાં નથી તે વાતમાં જાણતા નથી. આવેલી પોહોંચ પોસ્ટ માસ્તર તરફ મોકલી આપી છે. સંવત ૧૯૩૭ ના ફાગણ વદ ૪ તા૦ ૧૯—૩—૮૧.

લ્હી. ર. મ. વ્રજેશજી વ્રજનાથજી.

આ લખેલી હકિકત દાખલ કરવી.

તા૦ ૧૯—૩—૮૧.

(સહી) જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

આંક ૧૩.

પુરશીશ.

વ્રજેશજી વ્રજનાથજી, ધર્મે હિંદુ, જાતે મહારાજ, ઉંમર આશરે વર્ષ ૨૯, કસબ સેવા પૂજા કરવાનો, રહેવાસી નવાનગરના, તે મજકુર માજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર થઇ જબાની લખાવું છું.

સવાલ.—સરકારી ટપાલમાં આવેલી બેંગી માંહેલો માલ તમોએ સંતાડયો તથા વગે કરેલો છે? જ૦—ના, મેં કરેલ નથી. સ૦—પોસ્ટ માસ્તર દાદાભાઇને તમે ઓળખો છો અને તેઓ તમારી પાસે આવતા જતા? જ૦—હા. સ૦—આ પોસ્ટ માસ્તર કંઇ બેંગી તમારા પાસે લાવેલ હતા? જ૦—ના. સ૦—કોઇ પણ બેંગી, સીલ સરખા કરી સંધાવવા તમે સઇને બોલાવી શીવડાવી છે? જ૦—ના. સ૦—આ જે લખેલી હકિકત તા૦ ૧૯–૩–૮૧ ના રોજની તમારી સહીવાળી રજુ કરો છો? તેમાં લખેલી હકિકત તમે પોતે લખાવી દાખલ કરો છો કે કેમ? જ૦—હા, તે મારી પોતાની લખાવેલી છે. સ૦—આમાં જે બે દાગીના પોસ્ટ માસ્તરે તમને આપ્યાનું કહેલ તે શું અને કેટલા વજનના તે કોને મુંબઇ મોકલ્યા? જ૦—એ ઘણું કરીને એક ચંદનહાર તથા ચોરણાકંઠી તે વજનમાં કેટલાં હતાં તે યાદ નથી તેમ આશરે પણ યાદ નથી. તે મુંબાઇમાં ગોકળદાસ તેજપાળને મોકલ્યાં છે. સ૦—સોનાના દાગીના દાદાભાઇએ આપ્યા તે આ રજુ છે, તેજ છે કે કેમ તે જોઇ કહો? જ૦—નક્કી કહેતો નથી, પણ ઘણું કરીને એ હશે. સ૦—એટલે તમે ઓળખી શકતા નથી કે શું? જ૦—મને બરાબર યાદ ન રહે. સ૦—અગાશીની અંદર બેંગી શીવડાવવા તમે બેઠેલ ને સઇ આવ્યો એમ વાત બનીછે? જ૦—મુદલ એ વાત મારા જાણવામાં નથી. સ૦—તમને પોહોંચ જે જાદવજી ગોપાલજીવાળાએ આપી તે કયાંછે? જ૦—તે પોહોંચ માસ્તરને મોકલાવી આપી, કેની સાથે તે યાદ નથી. સ૦—જાદવજી ગોપાલજીને બે ઢાળ જોખી આપ્યા હતા? જ૦—ના. સ૦—એ પ્રમાણે સોનું તોળ્યા વીના આપવા શું કારણ? સ૦—એ શાહુકારને આપવું તેમાં શું એમ જાણી આપ્યું. સ૦—આ સોનાના ઢાળ કયાંથી લાવ્યા ને તમારે કેમ દેવા પડેછે તેનું કારણ પુછેલ? જ૦—નહીં. સોનું કયાંથી મળ્યું, તે તેણે મને પુછયું નહીં. મેં કહ્યું માસ્તરને પૈસા જોઇએ છે, તે લાવ્યા છે. સ૦—મુંબઇ દાગીના મોકલ્યા તે કઇ તારીખે કોની સાથે મોકલ્યા? જ૦—તારીખ યાદ નથી. કેની સાથે મોકલ્યા છે તે હું કહી શકતો નથી. સ૦—ગોકળદાસ તેજપાળ પોતે હયાત છે? જ૦—ના. સ૦—ત્યારે તેને ત્યાં કેને મોકલ્યા? જ૦—ગોકલદાસની દીકરી છે તે પ્રખ્યાત શખ્સ છે તેને. સ૦—તમારા માણસ સાથે કાગળ લખીને દાગીના મોકલ્યા છે કે કેમ? જ૦—હા પણ મને બરાબર યાદ નથી. સ૦—જે આદમી મોકલ્યો તે ભરોંસાનો છે? જ૦—મારો નોકર એટલે

ભરોંસાનો છે. સંવત ૧૯૩૭ ના ફાગણ વદી ૪ તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૧ ઇસવી.

સહી. ર. મ. વ્રજેશજી વ્રજનાથજી.

જબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૰ ન૦ મા૦

આંક–૧૦ પુરશશ.

કલ્યાણજી પ્રાણજીવન, ધર્મે હિંદુ. જાતે સાચોરા બ્રાહ્મણ, ઉમર આશરે વર્ષ ૨૬, કસબ સેવા કરવાનો, રેહેવાસી નવાનગરના, મજકુર માજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર થઇ જબાની લખાવું છું.

સ૦—ટપાલમાં આવેલી બેંગી ત્રુટી અંદરથી માલ દાગીના લીધાની વાત તમે શું જાણો છો? **જ૦**—બેંગી ત્રોડવાની વાત હું જાણતો નથી. **સ૦**—બેંગી શીવવા સઇને તમે તેડી આવ્યા હતા એ વાત શી રીતેછે? **જ૦**—આજથી દશ પંદર દિવસ થયા હશે. હવેલીમાં મહારાજ વ્રજેશજી-ના રેહેવાના બંગલા આગળની અગાસીમાં ટપાલવાળા માસ્તર બેઠા હતા તેનું નામ આવડતું નથી. જાતના પારસી જે આ વખત કોર્ટમાં બેઠાછે તુનું નામ પુછતાં દાદાભાઇ કહેછે તેણે મને કહ્યું જે સઇનો છોકરો હોય તો બોલાવ. મારે સંધાવવુંછે તેથી હું સઇનો છોકરો જે કાલ કોર્ટમાં આવ્યો હતો તેને હું તેડી ગયો તે સઇના છોકરાને તેડી અગાસીમાં ગયો ત્યાં માસ્તર હતા તે જગે સઇને મૂકી નિચે ગયો. સઇ પાસે ડાબલા ઉપ-રનું લુંગડું સંધાવ્યું. તે સઇએ ડાબલાને સાંધવા માંડયો એટલે હું નિચે ગયો. આ વખત કોર્ટમાં મને મુદ્દા માલનો ડાબલો બતાવ્યો છે તે ડા-બલો હશે, નિશ્ચે કહી શકતો નથી, પણ ડાબલા ઉપરનું લુગડું સંધાવ્યું હતું. જે ડાબલો શીવતા હતા તે ઉપર આ મુદ્દાવાળા ડાબલા ઉપર બે-ધાણ છે તેવાં હતાં કે નહીં તે મારૂં ધ્યાન નહોતું. ડાબલો સાંધી સઇ તેને ઘેર ગયો. મેં તેને જવા સારૂ કમાડ ઉઘાડી દીધું હતું. નીસરણી માંડી રહેછે તે કમાડ ઉઘાડી દીધું. એ કમાડ જ્યારે ઉઘાડીએ ત્યારે ઉઘડે છે નિકર બંધ રેહેછે. આ વખત વ્રજેશજી મહારાજ બેઠકમાં હતા તે પારસી અને સઇ અગાસીમાં હતા, તેને જોઇ શકે તેમ નહોતા. **સ૦**—પોસ્ટ માસ્તરને કાંઇ મહારાજે રૂપિયા અપાવેલા છે અને તે અપાવવામાં

તમે સામીલ હતા? સ૦—પેહેલે દિવસે મહારાજે જાદવજી ગોપાળજીને રૂપિયા ૧૦૦૦) નું કહ્યું, જે માસ્તરે ઢાળિયા મોકલ્યા છે તે રાખીને દેજે એમ કહ્યું તે વખત જાદવજી કહે જે એકદમ મારાથી જોગ નહીં થાય, ત્યારે રઘો કહે જે માસ્તરે કહ્યું છે જે મારા ઉપરી આવેછે ને મારે મરવું પડશે. ત્યારે જાદવજી કહેજે ૨ દિવસમાં કરી દેઇશ. એટલી વાત થઇ ત્યારે પાસે હતો, પછે રૂપિયા લેવા રઘો ગયો કે નહીં એ ખબર નથી તેમ રૂપિયા લીધા કે નહીં એ ખબર નથી. સ૦—સોનાના ઢાળિયાં માસ્તરે મોકલ્યાં, તે કેની સાથે ને તે કેણે કેને શી રીતે આપ્યાં! જ૦—સોનાના ઢાળિયાં માસ્તર પોતે લઇ આવીને મહારાજ પાસે મૂકયા ને કહે જે રઘાને મેં નથી બતાવ્યાં ને રૂમાલમાં વીંટીને ઉપડાવી લાવ્યો છું ને મેં એમ કહ્યું છે જે મારી વહુનાં ઘરેણાં છે, તે મહારાજે રાખી જાદવજીને આપ્યાં. માસ્તર કહે જે હું ગયા પછી જાદવજીને સાદ કરજો તેથી માસ્તર ગયા પછી જાદવજીને સાદ કરી ઢાળિયાં દીધાં. સ૦—ઢાળિયાં છતાં ઓરતનાં ઘરેણાં છે એમ રઘાને કેહેવાનું શું કારણ એ કાંઇ તમે પુછેલ જાણેલ? જ૦—ઢાળિયાં માસ્તરે જૂદાં દીધાં ને જે ડબ્બોછે તેમાં ઓરતના ઘરેણાં છે એમ કહ્યું હતું. સ૦—રઘા પાસે ઢાળિયાંની વાત નથી કરી એમ કરવાનું શું કારણ એવું તમે તથા મહારાજે માસ્તરને પુછ્યું અથવા જાણ્યું હતું? જ૦—ના, મે કારણ પુછ્યું નથી. મહારાજે પુછ્યું હોય તો ધ્યાન નથી. સ૦—આ સોનાના ઢાળિયાં કયાંથી શી રીતે લાવ્યાછો એમ તેને પુછેલ? જ૦—ના, મેં પુછ્યું નથી. સ૦—મહારાજ મારફત જાદવજી ગોપાળજીને અપાણાં તેનું શું કારણ હશે એ તમે જાણેલ? જ૦—માસ્તર કહેજે હું છતો ન થાઉં. સ૦—છતો થવાથી શું તેને હરકત છે એ વાત પુછી હતી? જ૦—ના, પુછ્યું નથી. સ૦—માસ્તરે છાની રીતે આ ઢાળિયાં તથા ડબ્બો દીધો એ વાત તો ખરી. જ૦—બીજાથી છાનું આપેલ છે એ વાત ખરી. ડબ્બો મહારાજને દેતાં મેં દીઠો નથી. સ૦—રઘાને ચોપડાનાં પાનાં ફડાવી લીધાની વાત માસ્તરને કહેવા કહેલ હતી? જ૦—રઘે મને કહ્યું જે માસ્તર કહેછે જે જાદવજી ગોપાળજીને ત્યાં નામું રૂપિયાનું મંડાણું છે, તેની અમારા ઉપરીને ખબર પડે તો મારયા જઇએ માટે પાનું ફડાવી લ્યો. તેથી મેં મહારાજને કહ્યું જે માસ્તરના કહેવાથી રઘો આ રીતે કહેછે, એ વાત મહારાજ સાંભળી રહ્યા હતા. પછે પાનું ફડાવ્યું કે નહીં એ મને ખબર નથી. સ૦—અગાશીમાં તમે બેંગી સાંધતા હતા ત્યાંથી તમે સઇને તેડી આવ્યા એમ વાત બનીછે?

જ૦—ના, એ વાત ખોટી છે. સ૦—રજુ છે તે ડાબલા ઉપરનાં કપડામાં તારા કોઇ જગે ટાંકા દીધેલા છે? જ૦—ના. સ૦—એંગી માંહેલા માલ પૈકી તથા તે બાબત કાંઇ રૂપિયા માસ્તરે દેવા કહ્યા હતા? જ૦—ના, મને કંઇ કહ્યા નથી. સ૦—દાના સોનીને ત્યાં તમે દોરો ગળાવી કંઠો કરાવ્યો છે? જ૦—દોરો મેં ગળાવ્યો નથી. દોરાનો ગળાવેલ ઢાળિયો મારા ઘરમાં ૬–૭ મહિના થયાં પડયો હતો. તે દહોડ મહિનો થયાં મેં દાના સોનીને ઢાળિયો આપેલ છે. સ૦—એ ઢાળિયો ઘરમાં પડયો હતો એવું કોઇ જાણેછે? જ૦—હું પોતે જાણું છું. સ૦—એ ઢાળિયો કોણે દોરો ગળાવી કરાવી રાખેલ? જ૦—તે મારૂં ધ્યાન નથી. સ૦—આ બાબતનું કંઇ નામું ઠામું છે? જ૦—ના. સ૦—માસ્તરે સઇને તેડવાનું કહ્યું, તે ટાણે કયો વખત હતો? જ૦—સાંઝ હતી એટલે બરોબર દિવાટાણું હતું. સ૦—માસ્તરના કહેવાથી ગયો, તે તું તેનો નોકર છે? જ૦—ના, નોકર નહતો પણ તેણે કહ્યું ને હું ગયો, મહારાજ પાસે આવે જાય તેથી ગયો. સ૦—પોસ્ટ માસ્તરે હુકમ આપ્યો! તે મહારાજ સાંભળે તે રીતે કે કેમ? જ૦—મહારાજ તેની બંગલીમાં બેઠા હતો. સ૦—સઇને તેડી આવવાનું કહ્યું, તેવું બીજું કામ તે દિવસે સોંપ્યું હતું? જ૦—ના. સ૦—જે ઢાળિયા મહારાજ પાસે માસ્તરે મૂકયા તે ઓળખોછો? જ૦—હા. રજુ છે તે એ ઢાળિયા હું ઓળખું છું ને તેજ છે. આ ઢાળિયામાંથી કાંઇ કપાણો હોય તો મેં હાથમાં લઇ જોએલ નહીં તેથી ખબર ન પડે. પણ જે મહારાજ પાસે ઢાળ, માસ્તરે આપ્યા તે તો આજ ઢાળ છે. સ૦—ઢણુ, પંદર કોરીના તમે લાવ્યા અથવા મંગાવ્યા હતા? જ૦—ના૦, સ૦—માસ્તર ઢણુ લાવ્યા એમ તમે જોએલ હતું? જ૦—ના, તે પણ જોએલ નથી. સ૦—ઢાળિયા આપ્યાને, ડાબલો સાંધ્યા પછી માસ્તરને ત્યાં તમે ગયા હતા? જ૦—ટિકિટ લેવા ગએલ, તે ટિકિટ રાતી થાય છે તેવાં પાનાં મને આપ્યાં તે પાછાં એવેનએવે ટાણે હું દેવા ગયો હતો. જે આ પાનાં નહીં, ને ટિકિટ જોઇએ ત્યારે ટિકિટ મેહેતા પાસેથી અપાવી હતી. સ૦—કોઇ વખતે રાતને ટાણે તમે ગયા હતા? જ૦—ના, હું ગયેલ નથી. સ૦—માસ્તર સાથે ટિકિટ શિવાય કાંઇ વાત કરી હતી? જ૦—ટિકિટ લઇ બહાર આવી કહે જે અમારા ઉપરી અહીં ઉતરશે માટે રૂપિયા ૧૮૫ બાકી રહે છે, તે મોકલાવજો રઘાને મોકલ્યો છે. સ૦—તમે કાંઇ માસ્તર પાસે માગો છો? અને તે બાબત તમે કાંઇ ઉઘરાણી કરી છે? જ૦—ના, મેં કરેલ નથી, ને માગતો નથી.

સં૦ ૧૯૩૭ ના ફાગણ વદ ૪ તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૧. ફરીને જાહેર કરૂં છું, તે આ જબાની વાંચ્યા ઉપરથી કહું છું કે રાતનો ખોજાને નાકેથી ગામમાં આવ્યો હતો, ત્યારે માસ્તર ટેકરા આગળ મળ્યા. ત્યારે હું ચાલ્યો જતાં કોણ કોણ? એમ કંઇ પુછતાં મેં કહ્યું જે હું, તે વખત મારી પાસે આવ્યા તેણે કહ્યું કયાં જાઓ છો? ત્યારે કહ્યું કે આ- ણીકોરથી ગામમાં જાઉં છું, મેં કહ્યું તમેં ક્યાં હતા? ત્યારે કહે જે ગા- મમાં આંટો દેવા ગયેલ, તે વખત ટોપી પેહેરે છે એ વકીલ પાસે ઉભો હતો, નામ આવડતું નથી. સં૦—તમે એ વખત ક્યાંથી ખોજાના નાકા તરફ જતા હતા તે વખત કયો હતો? જ૦—સાંઝ પડી ગઇ અને અં- ધારૂં હતું. ખંભાળિયાને નાકેથી કામદારને વંડે જતાં ઑફિસથી ૮–૧૦ હાથ ટેકરો છેટો છે ત્યાં મળ્યા હતા. સં૦—ખંભાળિયાને નાકેથી કામદા- રને વંડે જવાનો એ રસ્તો છે? જ૦—હું વંડે જાતો હતો તે ગોવા સો- નીના વંડા આગળ ગોકળદાસની વહુ મળી એટલે ખોજાને નાકેથી મારે બજારમાં જવાનું હતું તેથી કેડી રસ્તે ચાલ્યો. સં૦—ગોવા સોનીના વંડા આગળથી ખંભાળિયાને દરવાજે થઇ બજારમાં જઇએ તો એ રસ્તો ઢુકડો કે ખોજાને નાકે થઇ બજારમાં જવું ઢુકડું? જ૦—ખોજાના નાકાવાળો રસ્તો ઢુકડો. તા૦ સદર.

સહી કલ્યાણજી પ્રાણજીવનની દા૦ પોતે.

જુબાની મેં પોતે લીધી,

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

તા૦ ૩૦–૩–૮૧.

સં૦—પોસ્ટ માસ્તરને મહારાજે રૂપિયા અપાવ્યા તે બાબતમાં જાદ- વજી ગોપાળજીને ત્યાં દાગીના મહારાજે મૂકયા તેમાં તનમનીયું તમારા ઘ- રનું મૂકવા તમે આપેલ હતું? જ૦—હા, મેં આપ્યું હતું. સં૦—મહા- રાજે શું કંઇ માગ્યું અથવા તમે શી રીતેથી મૂકવાં લાવ્યા હતા? જ૦— જાદવજીને દેવામાં ઘરેણાં ઘટતાં હતાં એટલે મહારાજ કહે જે સવારે પા- છું દઇશ. કંઇક દાગીનો ૨૫) ગદીઆણાનો લાવ તેથી લઇ આવી મહા- રાજને આપ્યું. સં૦—તનમનયું લેવા ગયો ત્યારે રઘો મળ્યો હતો? ને તે સાથે કંઇ વાતચિત કરી હતી? જ૦— ના, રઘો મળ્યો નથી. સં૦—

આ દાગીનો મૂકાય તેમ નથી. તેથી તનમનયું લેવા જાઉં છું એમ રધાને કહ્યું હતું? જ૦—ના, મને તો મળ્યોજ નહતો, એટલે ક્યાંથી કહ્યું હોય, સ૦—એ પ્રમાણે મહારાજને દાગીના મૂકવા સારૂ આગળ કોઇ દિવસ આપેલ ખરા? જ૦—મારી પાસે કોઇ દિ મહારાજે માગેલ નથી. સ૦—મહારાજ માગે તો આપો ખરા? જ૦—હા, માગે તો આપું ખરો. સ૦—જેમ તારી પાસેથી દાગીનો લીધો તેમ બિજા કોઇના દાગીના મંગાવી મૂકયા હતા? જ૦—મારા ધ્યાનમાં નથી. સ૦—જાદવજી ગોપાળજીવાળાને ત્યાં શું કરવા દાગીના મહારાજને મૂકવા હતા? ને મેળ કેટલા દાગીનાનો કરવો હતો, તેમાં શું ત્રુટતુ હતું? જ૦—શું કરવા મૂકવા હતા તથા કેટલા વજનમાં ઘટતું હતું તેની મહારાજને ખબર. સ૦—માસ્ટર, મહારાજ પાસે રૂપિયા લેવા આવેલ અથવા અપાવા એ વાત જાણો છો? જ૦—આગળ લખાઇ ગઇ છે એટલે માસ્તરે રૂપિયા માગ્યા તે જાણું છું. સ૦—આ તનમનયું કએ દિવસે આપ્યું તે લખાવો. જ૦—તે યાદ નથી. જાદવજીભાને ખબર મને ખબર નથી. સ૦—આશરેથી કંઇ દિવસ બતાવી શકો છો? જ૦—જાદવજીભાને ખબર. સ૦—એ તનમનયું કયાં છે? જ૦—મારે ઘેર છે. સ૦—જે દિવસ તનમનયું આપ્યું તે દિવસે પોસ્ટ માસ્તર અને રઘો આવ્યા હતા? જ૦—મારા ધ્યાનમાં નથી. સ૦—ધ્યાનમાં નથી, તે ખબર નથી કે યાદ નથી? જ૦—મને સાંભરતું નથી. સ૦—તનમનયું પાછું કોણે આપ્યું અને કયારે મળ્યું? જ૦—બિજે દિવસે મહારાજે પોતે આપ્યું. સ૦—મહારાજ પાસે કોણ લાવ્યું? જ૦—જાદવજી લાવ્યો. તે વખત હું પાસે હતો. સ૦—તે વખત જાદવજીએ શું શું ચીજ પાછી આપી? જ૦—તનમનીયું આપ્યું. બીજું આપ્યું હોય તો મારી નજર નહતી. સ૦—તનમનીયું એકલુંજ આપ્યું કે કેમ? જ૦—તનમનીયા સાથે બિજા મહારાજના દાગીના આપ્યા તે શું હતા, તે ખબર નથી ઢગલો કરયો હતો. સ૦—એ દાગીના જાદવજીએ પાછા આપી તેના બદલામા બીજું કંઇ લઇ ગયો? જ૦—તેની જાદવજીને ખબર—હું તો ચાલતો થયો.

સાં૦ ૧૯૩૭ ના ફાગણ વદ ૫ તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૮૧.

સહી કલ્યાણજી પ્રાણજીવનની દા૦ પોતે.

જુબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી

સ૦ ન૦ મા૦

આંક ૩૬.

સાહેદ.

જાદવજી ગોપાળજી, ધર્મે હિંદુ, જાતે ભાટિયા, ઊંમર આશરે વર્ષ ૩૭, કસબ સોના રૂપાનો વેપાર, રેહેવાસી ખંભાળિયાના તે હાલ અહિં રહું છું, તે શ્રી નવાનગરના માજીસ્ટ્રેટ જયશંકર રતનજીના રૂબરૂ સત્ય પ્રતિજ્ઞાથી લખાવું છું.

ગયા માહા વદ ૧૧ ને સોમવારને રોજ સવારે મહારાજ વ્રજેશજીએ કહ્યું જે રૂપિયા ૨૦૦૦ નંહિ, ને મોરથી કહે જે રૂપિયા ૧૦૦૦ જોઇશે, મેં હા પાડી હતી, પછે તેજ દિવસ રાતના ૮–૯ બજે મને મહારાજે તેડાવી કહ્યું જે રૂપિયા લાવો એટલે મેં કહ્યું કેટલા? ત્યારે કેહે જે રૂપિયા ૧૦૦૦ આંહીં લઇ આવો, મેં કહ્યું રૂપિયા ૧૦૦૦ નહીં થાય પણ માણસને મૂકો તો દઉં એટલે રાઘુ ભણસાળીને મારી ભેળો મૂકયો, તેને ૧૬૦ કે ૧૭૦ ની નોટો, કેટલી તે ગણતરી યાદ રહી નથી પણ એ નોટો ને બાકી રૂપિયા રોકડા રાઘુને મેં પોતે ગણી દીધા ને રૂપિયા ૫૦૦ નો મેળ કરી દીધો ને વળતે દહાડે રૂપિયા ૫૦૦ સવારે નવ વાગે દેવાનો વદાડ મહારાજ હારે કર્યો હતો તેથી ફાગણ શુદ ૧ મંગળવારને દિવસ ૯–૧૦ બજે રૂપિયા ૫૦૦ લેઇ હું હવેલિયે ગયો ને કહે જે તારી પાસે રાખ, ને હું મગાવી લેઇશ તેથી પાછો દુકાને લેઇ ગયો. મારે બાહાર જવું હતું તેથી મારા માણસ દામોદરને હું કહી ગયો જે મહારાજ રૂપિયા ૫૦૦) મંગાવે તો લઇને જજે અથવા ચિંધે તેને દેજે, તેથી મહારાજે રઘાને રૂપિયા ૫૦૦) ચિંધ્યા તેથી રાઘુને દામોદરે ગણી દીધા. આ વાત હું બાહારથી આવ્યો ત્યારે દામોદરે કહી તેથી જાણું છું ને સો વસા તો તેજ દિવસની સાંઝે રૂપિયા ૧૦૦૦) મહારાજે ચિંધ્યા તેથી રાઘુને અપાવ્યા તે રૂપિયા ૧૦૦૦) માં કાંઇક ઓછા હતા તે રાઘુને કહ્યું જે પછી લેઇ જાજે; પછી રાઘુ પુરા કરી લેઇ ગયો તે, તેજ દિવસ કે, વળતે દિવસ બુધવારે તે સાંભરતું નથી, તેમ રૂપિયા ૧૦૦૦) માં ઓછા કેટલા રૂપિયા રહેલ તે સાંભરતું નથી, એ રીતે મહારાજ વ્રજેશજીને ખાતે મેં રૂપિયા ૨૦૦૦) આપ્યા, તે પેટે મહારાજે બે ઢાળ સોનાના તેમાં એક ઢાળ ગદી ૯૫ નો બીજો ગદી ૧૧૧ તેમાં ઓછું હોય તે સાંભરતું નથી. એ રીતે બે ઢાળ મને આપ્યા, તેમાં ગદી ૯૫ વાળો મંગળવારને દિવસ ને ગદી ૧૧૧ વાળો બુધવારને દિવસ

આપેલ છે આ ઢાળ છાપવાળા જે આવે છે તે નથી, દેશી ઢાળ—સોનું ગાળીને પાડીએ છઇએ તેવા છે એ બન્ને ઢાળમાંથી જે ૯૫ ગદીનો ઢાળ છે તેમાંથી પોણુતેર ગદીઆણા સોનું વેચેલ છે બાકી બધું આબાદ છે. આ ઢાળ બે લેઇ જા ને વેચીને તેમાં વધઘટ થાય તે લેઇ જાજે એટલે રૂપિયા ૨૦૦૦) ઊપાડ્યા છે તેમાં આ ઢાળ વેચતાં જે વધઘટ થાય તે લેઇ જાજે. દેજે એમ મહારાજે કહેલ છે તેનું નામું મેં બીજા ચોપડામાં માંડયું નથી પણ નોંધમાં રૂપિયા ૫૦૦)–૫૦૦)–૧૦૦૦) ની રાધુની સહી લેઇ લીધી હતી તે બાબત મહારાજે પુછ્યું કે, રાધુની પહોંચ અમારે જોઇએ, તે નોંધનું કયું પાનું તે યાદ નથી પણ તે પાનું ફાડીને મહારાજને આપ્યું છે, મહારાજ માગે ત્યારે પાનું ફાડી દેવાની ના કેમ કહેવાય. મને મહારાજ કહે જે તુંને જૂદી પહોંચ લેવા કહ્યું હતું ને કેમ ચોપડામા લીધી. મેં કહ્યું ચોપડામાં લેવાણી હવે આપની મતલબ હોય તો પાનું ફાડી લ્યો તેથી પાનું ફાડી લીધું; આ વાતચિત થઇ તથા પાનું ફાડી લીધું તે વખત હું અને મહારાજ શિવાય બીજું કોઇ નોહોતું આ વાત ફાગણ શુદ ૩ ગુરૂ શુદ ૪ શુકરવારને રોજ બની છે. રાધુ કેને સારૂ રૂપિયા લેઇ જતો ને ક્યાં લઇ જતો તે ખબર નથી. રાધુ નગરની ટપાલ ઑફિસમાં નોકર છે એમ હું જાણું છું. સંવત ૧૯૩૭ ફાગણ શુદ ૧૪ સોમ તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૧ મહારાજે સોનું મને હાથો હાથ પોતા પાસે કાંટો છે તેણે તોળી આપ્યું ને તે વખત કલ્યાણજી સાચોરો પાસે હતો. સંવત ૧૯૩૭ ફાગણ શુદ ૧૪ તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૧.

(સહી) ઠકર જાદવજી ગોપાળજીની દસ્કત પોતાના.

જુબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

આંક ૩૭.

ભાટિયા જાદવજી ગોપાળજી પાસેથી રજુ થએલ મુદ્દા માલની તપસીલ.

હેમના ઢાળિયા ૨ તોલ ગદી ૧૯૩। એકસોં સવાતાણુના.—

નંગ. ૧ લાંબો કપાએલ છે તે. ગદી ૮૨। સવાબ્યાસી.

ઢાળ નં. ૧ ઠુંકો જાતે જાડો તોલ ગદી ૧૧૧ એકસો અગીયાર.

ચોપડો ૧ પાનાં ફાટેલ તે.

એ રીતે રજુ થયા તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૮૧.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦.

આંક ૧૧.

નંબર ૪ થાવાળા તહોમતદારે કરેલો એકરાર.

પુરશશ.

જાદવજી ગોપાળજી, ધર્મે હિંદુ, જાતે ભાટિયા, ઉંમર આશરે વર્ષ ૩૭, કસબ નાણાવટીનો, રેહેવાસી નવાનગરના માજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર થઇ જબાની લખાવું છું. સ૦—સરકારી ટપાલમાં આવેલી બેંગી માંહેલા દાગીનાનું સોનું તમે રાખ્યું તથા તે બાબત ચોપડામાં નોંધ કરી પાનાં ફાડયાં એ વાત શી રીત છે? જ૦—ના. દાગીના તથા સોનાના ઢાળ રાખ્યા નથી. મેં તો મહારાજ વ્રજેશજીએ બે ઢાળ આપ્યા તે રાખ્યા ને તે આ કોર્ટમાં રજુ છે તેજ છે. જે મેં રજુ કર્યા છે ચોપડાનું પાનું ફાડયુ. છે. સ૦—વ્રજેશજી પાસેથી શી રીતે રાખ્યા તથા પાનું શી રીતે ફાડયું એનું કારણ શું? જ૦—ગયા મહા વદ સોમવારને દિવસે રાતના ૮॥–૯ બજ્યા હશે તે વખત મહારાજ વ્રજેશજીએ હુંને તેડાવ્યો ને કહેજે રૂપિયા ૧૦૦૦) જોઇએ ને મારે સોનું વેચવા સારૂ દેવું છે. મેં કહ્યું જે આ ટાણે રૂપિયા ૫૦૦) તૈયાર છે. મહારાજે પોતાના પેહેરવાનાં કડાં તથા પોંચિયું વિગેરે દાગીના તે ટાણે આપ્યા ને રૂપિયા ૧૦૦૦) આપવા કહ્યું ત્યારે મેં કહ્યું જે રૂપિયા ૫૦૦) આ ટાણે દેઇશ ને રૂપિયા ૫૦૦) સવારે દેઇશ. તેથી હા પાડતાં રઘો મારી સાથે આવ્યો મેં રૂપિયા ૫૦૦) રાતના ૧૦ બજ્યાને સુમારે આપ્યા. ને સવારે રૂપિયા ૫૦૦) લઇ હું હવેલીમાં ગયો, ત્યારે મહારાજ કહે જે તારી પાસે રાખ, એટલે હું મારી દુકાને રાખી જમવા સારૂં નાહ્યો; ને દામોદર પાસે રઘો આવી રૂપિયા લઈ ગયો હશે. રૂપિયા રાતે દીધા તેની પોહોંચ ચોપડામાં રઘા પાસેથી લીધેલ ને ૫૦૦) દામોદરે દીધા તેની પણ પોહોંચ લીધેલ. પાછો મને બાર ઉપર બે બજે મંગળવારને દિવસે તેડાવ્યો ને કહેવરાવ્યું જે ઓલ્યા દાગીના લેતો આવજે તેથી હું દાગીના લઇ ગયો. ત્યારે એક ઢાળ આ રજુ છે તે લાંબો ઢાળ ગદી ૯૫ નેઃ આપ્યો તે તોળીને મહારાજે આપ્યો ને કહે જે

રૂપિયા ૧૦૦૦) બીજા જોઇએ. વહુજી મહારાજના દાગીનાનું મુલિયું હતું તે આપી કહે જે રૂપિયા ૧૦૦૦) દે. મેં કહ્યું જે આ ટાણે થાય નહીં: ત્યારે મહારાજ કહે જે ભાસે તેમ કર. ત્યારે બજારમાંથી કોઇ જગેથી ૧૦૦)–૫૦) એમ સાંઝ સુધી ભેળા કર્યા. તેમાં ૧૦૦૦) રૂપિયામાં કંઇ અધુરા રહ્યા કેટલા તે યાદ નથી પણ તે રૂપિયા રઘાને દીધા ને બાકી રહ્યા તે બિજે દી લઇ જવા કહ્યું તે બિજે દિવસ આવેલ તે દિવસ રાતે લઇ ગયો કે સવારે તે બરોબર યાદ નથી. તે પછી બુધવારને રોજ મહારાજે દિવસના ૧૦ વાગ્યાને સુમારે મને તેડાવીને કહેવરાવ્યું કે, આલ્યો દાગીનો છે તે લેતો આવજે તેથી મુલિયું લઇ ગયો તે મુલિયું પોતે રાખી આ રજુ છે. સોનાનો જાડો હાળ છે તે મને આપ્યો–ને મહારાજે તોળ્યો તો ૧૧૧) ગદીઆણાનો આશરો હતો તે મને આપ્યો. મેં કહ્યું જે આનું શું કરૂં. ત્યારે મહારાજ કહેજે આ સોનું વેચી વધઘટનો હિસાબ મારી પાસેથી લેવો દેવો તે પછી બીજે ત્રીજે દિવસ મહારાજ વજેશજીએ હુંને તેડાવ્યો ને કહે જે તેં પોહોંચ લીધી છે? મેં કહ્યું હા. ચોપડામાં ખાતે તમારે માંડયાછે જે આપશ્રીની આજ્ઞાથી રઘાને આપ્યાની ત્રણ રકમ નામું માંડી સહી રઘાની લીધીછે. પેહેલે દિવસે રાતના ૧૦ બજ્યા વખત આપ્યા છે એમ પણ તે ચોપડામાં લખ્યું હતું તે બીજે દી આપ્યા તેની બીજે દિવસ સહી લીધી તે બાબતમાં મહારાજને કહ્યું જે ચોપડામાં સહી લીધી છે ત્યારે મહારાજ કહે જે એ પોહોંચની અમારે જરૂર છે મહારાજ કહે જે મેં તને જૂદા કાગળમાં પોહોંચ લેવા કહ્યું હતું. ત્યારે મેં કહ્યું જે મારી ભુલ થઇ તે આ ચોપડામાં પોહોંચ લીધી છે. મહારાજ કહે જે મારે જરૂર પોહોંચ જોઇએ. એટલે ચોપડો મહારાજ પાસે જઇ દેખાડયો ત્યારે મેં પાનું ફાડી દીધું–મહારાજે ફાડી દેવા કહ્યું કે નહીં તે મને યાદ રહ્યું નથી. ને બીજા પાનામાં બાજુનું નામું હતું તે સારૂ ચોપડો હાટે લઇ જઇ રોકડમાં નામું ઉતારી લઇ પાનું ફાડી તારાચંદ મણિયાર સાથે મહારાજને દઇ મેલ્યું. **સ૦**—એ પ્રમાણે ચોપડામાં માંડેલ નામાનાં પાનાં ફાડી તમે આપ્યાં ખરાં? **જ૦**— બીજાને તો ન આપીએ મહારાજને પોહોંચની જરૂર હતી તેથી તેને કાઢી આપ્યાં. **સ૦**—ચોપડામાંથી તમે પાનાં ફાડયાં તે આ રજુ છે તે પાનાં ૧૭૪–૧૭૫ મેં ફાડી આપ્યાં છે? **જ૦**--હા. એજ બે પાનાં ફાડી કાઢી આપ્યાં છે. **સ૦**—મહારાજને પોહોંચની જરૂર હતી તો ધણીને તેડાવી જૂદી લેવાને શું હરકત હતી? **જ૦**—તે તો મને સુઝયું નહી.

સંવત ૧૯૩૭ ના ફાગણ વદ ૪ તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૧.
ઠા૦ જાદવજી ગોપાળજીની સહી દા૦ પોતાના

જુબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

તા૦ ૨૦-૩-૮૧.

સ૦—ઉપર તમે લખાવ્યું છે કે મહારાજે મને પેહેલે દિવસ પોતાના દાગીના આપ્યા ને પાછા મેં આપી દીધા તો એ દાગીના શું શું તમને આપેલ હતા? **જ૦**—કડાં સોનાનાં મછ્છી ભાતનાં તથા પોંચિ જોડ ૧, તનમનિયું નંગ ૧ દેશી નગરના ઘાટનું આપેલ હતું તે તનમનીયું આશરે ૨૫ ગદિયાણા તોલે હતું. **સ૦**—એ તનમનીયું તમે ઓળખી શકો ખરા? જ૦—જોઉં તો ઓળખી શકું ખરો. **સ૦**—એ તનમનીયું મહારાજના ઘરમાં તેની ઓરતો પેહેરે તેવું હતું કે કેમ? **જ૦**—વહુજી પેહેરે એવા ઘાટનું ન હતું. ગામના માણસો પેહેરે તેવા ઘાટનું મારા વરતવામાં આવ્યું. **સ૦**—આ દાગીના મહારાજે દીધા ત્યારે કોણ કોણ પાસે હતું? **જ૦**—આપ્યું ત્યારે હું અને મહારાજ હતા. તે પાછા તે તનમનિયાં સીકે એ દાગીના આપ્યા ત્યારે હું. મહારાજ અને કલ્યાણજી પાસે હતા. **સ૦**—દાગીના મહારાજે આપ્યા તે વખતે શું કરયું? **જ૦**—દાગીના મહારાજ પાસે પડયા હતા ને તે વખત હું ચાલી નિકળ્યો. આ તનમનિયું જે મારી પાસે આવેલ તે સાચોરા કલ્યાણજી પ્રાણજીવનનું હતું, તે મહારાજને પાછું દીધું ત્યારે કલ્યાણજી પાસે હતા. એ મે તેને પુછયું તેનું કારણ એ મહીના મોર કલ્યાણજીએ સોની પાસેથી ખરીદ કર્યું, તે વખત તેણે મને એ દેખાડયું હતું સોનીએ પણ મને દેખાડયું હતું. તેથી હું ખાત્રીથી કહું છું કે, તે તનમનિયું મહારાજે મારી પાસે રાખ્યું હતું તે કલ્યાણજીનું હતું. તે વખત મેં કલ્યાણજીને પુછયું કે આ તનમનિયું ઓલ્યું કે? ત્યારે કલ્યાણજી કહે કે હા-ઓલ્યું. એમ જે મેં કલ્યાણજીને પુછેલ તેનું કારણ કે આશરે એ મહીના મોર કંસારા બજારમાં સોની છે, નામ આવડતું નથી, પણ તે કહે છે જાદવજીને દેખાડી લેજે તે લેનારનો ભરોંસો મારી ઉપર તેથી કલ્યાણજીએ પણ મને કહેલ જે મારે તનમનિયું એક લેવું છે તેથી હું જાણતો હતો કે આ કલ્યાણજીનું છે ને વળી સો-

નીએ પણ કહ્યું હતું જે તમારા ભરોંસાના માણસે લેવાનું કહ્યું છે, તેથી તમને દેખાડવા આપું છું એટલે જે તનમનિયું મહારાજે મારે ત્યાં રાખેલ તે કલ્યાણજીનુંજ હતું તે ખાત્રીથી કહું છું.

સંવત ૧૯૩૭ ના ફાગણ વદ ૫ તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૮૧.

ઠા. જાદવજી ગોપાળજીની સહી દા. પોતાના.

જબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

આં. ૧૨.

પુરશશ.

દાના કહાનજી ધર્મે હિંદુ, જાતે પરજિયો સોની, ઊંમર આશરે વર્ષ ૩૭, કસબ સોનુ રૂપું ઘડવાનો, રહેવાસી નવાનગરનો, માજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર થઇ જબાની લખાવું છું.

સ૦—કલ્યાણજી બ્રાહ્મણ પાસેથી સોનાનો દોરો લઇ ગાળી કહે કરવા લીધા છે? **જ૦**—મને કલ્યાણજીએ વીશ ગદી સોનાની ઢાલ આપી છે તે રોજ સવારે બેસે ને સાંઝે લઇ જાય. **સ૦**—રજુ છે તેજ કે બીજો? **જ૦**—હા, એજ છે. **સ૦**—સોનું ક્યાંથી લાવ્યો એમ તેણે કહેલ હતું? **જ૦**—તે કહે જે દોરો ગળાવેલ હતો, તેનું સોનું છે એમ કહેલ. **સ૦**—દોરો કેનો હતો તે કાંઇ કહ્યું હતું? **જ૦**—મેં તે પુછ્યું નથી. **સ૦**—આ બાબત તારે ત્યાં નામું છે. **જ૦**—ના, નામું નથી. ગદીયાણે બે કોરી મજુરી ઠરાવી હતી.

સંવત ૧૯૩૭ ના ફાગણ વદ ૪ તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૧.

સ૦—આ શિવાય કલ્યાણજી કે મહારાજે કાંઇ સોનું તારી પાસે ગળાવ્યું છે? **જ૦**—ના. **સ૦**—રજુ છે, તે ઢાળિયા તારા ગાળેલ છે? **જ૦**—ના. તા૦ સદર.

દાના કાનજીની સહી દા. પોતે.

જબાની મેં પોતે લીધી.

જયશંકર રતનજી.

સ૦ ન૦ મા૦

વ્રજેશજી મહારાજને બે વર્ષના બંધીખાનાની સજા કોર્ટે કીધી તેથી ભોળા વૈષ્ણવોએ શોકાતુર થઇ હડતાલ નાખી મહારાજને છોડવવા સારૂ તરેહવાર ઉપાયો કરવા લાગ્યા. જો વૈષ્ણવોએ કાંઇ વિચાર કીધો હતે તો તરત તેમને સમજાતે જે મહારાજ અને તેના સોબતિયો નગરના કોટવાલપાસે પોતાનો ગુનાહ કબુલ કરી ચુકા, તેઓનો કાયદેસર બચાવ કાંઇ રહ્યો નથી. મજકુર મહારાજને ઘણીજ દયા ભરેલી સજા થઇ છે, પણ જેઓ આ બાબતમાં આગેવાન હતા, તેઓને એવો ખ્યાલ હતો જે દોડાદોડ કરવી, પૈસા ખરચવા, વગ લગાડવી, ધામધુમ કરવી, તેથી સરકાર મહારાજને છોડી દેશે. એ બાબતમાં જે ઉપાય કીધા તથા અરજીઓ કરી તેમાં વૈષ્ણવો નિષ્ફલ થયા. તોપણ સંતોષ કરી બેઠા નહીં, અને મહારાજ પાસેથી અપીલ કરાવી; તે અપીલ ઉપરથી સરકારે બે વર્ષના બંધીખાનાની જે સજા હતી તે વધારી પાંચ વર્ષ કીધાં. એ ખબર દશેરાને દહાડે સવારના જાહેર થઇ ત્યારે વૈષ્ણવો ઠંડાગાર થઇ બેઠા. બધી ધામધુમ પડતી મેલી દશેરાનો તહેવાર મોટી ખુશી સાથે કીધો. પૈસાનો ખરચ, વગ અને દોડાદોડ બધાં ખુણામાં પેસી ગયાં. ખેર, મહારાજો ગૃહસ્થ છે અને ગૃહસ્થો ઉપર સંસાર સંબંધી સુખ દુઃખ હમેશાં આવે છે તેમ મહારાજો ઉપર જૂદી જૂદી વેળાએ સંકટો આવ્યાં છે તે અમો નિચે ટાંકી બતાવિયે છઇએ.

૧. ગિરધારીજી મહારાજે ગિરરાજ ઉપર દાનગાટીનો માર્ગ છોડી આપીને ગોવિંદકુંડ ઉપર ગોવિંદગાટી બનાવી, તેથી ગોવર્દ્ધન ગામના બ્રાહ્મણો સાથે તથા ગોરવાન જમીનદારો સાથે વાંધો પડ્યો, તેમાં મોટી મારામાર થઇ, ગોરવાનોએ ગિરધારીજીને બરછીથી મારી નાખ્યા. એ વાતને આશરે સવાબસો વર્ષ થયાં. જુઓ શ્રીનાથજીના પ્રાગટ્યમાં.

૨. આશરે પચાશ વર્ષ ઉપર ગિરધરલાલજી મહારાજ દમણ ગયા હતા. ત્યાં એક લાડ વાણીઆના ઘરમાં શ્રી ઠાકોરજીની જુની મૂર્તિ હતી. મજકુર ગિરધરલાલજી મહારાજ તે મૂર્તિને જોર જુલમથી ઉપાડી લાવ્યા. વાણીઆએ એ બાબત દમણના માજીસ્ટ્રેટ પાસે ફરિયાદ કરી. માજીસ્ટ્રેટે શ્રી ઠાકોરજીની મૂર્તિ સાથે મહારાજને પકડી મંગાવ્યા. મૂર્તિ ફરિયાદીને હવાલે કરીને ગિરધરજીને બાર ફટકા બાંધી માંરવા હુકમ કરયો. જે જગ્યા ઉપર ફટકા મારવામાં આવ્યા, તે જગ્યા ઉપર મજકુર મહારાજનું મર્ણ થયું.

૩. આશરે છત્રીશ વર્ષ ઉપર તેમના ભાઇ વિઠલેશજી મહારાજ જાલણા પાટણ પધારયા હતા, ત્યાંના રાજાને મહારાજે પ્રસાદ મોકલ્યો, તે પ્રસાદ ખાવાથી રાજાનું તરત મર્ણ થયું. રાજાના કારભારિયોએ અને પોલિટિકલ એજંટે તપાસ કરી મહારાજને ત્યાં સહકુટુંબ કેદ કરવામાં આવ્યા. મજકુર વિઠલેશજી પોતે કબૂલ થયા જે પ્રસાદમાં ઝેર ભેળ્યું હતું. આ ખબર અત્રે આવી ત્યારે વૈષ્ણવોએ સરકારને અરજી કરી, તથા ગવરનર પાસે ડેપ્યુટેશન ગયું. અત્રેથી ભલામણના કાગળો મોકલ્યા પણ જાલણા પાટણમાં મહારાજ ઉપર ઝેર દેવાનો અપરાધ સાબીત થયો. એટલામાં ખબર આવી જે મજકુર વિઠલેશજી બંધીખાનામાં મર્ણ પામ્યા.

૪. આશરે પચાસ વર્ષ ઉપર વ્રજપાલજી મહારાજ કચ્છમાં આવ્યા હતા. તેણે પેહેલાં લખપતના વૈષ્ણવો ઉપર જુલમ ગુજારયો. તેમની પાસેથી જોર જુલમથી પૈસા કહડાવ્યા ત્યાંથી અબડાસામાં આવ્યા અને વૈષ્ણવો ઉપર જુલમ ગુજારયો. એ ખબર માંડવીના મહાજનને થઇ. માંડવીના મહાજને તે વખતની કચ્છ રીજનસીને એ વાત જાહેર કરી. રીજનશીએ પચીશ ઘોડેસ્વાર મોકલ્યા. તેઓએ મહારાજને પકડીને એકદમ કચ્છની સરહદ પાર કહાડી મેલ્યા.

૫. હમણાં બેંગીની બાબતમાં સગ્ન પામેલા વ્રજેશજીના પાલકપિતા વ્રજનાથજી મહારાજ આશરે છત્રીશ વર્ષ ઉપર માંડવી ગયા હતા. ત્યાં નીતિથી ઉંલટી ચાલ ચલાવી તેથી એમને ત્યાં કોઇ વૈષ્ણવો દરશન ન જાય એવો બંદોબસ્ત માંડવીના મહાજને કરયો, અને મહાજને દરબારને અરજ કરી, જે વ્રજનાથજીને માંડવીમાંથી કહાડી મેલવા. તે ઉપરથી દરબારે માંડવીમાંથી એકદમ વ્રજનાથજીને કહાડી મેલ્યા.

૬. કાશીવાલા રણછોડજી મહારાજ કચ્છમાંડવી ગયા હતા. ત્યાં તેણે અનીતિ ભરેલી ચાલ ચલાવવા માંડી તેથી માંડવીના મહાજને એવો બંદોબસ્ત કીધો જે મહારાજને ત્યાં રાતના સ્ત્રીઓ જાય નહિ. એ મહારાજની ચાલ દરબારને જાહેર થઇ ત્યારે દરબારે સંવત ૧૯૧૯ ના વર્ષમાં મહારાજ ઉપર હુકમ કરયો જે બે દહાડામાં નીકળી જાઓ, નહિ તો એકદમ પકડી કચ્છની સરહદ પાર કરવામાં આવશે. તે ઉપરથી મહારાજ માંડવી છોડી જાતા રહ્યા.

૭. જેપુરના રાજાઓ અસલથી વૈષ્ણવો હતા, તેથી મહારાજોનાં બે મંદિર ઘણાં વર્ષ થયાં જેપુરમાં હતાં, તેઓને રાજ્યની તરફથી કેટલાંક ગામો મળ્યાં હતાં. આશરે સંવત ૧૯૨૨ ના વર્ષમાં રાજા રામસિંહજીએ

વૈષ્ણુવ ધર્મની તપાસ કરવા સારૂ કેટલાંએક પ્રશ્નો મહારાજ વગેરા વૈષ્ણુવ આચાર્યો ઉપર લખી મોકલ્યાં. તે પ્રશ્નોના જવાબ મહારાજે નહિ આપ્યા. તેથી શ્રી ગોકુલચંદ્રમાજીનું તથા શ્રી મદનમોહનજીનું મંદીર જપ્ત કર્યાં. તથા તેઓને જે ધર્માદા ગામ ગરાસ આપ્યું હતુ તે પણ જપ્ત કરવામાં આવ્યું અને મહારાજોને પોતાની મૂર્તિયો લેઇને નિકળી જવાનો હુકમ થયો, તેથી બેહુ મંદિરના મહારાજો જેપુર છોડીને જતા રહ્યા.

૮. ઉદેપુરના રાજાઓ અસલથી વૈષ્ણુવ છે. વૈષ્ણવોનું મોહોટું મંદિર શ્રી નાથજીનું ઉદેપુરના રાજ્યમાં છે અને શ્રી નાથજીને ઉદેપુરના રાજાઓએ આશરે પાંત્રીશ ગામ ભેટ કરેલાં છે, અને શ્રી નાથજીના મંદિરની ગાદીએ ગિરધરલાલજી મહારાજ હતો. તેણે ઉદેપુરની દરબારનો હુકમ નહિ માન્યો અને પોલિટિકલ એજંટની રૂબરૂ જે એકરાર લખી આપ્યા હતા તે નહિ પાળ્યા, તેથી ઉદેપુરની દરબારે લશ્કરી માણસો મોકલી ગિરધરલાલજીને ઇસ્વી સન ૧૮૭૬ ના તારીખ ૬ ઠી મેને રોજે કેદ કરી લીધા, અને મંદિર તથા મંદિરની મિલકત જપ્ત કરી પોતાના કબજામાં લીધી અને મહારાજને ગાદી ઉપરથી પદભ્રષ્ટ કરી મેવાડમાંથી કહાડી મેલ્યા, અને શ્રી નાથજીની ગાદીએ ઉદેપુરની દરબારે ગોરધનલાલજીને બેસાડી આપ્યા. ઉદેપુરના રાણાનો ગિરધરલાલજી ગુરૂ હતો પણ રાજ્યનો હુકમ ન માનવાથી જે રાજા જેવી પદ્દી ભોગવતો હતો તેને એક પલભરમાં સાધારણ માણસ જેવો કરી મૂકયો.

૯. હાલમાં સજા પામેલા વ્રજેશજીના બાપ દ્વારકાનાથજી મહારાજનું મંદિર પોરબંદરમાં છે તે મંદિરે પોરબંદરના રાણા સાહેબ દરશણ કરવા આવ્યા. તે વેળા મહારાજે હુકમ કરયો જે તમારો જંબઇયો બાહાર મૂકીને મંદિરમાં આવો, તેથી રાણા સાહેબને ગુસ્સો લાગો તે સારૂ પાછા ગયા. દરબાર તરફથી એ મંદિરને જે કાંઇ લાગા વગેરેની ઉપજ હતી તે સર્વે બંધ કરી વૈષ્ણુવ ધર્મ મૂકિ દીધો, અને તે દહાડેથી તે શિવ ધર્મ પાળવા લાગો.

૧૦. મજકુર વ્રજેશજી મહારાજ પોતે જામનગર મધ્યે રહેતા હતા, ત્યારે એમના ઘર નિચેથી જામ સાહેબનો તાયફો જતો હતો. તેમની ઉપર પોતાની જગ્યામાંથી થુંક નાખી. એવી ખબર જામસાહેબને થઇ તે ઉપરથી જામસાહેબે એકદમ હુકમ કરયો, મહારાજને નગરમાંથી કહાડી મેલો. ત્યારે અત્રે આવ્યા. અત્રેથી થોડો વખત ગોકુલ જઇ આવ્યા.

પાછા અત્રે આવી મહાલક્ષ્મી રહ્યા હતા. અને પછી શ્રી નગર ખાતે જામ-સાહેબની રજા મેળવી પાછા ગયા હતા.

૧૧. શ્રી નાથજીના ટિકાત દાઉજી મહારાજ લશ્કરી ધ્યારી સાથે ગોકુલ મથુરાં તરફ પધારયા, તેમની સાથે હથિયાર બંધ માણુસ હજાર પંદરસો હતાં. એ વાતની આગરાના લેફ્ટેનંટ ગવરનરને ખબર થઇ તેમણે મહારાજની ભેટ લીધી. દાઉજી મહારાજે લેફ્ટેનંટ ગવરનર સાથે સેકીન કીધી, તે હાથે શ્રીનાથજીની સેવા થઇ શકે નહીં, તેથી દેહ તજી ગૌલોકની લીલામાં પધાર્યા.

૧૨. દાઉજી મહારાજે પોતાની હયાતીમાં પોતાના વારસ ધનશામજીના પુત્ર લક્ષ્મણજી મહારાજને ઠરાવ્યા. લક્ષ્મણજી મહારાજ શ્રીનાથજીની ગાદીએ બેસવા સારૂ શીઆડ ગયા. પણ ઉદેપુરના રાણા ભીમસિંગજીએ તેને ગાદીએ બેસવા દીધા નહી. ગોવિંદલાલજીને ગાદીએ બેસાડી લક્ષ્મણજીને ત્યાંથી કહાડી મેલ્યા. એ વાતને આશરે પચાસ વર્ષ થયાં.

૧૩. જદુનાથજી મહારાજે સંવત ૧૯૧૭ ના વર્ષમાં વ્યભિચારની બાબતમાં મોકલા થવા સારૂ સત્યપ્રકાશ ઉપર ફરિયાદી* માંડી. આ મુકદમા સંબંધી કોર્ટમાં પીસતાલીશ દાહાડા તપાસ કરીને ચુકાદો આપ્યો. જે જદુનાથજી અને બીજા મહારાજો વ્યભિચારના દુર્વ્યસનમાં ડુબેલા છે. અને જદુનાથજીએ જાણી જોઇને જુઠા સોગન ખાધા છે ઇત્યાદિ ઇત્યાદિ. એ માથાનો ખરચ આશરે પચાશ હજાર રૂપિયા મહારાજ ઉપર નાખ્યો અને જુઠા સોગનની સજામાંથી બચવા સારૂ જદુનાથજી મહારાજ ત્રણ વર્ષ સુધી હેદરાબાદના મુલકમાં ભરાઇ બેઠા.

૧૪. ગોકલઓછવજી મહારાજે એક વ્રજવાસીની સ્ત્રીની અનીતિ ભરેલી છેડ કરી, તે વાતની તેના ધણીને ખબર પડી. તેણે મજકુર મહારાજ ઉપર તલવાર કાઢી મહારાજે વ્રજવાસી સાથે સમજુતી કીધી જે રૂપિયા ૨૦૦૦૦) વીશ હજાર તેને નુકશાનીના આપવા કબૂલ કીધા. પણ રૂપિયા તે વેળા મહારાજ પાસે તૈયાર નહોતા તે સારૂ એવો કરાર કરવામાં આવ્યો જે રૂપિયા પેદા કરવા સારૂ મહારાજ પરદેશ જાય અને રૂપિયા પુરા થાય ત્યાં સુધી પાઘડી પ્હેરે નહિં.

૧૫. દ્વારકાંનાથજી મહારાજના કાકાના દીકરા વ્રજનાથજી ગુજરી ગયા, તેથી નગર જઈ ચંદ્રાવળી વહુજી સાથે રહ્યા. પણ તુરંગવાસી વ્રજેશજીએ પોતાના પિતા તથા પાલક માતા ઉપર એવો દોષ મૂકયો જે

*આ મુકરદમો તેજ અમોએ પ્રસિધ્ધ કરેલ " મહારાજ લાયબલ કેસ " છે કી. રૂ. ૨—૦

તેઓ અનીતિ ભરેલી રીતે વર્તે છે, તે મેં મારી નજરે જોયું છે આ વાત જામસાહેબે ખરી માની, સામી તરફનો ખુલાસો લીધા વગર દ્વારકાંનાથજીને બે ઇજત કરી વ્રજનાથજીના મંદિરમાંથી કહાડી મેલ્યા. તે એક કોશ ઉપર જઇને રહ્યા. ત્યાંથી તેને દેશ પાર કીધા.

૧૬. વલ્લભજી મહારાજે મુસલમાન સ્ત્રી રાખી હતી, તેથી ન્યાત વાળાઓએ તેને ન્યાત બહાર કર્યા. સતર વર્ષ સુધી નાતબહાર રહ્યા. વૃદ્ધ અવસ્થા થઇ ત્યારે નાતમાં આવ્યા, એ વાતને આશરે પાંત્રીશ વર્ષ થયાં.

૧૭. ત્રીકમજી મહારાજે મુસલમાન સ્ત્રી રાખી હતી તેને તેડી અત્રેથી પંઢરપુર ગયા, વિઠલનાથજીના મંદિરમાં તેને દરશણે લેઇ ગયા. મુસલમાનીએ ભાઇને હાક મારી, તે ઉપરથી બ્રાહ્મણો સમજ્યા જે આ હિંદુ નથી, મુસલમાન છે તેને ધકા મારી બહાર કાઢી મજકુર ત્રીકમજી મહારાજ અને જેરામ મોનજી વચ્ચે પડયા, તેમને પણ મારીને બહાર કહાડી મેલ્યા. આ વાતને આશરે એકવીશ વર્ષ થયાં.

૧૮. બેટમાં છપનભોગ થયો તે વેળા ગોપકેશજી મહારાજ અને તેના વહુજી ત્યાં ગયાં હતાં. દરશણની વેળાએ ગોપકેશજી અને તેના વહુજી વગેરે મંદિરમાં જાતાં હતાં. ગોપકેશજીના શિપાઇએ મહારાજના હુકમથી સરકારના શિપાઇને ધકો મારી બાજુએ કરયો, તેથી સરકારી શિપાઇયો મજકુર ગોપકેશજી વગેરા ઉપર તુટી પડયા. અને મહારાજને ખુબ માર મારયો. એક દિવસ છપન ભોગનું કામ બંધ રહ્યું. દ્વારકાંથી તેમનો સરદાર આવ્યો, તેણે શિપાઇયોની બદલી કરી ત્યારે છપન ભોગનું કામ ચાલુ થયું.

૧૯. નડીઆદવાળા વ્રજરતનજી મહારાજ કચ્છ માંડવી ગયા હતા. એક દહાડ લાઇબ્રેરી પાસેથી જતા હતા. ત્યાં બેઠેલા ભાટિયા ઉઠી ઉભા થયા નહિ, તેથી મહારાજને ગુસ્સો લાગો. તે ભાટિયાઓ ઉપર મહારાજે ચીઠી લખી જે તમે મારી સામા ઉઠી ઉભા થયા નહી. તેથી તમારાં માથાં મારી સોનાની મુઠવાળી તરવારથી કાપી લેઇશ. તેમણે મહારાજને જવાબ વાળ્યો જે અમારાં માથાં કાપવા આવો તે વેળા તમારૂં માથું કયાંએ ચોકશ જગ્યાએ મૂકી આવજો અને માથાં સાથે આવો તો તમારાં માથાના શું હાલ થાશે તે વિષે વિચાર કરજો ઇત્યાદિ. તે ઉપર મહારાજ રીસે ભરાઇ લાંઘવા બેઠા ને મહાજન એકઠું કીધું. ઉપલી બાબતસર પંચાત થઇ, તે વેળા ચીઠી લખનારાઓએ મહાજનને કહ્યુ જે અમે મહારાજ

ઉપર પીનલ કોડ મુજબ ફોજદારીમાં કામ ચલાવશું. તમારે વચ્ચે પડવું નહિં. મહારાજ એ સાંભળી વટાણા વાવી ગયા.

૨૦. લશ્કરીલાલ મહારાજના અનીતિ ભરેલાં કામો સારૂ તેની સ્ત્રી અને ભોજાઇ સામાં થયાં તેમને ખુબ કેશરીપાક જમાડયો અને તેની શિક્ષામાં હોલકર સરકારે પચાસ હજાર રૂપિયા દંડ કરયો.

૨૧. માંડવીનાં માજી મહારાજ અને તેના દત્તક પુત્ર પનાલાલજી વચ્ચે સંવત ૧૯૨૬ ના વર્ષમાં અણબનાવ થયો. તે ઉપરથી પનાલાલજીને પોતાનાં ઘરમાંથી કહાડી મેલ્યો, માંડવીના મહાજનની સલાહ માની નહિં. મહાજન માજી મહારાજ સાથે રીસાયું, મહાજને મંદિરે દરશન જાવાનું બંધ કરયું. માજી મહારાજે ગોપાલલાલ મહારાજને ગાદીએ બેસાડવા બોલાવ્યો, પણ માંડવીના મહાજને ગોપાલલાલ સામે પોતાનો ધિઃકાર જણાવ્યો. રસ્તામાં મહારાજ મળે તો કોઇ વૈષ્ણવ સામે જુવે નહીં, પણ મહારાજ સામી પીઠવાળી ઉભા રહે, આખા કચ્છમાં ગોપાલલાલના એવા હાલ થયા. તેથી ગોપાલલાલ કચ્છ મૂકી જતા રહ્યા.

એ શિવાય બીજા ઘણા દાખલાઓ અમારી પાસે છે, પણ જગ્યાની કોતાઇને લીધે આંહી લખવામાં આવ્યા નથી.

આગલના વૈષ્ણવો ઘણા સમજુ અને ગંભીર હતા, તેથી મહારાજોની આડી ચાલ સારૂ તેઓને અટકાવતા તથા શિક્ષા કરાવતા. મહારાજો તેઓના દુરાચરણથી દુઃખમાં આવી પડતા, ત્યારે તેઓ ગંભીરતાથી જોતા. હાલના વૈષ્ણવો જેવી ફોકટની અને નિરર્થક ધામધુમ કરતા નહિ. વૈષ્ણવોએ નગરમાં ચાલેલું કામ તપાસ્યું હતે તો તેઓની ખાત્રી થાતે, મહારાજે ખરેખર ગુનાહ કરેલો છે. ખરા ગુનેહગારને બચાવવાની ધર્મશાસ્ત્રમાં મના કીધલી છે.

વ્રજેશજીને રાજકોટની જેલમાંથી

સીંધ તરફ મોકલ્યો.

વ્રજેશજી મહારાજને સને ૧૮૮૨ ની તારીખ ૨૮ મી જાનેવારીને રોજ રાજકોટની જેલમાંથી પોરબંદર તરફ લેઇ ગયા. મેલ આવતાં સુધી પાંચ સોલજરોના પેહેરાની ચોકી સાથે તુલસી નરસીના વંડામાં કેદ રાખ્યા હતા. ત્યાં જેટલો વખત રહ્યા, તેટલો વખત કોઇની મુલાકાત કરવા આપી નહીં. તારીખ ૪ થી ફેબરવારીને રોજ મેલની સ્ટીમર દેખાઇ કે તરતજ મહારાજને મછવામાં બેસાડી તેમાં ચડાવી દીધા. કરાંચીના ઉપલા પરગ-

ણામાં જે ઠેકાણે બંધીવાનોને રાખવામાં આવે છે ત્યાં વજેશંગજીને રાખવામાં આવશે મહારાજની સાથે રસોઇયો કે ચાકર નોકર કોઇ નહોતો અને કેદીનાં વસ્ત્ર પેહેર્યાં હતાં.

બેંગી કેસ સમાપ્ત.

મહારાજ લાયબલ કેસ

તથા

તે સાથે ચાલેલો

ભાટીઆ કોન્સ્પીરસી કેસ.

વલ્લભ સંપ્રદાયના આચાર્ય મહારાજ શ્રી

જદુનાથજી બ્રીજરતનજીએ

સ્વર્ગવાસી શેઠ કરસનદાસ મુલજી

પર માંડેલો લાયબલનો મુકરદમો.

બહાર આવેલી ચોંકાવનારી વીગતો.

વાદી જદુનાથજી મહારાજ તથા બીજા કેટલાક મહારાજોએ ચલાવેલી અનીતિ, પોતાની જુવાન સેવકીઓ સાથે કીધેલા જારકર્મ સંબંધી નજરે જોનારાઓની જુબાનીઓ, રસ મંડળીની વિગતો અને તેને અંતે વાદી મહારાજની પુરવાર થયેલ બદચાલ સંબંધી કોર્ટની સખ્ત ટીકા.

પાકું પુઠું, સારી છપાઈ છતાં કીમત રૂ૦ ૨—૦

વલ્લભ સંપ્રદાયોત્પન્ન ગૌસ્વામી

ઘનશ્યામલાલજી ચીમનલાલજીની

વારંટ લીલા.

બાઈ મીઠીબાઈ, તે બહારકોટ હનુમાન ગલીમાં રહે-નાર, મુંબઇના હિંદુ રહેવાસી હરીદાસ રામદાસની સ્ત્રી	ફરયાદી.

વીરૂધ

ગૌસ્વામી ઘનશ્યામલાલજી ચીમનલાલજી, તે બહા-રકોટ ભુલેશ્વર પાસે રહેનાર મુંબઇના રહેવાસી ...	તહોમતદાર.

કોટની પોલીસ કોર્ટમાં ત્રીજા મેજીસ્ટ્રેટ મી. કરસનદાસ છબીલદાસ હજુર તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૯૦૩ ને રોજ નોંધાયેલ ફોજદારી કેસ.

ની કીમતના દાગીના, ઝવેરાત તથા રૂપાના વાસણો વગેરે સોપ્યા.

૫. એવી રીતે એ ત્હોમતદારને એ દાગીના સોંપ્યા પછી થોડે વખતે મને કેટલાક દાગીનાની ખપતી પડવાથી, મેં તે મને આપવાની મજકુર ત્હોમતદારને માગણી કરી. તે મુજબ તે દાગીના મને આપવાને બદલે ત્હોમતદારે મને ઉડાવ્યા કરી અને અડચણો ઉભી કરવા માંડી. તેથી મારા દાગીના કે જેની મને ઘણીજ જરૂર હતી તે મને પાછા આપવા માટે મેં ત્હોમતદાર પાસેથી દરરોજ ઉઘરાણી કરવા માંડી. પણ તેણે તે પાછા ન આપવાથી તેની દયાનત ચોખ્ખી હોવા માટે મને શક પડવા લાગ્યો. તેથી તે જો મારા દાગીના પાછા નહિ આપે તો એ બધી વાત મારા ધણીને જાહેર કરી દેવાની મેં તેને ધમકી આપી. પણ તેણે એ વાત ઉપર કશું પણ ધ્યાન આપ્યું નહિ. તેથી આખરે એ બધી વાત મારા ધણીના કાન ઉપર આણ્યા શિવાય મારો કશો ઉપાય રહ્યો નહિ તેથી મેં તેને તે વાત જણાવી.

૬. તે ઉપરથી મારા ધણીએ આ વાત અમારી ભાટીઆ ન્યાતના કેટલાક આગેવાન ગ્રહસ્થો પાસે કરી. તેમના વચે પડવાથી આશરે રૂ. ૩૫૦૦ ની કીમતના દાગીના ત્હોમતદાર પાસેથી તે પાછા મેળવી શક્યો અને બાકીના દાગીના માટે ત્હોમતદાર નામુકર જાયછે. એવી રીતે પાછા મેળવેલા દાગીના મારા ધણીએ શેઠ ચતરભોજ મોરારજી પાસે ડીપાઝીટ રાખ્યા છે.

૭. મજકુર ત્હોમતદારને ઉપર જણાવ્યા મુજબ સાચવી રાખવા માટે આપેલા દાગીનામાંથી બાકી તેની પાસે હજી આશરે રૂ. ૬૫૦૦ ના દાગીના છે. તેનો નોંધ આ સાથે એ નીશાની કરી જોડ્યો છે. આ દાગીના હજી યાતો ત્હોમતદાર પાસે છે યાતો તે વેચી તેના નાણા તેણે પોતાના ઉપયોગમાં લીધાં છે.

૮. મને ખબર મળી છે તેમજ હું માનું છું કે એમાના કેટલાક દાગીના હજી સુધી ત્હોમતદારની તીજોરીમાં છે અને મને ધાસ્તી રહે છે કે તેને આ કેસની ખબર પડશે તો તે ત્યાંથી ખસેડી નાખશે.

૯. હું રજુ કરૂં છું કે ઉપર જણાવ્યા મુજબ મને ત્હોમતદારે જે સલાહ આપી અને મેં તેમાં ધરમગુરૂ તરીકે જે ભરૂસો મુકયો તેનો તેણે જે ગેરલાભ લીધો છે તેમાં તેની ધારણા મને ઠગવાની અને ઉપર જણાવેલા દાગીના તથા ઝવેરાતનો પોતાને માટે ગેરઉપયોગ કરવાની હતી.

૧૦. તેથી હું ત્હોમતદાર ઉપર પીનલ કોડની ૪૦૬ કલમ મુજબ આરોપ મુકું છું અને વીનંતી કરૂં છું કે તેને પકડવા માટે અને તેની ઝડતી લેવા માટે વારંટો મલવા જોઇએ અને ત્હોમતદારને કાયદા પ્રમાણે સજા થવી જોઇએ.

દાગીનાની ટીપ.

૨ સરપવેલના સોનાના સાંકડા, ૧ સોનાનો વાંક, ૪ સોનાની ચોકીદાર બંગડીઓ, હાથીદાંતના ચુડા સોનાના મડેલા, ૫ સોનાની પાટલી, ૧ મોતીની વાયડી. માણેકની પોટલી, ૧ હીરો, ૨ સોનાના ગજરા, ૨ સોનાના ટપકા સાંકલાં, ૧ એક જોડી પીછોડી, ૪ બંગડી સોનાની આંબાદાલ ઘાટની, ૨ સોનાના તાલાચાવી ઘાટના સાંકલાં, ૧ સોનાની વીંટી. ૧ કાંપ ૭ મોતીનો, ૧ વીંદડી મોતીની, ૧ બે સરી મોહનમાલા સોનાની, ૪ રૂપાના વાટકા, ૧ રૂપાનો બટો, ૧ રૂપાની ઝારી, ૧ રૂપાનો ચમચો.

ઉપર મુજબનું ફરયાદનામું, ગઇ તા૦ ૧૮ મી ફેબરવારી ૧૯૦૩ ને દીને સવારના ૧૧ વાગે કોટની પોલીસ કોર્ટમાં ત્રીજા મેજીસ્ટ્રેટ મી૦ કરસનદાસ છબીલદાસ હજુર ફરયાદી બાઇ મીઠીબાઇએ પોતાના સોલીસીટર મી૦ માધવજી વીરજી મારફતે રજુ કર્યું. નામદાર માજીસ્ટ્રેટે, મજકુર ફરયાદી બાઇની સોગંદપુર્વક જુબાની લઇ ખાત્રી કરી કે મજકુર ફરયાદનામુ તેણીને વાંચી સંભળાવવામાં આવ્યું હતું તથા તેનો અરથ તેણીને કરી બતાવવામાં આવ્યો હતો અને તે હકીકત તદન ખરી છે. તે ઉપરથી નામદાર માજીસ્ટ્રેટ સાહેબે ફરયાદી બાઇના માગવા મુજબ મજકુર ગોસ્વામી ઘનસ્યામલાલજીને પકડી કોર્ટમાં હાજર કરવાનું તથા તેમના ઘરની ઝડતી લેવાનું વારંટ આપ્યું અને તેની સાથે ફરમાવ્યું કે એ વારંટો બજાવવા પોલીસનાં હીંદુ અમલદારો મુકવા. તે હુકમ મુજબ પોલીસ કમીશનરે બંદોબસ્ત કરી આપ્યા બાદ, એ સરઘસ બપોરના ૨॥ વાગે મજકુર ગોસ્વામીના ભુલેશ્વર પાસેના મંદીરમાં દાખલ થયું. એ વખતે મજકુર ગોસ્વામી મંદીરના અંદરના ભાગમાં હતા. ત્યાંથી ખીમજી ધનજી નામના ભાટીઆ ગૃહસ્થ તેમને પોલીસના અમલદારોના સ્વાધીનમાં આપવા બહાર તેડી આવ્યા. પોલીસ અમલદારોને જોતાંજ મજકુર ગોસ્વામીએ તેમના હાથમાંથી છટકવા તજવીજ કરી. તેથી તેમને બહાર લાવનાર ગૃહસ્થે તેમને મજબુ-

તીથી પકડી રાખ્યા એટલે ગોસ્વામીના કેટલાક માણસોએ તેમની ઉપર હુમલો કરી મંદીરના દરવાજા બંધ કર્યા. એવી રીતે અંદર ઘેરાઇ જનાર ખીમજી ધનજીએ પોલીસને, મદદ માટે બુમો મારી તે તેમની મદદે આવનાર બીજા ભાટીઆ ગૃહસ્થોએ ઉપાડી લીધી. તેથી મંદીરની બહાર બંદોબસ્ત જાલવવા ઉભેલ પોલીસના માણસો તથા તેમનો યુરોપ્યન અમલદાર અંદર ધસી ગયા. તેમણે ખુલું કહ્યું કે જો બારણા નહિ ખોલવામાં આવે તો તે ફોડી નાખી અંદર જવામાં આવશે. આ ધમકીથી દરવાજા ખોલી નાખવામાં આવ્યા. તેથી અંદરના તથા વચલા ભાગમાં ઘેરાઇ ગયલાઓનો છુટકારો થયો અને હીંદુ પોલીસના અમલદારોએ જઇ ગૌસ્વામી ઉપર વારંટ બજાવ્યું અને તેમને મેજીસ્ટ્રેટ હજુર પોલીસ કોર્ટમાં લઇ જવા માગ્યું. તે ઉપરથી તેમણે મી૦ ચતરભોજ મુરારજીને તેડાવ્યા. તેઓ પોતાના વકીલ મી૦ સ્મીથને તેડી લાવ્યા. તેઓએ પોલીસ અમલદારો પાસેથી સર્વે હકીકત સાંભળી લઇ તેમને વીનંતી કરી કે હું મેજીસ્ટ્રેટ સાહેબ પાસે જઇ આવું, તેટલો વખત ખોટી રહેવું અને જડતીના વારંટની રૂએ જે થોડી જડતી લેવામાં આવી હતી તે પણ તેમના આવવા સુધી મુલતવી રાખવી. પોલીસ અમલદારોએ એટલો વખત થોભવાનું કબુલ કરવાથી સોલીસીટર મી૦ સ્મીથે મેદાનની પોલીસ કોર્ટમાં જઇ મજકુર ગોસ્વામી ઉપર શા શા આરોપો મુકવામાં આવ્યા છે તે વાંચી જોયા અને નામદાર મેજીસ્ટ્રેટ મી૦ કરસનદાસને અરજ કરી કે મજકુર ગોસ્વામીને કોર્ટમાં હાજરી આપવાની ફરજ પાડવા વગર જામીન લઇ છુટા કરવા. આ અરજ ગેરકાયદાની હોવાથી નામંજુર થતાં મજકુર ગોસ્વામીને પોલીસ સીપાઇઓના પાહરા નીચે, મેજીસ્ટ્રેટ સાહેબ પાસે લઇ જવામાં આવ્યા. તે વખતે કોર્ટનો વખત થઇ જવાથી, એ વરઘોડો મેજીસ્ટ્રેટ સાહેબને બંગલે લઇ જવામાં આવ્યો. ત્યાં મજકુર ગોસ્વામીને રૂ. ૭૦૦૦ ના હાથ મચકરા તથા રૂ. ૭૦૦૦ ના મી૦ ચતરભોજ મુરારજીને જામીન લઇ રાતના ૭ વાગે છુટા કરવામાં આવ્યા. એ વારંટ બજાવવાને પોલીસના પ્હારા નીચે મેજીસ્ટ્રેટ સાહેબ હજુર લઇ જવામાં આવ્યા ત્યાં સુધી એ મંદીર આગલ સ્ત્રી પુરૂષોની એટલી ભારી ગીરદી થઇ હતી કે રસ્તો ખુલો રાખવા માટે પોલીસને ખાસ બંદોબસ્ત રાખવો પડયો હતો. એ ગીરદીમાં જેમ વૈષ્ણવો તેમ બીજા ધર્મ તથા ન્યાતના લોકોની સંખ્યા પણ નજરે પડતી હતી, તેઓ વચ્ચે આ બાબદ અનેક રૂપે ચરચાતી હતી તેનો

એકંદર સારાંસ મજકુર ગોસ્વામીની તરફેણ કરતાં વિરૂદ્ધમાં વધારે સંભળાતો હતો. તેવોજ વિચાર, મુંબઇ શહેરના જુદા જુદા ભાગોમાં, જ્યાં આ વાત પવનવેગે ફેલાઇ ગઇ હતી, ત્યાં પણ અપાતો હતો.

આ ફરીયાદનામાને લગતી પહેલી ખબર મુંબઇમાં દર સાંજે પ્રગટ થતા "સાંજ વર્તમાન" નામના છાપાએ તા૦ ૧૮ મી ફેબરવારીએ બ્હાર પાડી. તે વાંચવા માટે લોકોમાં ભારે ઇંતેજારી ફેલાયલી હતી અને એ પત્રની સંખ્યાબંધ નકલો તે દહાડે ખપી હતી. વલતે દહાડે **ગુરૂ મહારાજની ઠગાઈ અને ભાટીઆણીનું વારંટ, ઘનશ્યામલાલજીનો ઘોંટાલો અને ભાટીઆણીના મરણનો ઉભરાટો,** વગેરે નામના ન્હાના ન્હાના પુસ્તકો દહોડ્યા દહોડ્યાની કીમતે મુંબઇના દરેક લતામાં વેંચાતાં સંભલાતા હતાં અને લોકો તે ખાંતેથી ખરીદી હોંસે હોંસે વાંચતા જણાતા હતા. આ પુસ્તકોમાં નીચે લખેલા વાક્યો નજરે પડે છે:—

વારંટલીલા.

પ્રકરણ ૧ લું. પાનું ૧ લું.

અરર, આ તે શું! ગુરૂમહારાજ, દાગીના રાખવાને, ઘરના બઇરાને ઉતેજન આપે, પાસે રાખે. અને વલી આપવાની ના પાડે. ગજબ, ગજબ........

પ્રકરણ ૨ જું. પાનું ૫ મું.

પણ મારા પ્રિય વાંચનારાઓ આ તમે શું વાંચો છો? કે એક ધરમગુરૂ, કે જે ગુરૂ હિંદુ ધર્મને ફેલાવવાને બદલે, ઉપદેશ આપવાને બદલે, ભગતોને આવા દાગીના રાખવાને સુચવે! અરે, પણ સુચવે તે તો નહિ પણ દાગીના રાખી ઠગાઇ કરે એ ઘણું અજબ છે! ફક્ત ધરમનું ઉતેજન આપવાને, આવા દાગીના જેવી માયામાં પડે! અને આપવાને ના પાડે, તારે પછી બીજા લોકોને શું કહીએ! હશે. પણ **શું આ આપણા ધરમગુરૂએ વીચાર પણ નહિ કીધો હોય કે આ બાયડી આટલી બધી કીમતના દાગીના, પોતાના ઘરમાં પુછ્યા ગાછ્યા વગર લાવે છે કે તે લોકોની મરજીથી લાવે છે, કે કહાય ચોરી કરીને લાવે છે!** પણ આ તો કાંઇ માલમ પડતું નથી. ફક્ત તા૦ ૧૮ મીના "સાંજ વર્તમાન" માં ઠગાઇ કરવાનો આ-

રોપ એટલુંજ વાંચીએ છીએ, પણ ખરૂં પુછો તો આવા પવીત્ર ધર્મ-ગુરૂ મહારાજ આવી મ્હોટી રકમના દાગીના એક ઓરત જાતને લાવી આપવા ભલામણ કરે! તે વાતની બરોબર ચોકસ ખબર કર્યા વગર રાખવાને ઉતેજન આપે, ત્યારે હવે કરવાનું શું બાકી રહ્યું? અરે પરમેશ્વર? તું કીડીને કણ અને હાથીને મણ આપે છે. ત્યારે આવા અન્યાય કેમ થવા પામે છે? આથી બીજા ધર્મવાળા શું કહેશે? હીંદુ ધર્મને હસસે અને મશ્કરી કરશે, હજુ લગી આવો આરોપ કોઇ પણ ધર્મના ગુરૂ ઉપર આવ્યો હશે નહિ. આ શું હિંદુ ધર્મને ઓછું નીચું જોવાનું છે.

પાનાં ૯.

પણ આ તો અજબ થઉં છું કારણકે પવિત્ર ધર્મગુરૂ લોકોને જુઠું નહિ બોલવા, ચોરી નહિ કરવા, તથા પરમેશ્વરના આગલ ગુનોહ કબુલ કરવાનો ઉપદેશ કરે છે અને જ્યારે આ છાપા ઉપરથી તથા વારંટ ઉપરથી એમ જણાય છે કે પોતેજ જુઠું બોલવાને તથા **પારકાનાં દાગીના, કંઇ પણ તપાસ કર્યા વગર પોતીકા કરવાને, સ્ત્રી જેવી અજ્ઞાન બુદ્ધિની માણસને કરાવે છે,** ત્યારે લોકો શું વિચાર કરશે? બીજી કોમના લોકો શું બોલશે? અરર!

ઘનશ્યામલાલજીનો ઘોંટાળો અને હવેલીની હવા.

પ્રિય સદગૃહસ્થો, ધારમીક ગુરૂ ઘનસ્યામલાલજી ઉપર વિસ્વાસઘાત તથા ઠગાઇનો ગંભીર આરોપ આવી પડશે અને તેને મોટી મુસ્કેલી ભોગવવી પડશે, એવો ખ્યાલ સ્વપનામાં આવવા પામે એમ શું તમે ધારો છો?

આજ બે ત્રણ દીવસ થયાં આખાં શહેરમાં ઘનસ્યામલાલજી મહારાજ પર વારંટ કહાડનાર બાઇ મીઠીબાઇના મરણની વાત ઉડી છે તે વાત તદન ગલત અને ગામગપાટો છે. કાંઇ પણ કારણ વીના કાર્ય થતુંજ નથી. માટે આ અફ્વાનું કારણ દુરબીન બારીકાઇથી તપાસ કરી ત્રીજા ભાગમાં ખુલાસો જણાવશે.

ઉપલા લખાણુમાં જણાવેલા ગપાટા ઉપરાંત બીજો એક એવો પણ ઓરંગો મારવામાં આવ્યો કે મજકુર વારંટ બજાવનાર ભાટિઆ ગૃહસ્થ ખીમજી ધનજીને મરકી થઇ છે. પણ તપાસ કરતાં ખુલું માલુમ પડી આવ્યું કે એ વાત પણ સરાસર જુઠી હતી. ભોલીઆઓને ભમાવી ઉંધે રસ્તે દોરવા માટે, મતલબ ઠગો અનેક ખોટા ગપાટા ફેલાવતા હતા, આ-

વી નઠારી યુક્તિઓ કામે લગાડવામાં આવ્યાં છતાં જાહેર પ્રજાના વીચાર, જે તદન વિરૂધમાં હતા તે તરફેણુમાં ફેરવાઇ શકાયા નહિ. એ ચરચા એવી રીતે અનેક રૂપે ચાલુ રહેવા પછી ગઇ તા૦ ૨૧ મી ફેબ્રુઆરીને દીને ત્હોમતદારના સોલીસીટરે, ભાઇ માધવજી વીરજીને પત્ર લખી પુછાવ્યું કે અમને ખબર મલવા મુજબ તમારા કુલને કાંઇ અકસ્માત થયો છે તેથી તમે એ મુકરદમો મુલતવી રાખવા માગો છો કે કેમ? પણુ આ બાબદ ફરયાદી બાઇના સોલીસીટરને કશી ખબર ન હોવાથી તેમણે મજકુર પત્રને કશો જવાબ વાલ્યો નહિ. પણુ તા૦ ૨૩ મીને દીને ફરયાદી બાઇના પ્રતીનીધીની અરજ ઉપરથી બને પક્ષના સોલીસીટરોએ નામદાર મેજીસ્ટ્રેટ હજુર હાજર થઇ ફરયાદી બાઇ પડી ગઇ છે એમ કહી એ મુકરદમો એક અઠવાડયા સુધી મુંલતવી રખાવ્યો. તે વાતની છાપાદવારે ખબર પડતાં જાહેર પ્રજાને પ્રથમથીજ રહેલો શક વધારે મજબુત થયો કે આ મુકરદમાની ઘેરમેળે માંડવાળ થઇ જશે, અને અંતે થયું પણુ એમ.

ગઇ તા૦ ૨ જી માર્ચને દીને ત્હોમતદારના સોલીસીટર તર્ફથી ભાઇ માધવજી વીરજીને પત્ર મલ્યો તેમાં તેમને જણાવવામાં આવ્યું કે ફરયાદી બાઇ એ કેસ આગલ ચલાવવા માગતી નથી એમ તેમને ખબર મલી છે. પણુ મજકુર સોલીસીટરને તેવી કોઇ વાતની ખબર ન હોવાથી તેઓએ તે પત્રને કશો જવાબ ન વાલ્યો. પણુ છેક છેલી ઘડીએ યાને તા૦ ૩ જી માર્ચની સવારના ૧૨ વાગે ફરયાદી બાઇના પ્રતિનીધીની અરજ ઉપરથી મજકુર સોલીસીટરે નામદાર મેજીસ્ટ્રેટ હજુર હાજર થઇ જણાવ્યું કે ત્હોમતદારે તેમના કુલને પુરતો સંતોષ આપેલો હોવાથી તેઓ એ કામ આગલ ચલાવવા માગતા ન્હોતા. નામદાર મેજીસ્ટ્રેટ મી૦ કરસનદાસે આ બાબદમાં ત્હોમતદારના સોલીસીટર મી૦ એકવર્થને પુછી જોતાં તેમણે જણાવ્યું કે ફરયાદીને પુરતો સંતોષ થયેલો હોવાથી એ મુકરદમો પાછો ખેંચી લેવાય તેમાં એમને કશો વાંધો નથી. પણુ મેજીસ્ટ્રેટ સાહેબે જણાવ્યું કે જેમ બને પક્ષાને સંતોષ થયો છે તેમ કોર્ટને પણુ ખાત્રી થવી જોઇએ કે આ આરોપ ખોટો છે કે ખરો, કારણુ કે આ બાબદમાં વારંટ નીકલ્યું હતું. જો આ આરોપ ખોટો હોય તો તેવી વાત આ કોર્ટમાં ચાલવા દેવામાં નહિ આવે. બે પક્ષામાંનો એક ખરો હોવો જોઇએ. જો ફરયાદીએ ખોટું ત્હોમત મુકયું હોય તો તેને કાયદા પ્રમાણે સજા થવી જોઇએ. આ પણુ એક વિચીત્ર જેવી વાત છે કે "એક મહારાજની ભગત—ભાટિયા સ્ત્રી—પોતાના ગુરૂ સામે વારંટ કહાડવા આવે!" ફરયાદીના સો-

લીસીટરે, આ વાતનો ખરો ખુલાસો કર્યો હોત. પણ તેમને તેમ કરવાની તક આપવામાં ન આવી, અને ત્હોમતદારના સોલીસીટરે ખુલાસો કર્યો કે કોઇ માણસે એવું ત્હોમત મુકયું હતે તો જુદી વાત હતી, પણ આ ફરયાદ કરનાર તો બાઇ માણસ છે!! અને બાઇ માણસોને હમેશાં હીસ્ટીરીઆ વગેરે જેવી માંદાઇઓ થાય છે અને તેણી પણ તેવી કોઇ માંદાઇથી મુકત નથી."!! મેજીસ્ટ્રેટ સાહેબે પુછ્યું કે "શું તેણી ગાંડી છે?" ત્હોમતદારના સોલીસીટરે ખુલાસો કર્યો કે "આ કામ આગલ ચાલત તો હું તમો નામદારને ઉલટ પાલટ તપાસથી દેખાડી આપત કે તેણીને પોતાને ખબર ન હતી કે તેણીના દાગીના કયાં હતા? અને તે તેને ઓલખી પણ મહા મુશીબતથી શકત! તેથી આગલ વધવાથી કશા લાભ નીકલશે નહિ. મારો કુળ જે ત્હોમતદાર છે તેને જ્યાં સુધી લાગતું વલગતું છે ત્યાં સુધી તેને સંતોષ મલ્યો છે. ત્હોમતદારને જોકે ખમવું પડયું છે તોપણ **આ કેસ આગલ ચાલે તો ઘણી મ્હોટી બાબદો બહાર આવે કે જે જાહેર રાજ્યનીતિથી વિરૂધ હશે.** હું ખાત્રીથી કહું છું કે મારા કુળની સામે કહાડવામાં આવેલા વારંટ બદલ તેને કશો બદલો જોઇતો નથી અને જ્યારે બને પક્ષો આગલ વધવા માગતા નથી ત્યારે કોરટે તેમને તે માટે શા માટે ફરજ પાડવી તે હું સમજી શકતો નથી." તે ઉપરથી મેજીસ્ટ્રેટ સાહેબે નીચે મુજબ ચુકાદો આપ્યો "મી૦ માધવજી વીરજી કહે છે કે બને પક્ષો વચે ગેરસમજુતી થઇછે અને ત્હોમતદાર સામે લેવામાં આવેલા પગલા માટે તેને કશો બદલો જોઇતો નથી અને મી૦ એકવર્થ કહે છે કે તે આ બાબદમાં આગલ વધવા માગતો નથી, અથવા તો ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૫૦ મી કલમ મુજબ બીજા કશા પણ પગલા ભરવા માંગતો નથી અથવા તો ફરયાદી પાસેથી તેને કશો બદલો જોઇતો નથી અને બને પક્ષો એવું ઇચ્છે છે કે આ બાબદમાં વધારે પુરાવા લેવા નહિ અને કોર્ટે આ બાબદમાં વચે માથું મારવું નહિ તેથી તે બાબદ વધારે દબાણ કરવાનું હું કશું કારણ જોતો નથી. તેથી ફરયાદીએ વારંટ લીધેલું હોવાથી હું ત્હોમતદારને ૨૫૩ મી કલમ મુજબ છોડી મુકવાનો, વારંટ રદ કરવાનો અને ઝડતી વખતે કબજે લેવામાં આવેલી વાલી ત્હોમતદારને પાછી આપવાનો હુકમ કરૂં છું!!"

એવી રીતે આ વારંટલીલા વીસ્તાર થવા બાદ અત્રેના જાહેર છાપાના મ્હોડા ખુલા થયા. અત્રેના રોજીંદા છાપાઓએ, આ કેસ આવી

કઢંગી રીતે અટપાઇ જઇ ખરી હકીકત અંધારામાં રહી જવા માટે દલગીરી દેખાડી, તે જો આગલ ચાલ્યો હોત તો જાહેર પ્રજાની જાણમાં ઘણી અગત્યની બાબદો આવત એમ લખ્યું. વલી આ બાબદ અત્રેનું અઠવાડીક પત્ર "ગુજરાતી" જે પ્રથમ સુધારાની તરફેણનું ગણાતું હતું પણ હાલમાં જેના વિચારો જુના વિચારવાલાની તરફેણના ગણાય છે તેણે પોતાના ગઇ તા૦ ૯ મી માર્ચના પત્રમાં ઉપર મુજબના અભીપ્રાય આપતાં જે કાંઇ વિશેષ લખ્યુંછ તે ખાસ અભ્યાસ કરવા લાયક છે તેથી તે નીચે આપવાનું વાજબી ધારીએ છીએ :—

"પોતાની વિરૂધ ગંભીર આરોપ મુકનાર સખસ સામું કશું પણ કામ ચલાવ્યા વગર અથવા કંઇ નહિ તો તેની પાસેથી માફી પત્ર પણ લખાવી લીધા વગર, આરોપી સખસ, ઠગાઇના આરોપની પોતાના ઉપર કદી ન ભુસાઇ જાય એવી ખુલી નામોસી આવ્યા છતાં, પોતાની સામેનો ફોજદારી મુકરદમો મંડાયા પછી, એમને એમ ખેંચી લેવડાવવા દે એવો મુકરદમાનો અંત, તહોમતદારને માટે કોઇ પણ પ્રકારે માન ભરેલો ગણાતો નથી. તેમજ શ્રી ઘનસ્યામલાલજી મહારાજ સામેના ઠગાઇના મુકરદમાનો જો કે કશી પણ તપાસ આગલ ચાલ્યા વગર અંત આવી ગયો છે; **પણ તેઓએ પોતાની સામું ફોજદારી માંડનાર સામું કશું પણ પગલું લીધા વગર નાખતી કીધી છે એ, મહારાજશ્રીને વિશે કોઇ પણ પ્રકારે માનભરેલું ગણાશે નહિ.** ફરયાદી બાઇએ મહારાજશ્રીની વિરૂદ્ધ મુકેલો પોતાના દાગીના ઉચાપત કરવાનો ઠગાઇનો ગંભીર આરોપ જો ખોટો હોય તો, પોતાની સામું એવો ખોટો આરોપ મુકવાના ફોજદારી ગુન્હા માટે, મહારાજશ્રી, પોતાની આબરૂની જાલવણી માટે એ બાઇ સામું ફોજદારી કામ ચલાવવાની કાયદા પ્રમાણે સતા ધરાવે છે. પણ ફરીયાદી બાઇએ તો શ્રીઘનસ્યામલાલજી સામેનો ઠગાઇનો મુકરદમો ખેંચી લેતી વેલા, તેમના જેવા ઉંચા દરજ્જાના પુરૂષ સામું ઠગાઇનો આવો નામોશી ભરેલો ને કલંક લગાડે એવો ગંભીર આરોપ મુકવા માટે અને તેમને વારંટથી પકડવા માટે **કશી દલગીરી પણ જાહેર કરી નથી; અને મહારાજશ્રીએ પોતાની સામેના આ ઠગાઈના આરોપ સંબંધે પોતાની તરફનો કશો પણ સંતોષકારક ખુલાસો કોરટ હજુર જાહેર કીધો નથી.** પણ મુકરદમાનો અંત પ્રજાને અંધારામાં રાખીને આવવા દીધો હતો.

શ્રીઘનસ્યામલાલજી સામેના ઠગાઇના આરોપની ફોજદારીનો, ન્યાયની

અદાલતમાંથી જે કેવલ અસંતોષકારક અંત આવ્યો છે તે ખચીત તેમના જેવાં ધર્મગુરૂનું અતી ઉંચુ પદ ધરાવનાર પુરૂષના મોટા દરજાને અનેક પ્રકારે નામોશી લગાડનારોજ ગણાશે. એકાદ કરોડાધીપતી પુરૂષ સામુ આવો ઠગાઇનો ફોજદારીનો મુકરદમો ઉભો થયો હોય તે બનાવ જેટલો ધ્યાન ખેંચનારો થઇ પડે તેના કરતાં એક ધર્મગુરૂને—વૈષ્ણવોના ગોસ્વામી સરખા ઇશ્વરી અવતાર મનાતા ધર્મગુરૂને—ઠગાઇના આરોપ માટે ફોજદારીમાં ઘસડી વારંટથી પકડવામાં આવે તે બનાવ હજાર ગણો વધારે વિચારવા જોગ થઈ પડે છે, એક ધર્મગુરૂ પોતાના શિષ્ય વર્ગમાં ધર્મનો બોધ કરનાર ગણાય ને તેથી ધર્મગુરૂ તરીકેની તેની જીંદગી અને તેની રહેણી કહેણી એવી ધર્મયુક્ત ને નમુનેદાર હોવી જોઈએ કે પોતે ધર્મગુરૂ હોવા છતાં, ધર્મની વિરૂધ્ધ ચાલેછે, એવો જરા જેટલો સંદેહ પણ તેની સામે કદી ઉભો થવો ન જોઇએ. તેને બદલે ઉલટું શ્રીઘનશ્યામલાલજી મહારાજ પર ફોજદારી કોર્ટમાં એક સ્ત્રીના—પોતાના શિષ્ય વર્ગની જ સ્ત્રીના—દાગીના ઉચાપત કરી જવાની ઠગાઇનો ગંભીર આરોપ મુકવામાં આવે ને તેમને વારંટથી પકડવામાં આવે, એ તેમના ધર્મગુરૂ તરીકેના દરજાને અત્યંત નીચું જોવાડનારૂં છે ને એ ગોસ્વામી મહારાજને, પોતાની આખી જીંદગી પર્યંત અવશ્ય બહુ ધડો લેવા જેવું છે. વૈષ્ણવ ધર્મનું બંધારણ મુખ્ય કરીને શ્રધા અને ભક્તી ઉપર રહેલું છે. શ્રધાલુ વૈષ્ણવજનો પોતાના ગોસ્વામી મહારાજોને ઇશ્વરાવતાર માનીને મોટા પુજ્યભાવથી ને પરમ ભક્તીથી તેમની તરફ જુએછે, ને તેથી સર્વ કાઈ મહારાજોને ઘટે છે કે પોતાની રીતી નિતી ઉત્તમ પ્રકારની રાખવી જોઇએ કે પોતાના શિષ્ય વર્ગને તેમને એવી અગાધ ભક્તિ અને શ્રધ્ધામાં છેતરવાજેવું થાય નહિ. વૈષ્ણવ વર્ગમાં ગોસ્વામી મહારાજો માટે કેવી ઉંડી ભક્તિની લાગણી છે તેનો અસરકારક પુરાવો શ્રીઘનશ્યામલાલજી મહારાજ પર જે દીવસે વારંટ બજાવવામાં આવ્યું તે દીને કુલ વૈષ્ણવ વર્ગમાં જે ભારે ગમગીની ફેલાઇ ગઇ હતી તે પરથી બરાબર દેખાઇ આવ્યા વગર રહી નથી.

શ્રીઘનશ્યામલાલજી સામેનો ઠગાઇનો આરોપ મુકવાનો બનાવ એ મહારાજશ્રીના મનમાં તેમજ શમસ્ત વૈષ્ણવ વર્ગમાં ગંભીર વિચારો ઉત્પન્ન કરનારો થઇ પડવો જોઇએ. હરકોઇ ધર્મની ચડતી કે પડતીનો આધાર મુખ્ય કરીને તેના આચાર્યોના ઉંચા અથવા

ઉતરતા વર્તન પર, તેમની નીતિમાન કે અનીતિમાન જીંદગી પર રહેછે. કુલ વૈષ્ણવ વર્ગે એ તપાસવાનું છે કે તેમના ધર્મગુરૂઓ પોતાના મોટા દરજાની જોખમદારી ઉપાડવા જેટલી યોગ્યતા ધરાવનારા થાય એવું કશું શિક્ષણ તેમને ઉગતી વયમાં આપવાની કશી વ્યવસ્થા છે ખરી? કબુલ કરીએ કે વૈષ્ણવોના સઘલાં મંદીરો ગોસ્વામી મહારાજોની ખાનગી મીલકત સરખાં છે* ને વૈષ્ણવ વર્ગનો મંદીરો ઉપર કિંચીત માત્ર પણ દાવો નથી, ને તે માર્ગે મહારાજોને પોતાના શિષ્ય વર્ગ તર્ફનો કશો પણ આંકોશ બંધનકારક નથી, તેમ છતાં પણ ગમે તેવો ઝનુની ગોસ્વામી મહારાજ પોતાના શિષ્ય વર્ગના આસરા વગર કદી પણ પોતાના મંદીરોનો ભારે ખરચ નીભાવી શકે એમ નથી. ક્યા ગોસ્વામીના મંદીરને કેટલો આસરો આપવો ને કેટલો નહિ તેને લગતી પોતાની સતાનો ઉપયોગ સારી રીતે કરીને વૈષ્ણવ વર્ગ અગત્યના પ્રસંગોમાં પોતાના ગોસ્વામી મહારાજો ઉપર પોતાનો અંકુશ રાખવાની એવી મોટી સતા ધરાવે છે કે જેની સીમા નથી. અમે પ્રશ્ન કરીએ છીએ કે એક ગોસ્વામી તરીકે શ્રીઘનશ્યામલાલજી મહારાજે ધર્મનું જે સેવન કરવું જોઈએ ને પંડીતોનો સમાગમ રાખી શાસ્ત્રોના વચનોનું શ્રવણ કરવું જોઇએ તે તેઓ કરે છે ખરા? ગાડી ઘોડા ને ગાન તાન, સહેલ સપાટા ને નાટક ચેટક, એ પ્રકારના મોજ શોખ ધર્મગુરૂઓને કદી પણ છાજે નહિ—તેઓને તો એવા સઘલા મોજ શોખથી કેવલજ અળગા રહેવું જોઇએ, પંડીતોના સમાગમ ઉપરાંત પોતાના શિષ્ય વર્ગમાંના વૃધ્ધ અને પરિચીત પુરૂષો સાથે પણ તેમણે હમેશાં બેઠક રાખવી જોઇએ. શ્રીઘનશ્યામલાલજી મહારાજ આમાનું કાંઇ કરે છે ખરા કે પછી મોજ શોખમાં પોતાનું આયુરદા ગાળવાનું, પોતાની ધર્મગુરૂ તરીકેની આ જીંદગીનું કર્તવ્ય હોય તેમ સમજે છે? આ મહારાજશ્રીએ સારીપેઠે સમજવાનું છે કે વૈષ્ણવોની અંધશ્રધાનો આગલો જમાનો હવે વઈ ગયો છે, ને વૈષ્ણવો પોતાના ગોસ્વામી મહારાજોના બહારના ઠાઠમાઠથી ન અંજાતાં, ક્યા ગોસ્વામી મહારાજ જ્ઞાની ને સદ્વર્તનવાળા છે તેનો વિચાર કરીને તેના પ્રત્યેજ

* આ બાબદ શક પડતી છે, મંદીરો અને તેવીજ ધાર્મીક સંસ્થાઓના કરોડોનો દુરૂપયોગ થતો અટકાવવા કોઈ પરોપકારી શ્રીમંતે એક હાયકોર્ટમાં "ટેસ્ટ કેસ" માંડી નીવેડો કરાવવાની ઘણીજ અગત્યછે. દી. બા. કુંપની.

પોતાની શ્રધ્ધા દેખાડવવાનું વધારે પસંદ કરે છે ને જે કોઇ ગોસ્વામી મહારાજ તેવા ગુણો કેલવતા ન હોય તેના પ્રત્યેની ભક્તિથી વીમુખજ થાય છે."

"ગુજરાતી" પત્ર જેવા વૈષ્ણવ ધર્મના હીમાયતીનું ઉપલું લખાણ ખરી હકીકત પુરેપુરી રીતે અજવાળામાં મુકે છે તે સમજુ ભાઇઓએ ખાસ સમજવાનું છે.

(ભાટીઆ પ્રકાશ, સંવત ૧૯૫૯ ના ફાગણ.)

(**આપ અખત્યાર** તા. ૨૨ મી જુન ૧૮૫૯) "હિંદુઓના મહારાજના મંદીર એક છીનાલવાડો, તેઓના દીવાનખાના એક ભ્રષ્ટ અને બે આબરૂ કુટણીનું ઘર, તેમની દરશટી એક ફાંકડી રંડીબાજી, તેમના અવયવ બુરા હવસનું ઘર, તેમના શરીરની દરેક રતી અપવીતરાઇ, ગલીચાઇ, નઝીસાઇ, અને મુખતેસરમાં તેઓ જે ઇશ્વર અવતારી ગણાય છે તેને બદલે રાખશસ અવતારી દેવ અને સૈતાનની ખસલતના અને ખવાસના માલુમ પડી ચુકા છે."

(મહારાજ લાયબલ કેસ ૪ થી આવૃતી પાને ૧૦૮ મા માંથી ઉતારો)

આવા લખાણો અને પુરાવા તથા જુબાનીઓ આ પુસ્તકને પાને પાને છે અને તે વાંચી, આ પાથરેળી જાળ જેવા પંથથી મુકત થવા દરેકે આ પુસ્તક વાંચવું જોઇએ, ઉત્તમ કાગળ તથા છપાઇ અને ઘણીજ સરસ બંધાઇ. કીં. ફકત રૂ. ૨-૦-૦

English Edition of **MAHARAJA LIBEL CASE**

is now ready for sale Price 2--8 as.

દી. લખમીદાસની કુંપની,

કોટ–મુંબઈ.

થોડીક રસીલી વાર્તાઓ.

ઉદયકાન્ત—[illegible] સારી નવીન વાર્તા જેમાં સંસાર સુધારાના અનેક સવાલો વાર્તાના આકારમાં ગુંથેલ છે. કી. રૂ. ૧-૮.

ચારકે ચેચે પરમાનંદ-લીમીટેડ કુંપનીઓ ઉભી કરી કરોડોની દોલત હજમ કરનાર એક સફેદઠગની વાત, ભોપાળું ખુલતાં તેના નાયકને રીબાઇરથી આપઘાત કરવો પડે છે. કી. રૂ. ૨—૦.

વધૂવધ—અને સ્ત્રીનું ખુન, તે શોધવા છુપી પોલીસવાળા મીં. લીકોક-ની ચાલાકી ભરી તપાસ, દગા ફટકા, અને મગજ શક્તિને ખીલવનાર ઘણીક યુક્તિઓ. કી. રૂ. ૨—૦.

શિવાય અમારે ત્યાં હજારો પુસ્તકો સીલક રહે છે.

ડી. લખમીદાસની કુંપની.
કોટ, મુંબઈ.